હિંદનું ફેડરલ રાજ્યબંધારણ

અને

દેશી રાજ્યો

[૧૯૩૯ ના સુધારાનું બીલ તથા
પ્રવેશપત્રના નવા મુસદ્દા સાથે]

હરકાન્ત શુક્લ

હિંદનું ફેડરલ રાજ્યબંધારણ

અને

દેશી રાજ્યો

[૧૯૩૯ ના સુધારાનું બીલ તથા
પ્રવેશપત્રના નવા મુસદ્દા સાથે]

: લેખક :

હરકાન્ત. બી. શુક્લ.

બી. એ. એલએલ. બી.

ન્યાયાધીશ, લાઠી સ્ટેટ.

: પ્રકાશક :
હરકાન્ત. બી. શુક્લ.
ન્યાયાધીશ : લાઠી સ્ટેટ
લાઠી [કાઠિયાવાડ]

પ્રથમ સંસ્કરણ
ઇ. સ. ૧૯૩૯

: મુદ્રક :
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા : નોવેલ્ટી ટાકીઝ પાસે :
અ મ દા વા દ

કિંમત
ચાર રૂપીયા



નામદાર લાઠીનરેશ શ્રીમાન્ પ્રહ્લાદસિંહજી

[illegible] પ્રિન્ટરી. અમદાવાદ.

અર્પણ

આદર્શ રાજ્યસંસ્થા કેવી હોવી જોઇએ

એ પ્રશ્નની વિચારણા માટે જેને

પોતાની વિચારસૃષ્ટિનાં દ્વાર

હંમેશ માટે ખુલ્લાં

રાખ્યાં છે

તે

શ્રીમાન્ લાઠી નરેશ શ્રી પ્રલ્હાદસિંહજી સાહેબને

આ પુસ્તક અર્પણ કરી કૃતાર્થ

બનું છું.

હરકાન્ત શુક્લ

પ્રસ્તાવના

હિન્દ ભૌગોલિક દૃષ્ટિએ જેટલો વિશાળ છે તેટલોજ વસ્તિ પ્રમાણમાં મહાન છે. હિન્દુસ્તાન ઓળખાય છે પણ ભરતખંડ તરીકે. આવો જબરજસ્ત દેશ જ્યાં અનેક જાતના ધર્મો, અનેક જાતની કોમો, અનેક જાતની ભાષાઓ તથા પ્રભાષાઓ, અને અનેક પ્રકારના રાજકીય, સામાજીક, અને આર્થિક મતભેદો તથા વર્ગોનું અસ્તિત્વ જોવામાં આવે છે, તેવા દેશનું સમૂહતંત્ર બનાવી તેમાં રાજકીય ઐક્ય સ્થાપવું તે અતિ દુષ્કર કાર્ય છે. કન્યાકુમારીથી કાશ્મીર અને દ્વારિકાથી જગન્નાથપુરી સુધીના પ્રદેશોમાં અનેક દેવો, દેવીઓ, અને અવતારો પૂજાય છે, અનેક ધર્મો અને પંથો પળાય છે, અને અનેક ઇશ્વરો માનવામાં આવે છે. હિન્દના તત્ત્વ સિદ્ધાંતો પણ છની સંખ્યામાં છે. આમ દેખીતી અનેકતા વચ્ચે ધાર્મિક દૃષ્ટિએ મૂળગત એકતા જોવામાં આવે છે. કાઠીયાવાડ કે બંગાળ, પંજાબ કે મદ્રાસ, મહારાષ્ટ્ર કે મધ્યપ્રાંત જ્યાં જાઓ ત્યાં તેની તે મૂળ સંસ્કૃત ભાષા, તેના તે વેદો તથા ઉપનિષદો, અને તેના તે ધાર્મિક સિદ્ધાંતો જેની પાછળ હિન્દની આધ્યાત્મિક સંહતિ, સહાનુભૂતિ, સમાનતા અને સંસ્કૃતિ પણ તેની તે જોવામાં આવે છે. અનેક કોમોના અને અનેક જાતોના રીત રિવાજો અને સંસ્કારોની વિકીર્ણતા અને વિભિન્નતા વચ્ચે ધાર્મિક ઐક્ય અને સમાનતાનો શાંત, પ્રબળ અને વેગબંધ પ્રવાહ વહ્યો જાય છે તેની ભાગ્યેજ ઉપરછલી દૃષ્ટિ ફેંકનારને ખબર પડે. માત્ર જ્યારે ધર્મનો રાજકારણમાં સ્વાર્થવૃત્તિ માટે ઉપયોગ કરવામાં આવે, ત્યારે તેના મતભેદો કોઈવાર મોટા પ્રમાણમાં દેખાય છે. ધાર્મિક દૃષ્ટિએ તો હિન્દમાં ઘણાં વર્ષોથી સમવાયતંત્ર સ્થપાઈ ચૂક્યું છે તેમ કહીએ તો કાંઇ અસ્વાભાવિક નહિ ગણાય.

ધાર્મિક રીતે ભલે હિન્દે એકતા સાધી હોય, પરંતુ રાજકીય દૃષ્ટિએ તો હિન્દ હંમેશાં વિભાજીત અને છુટું છવાયું રહ્યું છે. હિન્દમાં પ્રજાકીય અસ્મિતા અને રાજકીય સંગઠ્ઠનનું અસ્તિત્વ લાંબા કાળથી જોવામાં આવતું નથી. પ્રાચીન હિન્દમાં પણ ૫૬ મહારાજ્યો અને તેના પર અશ્વમેધ યજ્ઞ કરી પોતાનું સાર્વભૌમત્વ સ્થાપનાર સમ્રાટની પ્રથા સર્જનજુની હતી. હિન્દના પ્રાચીન ઇતિહાસમાં ત્રણ વખત સામ્રાજ્ય સ્થપાયાનું કહેવામાં આવે છે, જેમાં અશોક તથા અન્ય ગુપ્ત રાજાઓએ સામ્રાજ્ય સ્થાપ્યું હતું. અને છેલ્લે અકબરે પણ સામ્રાજ્ય સ્થાપવાના મનોરથો સેવ્યા હતા તેમ કહેવાય છે. સમ્રાટ અશોક પછી હિન્દ ઉપર લાંબા કાળ સુધી સામ્રાજ્ય સત્તા ભોગવનાર કોઈ પણ હોય તો તે બ્રિટિશ સત્તા છે. આ સત્તાના તંત્ર હેઠળ હિન્દને

અનેક જાતના બંધારણીય સુધારાઓ આપવામાં આવેલ છે, જેમાં આજે હિન્દમાં સમસ્ત દેશનું સમૂહતંત્ર સ્થાપવાનો જે પ્રયોગ બ્રિટન અજમાવી રહ્યું છે તે હિન્દના ઇતિહાસમાં પ્રથમ અને પહેલો છે. જો કે અમલમાં આવનાર સમવાયતંત્ર ગમે તેટલું અપૂર્ણ અને ખામીઓથી ભરપુર છે છતાં પણ સિદ્ધાંત તરીકે સમવાયતંત્ર હિન્દની રાજકીય પરિસ્થિતિ માટે વધુ અનુકૂળ રાજ્યબંધારણ છે એમ જરૂર કહી શકાય.

ઇ. સ. ૧૮૫૮ થી ૧૯૩૫ સુધીમાં હિન્દમાં અનેક જાતના બંધારણીય ફેરફારો અને સુધારાઓ કરવામાં આવેલ છે. પરંતુ તે બધામાં હિન્દની સમગ્ર પ્રજામાં જો વધુમાં વધુ રસ ઉત્પન્ન થયો હોય, વધુમાં વધુ વિરોધ થવા પામ્યો હોય તો તે ૧૯૩૫ના ફેડરલ રાજ્ય બંધારણ માટે છે. આ બંધારણથી હિન્દમાં સમવાયતંત્રનું એક નવા પ્રકારનું રાજ્ય બંધારણ દાખલ કરવામાં આવે છે. હિન્દના બંધારણીય ઇતિહાસમાં સમવાયતંત્રની યોજના પ્રથમ પ્રયોગ છે કે જેમાં દેશી રાજ્યો અને બ્રિટિશ હિન્દનું જોડાણ કરવામાં આવે છે.

સમવાયતંત્ર

ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં દુનિયાના ઘણાખરા સમવાયતંત્રમાં એવું બને છે કે સ્વાધીન સત્તાવાળા સ્વતંત્ર રાજસ્થાનો એકજ પ્રકારના સામાજિક અગર રાજકીય હેતુથી સંયોજીત બની એક જાતના સમૂહતંત્રની સ્થાપના કરે છે. ઉત્તર અમેરિકામાં બહારની પ્રજાની અસહ્ય કનડગત સામે એકત્ર બની બ્રિટિશતંત્રની ધુંસરી ફગાવી દઇ યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકાએ સફળ સંયોજીત રાજતંત્રની સ્થાપના કરી. આવોજ બીજો દાખલો યુનીયન ઓફ સોવીયેટ સોશ્યાલીસ્ટ રીપબ્લીકનો છે. ઝારશાહીના અંત પછી તેની સ્થાપના સામ્યવાદી પ્રજાનું અસ્તિત્વ મજબુત કરવા તેમજ યુરોપની મુડીવાદી સત્તાઓ સામે એકત્ર કરવામાં આવેલ હતી. આ બંને દેશોના સમૂહતંત્રમાં ખરૂં જોતાં જે એકત્રીકરણ થયેલ છે તે સ્વાધીન સત્તાવાળા સ્વતંત્ર સંસ્થાનોનું છે. આમાં દરેક રાજ્ય સર્વસામાન્ય ઉદ્દેશ પાર પાડવા માટે એક બીજા સત્તાની વહેંચણ કરે છે, અને સમગ્ર સંચાલન માટે સમસ્ત પ્રદેશને લગતી સત્તાઓ મધ્યવર્તી તંત્રને સોંપવામાં આવે છે. સમવાય તંત્રની મુખ્ય લાક્ષણિકતા એ છે કે જેમાં બધાં સંસ્થાનો સર્વસામાન્ય ઉદ્દેશ પાર પાડવા રાજકીય અને આર્થિક દૃષ્ટિએ સમાનતા સ્થાપી, સમવાયી સત્તા એક સમગ્ર સત્તા તરીકે જુદા જુદા સંસ્થાનો વચ્ચે વહેંચાઈ જાય છે, જેથી કરીને જુદા જુદા સ્વતંત્ર વિભાગો વચ્ચે એક જાતનું રાજકીય ઐક્ય સ્થપાય છે.

હિન્દી સમવાયતંત્ર

હિન્દમાં સમવાયતંત્રની જે પદ્ધતિ દાખલ કરવામાં આવે છે તેની યોજના, રીત અને પરિસ્થિતિ ઉપર જણાવ્યા ઉદ્દેશો કરતાં તદ્દન વિપરીત અને નિરાળી છે. હિન્દમાં જે સમવાયતંત્ર અસ્તિત્વમાં આવે છે તે હિન્દની પ્રજાના સંગ્રામ કે યુદ્ધને અંતે થયેલ વિજયના પરિણામરૂપ નથી, પરંતુ હિન્દી પ્રજાના મોટા ભાગની ઇચ્છા વિરૂદ્ધ લાદવામાં આવતું રાજતંત્ર છે, જેમાં હિન્દની પ્રજાની સામાજીક, રાજકીય અને પ્રજાકીય ઐક્ય સ્થાપવાની ઘણા લાંબા સમયની જીજ્ઞાસાના અસ્તિત્વનો અભાવ છે. જગતના બીજા દેશોના સમૂહતંત્રમાં સ્વતંત્ર વિભાગોનું એકીકરણ થાય છે. જ્યારે હિન્દમાં આથી ઉલટું થવા પામે છે. અહિં સમવાયતંત્ર માટે પ્રાન્તોને સ્વતંત્ર કરવામાં આવે છે, એટલે કે એકતંત્રાધીન રાજતંત્રના વિભાગો કરવામાં આવે છે, અને તેની સાથે આંતરિક સ્વાતંત્ર્ય ભોગવતાં દેશી રાજ્યોનું જોડાણ કરવામાં આવે છે.

હિન્દમાં જે સમવાયતંત્ર દાખલ કરવામાં આવે છે તેનું પૃથક્કરણ કરી ઝીણવટથી તપાસશું તો સ્પષ્ટ રીતે જણાય છે કે હિન્દી ફેડરલતંત્ર ઘણી રીતે લુલું અને પાંગળું છે અને તેથી અસ્વીકાર્ય છે.

પાર્લામેન્ટ

પ્રથમ તો સમવાયી હિન્દની સર્વોપરી સત્તા હિન્દ બહાર બ્રિટિશ પાર્લામેન્ટમાં રહે છે, અને મધ્યસ્થ સરકાર તથા પ્રાંતિક સરકારને બ્રિટિશ પાર્લામેન્ટની સત્તાને અનુવર્તી રહેવું પડે છે. હિન્દનાં બંધારણમાં લેશમાત્ર ફેરફાર કરવાનો હક્ક હિન્દમાં કોઇ પણ સત્તાને છે નહિ. પરંતુ આ બંધારણીય બાબતની સંપૂર્ણ સત્તા પાર્લામેન્ટના હાથમાં રહે છે.

હિન્દી વજીર

પાર્લામેન્ટ પાસેની સત્તાઓ તો બંધારણીય છે. પરંતુ હિન્દી વજીરના હાથમાં જે સત્તાઓ છે તે જોતાં હિન્દનું સમવાયતંત્ર કેટલું નિર્જીવ છે તેનું આપણને ભાન થાય છે. તાજ, શહેનશાહ કે પાર્લામેન્ટના જે કહો તે બધાની સત્તાના ખરા વાહક તો હિન્દી વજીર છે. તે શહેનશાહના મુખ્ય સલાહકાર છે, અને તાજ સાથેના દેશી રાજ્યોના સંબંધ ઉપર દેખરેખ રાખે છે, એટલુંજ નહિ પણ હિન્દી બંધારણ યોજવાની, મોકુફ રાખવાની કે અટકાવવાની પાર્લામેન્ટની સત્તા પણ તેની સલાહ મુજબ ભોગવાશે. જે બાબ-

તેમાં ગવર્નર જનરલને તેની વિવેકશકિત અને અંગત અભિપ્રાય પ્રમાણે સત્તા વાપરવાના હક્કો તથા જવાબદારીઓ આપવામાં આવેલ છે, તેમાં હિન્દી વજીરને પૂછ્યા સિવાય ગવર્નર જનરલ કાંઈ પણ કરી શકવા અસમર્થ છે. આ ઉપરાંત શાહી નોકરી, સનંદી નોકરી, લશ્કર ખાતામાં તથા ફેડરલ કોર્ટ અને પ્રાન્તીય હાઈ કોર્ટના જડજો વગેરે નોકરીયાતોની નિમણુક કરવાની તથા તે નોકરીઓ માટે ધારાધોરણો ઘડવાની સત્તાને અંગે હિન્દી વજીરનો હિન્દના આંતરિક વહીવટ પર પણ ઘણો કાબુ રહે છે. ટુંકામાં મધ્યસ્થ કારોબારીથી માંડી સાધારણ વહીવટમાં પણ તે અદૃશ્ય રીતે દરમ્યાનગીરી કરી શકે તેમ છે. ૫૦૦૦ માઈલ દૂર બેઠાં પણ પરોક્ષ રીતે હિંદીવજીરની સત્તાનો ઓળાયો હિન્દના સમવાયી બંધારણ ઉપર સંપૂર્ણ રીતે છવાઈ રહે છે.

મધ્યસ્થતંત્ર

હિન્દનું સમવાયી મધ્યસ્થતંત્ર જોશું તો આખુંય બંધારણ ગવર્નર જનરલને આપવામાં આવેલ સામાજીક, વ્યાપારી, નાણાકીય અને રાજકીય સાવચેતીઓ તથા સલામતીઓથી ખદબદતું માલમ પડે છે. સમવાયી મધ્યસ્થતંત્રમાં ગવર્નર જનરલ તે કારોબારીના વડા તરીકે રહે છે, અને તેના કાબુ હેઠળ રક્ષણ, પરદેશનીતિ, ધાર્મિક બાબતો વગેરે ખાતાંઓ મૂકવામાં આવેલ છે. તાજના પ્રતિનિધિ ઉપરાંત ગવર્નર જનરલ તરીકેની કેટલીક સત્તાઓ તથા ખાસ જવાબદારીઓ તેને સોંપવામાં આવેલ છે. ગવર્નર જનરલની ખાસ સત્તાઓમાં સુલેહશાંતિ, સુવ્યવસ્થા, લઘુમતી તથા રાજસ્થાનોનું સંરક્ષણ, બ્રિટિશ વેપાર ઉદ્યોગ સામેના ભેદભાવો તથા પ્રતિબંધો દૂર કરવા તથા સનંદી નોકરીયાતોના હક્ક હિતો જાળવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હિન્દની નાણાકીય સ્થિરતા, સદ્ધરતા, અને સુવ્યવસ્થા જાળવવા ગવર્નર જનરલને ખાસ જવાબદારીઓ આપવામાં આવેલ છે. આ ઉપરાંત ગવર્નર જનરલને તેની વિવેકશક્તિ પ્રમાણે તથા અંગત અભિપ્રાય રૂએ વાપરવાની સત્તાઓ આપવામાં આવેલ છે. હિન્દી રાજતંત્રનાં મુખ્ય ખાતાંઓ જેના પર હિન્દના રાજકીય ભવિષ્યનો આધાર રહે છે તે ગવર્નર જનરલને સોંપવામાં આવેલ છે.

ઇ. સ. ૧૯૧૯ના સુધારામાં અળખામણી બનેલ દ્વિરાજ્ય શાસનપદ્ધતિ જે પ્રાન્તોમાં હતી તે હવે મધ્યસ્થતંત્રમાં દાખલ કરવામાં આવેલ છે. આને લઈને મધ્યસ્થ કારોબારી મંડળના પ્રધાનોને અમુક ખાતાંઓ સોંપવામાં આવે છે. પરંતુ છેવટની સત્તા તેમજ કોઈપણ વખતે દરમ્યાનગિરી કરવાનો અધિકાર ગવર્નર જનરલને આપવામાં આવેલ છે. કારોબારી પ્રધાનમંડળના પ્રધાનો

ગવર્નર જનરલ કોઈપણ પક્ષમાંથી ચૂંટી શકે છે, અને તેને રૂખસદ પણ આપી શકે છે. આખાય બંધારણમાં સમવાયી પ્રધાનમંડળ સમવાયી ધારાસભાને જવાબદાર હોય તેવું ક્યાંય જોવામાં આવતું નથી. ગવર્નર જનરલ સમવાયી ધારાસભાના કોઈપણ ઠરાવને નામંજૂર કરી શકે છે, એટલુંજ નહિ પણ તે સ્વતંત્ર રીતે કાયદા પસાર કરી શકે છે, ઓર્ડીનાન્સ કાઢી શકે છે, અને જરૂર પડે આખુંય બંધારણ આટોપી શકે છે. ફેડરલ રેલ્વે સત્તા, ફેડરલ રીઝર્વ બેન્ક વગેરે સંસ્થાઓ ગવર્નર જનરલની સીધી દેખરેખ હેઠળ કામકાજ કરશે.

સમવાયી ધારામંડળ

સમવાયી ધારાસભાની બંધારણીય સત્તા જોતાં તદ્દન પાંગળી અને શક્તિહીન સંસ્થા જણાય છે. પ્રથમ તો સમવાયી ધારાસભાની ચૂંટણી આડકતરી રાખવામાં આવેલ છે, અને તે ચૂંટણી પણ અલાયદા મતદારમંડળોથી કરવામાં આવે છે. સમવાયી ધારાસભાને સરંક્ષણ, પરદેશનીતિ જેવાં ઉપયોગી ખાતાંઓ ઉપર જરાપણ કાબુ નથી, એટલુંજ નહિ પણ બજેટનો ૮૦% જેટલો ભાગ તેની સત્તાની બહાર રહે છે, અને બાકીના ૨૦% માં પણ ગવર્નર જનરલ ઠીક પડે ત્યારે બજેટનું કોઈપણ નામંજૂર કરેલ ખર્ચ મંજૂર કરે અગરતો મંજૂર કરેલ ખર્ચ નામંજૂર કરી શકે છે. આ ઉપરાંત ગવર્નર જનરલ ધારાસભાના કોઈપણ ઠરાવને કાયદાનું સ્વરૂપ લેતાં અટકાવી શકે છે.

પ્રાન્તિક સ્વરાજ્ય

૧૯૩૫ ના બંધારણમાં કાંઈ નામનું પણ આપવામાં આવ્યું હોય તો તે પ્રાન્તિક સ્વરાજ્ય છે. મોન્ટફોર્ડ સુધારાથી પ્રાન્તોમાં દાખલ કરવામાં આવેલ દ્વિરાજ્ય શાસન પદ્ધતિ કાઢી નાખવામાં આવેલ છે, અને પ્રજાના ચૂંટાયેલા પ્રધાનોને બધાં સરકારી ખાતાંઓ સોંપવામાં આવેલ છે, તેમજ તે પ્રધાનોને ધારાસભાને જવાબદાર બનાવવામાં આવેલ છે. નવા બંધારણમાં પ્રાન્તિક સરકારને મધ્યસ્થ સરકારથી ઘણે અંશે સ્વતંત્ર બનાવવામાં આવેલ છે, અને પ્રાન્તિક સરકારને કાયદા ઘડવા માટેનું ક્ષેત્ર નક્કી કરી આપવામાં આવેલ છે. પ્રાન્તિક કારોબારી પ્રધાનમંડળને ઘણી સત્તાઓ છે, પરંતુ તે બધી ગવર્નરની સત્તાને અનુવર્તી રહે છે. ગવર્નર સુલેહશાંતિ તથા સુવ્યવસ્થા માટે કોઈપણ કાયદો કે ઓર્ડીનાન્સ પસાર કરી શકે, ધારાસભાનો કોઈપણ ઠરાવ નામંજૂર કરી શકે, કોઈપણ ખર્ચો મંજૂર કે નામંજૂર કરી શકે, અને ધારે ત્યારે પ્રધાનમંડળને બરખાસ્ત કરી શકે. પ્રાન્તિક બંધારણમાં ગવર્નરની

સાવચેતીઓ અને સલામતીઓ બાદ કરવામાં આવે તો જ પ્રાન્તોને કાંઈ મળ્યું કહેવાય. ગવર્નરે પોતાને આપવામાં આવેલ ખાસ સત્તા તથા સલામતીઓ પ્રજા બહુમતિથી પસાર થયેલ ઠરાવ સામે ન વાપરે તેવી બાંહેધરી આપવામાં આવતાં હિન્દી રાષ્ટ્રીય મહાસભાએ હોદ્દા સ્વીકાર કરેલ છે; પરિણામે આજે અગ્યારમાંથી આઠ પ્રાન્તમાં મહાસભાવાદી પ્રધાનમંડળો કામ કરે છે જેને માટે બ્રિટિશ મુત્સદ્દીઓએ અનેકવાર પ્રસંશા કરેલ છે.

પ્રાથમિક હક્કો

હિન્દના નવા બંધારણમાં પ્રાથમિક હક્કોનો સદંતર અભાવ છે. પ્રાથમિક હક્કો તે દરેક પ્રજાકીય બંધારણનું મૂળ છે. આવા હક્કો દરેક પ્રજાકીય બંધારણોમાં રાખવામાં આવે છે, કારણકે આવા હક્કોથી દેશની રાષ્ટ્રીય સ્વતંત્રતાનો વિકાસ થાય છે, અને પ્રજાને પોતાના હક્કોનો ઉદ્દેશ બંધાય છે. હિન્દના ફેડરલ રાજ્ય બંધારણમાં આવા હક્કો નથી એટલુંજ નહિ પણ આમુખનો પણ અભાવ છે. આ નવા બંધારણમાં ૧૯૧૯ના સુધારાનું આમુખ ચાલુ રાખેલ છે, જેમાં હિન્દને ક્રમશઃ જવાબદાર રાજતંત્ર આપવામાં આવશે તેમ જણાવવામાં આવે છે. આ જવાબદાર રાજતંત્ર ક્યારે આપવું તથા કોને કહેવું તે તો આ કાયદો ઘડનાર જાણે. કારણકે આ રાજતંત્રની ક્યાંય વ્યાખ્યા આપવામાં આવેલ નથી, પરંતુ ગોળગોળ રીતે કહેવામાં આવેલ છે કે હિન્દની પ્રજાનો હિન્દના રાજતંત્રમાં વધુને વધુ સહકાર મેળવી તેને જવાબદાર રાજતંત્ર આપવું.

૧૯૩૫ ના કાયદાનો સુધારો

૧૯૩૫ ના કાયદાનો સુધારો કરતું બીલ આજે આમની સભામાં દાખલ થયેલ છે જે બીલ આ પુસ્તકના પરિશિષ્ટ ૧ માં આપવામાં આવેલ છે. આ સુધારા દાખલ થવાના છે તેમ જ્યારે સાંભળ્યું ત્યારે બધાને એમ થયું કે ૧૯૩૫ ના કાયદા માટે ઘણોજ અસંતોષ હોવાથી આ સુધારા વડે હિન્દને કાંઈક વધુ હક્ક આપવામાં આવશે. પરંતુ સુધારાનો ખરડો વાંચતાં તો કોથળામાંથી બીલાડું નીકળ્યું તેમ બધાને પ્રતીત થયું. આ સુધારામાં તો લડાઈના વખતે મધ્યસ્થ સરકારને અનિયંત્રિત સત્તા આપવામાં આવેલ છે. એટલે આ સુધારાથી તો પ્રાન્તોને જે કાંઈ થોડું ઘણું મળેલ છે તે વ્યર્થ જાય છે. આ સુધારાઓ સામે પણ તીવ્ર વિરોધ થયેલ છે. આ સુધારાનો ઉપયોગ લડાઈની કટોકટી વખતે મધ્યસ્થ સત્તા મજબુત અને કેન્દ્રિત કરવા પુરતો છે.

હિન્દમાં દાખલ કરવામાં આવેલ ફેડરલ રાજ્ય બંધારણ અનેક પ્રકારની ખોડખાંપણ અને ગુંચવણોથી ભરપુર છે. આ બંધારણથી તો એક પગલું આગળ અને બે પગલાં પીછે હઠ થઈ હોઈ તેમ જણાય છે. ટુંકામાં આ બંધારણ હિન્દી પ્રજાના કોઈપણ ભાગ કે પક્ષને સંતોષી શકે તેવું નથી.

દેશી રાજ્યો

ઈ. સ. ૧૮૫૮ થી ૧૯૩૫ સુધી હિન્દમાં જે જે બંધારણીય સુધારા થયેલ છે તમાંથી દેશીરાજ્યો તથા તેની પ્રજા બાતલ રહેલ છે. ૧૯૩૫ નું ફેડરલ રાજ્યબંધારણ પ્રથમ છે કે જેમાં હિન્દના દેશીરાજ્યોનું જોડાણ કરવામાં આવે છે. આ જોડાણ સામે આજે હિન્દમાં ઘણોજ ચકચાર અને વિરોધ ઉભો થવા પામ્યો છે. આ જોડાણ કરવા માટે આજે સાર્વભૌમ સત્તાને પણ અનેક જાતની મુશ્કેલીઓ ઉભી થવા પામેલ છે. અત્યાર સુધી કોઈપણ વખતે નહિ અને આજ સમયે દેશીરાજ્યોને ફેડરેશનમાં સામેલ કરવા માટે સાર્વભૌમસત્તાને સુઝી આવ્યું તે માટે અનેક તર્કવિતર્કો થયા કરે છે. પરંતુ આ પગલું એક રીતે તો સ્તુત્ય છે. હિન્દ સમસ્તનો પ્રગતીય ઉત્કર્ષ કરવો હોય તો હિન્દના હિન્દી હિન્દ અને બ્રિટિશ હિન્દ તેવા ભેદો નિરર્થક છે. આજે તો દેશીરાજ્યોના જોડાણ સામે નહિ પણ તે જોડાણની રીત સામે બ્રિટિશ હિન્દ તરફથી સખ્ત પૂકાર ઉઠાવવામાં આવેલ છે. આ જોડાણ થવાના સંભવથી આજે કોઈપણ વખતમાં નહિ તેમ દેશીરાજ્યો તથા તેનાં રાજતંત્રો ઘણાજ પ્રકાશમાં આવેલ છે, તેમજ દેશીરાજ્યની પ્રજા રાજતંત્રમાં સહકાર મેળવવા માટે માંગણી કરે છે.

હિન્દમાં દેશી રાજ્યોની સંખ્યા ૫૬૨ની છે. આ બધાં રાજ્યોને તાજ સાથે અમુક કરારો તથા સંધિઓ થયેલ છે. આજે આ બધાં રાજ્યો પોતે આંતરિક સ્વાતંત્ર્ય ભોગવે છે. આ રાજ્યો ઉપર સીધી દેખરેખ વાયસરોય તાજના પ્રતિનિધિ તરીકે રાખે છે. રાજ્યોના તાજ સાથેના સંબંધ બાબત કોઈ પણ કાયદો નથી, પણ તે અગાઉથી સ્થાપિત થયેલ પોલીટીકલ પ્રેક્ટીસ પ્રમાણે ચાલે છે. ઘણી વાર સાર્વભૌમસત્તા દેશીરાજ્યમાંના ગેરવહીવટ અગર તો કોઈ પણ પોલીટીકલ કારણને માટે પોતાનો લાલ ડોળો બતાવે છે.

દેશીરાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવા માટે એક પ્રવેશપત્ર કરી આપવું પડશે, જેમાં તેઓ સમવાયતંત્રને જેટલી સુપ્રત કરે તેટલી સત્તા સમવાયતંત્ર ભોગવશે તેમ નક્કી કરી આપશે. દેશીરાજ્યોને સમવાયતંત્રમાં જોડાવું તે તેની મરજી ઉપર મૂકવામાં આવેલ છે. પણ સમવાયતંત્ર શરૂ થવાનો આધાર દેશી રાજ્યો ઉપર છે. કારણ કે સમવાયતંત્ર શરૂ કરવા માટે

એવી શરત રાખવામાં આવેલ છે કે જો બધા દેશી રાજ્યોની જનસંખ્યાના અરધી જનસંખ્યાવાળાં દેશી રાજ્યો રાજસભામાં બેઠકો મેળવે, અને ફેડરલ એસેમ્બ્લીમાં દેશી રાજ્યોને આપવામાં આવેલ છે તેની અરધી બેઠકો ભરાય તો જ સમવાયતંત્ર શરૂ કરવામાં આવે. વખતે શરૂઆતમાં કોઈ પણ રાજ્ય સામેલ ન થાય તો ફેડરેશન શરૂ થયાથી વીસ વર્ષની અંદર તેને સામેલ થવાનો અવકાશ રહે છે. સમવાયી સત્તાની કાયદા ઘડવાની તથા કારોબારી સત્તા રાજ્યકર્તાએ અંગીકાર કરેલ પ્રવેશપત્રની શરતો મુજબ રહેશે, અને સમવાયી કારોબારી તથા કાયદાનો વહીવટ એકસરખો રહે તેટલા માટે બધાં પ્રવેશપત્રો વચ્ચે એક જાતનું સામ્ય રાખવામાં આવશે.

રાજ્યોને મધ્યસ્થ રાજસભામાં ૪૦% બેઠકો અને સમવાયી ધારાસભામાં ૩૩% બેઠકો આપવામાં આવેલ છે. દેશી રાજ્યોને આવી જાતના અપાયેલા પ્રતિનિધિત્વ સામે ઘણી જ આકરી ટીકાઓ કરવામાં આવે છે, અને કહેવામાં આવે છે કે રાજ્યોનું વસ્તી પ્રમાણુ, ઉપજ, તથા સમવાયી તિજોરીને આપવાનો વરાડ જોતાં રાજ્યોને અપાયેલ પ્રતિનિધિત્વ અસંગત છે. સૌથી વધુ ચકચાર જગાવનાર વસ્તુ તો એ છે કે રાજ્યોના પ્રતિનિધિઓ પ્રજાના ચૂંટાએલા નહિ, પણ રાજ્યકર્તાના પસંદ કરેલા રહેશે, જ્યારે બ્રિટિશ પ્રાન્તોના પ્રતિનિધિઓ પ્રજાના ચૂંટાયેલા હશે. દેશી રાજ્યોના અને પ્રાન્તોના આવતા સભ્યોમાં બન્ને ભાગોના જુદા જુદા વહીવટના તફાવત અંગે તેઓની વચ્ચે સ્વાભાવિક મતભેદ રહેવાનો, તેઓના દષ્ટિકોણમાં તફાવત રહેવાનો, અને રાજ્યોના પ્રતિનિધિઓનો સરકારી અમલદારી મંડળની જેમ પ્રાન્તોની પ્રગતિ રૂંધવા સરકાર ઉપયોગ કરશે તેવી અનેક પ્રકારની શંકાઓ કરવામાં આવે છે. આજે તો રાજ્યોના આવા પ્રકારના જોડાણ સામે સખ્ત વિરોધ ઉઠાવવામાં આવેલ છે.

જ્યારે બીજી તરફથી રાજ્યોને પણ પોતાના આવા જોડાણથી પોતાની આંતરિક સ્વતંત્રતા ઉપર કાપ આવે છે તેમ પ્રતીતિ થયેલ છે, એટલે ફેડરેશનમાં સામેલ થવા વિરોધ કરેલ છે. શરૂઆતમાં રાજ્યોને આપવામાં આવેલ પ્રવેશપત્ર સામે રાજ્યોએ સખ્ત વિરોધ દર્શાવ્યો, અને તેનો સ્વીકાર કરવા ના પાડતાં રાજ્યોને ૧૯૩૯ ના જાન્યુઆરીમાં પ્રવેશપત્રનો સુધારેલ ખરડો આપવામાં આવ્યો. આ ખરડાની દરેક કલમ ઉપર ૧૦–૪–૩૯ ના રોજ મુંબઈમાં મળેલ હૈદરી કમિટિએ વિચાર કરી પ્રવેશપત્રના નવા ખરડા

સામે અસંતોષ જાહેર કર્યો. ત્યારબાદ ૨૩–૪–૩૯ ના રોજ ગ્વાલીયરમાં મળેલ અમાત્યોની પરિષદમાં હૈદરી કમિટિના અહેવાલને અનુમોદન આપતો ઠરાવ પસાર કર્યો, અને તેના ઉપર ફરીથી વિચારણા ચલાવવા આંગરે કમિટિની નિમણૂક કરી. આંગરે કમિટિએ પણ સદરહુ સુધારેલ ખરડા સામે પોતાનો અસંતોષ જાહેર કર્યો, અને છેવટે ૧૦–૬–૪૯ ના રોજ મુંબઈમાં નરેન્દ્રો, અમાત્યો તથા રાજ્યોના પ્રતિનિધિઓની પરિષદમાં હૈદરી કમિટિ તથા આંગરે કમિટિના અહેવાલના અનુસંધાનમાં પ્રવેશનામાનો સુધારેલ ખરડો રાજ્યોની મુખ્ય માગણીઓ સંતોષી ન શકવાના કારણે અસ્વીકાર્ય છે તેમ ઠરાવ પસાર કરવામાં આવેલ છે; અને આ ઠરાવ પ્રમાણે બધાં રાજ્યો ૧૫ મી જુલાઈ ૧૯૩૯ ના પહેલાં પોતાના વ્યક્તિગત અભિપ્રાયો તાજના પ્રતિનિધિને જાહેર કરી દેશે.

આજે તો ફેડરેશન સામે બ્રિટિશ હિન્દની પ્રજા વિરોધ કરે છે, કારણ કે રાજ્યોને જે રીતે ફેડરેશનમાં સામેલ કરવામાં આવે છે તેનાથી પ્રાન્તોની પ્રગતિ રૂંધાશે તેમ તે માને છે; આજે રાજસ્થાની પ્રજા ફેડરેશનને ધિક્કારે છે, કારણ કે તેને આ ફેડરલ યોજનામાં જરા પણ અવાજ નથી; આજે રાજાઓ ફેડરેશનનો વિરોધ કરે છે, કારણ કે તેમની આંતરિક સત્તા ઉપર કાપ આવે છે. આજે તો ફેડરેશનનો ત્રિપક્ષી વિરોધ થવા પામેલ છે. તેમાંય રાજ્યોનો વિરોધ તે ફેડરેશનના ચાલુ થવા માટે સખ્ત ફટકો છે. આજે આ બધા સંજોગો જોતાં ફેડરેશન તદ્દન નિર્જીવ વસ્તુ જણાય છે. જોઈએ છીએ કે તેને સજીવ કરવા સાર્વભૌમ સત્તા શું પગલાં લે છે!

લાઠી
તા. ૩૦–૬–૩૯

હરકાન્ત શુક્લ

અનુક્રમણિકા

હિંદનું ફેડરલ રાજ્યબંધારણ
અને
દેશી રાજ્યો

પ્રકરણ ૧ લું

રાજ્ય અને રાજ્યબંધારણ

સમાજ અને વ્યક્તિ

સમૂહવૃત્તિ એ મનુષ્યસ્વભાવનું સાધારણ લક્ષણ છે. આધુનિક સામાજીક વ્યવસ્થા અને રાજ્યરચના વગેરે આ વૃત્તિમાંથી જ ઉદ્‌ભવ પામેલાં સ્વરૂપો છે. સમાજ એ પણ આ જ વૃત્તિમાંથી જન્મ પામેલ અને જુદી જુદી વ્યક્તિઓથી રચાયેલો માનવસમૂહ છે. સમાજની રચના આર્થિક, નૈતિક અને સંસ્કારાત્મક ઉદ્દેશો પાર પાડવાના હેતુથી કરવામાં આવેલ હોય છે. સમાજમાં અનેક મંડળો, સંસ્થાઓ અને વ્યવસ્થાઓ હોય છે. સમાજ તો રાજ્ય કરતાં પણ અતિ વિશાળ સંસ્થા છે. આ સમાજનો નાનામાં નાનો વિભાગ એ કુટુમ્બ છે. સમાજને એક વિશાળ કુટુમ્બ જેવી સંસ્થા બનાવવાનો આજે પણ રાજકારણની ફિલસુફીનો આદર્શ છે. કુટુમ્બથી શરૂ થતો સમાજ રાજ્યસંસ્થામાં પરિણમે છે, જ્યારે કુટુમ્બની શરૂઆત વ્યક્તિથી થાય છે. આજે વ્યક્તિવાદ અને સમાજવાદ વચ્ચે ઝોલા ખાતું રાજકારણ કાલ સવારે કયું સ્વરૂપ લેશે તે જલદી કહેવું મુશ્કેલ છે. આજે સમાજમાં વ્યક્તિનું સ્થાન એટલું બધું ઓતપ્રોત બની ગયું છે કે તેનું વ્યક્તિગત અસ્તિત્વ રહેતું જ નથી. કૌટુમ્બિક, રાજકીય અને સામાજીક જવાબદારીઓ વચ્ચે અટપટી રીતે ગુંથાઈ ગયેલ વ્યક્તિજીવન સમષ્ટિજીવનમાં ક્યારે લોપાઈ જશે તે કહેવું મુશ્કેલ છે.

સમાજ રચનાનો મુખ્ય ઉદ્દેશ વ્યક્તિગત સુખ નહિ પણ સમાજના બને તેટલા ભાગને સુખી બનાવવાનો હોય છે, અને સમાજના મોટા ભાગને સાધારણ જરૂરી સુખ સગવડ ન હોય તો તે દોષ બીજા કોઈનો નહિ પણ તે રચનાનો છે. પણ હજુ સુધી સર્વ સાધારણ રૂચીને અનુકૂળ તથા સર્વ દોષમાંથી મુક્ત હોય એવી એક પણ સામાજીક અગર રાજકીય સંસ્થા જોવામાં નથી આવતી. કાગળ ઉપર તો અનેક રાજકીય સંસ્થાઓના સુંદરમાં સુંદર સિદ્ધાંતો ઘડવામાં આવે છે, પરંતુ તે બધા આદર્શ સમા થઈ પડે છે, અને જ્યારે તેને કાર્યમાં મૂકવાનો સમય આવે છે ત્યારે એમ જરૂર પ્રતીતિ થાય છે કે, એ આદર્શ રાજ્ય સંસ્થાને અપનાવવા માટે ત્રુટિઓથી ભરેલો માનવસ્વભાવ હજુ તૈયાર નથી. “ પ્લેટોનું પ્રજાસત્તાક ” (Plato's Republic) આજ પણ મોહક છે, પણ કાર્યમાં મુકવું કેટલું કઠીન છે તે તો રાજ્યશાસનના અનુભવીને જ ખબર પડે. આજના વિજ્ઞાનના સમયમાં

રેડીયો, ટેલીવીઝન, તથા એરોપ્લેન વગેરેથી જગત એટલું બધું નજીક આવતું જાય છે, કાલ અને દિક્ એટલાં બધાં સંકુચિત થતાં જાય છે, કે મનુષ્યની જવાબદારીની હદ હવે વધુ અને વધુ વિસ્તૃત બનતી જાય છે; અને વિશ્વબંધુત્વ તથા સમસ્ત માનવજાતનું સુખ, સામર્થ્ય અને પ્રગતિ એ આજે વધુમાં વધુ શક્ય અને કાર્યસાધક આશાવાદ થતો જાય છે.

સમાજની ખરી પ્રગતિ સાધવા માટે તેના જુદા જુદા વિભાગો વચ્ચે સામ્ય અને સહસંવાદ સ્થપાવો જોઇએ, અને આ બધા માટે સમાજની આર્થિક, નૈતિક, સંસ્કારજન્ય અને રાજકીય પ્રવૃત્તિઓને પોષણ મળવું જોઇએ; તેની સાથે સમયના ફેરફાર પ્રમાણે જુની રૂઢીઓને નાબુદ કરી નવા નવા સુધારાઓ અપનાવવા જોઇએ. સમાજે આ વસ્તુઓ સમયના ફેરફારો સાથે નથી કરેલ તેમ નહિ; તેને જ પરિણામે આપણી પાસે અનેક પ્રકારનાં સામાજીક તથા રાજકીય બંધારણો આજે રજુ થએલ છે.

રાજ્ય

રાજ્ય એ પણ એક સમાજનો વિભાગ છે. એક જણે મહાનાટયકાર કવિ ગેટેને પૂછયું કે, સૌથી સારૂં રાજ્ય કયું? તો તેણે જવાબ વાળ્યો કે, સૌથી સારૂં રાજ્ય સ્વરાજ્ય. સ્વરાજ્યની પ્રાથમિક ભાવના પણ કુટુમ્બભાવનાથી શરૂ થાય છે. કુટુમ્બભાવના આધુનિક સમય કરતાં પ્રાચીન સમયમાં વધુ બળવાન હતી. મનુષ્યની જંગલી અવસ્થામાં કુટુમ્બનું રક્ષણ અને પોષણ કરવા કુટુમ્બના વડાને અનેક લડાઇઓ તથા કલહો વચ્ચેથી પસાર થવું પડતું, અને પરિણામે કુટુમ્બના મોવડીને કુટુમ્બના ભલા તથા શ્રેય માટે અમુક સત્તાઓ પણ આપવામાં આવતી. પ્રાચીન ગ્રીસ તથા રોમની પેટ્રીયા પોટેસ્ટસ (Patria Potestas) ની સંસ્થા હજુ પણ આ સત્તાઓ માટે નામચીન છે. કુટુમ્બોનાં જ્યારે જુથ બને છે ત્યારે તેમાંથી અનેક જાતો અગર ટોળી થાય છે, અને આ જાતોના સમૂહથી પ્રજા બને છે. આ જાતોમાં પોતાની વ્યવસ્થા તથા રક્ષણ માટે એક નાયક અગર ઉપરી (Tribal chief) ચુંટી કાઢવાની પ્રથા હતી, અને આ ઉપરીને રક્ષણ માટે લડાઈઓ કરવા તથા કર ઉઘરાવવા વગેરે સત્તાઓ સોંપવામાં આવતી. આમ આ સત્તાધીશોમાંથી રાજાની સંસ્થાનો જન્મ થાય છે. પ્રાચીન સમયમાં આ જાતોના અધિકારી સત્તાધીશની ચુંટણી તેના માનસિક, બૌદ્ધિક અને શારીરિક ગુણો ઉપર આધાર રાખતી. આ સ્થાન પેઢી દર પેઢી કે ઉત્તરોત્તર ન મળતું; પણ રાજ્યસંસ્થાના જન્મ પછી આમાં ઘણાયે ફેરફારો થવા પામ્યા.

આગળના સમયમાં મનુષ્ય માનસ ઉપર ધર્મ પ્રબળ સત્તા ભોગવતો એટલે રાજ્યશાસન કરવામાં પણ ધર્મના આદેશો અને આદર્શોને વણી લેવામાં આવતા. પ્રાચીન કાયદા કાનુનોને ઈશ્વરીસત્તાનો સંકેત માનવામાં આવતા. આ માન્યતાને પરિણામે રાજાઓના ઈશ્વરી અધિકારોના સિદ્ધાંતનો તથા આનુવંશિક સત્તા ભોગવવાના અધિકારોની માન્યતાઓનો જન્મ થાય છે. હિંદના પ્રાચીન રાજકારણમાં બ્રાહ્મણ ગુરૂઓનો ફાળો કાંઈ ઓછો નથી, તે માત્ર વસિષ્ઠના દાખલાથી સિદ્ધ થાય છે. યુરોપના રાજકારણમાં પોપની સત્તા તથા પ્રોટેસ્ટન્ટ–રોમન કેથોલિકના ભેદભાવોએ કાંઈ જેવા તેવા ફેરફારો કરાવેલ નથી. પરંતુ આ યંત્રયુગ તેમ જ વિજ્ઞાનયુગની શરૂઆત થતાં આ ધર્મરૂપી બળ (Sanction) રાજકારણમાંથી તદ્દન હટી ગયું, અને પરિણામે રાજાઓની સંસ્થાને આથી ઘણું જ સહન કરવું પડયું છે.

રાજ્યને નભાવવામાં ધર્મ ઉપરાંત શારીરિક બળની પણ ઓછી જરૂરિયાત નથી. સમાજના હિત માટે શાંતિ અને વ્યવસ્થા જાળવવાં જોઈએ, અને શાંતિ, વ્યવસ્થા કાર્યમાં મૂકવા માટે શિસ્તપાલન તથા કાયદા કાનુનોના અનુપાલનની જરૂર રહે, અને આ માટે કાયદાનું ઉલ્લંઘન કરનારને સજા કરવા માટે ન્યાય કોર્ટ, પોલીસ, ફોજ વગેરેની જરૂર રહે છે. જીવનના ઘણા ખરા ઝઘડાઓ ઐહિક સુખ અગર તો મિલ્કતમાંથી ઉત્પન્ન થાય છે. પરંતુ સામ્યવાદી રશિયા જ્યાં મિલ્કત જેવી વસ્તુનો નાશ કરવામાં આવેલ છે, ત્યાં પણ હજુ દેહાંત જેવી સજા તથા શારીરિક બળનો ઉપયોગ જરા પણ ઘટ્યો નથી. ઉલટાનું શિસ્તપાલન તથા વિચાર અને વાણી સ્વાતંત્ર્ય ઉપરના અંકુશો વધુ કડક બન્યા છે. આંતરિક વ્યવસ્થા માટે ધારો કે શારીરિક બળના ઉપયોગની જરૂર ન રહે, પણ બહારની ચડાઈઓનો સામનો કરવા તો તેની જરૂરિયાત હરહંમેશ રહેવાની. હજુ કાંઈ આ જગત સ્વર્ગ બની ગયું નથી. મનુષ્યનું અહં તથા પાશવી વૃત્તિઓ એટલા જ ભયંકર સ્વરૂપમાં જોવામાં આવે છે. હજુ પણ આ જગતમાં ખુનખાર યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. જ્યાં સુધી મનુષ્યમાં લડાયક સ્વભાવ (Warring instinct) ચાલુ રહેશે, ત્યાં સુધી લડાઈના ભયમાંથી જગત મુક્ત રહે તે માનવું કઠીન છે. ફેર માત્ર લડાઈ કરવાનાં સાધનોમાં તથા વિજ્ઞાનની શોધખોળથી લડાયક સાધનોની ભયંકરતામાં થશે. જો કે બળ એ સત્તા ચલાવવાનું મુખ્ય અંગ છે, છતાં પણ સહકાર અને સ્વેચ્છા અગર સંમતિ એ રાજ્યસત્તા ચલાવવાનાં કાંઈ ઓછાં ઉપયોગી તત્વો નથી. જ્યારે સહકાર અને સંમતિનાં તત્વોની વાત કરીએ છીએ ત્યારે ફ્રાન્સના પ્રખ્યાત તત્વચિંતક રૂસોના "સામાજીક કરાર" નામના પુસ્તકમાં પ્રતિપાદિત

કરેલ સિદ્ધાંત આપણી સામે તરે છે. રાજાની સર્વોપરી સત્તા પ્રજાના સહકાર અને સંમતિ ઉપર અવલંબે છે, એટલે રાજ્ય તે સામાજીક કરારનું પરિણામ છે, તેમ તેનું મંતવ્ય છે. આ ઉપરાંત રાજ્ય ચલાવવા માટે મુલક તથા રાજ્યબંધારણ વગેરેની જરૂર રહે છે. ટુંકામાં, રાજ્ય એટલે અમુક હદમાં એકત્રિત થએલાં માણસોની સંસ્થા, જે સર્વસાધારણ હીત માટે સ્વતંત્ર રીતે સત્તા ચલાવે છે. દાખલા તરીકે બ્રિટન, ફ્રાન્સ, નોર્વે, જાપાન, જર્મની તથા યુનાઇટેડ સ્ટેટસ તે બધાં રાજ્યો છે, જ્યારે કેનેડા, ઑસ્ટ્રેલીયા, દક્ષિણ આફ્રિકા, ન્યુઝીલેંડ વગેરે રાજ્યો નહિ પણ બ્રિટનના સંસ્થાનો છે. બાહ્ય અંકુશ વિના સ્વતંત્ર રીતે સત્તા ચલાવવી એ રાજ્યનું મુખ્ય તત્ત્વ છે. હિંદુસ્થાન એ રાજ્ય નથી પણ પરાધીન દેશ (Dependency) છે. રાજ્યની સંસ્થા એ હજારો વર્ષોની ઉત્ક્રાંતિનું પરિણામ છે જંગલી સમયના ટોળીના સરદાર (Tribal chief) થી આજના સરમુખત્યારોના સમય સુધી જોશું તો અનેક પ્રકારની રાજકીય સંસ્થાઓ જન્મ પામેલ છે અને નાબુદ થયેલ છે. હાલના સમયમાં પણ એક જ જાતની રાજ્યસંસ્થા બધે જોવામાં આવતી નથી, પણ તેના અનેક પ્રકારો જોવામાં આવે છે. આ પ્રકારોમાં [૧] રાજાસત્તાક રાજ્ય (Monarchy) [૨] મર્યાદિત સત્તાવાળું રાજાસત્તાક રાજ્ય (Constitutional monarchy) [૩] લોકશાસન (Democracy) [૪] સરમુખત્યારી (Totalitarianism) વગેરેનો સમાવેશ થાય છે.

રાજાસત્તાક રાજ્ય (Monarchy)

રાજાસત્તાક રાજતંત્રમાં રાજા પોતે સર્વોપરિ સત્તા ભોગવે છે. વહીવટી, કાર્યવાહક, તથા કાયદા ઘડવાની તમામ સત્તા રાજાની અંદર એકત્રિત થાય છે. રાજાની ઇચ્છા તે કાયદો, અને તે ઇચ્છા મુજબ રાજતંત્ર ચાલે છે. રાજ્યના તમામ અમલદારોની નિમણુક કે બરતરફી રાજા કરે છે; અને તે અમલદારો તથા અધિકારીઓ પોતાની સત્તાના વહીવટ માટે પ્રજાને નહિ પણ રાજાને જ જવાબદાર રહે છે. રાજા તરીકેનો હોદ્દો પેઢી દર પેઢી વારસામાં ઉતરે છે. આવી જાતનું રાજતંત્ર રાજાસત્તાક તંત્ર કહેવાય છે. આ પ્રકારના તંત્રમાં ફાયદા અને ગેરફાયદા બેઉ છે. ફાયદામાં રાજ્યતંત્રની કાર્યવાહક શક્તિમાં ઝડપ, બળ અને સાદાઇ જોવામાં આવે છે. આ પ્રકારમાં જો સત્તાનો સદુપયોગ થાય તો રાજતંત્ર ઘણી જ સહેલાઇથી ચાલે છે. હિંદ પાસે રામરાજ્ય એ આદર્શ રાજાસત્તાક રાજતંત્રનો દાખલો છે. આજકાલ યુરોપમાં અમર્યાદિત રાજ્યસત્તાક તંત્ર ક્યાંય જોવામાં આવતું નથી. આ જાતનું તંત્ર હાલ આફ્રિકાના કોઇ

કોઈ વિભાગોમાં અને હિંદુસ્થાનનાં દેશી રાજ્યોમાં જોવામાં આવે છે. પણ હિંદના દેશી રાજ્યોની સત્તા માત્ર આંતરિક વ્યવસ્થા પુરતી જ સ્વતંત્ર છે.

આ રાજતંત્રમાં જ્યારે નરી આપખુદી જન્મે છે ત્યારે તેના ઘણાં માઠાં પરિણામો આવે છે. યુરોપના ઘણાખરા રાજવીઓને રાજ્યાસન છોડવાનું મોટું કારણ આ જ બદી છે. રાજાની નિરંકુશ તથા બિનજવાબદાર સત્તાથી તેમ જ ઉત્તરોતર સત્તા મળવાથી રાજતંત્રની તમામ આમદાની મધ્યસ્થ સત્તા ભોગવનારના સુખ સામર્થ્ય માટે તથા તેની મીઠી નજર ઉપર અવલંબે છે. પરિણામે પ્રજાને જાહેર જીવનમાં રસ ઉત્પન્ન થતો નથી. પ્રજામાં જોઈએ તે પ્રકારની સ્વતંત્ર નાગરિકતાનો અભાવ રહે છે. પ્રજાનો મોટો ભાગ મધ્યસ્થ સત્તાની ખુશામત કરતાં શીખી જાય છે; અને અધિકારી વર્ગ પોતાના સ્વાર્થને અંગે પ્રજાહિત ખાતર કાંઈ સ્વતંત્ર પગલાં લેવા અસમર્થ બને છે. આજે હિંદમાં પણ કેવળ રાજાસત્તાક રાજતંત્ર સામે વિરોધ ઉભો થવા પામેલ છે.

મર્યાદિત રાજાસત્તાક રાજ્ય (Constitutional Monarchy)

રાજસત્તાક તંત્રનો બીજો પ્રકાર બંધારણીય રાજસત્તા અગર મર્યાદીત રાજસત્તા (Constitutional monarchy)નો છે. આ પ્રકારમાં રાજા એ રાજ્યબંધારણની બધી પ્રવૃત્તિના મોવડી રહે છે, પણ રાજાના તમામ હક્કો તથા હિતો કાયદાથી અંકિત તથા મર્યાદિત બનેલ હોય છે. રાજાનું અંગત ખર્ચ પણ પ્રજા જ નક્કી કરે છે, અને પ્રજાને કાયદા ઘડવાની સંપૂર્ણ સત્તા હોય છે. આ કાયદાને રાજાએ માન આપવું જ પડે છે. જો કે રાજાની સંમતિ વગર કોઈ પણ ઠરાવ અગર કાયદો પસાર ન થઈ શકે, પણ તેથી રાજા ઠીક પડે તેમ કાયદો નામંજુર કરી શકતો નથી. રાજાને પ્રજાના ચુંટાયેલા પ્રધાનોની સલાહ માન્ય કરવી પડે છે, અને પ્રજાના અવાજને પૂરેપૂરું માન આપવું પડે છે. યુરોપમાં જ્યાં જ્યાં રાજાસત્તાક રાજ્યો છે, ત્યાં બધે આ જ પ્રકાર જોવામાં આવે છે. બ્રિટનમાં પણ આ જ જાતનું રાજ્યતંત્ર ચાલે છે. હજુ થોડાં વર્ષ પહેલાં જ એડવર્ડ આઠમાને પોતાના લગ્ન જેવી અંગત બાબત માટે ગાદી-ત્યાગ કરવો પડ્યો હતો. આ રાજતંત્ર ઘણું જ સ્થિતિસ્થાપક અને લોકપ્રિય રહે છે. કારણ કે તેમાં આપખુદ સત્તા જન્મવાનો ક્યાંય અવકાશ રહેતો જ નથી. ટુંકામાં બંધારણીય રાજાસત્તાકતંત્ર એ લોકશાસનનો જ એક પ્રકાર છે.

લોકનિયુક્ત શાસન (Democracy)

એટલે પ્રજાનું–પ્રજાના ભલા માટે, પ્રજાથી ચાલતું રાજ્ય. લોકનિયુક્ત તંત્રની શરૂઆત યુરોપમાં પ્રાચીન ગ્રીસ તથા મધ્યયુગી ઇટલિથી થાય

છે. આજથી બે હજાર વર્ષો પહેલાં પ્રજાસત્તાક રાજ્ય વિષે પ્લેટોએ પુસ્તક લખેલ છે. પ્રાચીન ગ્રીસમાં કેટલાંક પ્રજાસત્તાક રાજ્યો થયાં અને આથમ્યાં. છેવટે પ્રજાવાદનો પ્રથમ પ્રયોગ અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સ તથા ફ્રાન્સમાં થયો. વિખ્યાત ફ્રેન્ચ વિપ્લવ પછી યુરોપના રાજકારણમાં પ્રજાકીય રાજતંત્ર એકદમ લોકપ્રિય થવા લાગ્યું, અને આજે તો આખુંય પશ્ચિમ આ તંત્રમાં જ રસ લઈ રહ્યું છે. જો કે સરમુખત્યારીવાળાં રાજ્યોથી આ તંત્રને તથા રશિયાના સામ્યવાદથી ઘણો ધક્કો પહોંચ્યો છે. પણ આ કારણે ફરીથી રાજાસત્તાક રાજતંત્ર આવે તેમ માનવાને બીલકુલ કારણ નથી. આજે પ્રજાને આ તંત્રમાં જેટલી વિચાર, વાણી, અને કાર્યની સ્વતંત્રતા રહે છે એટલી બીજા કોઈપણ તંત્રમાં એક યા બીજા કારણથી જોવામાં આવતી નથી.

પ્રજાકીય રાજતંત્ર પ્રજાનું જ બનેલું હોય છે, અને હંમેશાં પ્રજાની બહુમતિથી ચાલે છે. હાલ ઈંગ્લેંડ, ફ્રાન્સ, યુનાઈટેડ સ્ટેટ્સ વગેરે પ્રજાકીય તંત્રથી ચાલતાં રાજ્યો છે. આ લોકતંત્રના બે પ્રકારો હોય છે. એક તો સીધી રીતનું, જ્યારે બીજું પ્રતિનિધિત્વવાળું હોય છે. સીધી રીતમાં બધા મતદારો જ એકઠા થઈને રાજ્ય વહીવટ ચલાવે છે. આથેન્સ તથા પ્રાચીન ગ્રીક સીટી સ્ટેટ્સમાં આવી રીતે લોકતંત્ર ચાલતું, જેમાં બધા માણસો જેને મત આપવાનો હક્ક હોય તે સીધી રીતે જ રાજ્ય ચલાવતા; જ્યારે બીજા પ્રકારમાં મતદારો પોતાના અમુક ગણ્યા ગાંઠ્યા પ્રતિનિધિ ચુંટે છે. જે પ્રતિનિધિઓ એકત્ર મળીને રાજ્ય ચલાવે છે, અને પ્રજાને જવાબદાર રહે છે. આ તંત્રમાં ઘણા પક્ષો હોય છે જેમાંથી બહુમતિ ભોગવતો પક્ષ રાજતંત્ર ચલાવે છે.

આ ઉપરાંત રાજ્ય ચલાવવાની પણ બે રીત હોય છે. એકમાં પાર્લામેન્ટ અગર ધારાસભાથી રાજ્ય ચાલે છે, જ્યારે બીજામાં પ્રમુખથી રાજ્ય ચાલે છે. પાર્લામેન્ટરી રાજ્યપદ્ધતિમાં પ્રજાને જવાબદાર રહેતું, પ્રજાપ્રતિનિધિઓથી ચુંટાયેલ અને બહુમતિનો વિશ્વાસ ભોગવતું એક કારોબારી પ્રધાન મંડળ રહે છે. આ પ્રધાનમંડળમાં પણ એક મુખ્ય વડો પ્રધાન રહે છે. આ પ્રધાનમંડળ જ્યારે પ્રજાનો વિશ્વાસ ખોઈ બેસે ત્યારે બરખાસ્ત થાય છે. ઈંગ્લેન્ડના રાજતંત્રમાં આપણે આ જાતનું રાજતંત્ર જોઈએ છીએ.

બીજામાં પ્રમુખ એ કારોબારીનો વડો તથા ચુંટાયેલ પ્રમુખ હોય છે. અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સમાં પ્રમુખની ચુંટણી દરેક રાજ્યોના પ્રતિનિધિ-

ઓથી થાય છે. પ્રમુખ પ્રધાનમંડળ ચુંટે છે, જે પ્રધાનમંડળ પ્રમુખનેજ જવાબદાર રહે છે. પ્રમુખને ધારાસભા બરખાસ્ત કરવાનો અધિકાર નથી, તેમજ પ્રધાનોને પણ મત આપવાનો અધિકાર હોતો નથી.

લોકતંત્રના ઘણા ગુણો તથા દોષો પણ છે, જેમાં તેના ગુણ તરફ જોતાં આ તંત્રમાં પ્રજામાં એક જાતનું સ્વદેશાભિમાન તથા અસ્મિતાની લાગણી ઉદ્‌ભવે છે. સામાન્ય લોકો પણ રાજકારણમાં ભાગ લેતાં થાય છે. સમૂહ અને સંપથી કેમ કામ લેવું તેનું પ્રજાને સરસ શિક્ષણ મળે છે. ઉપરાંત દરેક માણસનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય સચવાય છે. વિચાર તથા વાણીસ્વાતંત્ર્યની છૂટ રહે છે, જેનો આજે સરમુખત્યારીવાળાં રાજ્યોમાં સદંતર અભાવ જોવામાં આવે છે. સમાજના દરેક વિભાગનું ધ્યેય જાળવવા તથા લોકશિક્ષણ અને સુખસગવડ દરેકને મળે તે માટે પુરતું લક્ષ આપવામાં આવે છે. આજે પણ આ તંત્ર સૌથી વધુ લોકપ્રિય છે તેનું આ જ કારણ છે.

આ તંત્રમાં દોષ નથી એમ પણ નહિ. મુડીવાદીઓને આ તંત્રમાં પોતાનો સ્વાર્થ સાધવા પુષ્કળ ક્ષેત્ર મળે છે. સમાનતા, સ્વતંત્રતા તથા ભ્રાતૃભાવના બ્હાના હેઠળ અમુક પક્ષો પોતાના સ્વાર્થ માટે જાહેર પ્રજાના પૈસાનો દુર્વ્યય કરે છે. પક્ષાપક્ષીથી એકજાતની કાયમી ફાટફુટ ઘર કરી બેસે છે. ઘણી વખત હોશિયાર અને બુદ્ધિશાળી માણસો બહાર આવવાને બદલે માત્ર લાગવગવાળા પૈસાદાર તથા ધાંધલખોર માણસો જ બહાર આવે છે. અને સૌથી મોટો આક્ષેપ આ તંત્ર માટે વિલંબ એટલે (Dilatoriness)નો રહે છે. મત લેવા, અભિપ્રાય માટે ભાષણો, ઠરાવો સંમતિ વગેરે થતાં થતાં એક વસ્તુનો નિકાલ લાવતાં ઘણો સમય વ્યતીત થાય છે. ઘણી વખત ઝડપભેર નિશ્ચયો કરવાની જરૂરને વખતે આ વસ્તુ ઘણી જ નડે છે. આ જ કારણે સરમુખત્યારોના નિશ્ચયો બહાર પડે છે ત્યારે લોકતંત્રોવાળાં રાજ્યોને ઘમસાણ મચાવવી પડે છે. પ્રજાતંત્રની આ બધી નબળાઈઓને અંગે ઘણીવાર જ્યારે અરાજકતા ઉત્પન્ન થાય છે ત્યારે લશ્કરી રાજ્ય ઉભું થવા પામે છે, અને તેમાંથી પછી સરમુખત્યારી જન્મે છે.

સરમુખત્યારી (Totalitarianism)

સરમુખત્યારીવાળા પ્રદેશોમાં સરમુખત્યાર એ લગભગ રાજા (Absolute monarch) જેવી જ સત્તા ભોગવતો હોય છે. પણ આથી કરીને સરમુખત્યાર તે પ્રજાહિત ખાતર રાજ્ય કરે છે તે ભુલતા નથી. સરમુખત્યારીવાળા પ્રદેશોમાં એક જ પક્ષ હોય છે અને ઘણે ભાગે લશ્કરી અમલદારોનું

ત્યાં ઘણું જ જોર વધે છે. હાલ આપણે ઇટલી અને ખાસ કરીને જર્મનીમાં તથા રશિયામાં આ વસ્તુ જોઈએ છીએ. વાણી-સ્વાતંત્ર્ય તથા વિચાર-સ્વાતંત્ર્ય ઉપર સરમુખત્યારીવાળા તંત્રમાં ઘણો જ અંકુશ રહે છે. સરમુખત્યારો પોતાના પક્ષના સિદ્ધાંત માટે તેના વિરોધીઓ ઉપર અનેક પ્રકારના જુલ્મો કરે છે, અને આ કારણે આજે સરમુખત્યારો ઘણા જ અકારા થઈ પડ્યા છે. આ તંત્રના ફાયદાઓ છે અને ગેરફાયદાઓ પણ છે. આ તંત્રમાં પ્રજાકીય સ્વદેશાભિમાન ઘણું જ તીવ્ર બને છે, અને સત્તા બધી સરમુખત્યારના હાથમાં કેન્દ્રિત બને છે. ઇટલી અને જર્મનીએ આજે માત્ર એ જ ફાયદામાં પોતાની પ્રજાનું ફરીવાર ઘડતર કર્યું છે, અને તેને એટલી મજબુત બનાવેલ છે કે જગત આખું તેની પાસે થરથરે છે. ઘણે ભાગે આ તંત્રમાં લશ્કરવાદ (Militarism) થવાનો સંભવ રહે છે, અને પ્રજાને વિચાર સ્વાતંત્ર્યના અભાવને અંગે ગુંગળામણ થાય છે, પરિણામે અરાજકતા અગર અંધાધુંધી થાય છે. પોતાના પક્ષને મજબુત રાખવા માટે ઘણા જ કપરા અન્યાયો થાય છે. જર્મની તથા રશિયાના અત્યાચારો (Purges) આજે તો જગજાણીતા થઈ ચૂક્યા છે.

રાજ્યબંધારણ

ઉપર જણાવેલાં રાજ્યોનો વહીવટ ચલાવવા માટે અમુક મૂલગત સિદ્ધાંતો હોય છે. રાજ્ય ચલાવવાના સિદ્ધાંતો, જે રાજ્ય અને પ્રજા વચ્ચેના સંબંધનું સ્પષ્ટીકરણ કરે છે, અને જેમાં રાજ્યની વ્યવસ્થા, રાજવહીવટ કરવાની સત્તા તથા પ્રજાના હક્કોનું સમીક્ષીકરણ કરવામાં આવ્યું હોય, તેને રાજ્યબંધારણ કહેવામાં આવે છે. આવાં બંધારણો કાં તો લેખિત અગર બિનલેખિત હોય છે. લેખિત રાજ્યબંધારણમાં રાજતંત્રનો પ્રકાર, તેનાં મુખ્ય તત્ત્વો વગેરેનો લેખિત કલમોની રીતે સમાવેશ થાય છે; જ્યારે બિન લેખિત બંધારણમાં આવું કાંઈ લેખિત હોતું નથી; પણ એક જાતની રૂઢી તથા પ્રથા પ્રમાણે રાજ્ય ચાલે છે. હિંદના દેશી રાજ્યોમાં ક્યાંય લેખિત બંધારણ હોતું નથી, પણ આગળથી ચાલી આવતી રીત પ્રમાણે રાજ્ય સત્તા ભોગવાય છે. ફ્રાન્સ, ઇટલી તથા યુનાઇટેડ સ્ટેટ્સનાં રાજ્યબંધારણોમાં પણ લેખિત ધારાઓ ઉપરાંત કેટલીક બિન લખાયેલ પ્રથાઓ પણ જોવામાં આવે છે. જ્યારે બ્રિટિશ બંધારણ તે લેખિત નથી, છતાં પણ મેગ્નાકાર્ટા, બીલ ઓફ રાઇટ્સ, એક્ટ ઓફ સેટલમેન્ટ, અને ૧૮૩૨, ૧૮૩૩, ૧૮૮૪, ૧૯૧૧, ૧૯૧૯ તથા ૧૯૨૮ ના રીફોર્મ એક્ટના કાયદાઓનો તેમાં સમાવેશ થાય છે. આ લેખિત-બિનલેખિતનો તફાવત દેખીતી રીતે બહુ ઉપયોગી

ન હોય, પણ જરા ઝીણવટથી જોઈએ તો બે જાતના બંધારણોના પ્રકારો ઉદ્‌ભવે છે. પહેલા બંધારણમાં ધારાઓ એટલા સ્થિતિસ્થાપક હોય છે કે રાજ્યબંધારણમાં કોઈ પણ ફેરફાર તુરત શક્ય બને છે, જ્યારે બીજામાં ફેરફારો કરવા બહુ જ મુશ્કેલ પડે છે, એટલે તે સ્થાયી બંધારણ નીવડે છે. પહેલા પ્રકારમાં એક જ વાંધો આવે છે કે, ઘણી વખત બંધારણ ઘણું જ અસ્થિર અને અસ્થાયી નીવડે છે, જ્યારે લખાયેલ બંધારણ વધુ સ્થાયી તથા ચોક્કસ હોય છે. પરંતુ તેમાં સમયના ફેરફારો સાથે ફેરફારો તુરત શક્ય ન બનવાથી તેની સામે અસંતોષ અને બળવો થવાનો સંભવ રહે છે. આજે ફ્રાન્સ, જર્મની, સ્વીટ્ઝર્લૅન્ડ, બ્રિટિશ સંસ્થાનો, યુનાઈટેડ સ્ટેટ્સ, તુર્કસ્તાન વગેરે દેશોમાં બધે લખાયેલ બંધારણો છે. આ બધા સ્વતંત્ર દેશો હોવાથી જ્યારે બંધારણમાં યોગ્ય ફેરફાર કરવાના હોય ત્યારે તે સમસ્ત દેશ કરવા સ્વતંત્ર હોય છે. હિંદને અપાયેલ રાજ્યબંધારણ લેખિત છે. આ બંધારણ હિંદને બ્રિટિશ પાર્લામેન્ટ તરફથી મળતું હોવાથી હિંદમાં કોઈ પણ સંસ્થાને તેમાં ફેરફાર કરવા જરા પણ અધિકાર રહેતા નથી.

રાજ્યબંધારણના પણ બે વિભાગો હોય છે: એક તન્ત્રાધીન રાજ્યબંધારણ, અને બીજું સમવાયતંત્ર.

એકતંત્રાધીન રાજ્યબંધારણ

આ જાતના બંધારણમાં બધી વહીવટી સત્તા એક સંસ્થાને સોંપવામાં આવે છે, અને રાજ્યનાં બીજાં બધાં ખાતાંઓ આ સત્તાને અનુવર્તી રહે છે. સ્થાનિક રાજતંત્ર અને તેની બધી સત્તાઓ આ સત્તામાંથી ઉદ્‌ભવે છે; અને મધ્યસ્થ સત્તાની ઈચ્છા પ્રમાણે તેમાં ફેરફારો થઈ શકે છે. ૧૯૧૯ પહેલાંનું હિંદનું રાજ્યબંધારણ આ પ્રકારનું હતું.

સમવાયી રાજ્યબંધારણ

આ એવા પ્રકારનું રાજ્યબંધારણ છે જેમાં કેટલાંક નાનાં રાજ્યો અગર સ્વતંત્ર વિભાગો મધ્યસ્થ સત્તાને દેશના સમગ્ર સંચાલન માટે સત્તા સોંપી સંયોજીત બને છે. આમ કરવા છતાં પણ આ રાજ્યો કે વિભાગો પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય ગુમાવતા નથી; માત્ર સત્તા સમગ્ર સંચાલન પુરતી જતી કરવામાં આવે છે એટલુંજ. જુદી જુદી પ્રજા વચ્ચે તથા વિવિધ જાતના લોકો વચ્ચે ઐક્ય સ્થાપવા, તથા દેશની વિશાળતાને પહોંચી વળવા સમવાયી

રાજ્યતંત્રની યોજના ઘણી જ સગવડતા ભરેલી છે. આ યોજનામાં દરેક વિભાગ અગર સ્વતંત્ર હક્ક ધરાવતી પ્રજા પોતાનું વ્યક્તિગત સ્વાતંત્ર્ય જાળવે છે, એટલું જ નહિ પણ સમગ્ર રાજકીય વ્યવસ્થા કરવાનો પણ અનુભવ મેળવે છે. ઉપરાંત, સત્તાની વહેંચણુ થઈ ગયેલ હોવાથી સત્તા એક જ વ્યક્તિ કે સંસ્થાના હાથમાં જઈ શકતી નથી; દરેક વિભાગ અગર રાજ્ય પોતાનું સ્વાતંત્ર્ય જાળવી શકતાં હોવાથી જુદી જુદી પ્રથાઓ, પ્રજા, કોમ, ધર્મ અને સંસ્કારો તથા રૂઢીવાળા પ્રદેશ માટે આ એક જ તંત્ર ઉપયોગી અને સફળ થઈ શકે તેમ છે, અને દરેક વિભાગમાં પ્રજાહિત માટે જુદા જુદા પ્રયોગો પણ એથી કરી શકાય તેમ છે. આ બધા ફાયદાઓ એકતંત્રાધીન બંધારણમાં લગભગ અશક્ય બને છે.

સમવાયી રાજ્યબંધારણના જેમ ફાયદાઓ છે તેમ ગેરફાયદાઓ પણ છે. સમવાયતંત્ર એ સત્તાની વહેંચણીથી નબળું રાજતંત્ર ગણાય છે. સર્વોપરિ સત્તા કેન્દ્રિત ન થવાથી તેમ જ એકબીજા વિભાગોની હરીફાઈ કે ઈર્ષ્યાથી ઘણીવાર સમવાયી સત્તા નબળી પડે છે. આ બંધારણમાં એક જાતની સ્થિતિ-ચુસ્તતા આવી જાય છે, જેને અંગે સ્વાભાવિક વિકાસ ઘણીવાર રૂંધાય છે. ધારાસભાના હક્કો સર્વોપરિ કોર્ટના બંધારણના ચુકાદાને અંગે ઘણીવાર નકામા જાય છે, અને પરિણામે કારોબારી સત્તા પણ સંકુચિત બને છે.

૧૯૩૫ ના કાયદાથી હિન્દને આપવામાં આવેલ સમવાયી રાજ્યબંધારણ કેટલી હદ સુધી સમવાયતંત્ર કહી શકાય, તે ઉપરની વ્યાખ્યાથી જણાય છે. હિંદનું સમવાયી બંધારણ એ તાત્કાલિક પ્રાપ્ત થયેલ વસ્તુ નથી, પણ અમુક વર્ષોના બંધારણીય વિકાસ પછી આવેલ વસ્તુ છે. માટે હિન્દના સમવાયતંત્ર જાણતા પહેલાં હિન્દનો બંધારણીય વિકાસ જાણવા અતિ આવશ્યક છે.

પ્રકરણ ૨ જું

હિન્દનો બંધારણીય વિકાસ

જો કે હિંદુસ્તાનમાં બ્રિટિશ સત્તાનો ઉદય તો સત્તરમી સદીની શરૂઆતમાં થઈ ચુકયો હતો, પણ જ્યારથી ઇસ્ટ ઈન્ડિયા કમ્પનીને મોગલ બાદશાહ શાહઆલમે ઇ. સ. ૧૭૬૫ માં બંગાલ, બિહાર, અને ઓરિસાની દિવાની આપી, ત્યારથી બ્રિટિશ સત્તાની ખરેખરી શરૂઆત થાય છે. ઇસ્ટ ઇન્ડિયા કમ્પનીની વ્યવસ્થા તથા નીતિ ઉપર યોગ્ય અંકુશ રાખવાની જ્યારે પાર્લામેન્ટને જરૂર જણાઈ ત્યારે ઇ. સ. ૧૭૭૩ નો **રેગ્યુલેટિંગ એક્ટ** પસાર કરવામાં આવ્યો. આ એક્ટના પરિણામે કમ્પનીએ કારોબારી કાઉન્સિલથી રાજતંત્ર ચલાવવાનું શરૂ કર્યું. આ કાઉન્સિલને કાયદા ઘડવાની સત્તા આપવામાં આવી. અહિંથી હિંદના બંધારણની શરૂઆત થાય છે. કાઉન્સિલ તંત્રથી પણ કમ્પનીના રાજ્યવહીવટમાં દોષો જોવામાં આવ્યા, એટલે પછી સુપ્રીમ કોર્ટની સ્થાપના કલકત્તામાં કરવામાં આવી. આમ કરવા છતાં પણ કમ્પનીનું રાજતંત્ર સુધરી ન શક્યું. કમ્પનીના વહીવટની ગેરવ્યવસ્થા અને નાણાંભીડને અંગે ઇ. સ. ૧૭૮૪ માં **પિટનું 'ઇન્ડિયા બિલ'** પસાર કરવામાં આવ્યું, જેથી કમ્પની અને બ્રિટિશ સરકાર બન્નેને અધિકાર સોંપવામાં આવ્યો. આથી કરીને મધ્યસ્થ સત્તાને વધુ મજબુત બનાવવામાં આવી અને ગવર્નર જનરલની સત્તાઓ તેની કાઉન્સિલ કરતાં ઘણી જ વિશાળ બની. પિટના ઇન્ડિયા બિલથી હિન્દની રાજ્યવ્યવસ્થા ઉપર દેખરેખ રાખવા ઈંગ્લેન્ડમાં ૭ સભ્યોનું એક બોર્ડ ઑફ કન્ટ્રોલ નીમવામાં આવ્યું, હિંદના ગવર્નર જનરલને પાર્લામેન્ટની મંજુરી સિવાય કોઈ પણ દેશી રાજ્ય સાથે લડાઈ કે સલાહસંપ કરવાનો પ્રતિબંધ કરાયો, ગવર્નર જનરલને પોતાની કાઉન્સિલના સભ્યોની સલાહ વિરુદ્ધ કામ કરવાની સત્તા આપવામાં આવી, અને બોર્ડ ઑફ કન્ટ્રોલને દેશી રાજ્યો સાથે લડાઈ અગર સલાહસંપ કરવાની છૂટ આપવામાં આવી. આ બિલની અસર એ થવા પામી કે સર્વ ઉપયોગી સત્તા બોર્ડ ઑફ કન્ટ્રોલના હાથમાં આવી, અને બોર્ડ ઑફ ડાયરેક્ટરની સત્તા માત્ર નામની જ રહી. આમ કરવા છતાં પણ હજુ રાજતંત્રની બદી ટળી નહિ એટલે ૧૭૯૩નો કાયદો પસાર કરવામાં આવ્યો, જેથી કરીને બોર્ડ ઑફ કન્ટ્રોલની સત્તા વધારવામાં આવી, કેટલાક બંધારણીય ફેરફારો પણ કરવામાં આવ્યા, અને હિંદ તથા ચીન સિવાય પૂર્વમાં વેપાર કરવાની બંધી કરવામાં આવી.

ઇ. સ. ૧૭૯૨ માં કૉર્નવાલીસે ભારતની મહેસુલ પદ્ધતિમાં ફેરફાર કર્યો. જમીનદાર જે જમીનની મહેસુલ ઉઘરાવતા તેની માલીકી જમીનદારોને આપવામાં આવી, અને બ્રિટિશ મહેસુલ નક્કી કરી જમાબંદી નખાઈ; જેથી સરકારને મહેસુલી ખર્ચ કર્યા વગર સીધી મહેસુલ દર વર્ષે આવવા લાગી.

આ પછી ૧૮૫૩ નો કાયદો પસાર કરવામાં આવ્યો, જેથી થોડા ઘણા બંધારણીય ફેરફારો કરવામાં આવ્યા. ઇ. સ. ૧૮૩૩માં ચાર્ટર એક્ટ પસાર થયો જેથી કમ્પનીના બંધારણ તથા વહીવટી સત્તામાં મહત્વના ફેરફારો થયા. આ એક્ટથી કમ્પની વેપારી પેઢી તરીકે કામ કરતી બંધ થઈ. ૧૮૩૩ ના કાયદાથી પ્રાન્તોને જે કાયદા ઘડવાની સત્તાઓ આપવામાં આવી હતી તે લઈ લેવાઈ, અને તે સત્તા ગવર્નર જનરલને સોંપાઈ. કાયદાનું કામ વધવાથી ગવર્નર જનરલની કાઉન્સિલમાં કાયદાના મંત્રીની જગ્યા વધારવામાં આવી. આ કાયદાથી હિન્દીઓને નાતજાતના ભેદભાવ સિવાય સરકારી નોકરીમાં લેવાનું ઠરાવવામાં આવ્યું, અને કમ્પનીને વધુ વીશ વર્ષ માટે જીવન મળ્યું. છેવટે ૧૮૫૩ માં છેલ્લો ચાર્ટર એક્ટ પસાર થયો. આમાં અગાઉની જેમ કમ્પનીને વીશ વર્ષની મુદત લંબાવવાનું બંધ કરવામાં આવ્યું, પણ પાર્લામેન્ટની મરજી મુજબ કમ્પની તેના કબજાઓ જાળવી રાખે તેમ નક્કી થયું. આ કાયદામાં મહત્વની વસ્તુ તો એ છે કે, મધ્યસ્થ તંત્રમાં લેજિસ્લેટીવ કાઉન્સિલની સ્થાપના કરવામાં આવી અને ગવર્નર જનરલ સહિત બાર સભ્યોની નિમણૂક કરવામાં આવી.

છેવટે ઇ. સ. ૧૮૫૭ માં લૉર્ડ ડેલહાઉસીની ખાલસા નીતિ તથા બીજા કેટલાક અસંતોષને લઇને હિંદમાં જબરદસ્ત બળવો ફાટી નીકળ્યો, જેને પરિણામે કમ્પની પાસેથી તેની સઘળી સત્તા છીનવી લેવામાં આવી, અને મહારાણી વિકટોરિયાનો પ્રસિદ્ધ ઢંઢેરો ૧૮૫૮ માં બહાર પડ્યો. તેમાં હિંદની પ્રજાના ધાર્મિક, સામાજીક, તથા રાજકીય હક્કોનું સંરક્ષણ કરવાનું વચન આપવામાં આવ્યું. હિંદનો કારોબાર બ્રિટિશ પાર્લામેન્ટની સત્તા હેઠળ સીધી રીતે મૂકી દેવામાં આવ્યો, અને વિકટોરિયા હિંદનાં પ્રથમ સમ્રાજ્ઞી બન્યાં. ૧૮૫૮ નો કાયદો પસાર થયો ત્યારથી હિન્દમાં નોકરશાહીની શરૂઆત થાય છે. પાર્લામેન્ટદ્વારા નિમાએલા નોકરો અહીં આવવા લાગ્યા અને હિન્દનું રાજતંત્ર ચલાવવા લાગ્યા. આ કાયદાથી બોર્ડ ઑફ કન્ટ્રોલ અને ડાયરેકટરની સભાઓ નાબૂદ કરવામાં આવી, અને તેને બદલે હિંદી વજીર (Secretary of state)નો નવો હોદ્દો કાઢવામાં આવ્યો, અને તેને એક કાઉન્સિલ

પણ આપવામાં આવી જે ઇન્ડિયા કાઉન્સિલ (India Council) ના નામથી ઓળખાય છે. હિંદી વજીર ઉપર હિંદના રાજતંત્રની સઘળી જવાબદારી નાખવામાં આવી. હિંદી વજીર જે પાર્લામેન્ટના પ્રધાનમંડળનો એક સભ્ય હોય છે તે હિંદની તમામ જાતની વ્યવસ્થા માટે પાર્લામેન્ટને જવાબદાર રહે તેમ ગોઠવણ કરવામાં આવી. હિંદી વજીરને આપવામાં આવેલ કાઉન્સિલમાં પંદર સભ્યો નીમવામાં આવ્યા, જેમાંના આઠ સભ્યો હિંદમાં નોકરી કરી આવેલા હોવા જોઈએ તેમ પણ ઠરાવવામાં આવ્યું. આ બધા સભ્યોનો પગાર હિંદી તિજોરીમાંથી અપાવો જોઇએ તેમ નક્કી કરવામાં આવ્યું.

આ સમયમાં જ્યારે યુરોપના દેશોમાં લોકનિયુક્ત તંત્ર તથા પ્રજાતંત્રવાદનો ફેલાવો થતો હતો, ત્યારે બ્રિટિશ તંત્ર નીચે ઘણા વખતે સાંપડેલ રાજકિય સ્થિરતા તથા ઐક્ય અનુભવવામાં હિંદ નિશ્ચલ બની ગયું. ઘણે વર્ષે સમસ્ત હિંદ ઉપર એક સાર્વભૌમ સત્તાની સ્થાપના થઈ. આંતરિક કલહો અને વિગ્રહોથી કંટાળી ગયેલ હિંદે આ શાંતિ અને પરાધીનતા હસતે મુખે અપનાવી લીધાં.

ઇ. સ. ૧૮૫૮ થી ૧૮૮૯ સુધી હિંદમાં ચાલેલ બ્રિટિશતંત્ર એકહથ્થુ સત્તા તથા કડક એકતન્ત્રાધીન રાજ્યબંધારણનો નમૂનો છે. ઇ. સ. ૧૮૬૧માં ઇન્ડિયા કાઉન્સિલ એક્ટ પસાર કરવામાં આવ્યો, જેને પરિણામે ગવર્નરની કારોબારી સભામાં પાંચ સાધારણ સભ્યો રાખવામાં આવ્યા; અને તેમાંનો એક પાંચ વર્ષના અનુભવવાળો એડવોકેટ અગર બેરિસ્ટર હોવો જોઇએ તેમ નક્કી કરવામાં આવ્યું. લેજિસ્લેટીવ કાઉન્સિલમાં કારોબારીના સભ્યો ઉપરાંત ગવર્નર જનરલથી નિયુક્ત થયેલા ૭ થી બાર સભ્યો ઉમેરવાનું નક્કી કરવામાં આવ્યું.

આ વખતે ઇ. સ. ૧૮૮૫ માં હિંદી મહાસભા (Indian National Congress)ની સ્થાપના થઈ. મહાસભાની ચળવળ તથા ગવર્મેન્ટ સામેના અસંતોષને પહોંચી વળવા ૧૮૯૨ નો કાઉન્સિલ એક્ટ પસાર કરવામાં આવ્યો. આ એક્ટને અંગે (૧) મધ્યસ્થ તેમજ પ્રાન્તિક ધારાસભાઓ વિસ્તૃત બનાવવામાં આવી, આ સભાઓને બજેટ તથા ગવર્મેન્ટ ઉપર ચર્ચા ચલાવવાની સત્તાઓ આપવામાં આવી (૨) મધ્યસ્થ સરકારે પ્રાન્તિય સરકારને કાયદા ઘડવાની આપેલ સત્તા વધારે વિસ્તૃત કરવામાં આવી. આ ઉપરાંત કમ્પની તરફથી ચાલતી કોર્ટો બંધ કરવામાં આવી અને હાઈકોર્ટોની સ્થાપના કરવામાં આવી અને સ્થાનિક સ્વરાજની પદ્ધતિ દાખલ કરવામાં આવી.

આ જાતના રાજતંત્રમાં હજુ સુધી હિંદના લોકોને રાજતંત્રમાં બિલકુલ અવાજ ન હતો. હિંદમાં લશ્કરી અને બીજા મોટા હોદ્દાઓ હિંદીઓને આપવામાં ન આવતા. હિંદનાં વેપાર, ઉદ્યોગ અને વાણિજ્ય પણ બ્રિટિશ લોકોના હાથમાં હતાં. નાણાપ્રકરણ, ચલણ, જકાત, વહાણવટું, રેલ્વે, બેન્ક, ઔદ્યોગિક વિકાસ વગેરે ઉપયોગી ખાતાઓના વહીવટ માટે હિંદી સરકાર પણ હિંદી વજીરની સત્તાને સર્વાંશે આધીન રહેતી. હિંદમાં કારોબારી અને કાયદા ઘડવાની સત્તા સનંદી નોકરો મારફત વપરાતી, અને તેઓ ગવર્નર જનરલ અને હિંદી વજીરના હુકમોને સંપૂર્ણ રીતે તાબેદાર રહેતા. સનંદી નોકરશાહીની કીલ્લેબંદીમાં હિંદીઓને દાખલ થવાની જરા પણ વકી ન હતી. હિંદીઓને માત્ર કારકુનોની અને એવી નીચેના ગ્રેડની નોકરીઓ અપાતી. આમ હિંદીઓને જ હિંદના તંત્રમાંથી બાતલ રાખવાની નીતિને અંગે અસંતોષ ફેલાવા લાગ્યો. આ ઉપરાંત બોર લડાઈમાં બ્રિટનનું પાછા પડવું, જાપાનનો રશિયા ઉપરનો વિજય, આર્થિક મંદી, ચલણ પદ્ધતિ સામે ઉત્પન્ન થયેલો રોષ, રાષ્ટ્રીય ભાવનાની જાગૃતિ, લૉર્ડ કર્ઝનનું શાહીવાદીતંત્ર, પ્રજાની ગરીબી, પાશ્ચાત્ય કેળવણી, અને ૧૯૦૫ના બંગાલના ભાગલા, આ બધાંથી બ્રિટિશતંત્ર સામે પ્રજાના તીવ્ર અસંતોષનો જુવાળ ફાટી નીકળ્યો. આ ઉપરથી બ્રિટિશતંત્ર ચલાવનારાઓને એમ થયું કે, હિંદને કાંઈક આપ્યા વગર છુટકો નથી. છેવટે ઈ. સ. ૧૯૦૯માં લૉર્ડ મોર્લી જે હિંદી વજીર હતા તેના તથા હિંદના તે વખતના ગવર્નર જનરલ લૉર્ડ મીન્ટોના સંયુક્ત પ્રયત્નોથી 'મોર્લીમીન્ટો' નામના સુધારાની હિંદને નવાજેશ કરવામાં આવી. આ મોર્લીમીન્ટો સુધારાથી નીચે મુજબ હિંદને આપવામાં આવેલ છે.

(૧) હિંદી વજીરની સભામાં અત્યાર સુધી એકપણ હિંદી ન હતો; પણ આ સુધારાથી ઇન્ડિયા કાઉન્સિલમાં બે હિંદીઓને દાખલ કરવામાં આવ્યા.

(૨) વડી ધારાસભાના સભ્યોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો, અને સભ્યોની સંખ્યા ૬૦ની રાખવામાં આવી: ૩૩ ગવર્નર જનરલના નીમાયેલા, અને ૨૭ ચુંટાઈ આવેલા. વડી ધારાસભામાં ચુંટણીનું ધોરણ દાખલ કરવામાં આવ્યું. આ ચુંટણીનું ધોરણ દાખલ કર્યું પણ તેમાં સીધી ચુંટણી રાખવામાં ન આવી. ચુંટાઈ આવેલા ૨૭ સભ્યોમાંથી ૧૩ સભ્યો દરેક પ્રાન્તની ધારાસભામાંથી ચુંટાઇ આવે અને બાકીના ૬ જમીનદારો, ૫ મુસલમાનો, અને ૨ વેપારી મંડળો મોકલે. આમ પ્રથમવાર હિંદમાં મતાધિ-

કાર પ્રમાણેની ચુંટણીમાં કોમી મતાધિકારનું તત્વ દાખલ કરવામાં આવ્યું. ગવર્નર જનરલને ચુંટાઈ આવેલ કોઇપણ સભ્યને નામંજુર કરવાની સત્તા આપવામાં આવી, અને સભ્યોને અંદાજપત્ર ઉપર ચર્ચા કરવાની વધુ છૂટછાટો અપાઈ.

(૩) પ્રાન્તિક ધારાસભામાં પણ ફેરફારો કરવામાં આવ્યા, અને પ્રજા તરફથી ચુંટાઇ આવેલા સભ્યોનું પ્રમાણ વધારવામાં આવ્યું, અને મતાધિકાર પ્રમાણે ચુંટણીનું ધોરણ દાખલ કરવામાં આવ્યું.

(૪) મધ્યસ્થ તેમ જ પ્રાન્તિક કારોબારીમાં એકએક હિન્દી સભ્ય લેવામાં આવ્યો, પણ તેને ખાસ જવાબદારીવાળાં ખાતાંઓ સોંપવામાં ન આવ્યાં.

આ સુધારાઓથી પ્રથમવાર હિન્દમાં કોમી પ્રતિનિધિત્વ તથા અલગ મંડળનું પ્રતિનિધિત્વ દાખલ કરવામાં આવ્યું; અને આ પ્રથાનાં અનિષ્ટ પરિણામો હિંદ હજુ પણ ભોગવે છે. આવું પ્રતિનિધિત્વ હિન્દના રાષ્ટ્રીય સંગઠ્ઠનને અત્યંત નુકસાનકારક નીવડેલ છે. અહીંથી બ્રિટનની પ્રસિદ્ધ લડાવનીતિ (Divide and rule policy)ની શરૂઆત થાય છે. આ સુધારાઓથી હિન્દને જવાબદાર રાજતંત્ર ન મળ્યું, રાષ્ટ્રીય પક્ષનો અસંતોષ જેમનો તેમ ઉભો રહ્યો, ધારામંડળોના ચુંટાયેલા સભ્યોને કારોબારી જવાબદાર ન રહી, ખરી સત્તા મધ્યસ્થ તંત્રમાં જ કેન્દ્રિત બની, અને ધારાસભા તો માત્ર ભાષણો અને ચર્ચા કરવાના મંડળ (Debating society) જેવી જ રહી.

આ સુધારાઓ પછી ૧૯૧૧માં દિલ્હી દરબાર ભરવામાં આવ્યો, જેમાં બંગાલના ભાગલા પાડવાનું બંધ કરવામાં આવ્યું અને ધારાસભાને થોડી છૂટ-છાટ આપવામાં આવી. ૧૯૦૯થી ૧૯૧૯ સુધીનો હિન્દનો ઈતિહાસ ઘણા પરિવર્તનોથી ભરપુર છે. ૧૯૦૭માં મહાસભામાં વિનીત પક્ષ અને ઉદ્દામ પક્ષ એમ બે પક્ષો પડી ગયા હતા, છતાં પણ મહાસભા દ્વારા જવાબદાર રાજતંત્રની માગણી મૂકવામાં આવી કે, હિંદને બ્રિટિશ સામ્રાજ્યના એક અંગ તરીકેના બધા હક્કો મળવા જોઇએ. ઈ. સ. ૧૯૧૪માં યુરોપમાં મહાન વિગ્રહ ફાટી નીકળ્યો. હિંદે પણ બ્રિટનની સેવા બજાવવામાં ખામી ન રાખી. મહાત્મા ગાંધીજીએ પણ મદદ કરવામાં ફાળો આપ્યો. હિંદમાંથી લગભગ તેર લાખ માણસો લડવા માટે મોકલવામાં આવ્યાં, અને હિન્દી સીપાઈઓએ ફ્રાન્સ, પેલેસ્ટાઇન, મેસો-પોટેમિયા, આફ્રિકા તથા સાલોનીકામાં અદ્‌ભુત શૌર્ય દાખવ્યું. હિન્દનું લશ્કરી ખર્ચ આ વખતે ૧,૫૪૦૦૦૦૦૦૦ પાઉન્ડ આવ્યું. આ ઉપરાંત

હિન્દની પ્રજાએ જ ૧૦૦૦૦૦૦૦૦૦ પાઉન્ડ બ્રિટનને મદદ તરીકે આપ્યા. આવી માણસો અને પૈસાની સંગીન મદદ કર્યા પછી હિન્દને એમ હતું કે હિન્દને જરૂર જવાબદાર રાજતંત્ર મળશે. આ વખતે રાષ્ટ્રીય જાગૃતિ અને હોમરૂલ ચળવળને અંગે સ્વદેશભાવના પણ ખૂબ જાગૃત થવા પામી. ૧૯૧૭માં એક નિવેદન બહાર પાડવામાં આવ્યું કે, હિન્દ સામ્રાજ્યનો સંપૂર્ણ સર્વાંગ ભાગ થાય તે હેતુથી તેને જવાબદાર રાજતંત્ર આપવાનું સરકારે નક્કી કર્યું છે, અને તેને માટે બનતી ત્વરાથી પગલાં લેવામાં આવશે. આ પછી ૧૯૧૮માં મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ રીપોર્ટ બહાર પડ્યો, એ જ ૧૯૧૯માં તે મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાના નામથી કાયદા તરીકે પસાર કરવામાં આવ્યો. આ સુધારાના પરિણામે હિન્દ ઉપરની બ્રિટિશ સત્તાનો પંજો જરા ઢીલો કરવામાં આવ્યો. આ સુધારાને અંગે નીચે પ્રમાણે ફેરફારો કરવામાં આવેલ છે.

(૧) હિન્દી વજીરનો પગાર બ્રિટિશ તિજોરીમાંથી આપવાનું નક્કી થયું, તેમજ ઇન્ડિયા કાઉન્સિલમાં બેને બદલે ત્રણ હિન્દી સભ્યો દાખલ કરવામાં આવ્યા.

(૨) હાઈ કમિશ્નરનો નવો હોદ્દો કાઢવામાં આવ્યો જેનું કામ ઇંગ્લેંડમાં રહી હિન્દી સરકારવતી માલ ખરીદવાનું અને ઇંગ્લેન્ડમાં ભણતા વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખવાનું હતું.

(૩) મધ્યસ્થ ધારાસભા જે એક હતી તેના બે વિભાગો કરવામાં આવ્યા, જેમાં એક રાજસભા (Council of State) અને બીજી નીચેની ધારાસભા એટલે (Legislative Assembly) કહેવામાં આવી. રાજસભાના સભ્યોની સંખ્યા ૬૦ની રાખવામાં આવી, જેમાં ૩૪ ચુંટાએલ, ૨૭ નિમાયેલા (જેમાં ૨૦ વધુમાં વધુ સરકારી સભ્યો રહે) તેવું પ્રમાણ રાખવામાં આવ્યું. આમાં પણ જુદાં જુદાં મંડળો તથા કોમોને જુદું જુદું પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. નીચેની ધારાસભામાં ૧૪૩ સભ્યો રાખવામાં આવ્યા, જેમાં ૧૦૩ ચુંટાએલા અને ૪૦ નિમાયેલા, અને નિમાયેલામાંનાં ૨૬ વધુમાં વધુ સરકારી નોકરો હોવા જોઇએ તેમ નક્કી કરવામાં આવ્યું. રાજસભાના પ્રમુખ સરકાર તરફથી નિમાએલા હોય છે જ્યારે નીચેની ધારાસભામાં પ્રમુખ ચુંટાએલ રાખવામાં આવ્યા.

(૪) મધ્યસ્થ કારોબારીમાં ગવર્નર જનરલ તથા કમાન્ડર-ઇન-ચીફ ઉપરાંત ૭ સભ્યો મળી કુલ આઠની સંખ્યા રાખવામાં આવી, અને આ ૭

સભ્યોની નીમણુક શહેનશાહ કરે તેમ ઠરાવવામાં આવ્યું. આ ૭ સભ્યોમાંથી ત્રણ હિન્દીઓની નીમણુક કરવામાં આવી. પરદેશખાતું, લશ્કરીખાતું, નાણાખાતું, કાયદો તથા વ્યવસ્થાખાતું, કેળવણી તથા સ્થાનિક સ્વરાજ્યખાતું, વ્યાપાર ઉદ્યોગ રેલ્વે વગેરેને લગતું ખાતું, ખેતીવાડી, મહેસૂલ તથા જાહેર બાંધકામ ખાતાંઓ વગેરે જુદા જુદા સભાસદોને સોંપવામાં આવ્યાં. કારોબારીની કાર્ય પદ્ધતિમાં ગવર્નર જનરલને બહુમતિ પ્રમાણે ચાલવા અને હિન્દનું હિત, શાન્તી તથા સલામતી જાળવવાની સંપૂર્ણ સત્તાઓ આપવામાં આવી.

(૫) પ્રાન્તિક ધારાસભામાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા, અને દરેક પ્રાન્તવાર ધારાસભાઓ આપવામાં આવી, અને તેમાં ૭૦ જેટલા ચુંટાએલા સભ્યો દાખલ કરવાનું ધોરણ પસાર કરવામાં આવ્યું.

(૬) દરેક પ્રાન્તની કારોબારીમાં દ્વિરાજ્ય (Diarchy) પદ્ધતિ દાખલ કરવામાં આવી. પ્રાન્તોનો કારોબારી વહીવટ ચલાવવા માટે બે વિભાગો કરવામાં આવ્યા, જેમાંના પ્રથમ વિભાગમાં ગવર્નર અને તેની કારોબારી એટલે ગવર્નર તથા સરકારી સભાસદો, અને બીજામાં ગવર્નર અને ધારાસભાના સભ્યોમાંથી સભ્યોએ જ ચુંટી કાઢેલા પ્રધાનો સહિત કારોબાર ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું. સામાન્ય રીતે મોટા પ્રાન્તોમાં ચાર સરકારી સભ્યો અને ત્રણ પ્રધાનો અને નાના પ્રાન્તોમાં બે અગર ત્રણ સભ્યો અને બે પ્રધાનો રાખવામાં આવ્યા. અમુક ખાતાંઓ અનામત રાખવામાં આવ્યાં જેમાં જમીન મહેસૂલ, ન્યાય, પોલીસ, જેલ, કેળવણી અને યુરોપીઅનોના શિક્ષણનો સમાવેશ થાય છે. આ ખાતાઓમાં વહીવટ માટે સભાસદોને ગવર્નરદ્વારા પાર્લામેન્ટને જવાબદાર રાખવામાં આવ્યા. જે ખાતાંઓ લોકનિયુક્ત પ્રધાનોને સોંપવામાં આવ્યાં તેમાં સ્થાનિકસ્વરાજ્ય, કેળવણી, આરોગ્ય, જાહેર બાંધકામ, ખેતીવાડી વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રધાનોનો પગાર પણ કારોબારીના સભાસદો જેટલો જ રાખવામાં આવ્યો, અને આ પ્રધાનો ધારાસભાને જવાબદાર હોવાથી ધારાસભાની મરજી પ્રમાણે તેઓએ વર્તવું તેમ નક્કી કરવામાં આવ્યું. જે ખાતાંઓ પ્રજાકીય પ્રધાનો ચલાવતા તે transferred subject કહેવાતા, જ્યારે સરકારી પ્રધાનોનાં ખાતાંઓ Reserved subject કહેવાતાં.

આ બન્ને ખાતાંઓના સરકારી પ્રધાનો અને પ્રજાના પ્રધાનોના પ્રશ્નો અલગ અલગ ચાલે, પણ જ્યારે કોઇપણ પ્રશ્નની આવશ્યકતા બન્ને ખાતાંઓને

સાથે જણાતી ત્યારે બન્નેની સભા સાથે મળે એમ ઠરાવવામાં આવ્યું. પ્રાન્તિક મહેસૂલમાંથી પ્રથમ હિન્દી સરકારનો ફાળો બાદ કર્યા પછી સરકારી પ્રધાનોના ખાતાંઓ બાદ જતાં જે વધે તેમાંથી પ્રજાના પ્રધાનોએ ચલાવવું તેમ નક્કી થયું. પણ આનું પરિણામ એ આવ્યું કે, પ્રજાના પ્રધાનોને પોતાના ખાતાંઓ ચલાવવા વધારાના કર નાખવાની ફરજ પડતી અને જેને પરિણામે પ્રજામાં જ પ્રજાકીય પ્રધાનો ખૂબ અપ્રિય થઈ પડયા.

(૭) આ સુધારાઓથી દેશી રાજ્યોનું એક મંડળ ઉભું કરવામાં આવ્યું જેને નરેન્દ્રમંડળ કહેવામાં આવે છે. અગ્યાર અને તેથી વધારે તોપોનું માન ધરાવતા રાજ્યોને આમાં પ્રતિનિધિત્વ અપાયું.

આ સુધારાઓથી મધ્યસ્થ કારોબારીના સભ્યોની લાયકાતના ધારાઓ સહેજ ઢીલા કરવામાં આવ્યા, સીધી ચુંટણીનો સિદ્ધાંત દાખલ કરવામાં આવ્યો, અને ધારાસભામાં ચુંટાયેલા સભ્યોની બહુમતિ દાખલ કરવામાં આવી, પ્રાન્તોમાં દ્વિરાજ્ય શાસન પદ્ધતિ દાખલ કરવામાં આવી, અને કાયદા ઘડવાની તથા નાણા પ્રકરણી તથા થોડી ઘણી વહીવટી સત્તા પણ આપવામાં આવી. નવ પ્રાન્તોને ગવર્નરના પ્રાન્તો બનાવવામાં આવ્યા, અને હાઈકોર્ટની સ્થાપના થઈ. લેજી-સ્લેટીવ કાઉન્સીલના હક્કો વધારવામાં આવ્યા, અને હિંદી રાજતંત્રમાં હિંદીઓને ઉમેરવામાં આવ્યા. આ સિવાય પણ બીજા પરચુરણ સુધારાઓ દાખલ કરવામાં આવ્યા. પરંતુ આથી કરીને પ્રજામાં કાંઈ અસંતોષ ઓછો થયો નહિ. આ સમયે રોલેટ કાયદો પસાર થયો અને તેની સામે તીવ્ર અસંતોષની લાગણી જાગી. ૧૯૨૦માં પંજાબમાં ડાયરે જલીયનવાલા હત્યાકાંડ કર્યો. હિંદમાં ફરી-વાર રાષ્ટ્રીય ભાવનાનો જુવાળ ફાટી નીકળ્યો. મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ અહિંસાત્મક અસહકારની લડત પૂર જોશમાં ચાલુ થઈ. ૧૯૧૯ના સુધા-રાઓનો પણ બહિષ્કાર થયો. સ્વરાજ પક્ષવાળાઓએ કાઉન્સિલોમાં દાખલ થઇ દ્વિરાજ્ય શાસન પદ્ધતિનું તંત્ર બંગાલ તથા મધ્ય પ્રાન્તમાં તોડી પાડયું અને તે બીજે ચલાવવામાં ઘણી જ મુશ્કેલીઓ ઉભી કરી. સ્વરાજ્ય પક્ષ તરફથી પાંચ વર્ષ સુધી સહકાર નિષ્ફળ નિવડતાં પાછો અસહકાર ચાલુ થયો. ૧૯૨૪માં સ્વ. પંડિત મોતીલાલ નહેરૂએ સ્વરાજ્યની માગણી કરતો ખરડો રજુ કર્યો. પણ સરકારે આ ખરડો નામંજુર કર્યો. થોડા વખત પછી સર મુડીમાનના પ્રમુખપણા હેઠળ સુધારણા તપાસસમિતિની સરકાર તરફથી ૧૯૨૫ માં નિમણૂક કરવામાં આવી. આ સમિતિના રિપોર્ટમાં હિંદને વધુ જવાબદાર તંત્ર આપવું તેમ કહેવામાં આવ્યું, પણ આ દિશામાં કાંઈ

કાર્યસાધક પગલાં લેવાતાં ન જોવાયાં, એટલે અસંતોષ ચાલુ રહ્યો અને તેમાં વધારો થવા પામ્યો. છેવટે ૧૯૨૭ માં સ્ટેચ્યુટરી કમિશનની નિમણુક કરવામાં આવી અને તેમાં પાર્લામેન્ટના સાત સભ્યોની વરણી થઈ, અને સર જ્હોન સાઇમન તેના અધ્યક્ષ બન્યા. આ કમિશનનું નામ સાઇમન કમિશન કહેવાય છે. આ કમિશનનો હિંદભરમાં સખ્ત બહિષ્કાર કરવામાં આવ્યો. આ કમિશનના રિપોર્ટમાં પ્રાન્તોમાં ચાલતી દ્વિરાજ્ય પદ્ધતિનું શાસન બંધ કરવા, પ્રાન્તિક સ્વરાજ્ય દાખલ કરવા તથા પ્રાન્તિક ધારાસભાની નાણા પ્રકારણી સત્તા તથા મતાધિકાર વધારવાની ભલામણો કરવામાં આવી. આ રિપોર્ટ સામે પણ ઘણો જ અસંતોષ પેદા થયો. આ પછી ૧૯૨૮ માં સર્વપક્ષ પરિષદ રચવામાં આવી, તેમાં પણ સંપૂર્ણ પ્રાન્તિક સ્વરાજ્ય અને મધ્યસ્થ જવાબદાર તંત્રની માગણી કરવામાં આવી હતી. આ પરિષદનો રિપોર્ટ પં. મોતીલાલ નેહરૂએ ઘડયો હતો એટલે એ નહેરૂ રિપોર્ટ કહેવાય છે. ૧૯૨૮ માં કલકત્તામાં ભરાએલ મહાસભાએ આ નહેરૂ રિપોર્ટ માન્ય રાખ્યો અને સાથે પ્રતિવાદ કર્યો કે, આ રિપોર્ટની ભલામણો નહિ સ્વીકારવામાં આવે તો સવિનય કાનુન ભંગની લડત શરૂ કરવામાં આવશે. ૧૯૨૯ માં લૉર્ડ ઇરવીન જેઓ આ વખતે હિંદના ગવર્નર જનરલ હતા તેમણે હિંદનું ભાવિ બંધારણ પર ભલામણો કરવા લંડનમાં ગોળમેજી પરિષદ ભરવાની જાહેરાત કરી. મહાસભાને પણ આ પરિષદમાં હાજર થવા આમંત્રણ મળ્યું હતું પણ તે અમુક કારણોવશાત્ પડી ભાંગ્યું. હિંદમાંથી મજુર, વિનીત, વફાદારો, કોમીવાદીઓ તથા અમુક રાજાઓ અને તેના દીવાનોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. ૧૯૩૦ ના નવેમ્બરની ૧૨ મી તારીખે પ્રથમ ગોળમેજી પરિષદ લન્ડનમાં ભરાઈ અને ભાષણો કરીને ખતમ થઈ. પરંતુ આ દરમ્યાન મહાત્મા ગાંધીજીની પ્રસિદ્ધ દાંડી કુચથી સવિનય કાનુન ભંગની શરૂઆત થઈ, અને તેની અસર સારાયે હિંદમાં પ્રસરી ચુકી. છેવટે ૧૯૩૧ માં ઇરવીન-ગાંધી કરારનામું થતાં લડત બંધ કરવામાં આવી. મહાસભાની હાજરી પ્રથમ પરિષદમાં ન હતી અને સરકાર સાથે સમાધાન થઈ ગયેલ હોવાથી મહાસભાના પ્રતિનિધિ તરીકે મહાત્મા ગાંધીજીએ બીજી ગોળમેજી પરિષદમાં હાજરી આપી. પરંતુ કોમી મતાધિકાર માટે કાંઈ પણ નક્કી ન થતાં આ પરિષદ બરખાસ્ત થઈ. ૧૯૩૨ માં ઈગ્લેન્ડના મુખ્ય પ્રધાને કોમી એવાર્ડ બહાર પાડયું.

પણ આ કોમી જાહેરાત સામે મહાત્મા ગાંધીજીએ આમરણાંન્ત ઉપવાસો આદર્યા અને પુના કરાર થતાં તેમાં થોડા ઘણા સુધારાઓ પણ કરવામાં આવ્યા.

બીજી ગોળમેજીમાંથી આવ્યા પછી ગાંધીજીએ ફરીથી સવિનય કાનુન ભંગની લડત શરૂ કરી અને ત્રીજી ગોળમેજીમાં મહાસભા તરફથી કોઈ હાજર રહ્યું નહિ. રાઉન્ડટેબલ કોન્ફરન્સમાં ચર્ચા થયેલ મુખ્ય મુત્સદ્દાઓ જેમાં દાખલ કરવામાં આવેલ છે તે રીપોર્ટને વ્હાઈટ પેપર એટલે શ્વેતપત્ર કહેવામાં આવે છે. શ્વેતપત્ર બહાર પડયા પછી પાર્લામેન્ટે હિંદનું નવું બંધારણ ઘડવા માટે સંયુક્ત બંધારણીય સમિતિ (Joint Parliamentary Committee) ની નિમણૂક કરી. આ સમિતિના પ્રમુખ હાલના ગવર્નર જનરલ લૉર્ડ લીનલીથગો હતા. આ સમિતિએ બ્રિટિશહિંદ અને દેશીરાજ્યોના કેટલાક અગ્રેસરોને બોલાવી બધાની જુબાની લીધી, અને દરેક સાક્ષીની ઉલટ તપાસ તથા ચર્ચા કરવા માટે પણ હક્કો આપવામાં આવ્યા. આ કમીટીએ શ્વેતપત્રના મુત્સદ્દાઓ તથા સાઈમન રીપોર્ટ ઉપરથી હાલના બંધારણનું ઘડતર ઘડયું. આ બંધારણના ઘડતરમાં હાલની હિંદની ફેડરલ કોર્ટના વડા ન્યાયમૂર્તિ સર મોરીસ ગ્વાયરની સબળ સહાય હતી. હિંદમાં આ બંધારણની સર્વ પક્ષો તરફથી ટીકા થઈ. પરંતુ આ બધી ટીકાઓ સામે ૧૯૩૫ના કાયદા તરીકે આ બંધારણ બ્રિટિશ પાર્લામેન્ટે પસાર કર્યું. આ નવું બંધારણ તે હિંદનું ફેડરલ રાજ્ય બંધારણ છે.

આ નવા બંધારણથી થયેલ સુધારા વધારા નીચે પ્રમાણે છે.

(૧) પ્રાન્તિક સ્વરાજ પ્રાન્તોને આપવામાં આવેલ છે.

(૨) મધ્યસ્થ તંત્રમાં દ્વિરાજ્ય શાસનપદ્ધતિ દાખલ કરી થોડી જવાબદારીઓ આપવામાં આવેલ છે.

(૩) મતાધિકાર વધારવામાં આવેલ છે.

(૪) ધારાસભાઓની સત્તાઓ વિશાળ કરવામાં આવેલ છે.

(૫) ફેડરલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે.

(૬) રીઝર્વ બેન્ક તથા રેલ્વે ઓથોરિટીની સ્થાપના થયેલ છે.

(૭) ઈન્ડિયા કાઉન્સિલ રદ કરવામાં આવેલ છે.

(૮) દેશી રાજ્યોને બ્રિટિશ હિંદની સમવાયી ધારાસભામાં બેઠકો આપવામાં આવેલ છે.

પ્રકરણ ૩ જું.

અખીલ હિન્દ સમવાયતંત્ર

સમવાયતંત્ર

ઈ. સ. ૧૯૩૫ના કાયદાથી હિંદને સમવાયતંત્રનું બંધારણ એનાયત કરવામાં આવેલછે. આ બંધારણમાં અગાઉના બંધારણ કરતાં જે ફેરફારો કરવામાં આવેલ છે, તેમાં પ્રાન્તીય સ્વરાજ્ય અને સંયોજિત રાજતંત્ર અગર સમવાયતંત્ર (Federation) એ મુખ્ય છે. હિંદી સમવાયતંત્ર સિવાય દુનીયાના બીજા ભાગોમાં ઘણા વર્ષોથી આ જાતના તંત્રની પદ્ધતિ જોવામાં આવે છે, પણ હિંદ સિવાયના દેશોમાં જોવામાં આવતું સમવાયતંત્ર જરા જુદા પ્રકારનું છે. અતિહાસિક રીતે દૃષ્ટિપાત કરતાં માલુમ પડે છે કે, સમવાયી રાજતંત્રોમાં સ્વાધીન સત્તા-વાળા સ્વતંત્ર રાજ્યો એક જ પ્રકારના સામાજીક અગર રાજકીય હેતુથી સંયોજીત બની એક જાતના સમૂહતંત્રની સ્થાપના કરે છે તેને સમવાયતંત્ર (Federation) કહેવામાં આવે છે. આ તંત્રમાં જોડાતું દરેક સંસ્થાન સર્વ સામાન્ય ઉદ્દેશ પાર પાડવા માટે એક બીજા સત્તાની વહેંચણી કરે છે અને સમગ્ર સંચાલન માટે સમસ્ત રાજ્યને લગતી સત્તાઓ મધ્યવર્તી તંત્રને સોંપવામાં આવે છે. સમવાયતંત્રની મુખ્ય લાક્ષણિકતા એ છે કે જેમાં બધા સંસ્થાનો સર્વ સામાન્ય ઇચ્છા અને હેતુ પાર પાડવા રાજકીય અને આર્થિક દૃષ્ટિએ સમાનતા સ્થાપી, સમવાયી સત્તા એક સમગ્ર સત્તા તરીકે જુદા જુદા સંસ્થાનોમાં વહેંચાઈ જાય છે, અને જુદા જુદા સ્વતંત્ર વિભાગોનું રાજકીય ઐકય સ્થપાય છે. દાખલા તરીકે, યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરીકામાં સમવાયતંત્ર છે, જેમાં જુદાં જુદાં ૪૯ રાજ્યો છે. આ ૪૯ રાજ્યો પોતાનો આંતરિક વહીવટ તદ્દન સ્વતંત્ર રીતે ચલાવે છે, અને સમસ્ત સંચાલન માટે આ રાજ્યોમાંથી ચૂંટાઈ આવેલા પ્રતિનિધિઓની બનેલ એક કોંગ્રેસ હોય છે તેની પાસે બધી સત્તા રહે છે. આ કોંગ્રેસમાં એક પ્રમુખ ચૂંટાય છે, તે પોતાનું કાર્યવાહી મંડળ ચૂંટે છે. આજે સ્વતંત્રતા ભોગવવી તે કાંઈ સ્હેલું નથી પડયું. ઓસ્ટ્રીયાની સ્વતંત્રતાનો શું ફેંજ થયો તે તો થોડા સમય પહેલાંની વાત છે. સંયોજિત રીતે બધાં રાજ્યો એકત્રિત બની રાજ્ય કરે તેમાં સંઘબળ અને સંગઠ્ઠન ખૂબ જ આવે છે. આજે અમેરિકા સિવાય કેનેડા, ઓસ્ટ્રેલીયા, રશિયા, ન્યુઝીલેન્ડ

બધા દેશોમાં સમવાયતંત્રની રાજ્યપદ્ધતિ જોવામાં આવે છે. આ બધ દેશોમાં જે રાજ્યો સમવાયતંત્રના ઘટકો બન્યાં તે પહેલેથી જ સ્વતંત્ર રાજ્યો હતાં અને સમવાયતંત્રમાં ભળવા માટે પોતે જ શરતો નક્કી કરી હતી

હિંદમાં જે સમવાયતંત્રની પદ્ધતિ દાખલ કરવામાં આવેલ છે તેની યોજના, રીત, અને પરિસ્થિતિ ઉપર જણાવ્યા કરતાં વિપરિત અને નિરાળ છે. હિંદમાં દાખલ કરવામાં આવતા સમવાયતંત્રની યોજનામાં જે પ્રાન્તોનુ જોડાણ થાય છે તે પ્રાન્તો પ્રથમ તો સ્વતંત્ર નથી, તેમ જ પોતાની સ્વતંત્ર ઇચ્છાથી શરતો નક્કી કરી આ સમવાયતંત્રમાં જોડાતા નથી. હિંદમાં આવત ફેડરેશનની યોજના બ્રિટિશ પાર્લામેન્ટે નક્કી કરી હિંદ ઉપર તેની ઇચ્છા કે વગર ઇચ્છાએ તેના પર બંધબેસતી કરવામાં આવે છે. એટલે હિંદમ આવતું સમવાયતંત્ર એ સમવાયતંત્રની યથાર્થ વ્યાખ્યામાં બરોબર બેસતું નથી. જો કે હિંદુસ્તાનની ભૌગોલિક વિશાલતા, અનેક જાતના ધર્મો, અનેક જાતની કોમો, જુદી જુદી ભાષાઓ અને પ્રભાષાઓ તે ઉપરાંત અનેક પ્રકારના સામાજિક, રાજકીય, અને આર્થિક મતભેદોનું અસ્તિત્વ જોતાં હિંદ માટે કોઈ પણ યોગ્ય રાજ્ય પદ્ધતિ હોય તો તે સમવાયતંત્ર જ છે.

૧૯૨૦ ના સુધારા પ્રમાણેનું હિંદી રાજતંત્ર

હિંદને આપવામાં આવેલ સમવાયતંત્રથી શા ફેરફાર થયા છે અગર થવાના છે તે જાણવા માટે ૧૯૨૧ થી ૧૯૩૭ સુધીનું હિંદી રાજતંત્ર જાણવાની જરૂર છે. ૧૯૧૯ ના કાયદામાં હિંદની ફોજદારી અને દીવાની બાબતો ઉપર ગવર્નર જનરલ અને તેની કારોબારી સંપૂર્ણ સત્તા ભોગવતા. ગવર્નરની કારોબારીના સભ્યો પાંચ વર્ષ માટે નિમાતા અને કમાન્ડર–ઈન–ચીફ આ કારોબારીના સભ્ય હતા, અને તેનું સ્થાન ગવર્નર જનરલ પછી બીજું જ હતું. ગવર્નર જનરલ અને કમાન્ડર–ઈન–ચીફ ઉપરાંત બીજા ૬ સભ્યો હતા; તેમાંના ત્રણ હિંદીઓ રહેતા અને તેઓની ચુંટણી બહુધા સીવીલ સર્વીસમાંથી થતી. ગવર્નર જનરલની આ કારોબારી સભા હિંદી ધારામંડળને નહિ પણ હિંદી વજીર અને બ્રિટિશ પાર્લામેન્ટને જવાબદાર રહેતી. ગવર્નર જનરલ આ કારોબારીની અધ્યક્ષ હતા અને આ કારોબારી સભાનું કામ બહુમતિના ધોરણે ચાલતું. પણ જ્યારે ગવર્નર જનરલને હિંદની શાંતિ, વ્યવસ્થા અને હિંદમાંનાં બ્રિટિશ હીતોને કાંઈ હરકત આવે તેવું લાગે ત્યારે તે આ સભાના ઠરાવની અવગણના કરી પોતાની મરજી મુજબ વર્તી શકે તેવા હક્કો હતા. આમ ગવર્નર જનરલ પાસે સઘળી સર્વોપરી સત્તાઓ

રહેતી, અને તેની કારોબારીના સભાસદોની સત્તા જોતાં તેઓ માત્ર સલાહકારો જેવા જ લાગતા; કારણ કે ગવર્નર જનરલને કારોબારી સત્તા ઉપરાંત ઓર્ડીનાન્સો તથા ગવર્નર જનરલ એકટ કાઢવાની કાયદાની સત્તા પણ ઘણી હતી. ઉપરાંત કોઈ પણ કાયદાનો ખરડો તે નામંજુર કરી શકે. તેના નાણાકીય હક્કો જોતાં ગવર્નર જનરલ પાસે અમાપ સત્તાઓ કેન્દ્રિત રહેતી, અને મધ્યસ્થ ધારાસભાઓ ગવર્નર જનરલની નીતિ ઉપર માત્ર ચર્ચાઓ કરીને નહિ જેવી અસર કરી શકતી.

મધ્યસ્થ ધારાસભાઓ

મધ્યસ્થ ધારાસભાનું બંધારણ તથા સત્તાઓ જોતાં તે પણ નિર્બળ સંસ્થાઓ જણાય છે. ઉપરની ધારાસભા (Council of State)માં ૬૦ સભ્યો હતા, જેમાં ૩૪ ચુંટાએલા અને ૨૬ નિમાએલા હતા. નીચેની ધારાસભા જેમાં ૧૪૫ સભ્યો હતા તેમાં ૧૦૫ ચુંટાએલા, અને ૨૬ અધિકારીઓ, અને ૧૪ નિમાએલા જે અધિકારીઓ ન હોય તેવા હતા. ઉપરની ધારાસભાનું આયુષ્ય પાંચ વર્ષનું હતું જ્યારે નીચેની ધારાસભા માત્ર ત્રણ વર્ષ જીવી શકે. આ નીચેની ધારાસભાના અખત્યારો ઘણા જ સંકુચિત હતા, ચર્ચા કરવા સિવાય ખાસ અધિકારો ન હતા. બજેટ પર ચર્ચા ચલાવી શકાય, પણ કારોબારી ઉપર કાંઈ પણ સત્તા ન હતી. આ સભાઓ માટે ટીકા કરતાં એક મુત્સદ્દીએ કહ્યું હતું કે, આ સભાઓ માત્ર કારોબારીના પુંછડાં સમાન ચર્ચા સભાઓ છે. આ ધારાસભાની કારોબારી ઉપરની ટીકાઓ ઘણી જ રસાકસી ભરેલી રહેતી અને સરકારી અંદાજપત્રો નીચેની ધારાસભાએ ઘણી વાર નામંજુર કરેલ છે. આમ કારોબારી અને ધારાસભાઓ વચ્ચે કાયમી વૈમનસ્ય દાખલ થયું, અને મધ્યસ્થ તંત્રની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચવા લાગ્યો. માટે આ નવા બંધારણમાં આ બાબતો પર પૂર્ણ લક્ષ આપી મધ્યસ્થ તંત્ર ખૂબ મજબુત બનાવવામાં આવેલ છે.

પ્રાન્તિક તંત્ર

મોન્ટફોર્ડ સુધારાથી પ્રાન્તીય રાજતંત્રમાં દ્વિરાજ્ય સત્તા દાખલ કરવામાં આવેલ હતી. આઠ નવા ગવર્નરના પ્રાન્તો બનાવવામાં આવ્યા, તે સિવાય જેના ઉપર મધ્યસ્થ તંત્રની સર્વોપરી સત્તા રહેતી તેવા કેટલાક મુલક ચીફ કમીશ્નર નીચે મુકવામાં આવ્યા. ગવર્નરના પ્રાન્તોમાં ગવર્નરની કારોબારી સત્તાના વિભાગો પાડવામાં આવ્યા. ગવર્નરની કારોબારીમાંથી કેટલાંક ખાતાંઓ પ્રજા નિયુક્ત પ્રધાનોને સોંપવામાં આવ્યાં જેને અંગ્રેજીમાં Transferred

subjects કહેવામાં આવે છે, અને બીજાં ગવર્નર તથા સરકારી પ્રધાનો પાસે રાખવામાં આવ્યાં. આ ખાતાંઓ Reserved subjects તરીકે ઓળખાતાં. પ્રજાનિયુક્ત પ્રધાનો ધારાસભાના સભ્યોમાંથી ચુંટાતા અને તેમને સોંપવામાં આવેલ ખાતાંઓ માટે આ પ્રધાનો ધારાસભાને જવાબદાર રહેતા, અને ધારાસભાનો વિશ્વાસ ખોતાં તેમને રાજીનામાં આપવાં પડતાં. વહીવટી ખાતા માટે કેટલાક વિષયો મધ્યસ્થ હતા. અને કેટલાક પ્રાન્તીક ગણાતા. જે ખાતાઓમાં અગર વિષયોમાં મધ્યસ્થ સરકારનું હિત વધુ સમાયેલું તે મધ્યસ્થ ગણાતા, અને જેમાં પ્રાન્તોનું હિત વધુ સમાયેલું તે પ્રાન્તીક ગણાતા. પ્રાન્તીક વિષયોમાં અમુક સરકારી પ્રધાનો અને અમુક પ્રજાકીય પ્રધાનો જ વહેંચવામાં આવતા. કાયદો. વ્યવસ્થા, ન્યાય, પોલીસ, જેલ, મહેસુલ વગેરે ખાતાંઓ સરકારી પ્રધાનો પાસે રાખવામાં આવ્યાં હતાં. જ્યારે પ્રજાકીય પ્રધાનોને સોંપવામાં આવેલ ખાતાંઓમાં ખેતીવાડી, ઉદ્યોગ, સ્થાનિક સ્વરાજ, કેળવણી વગેરે હતા.

દરેક નવ પ્રાન્તોમાં એક ધારાસભા સ્થાપવામાં આવી હતી જેમાંના લગભગ ૭૦% જેટલા સભ્યો ચુંટાએલ હતા અને ૨૦% સરકારી અમલદારો અને બાકીના બીન અમલદારી નીમાએલા સભ્યો હતો. આ ૧૯૧૯ સુધારાઓમાં પ્રાન્તીય ધારાસભાઓને થોડી ઘણી વહીવટી સત્તાઓ આપવામાં આવેલ છે અને તે માત્ર પ્રજાકીય પ્રધાનો ઉપર તેમને સોંપાએલ ખાતાઓના વહીવટ પુરતી જ. પણ અનામત રાખેલ સરકારી ખાતાઓ (Reserved subject) ઉપર તો તેમની જરા પણ સત્તા ન હતી. આમ હિંદી સરકારની સત્તાનો કડપ આ સુધારાઓથી લેશ માત્ર ઓછો થયો હતો તેમ માનવાનું કારણ નથી. ૧૯૧૯ ના સુધારાથી (૧) હિંદમાં દ્વિરાજ્ય પદ્ધતિનો અમલ ચાલુ થયો, (૨) કોમી પ્રતિનિધિત્વનું પ્રમાણ વધારવામાં આવ્યું, (૩) દેશી રાજ્યોનું મંડળ સ્થાપવામાં આવ્યું.

૧૯૩૭ સુધી પ્રાન્તો મધ્યસ્થ તંત્ર સત્તાની હેઠળ હતા. ૧૯૧૯ ના કાયદા હેઠળ હિંદી વજીરને હિંદના રાજતંત્ર ઉપર સંપૂર્ણ દેખરેખ રાખવાની સત્તા હતી. ગવર્નર-જનરલ અને તેની સભાને હિંદી વજીરના હુકમો શિરોમાન્ય રાખવા પડતા અને પ્રાન્તો ઉપર પણ હિંદી વજીરની સત્તા સંપૂર્ણ હતી. પ્રજાને સોંપાએલા ખાતાઓ સિવાય પ્રાન્તોનાં દરેક ખાતાંઓ ગવર્નર જનરલની સત્તા તથા દેખરેખ હેઠળ હતાં. આમ હિંદનું રાજતંત્ર એ એક તન્ત્રાધીન રાજ્યબંધારણ હતું. આ રાજ્યબંધારણની પદ્ધતિમાં સમવાયતંત્ર દાખલ કરવામાં આવેલ છે એ ૧૯૩૫ ના કાયદાની નવિનતા છે. આ ઉપરાંત

મધ્યસ્થ તંત્રમાં સલામતીઓવાળી જવાબદારી દાખલ કરવામાં આવેલ છે અને પ્રાન્તોને ઘણી જ છૂટછાટો આપી લગભગ સ્વતંત્ર કરવામાં આવેલ છે. આમ પ્રાન્તિક સ્વરાજ, અખીલ હિંદ સમવાયતંત્ર જેમાં દેશી રાજ્યો અને બ્રિટિશ પ્રાન્તોનું જોડાણ કરવામાં આવેલ છે તે અને સલામતીઓ-વાળી જવાબદારી એ આ નવા કાયદાનાં ખાસ તત્વો છે.

પ્રાન્તિક સ્વરાજ્ય

નવા બંધારણમાં ૧૯૧૯ ના સુધારામાં દાખલ કરવામાં આવેલ દ્વિરાજ્ય પદ્ધતિને કાઢી નાખવામાં આવેલ છે, અને પ્રાન્તિક જવાબદારી વાળું તેમ પ્રજાતંત્રવાદના ધોરણે ચાલતું પાર્લામેન્ટરી તંત્ર પ્રાન્તોને સોંપવામાં આવેલ છે. દરેક પ્રાન્તની કારોબારી અને ધારાસભાને સ્વતંત્ર અસ્તિત્વ આપવામાં આવેલ છે, અને મધ્યસ્થ સરકારની સીધી દેખરેખ હેઠળથી દૂર કરવામાં આવેલ છે. અત્યાર સુધી કોઈ પણ વખત ન ધારણ કરેલ આ શિરસ્તો છે. ૧૯૧૯ ના સુધારાઓથી પ્રાન્તીય વિષયોમાં થોડી ઘણી જવાબદારી દાખલ કરવામાં આવી હતી; પણ ૧૯૩૫ ના કાયદાથી મધ્યસ્થ સરકારની ડખલગીરી તદ્દન ઓછી થવા પામી છે. પ્રાન્તિક સ્વરાજ દાખલ કરવા માટે મોન્ટફોર્ડ રીપોર્ટમાં વધુ અને વધુ જવાબદાર તંત્ર દાખલ કરવાનું વચન આપેલ છે. તે ઉપરાંત દરેક પ્રાન્તોને પોતાનો સ્વયંવિકાસ કરવાની તક આપવાની આર્થિક, ભૌગોલિક અને રાજકીય દૃષ્ટિએ જરૂર હતી. દરેક પ્રાન્ત, વસ્તી અને ક્ષેત્રફળ જોતાં, યુરોપના કોઈ પણ સંસ્થાન જેટલો મોટો છે; તેથી દરેક પ્રાન્તની વ્યક્તિગત જરૂરિયાત પુરી પડી શકે તેટલા માટે તેમ જ પ્રાન્તના માણસોને પોતાના જ પ્રદેશમાં રાજ્ય કરતાં આવડે તે હેતુથી પ્રાન્તિક સ્વરાજ દાખલ કરવામાં આવેલ છે. પ્રાન્તિક સ્વરાજમાં હિન્દીઓને જ પોતાને પોતાનું રાજતંત્ર ચલાવવાનું રહે છે; અને હાલ જે અગ્યાર પ્રાન્તોમાં રાજતંત્ર ચાલી રહેલ છે તે જોતાં હિંદીઓને પણ સારી રીતે રાજ્ય ચલાવતાં આવડે છે તેમ બ્રિટિશ તંત્રના અધિકારીઓને પણ સ્વમુખે કબુલ કરવું પડયું છે.

પ્રાન્તિક તંત્ર

પ્રાન્તોમાં ગવર્નર, તેનું કારોબારી પ્રધાન મંડળ અને ધારાસભા: એમ ત્રણ મુખ્ય સંસ્થાઓ છે. કેટલાક પ્રાન્તોમાં એક ધારાસભા છે, જ્યારે કેટલાકમાં બે ધારાસભાઓ રાખવામાં આવેલ છે. પ્રાન્તોને આપવામાં આવેલ સ્વાતંત્ર્ય જોશું તો તે એટલી બધી સલામતીઓ અને સાવચેતીઓથી

ભરપુર છે કે ખરા સમવાયતંત્રમાં જોડાયેલાં સંસ્થાનો જેટલી જાતનું સ્વાતંત્ર્ય ભોગવે છે તેના પ્રમાણમાં પ્રાન્તોને હજુ કશું મળ્યું નથી તેમ કહીએ તો અસ્થાને ન ગણાય. ગવર્નરનું કારોબારી મંડળ તથા વડા પ્રધાન ધારાસભાની બહુમતિમાંથી ચુંટાય છે ખરા, પણ ગવર્નર પાસે એટલા બધા હક્કો તથા સત્તાઓ છે કે ગવર્નર ધારે ત્યારે પ્રધાનમંડળને બરખાસ્ત કરી શકે અને બંધારણીય બધી સત્તા પોતાના હાથમાં લઈ લે. ધારાસભાને ધારા ઘડવાના હક્કો છે ખરા, પણ તેના પર ગવર્નર પાસે કોઈ પણ ધારાઓ નામંજુર કરવાની સત્તા (Veto power) છે, જે વડે કોઈ પણ ઠરાવ તે મુલ્તવી રાખી શકે અગર રદ કરી શકે. ઉપરાંત ગવર્નરને સુલેહ, શાંતિ, અને સુવ્યવસ્થાના નામ હેઠળ કોઈ પણ કાયદો અગર ઓર્ડીનન્સ કાઢવાના માટે ખાસ સત્તા છે. ધારાસભાને આપવામાં આવેલ નાણાવિષયક હક્કો જોતાં માત્ર બજેટના ૨૦% ભાગ ઉપર જ ધારાસભાને મત આપવાનો અધિકાર છે. આમાં પણ ધારાસભાએ મંજુર કરેલ કોઈ પણ ખર્ચ રદ કરવા અગર નામંજુર કરેલ કોઈ પણ ખર્ચ મંજુર કરવા અગર તેમાં સુધારાઓ કરવા પણ ગવર્નર પાસે સત્તા છે જેને Powers of Certification કહેવામાં આવે છે. આ ઉપરાંત ગવર્નરના પગાર, ભથ્થું, હાઈકોર્ટ જડજોના પગાર વગેરે પણ ધારાસભાની સત્તાના વર્તુલની બહાર છે. જુદા પાડેલ મુલકોના વહીવટ બાબત પણ ધારાસભાને ચર્ચા કરવાનોય અખત્યાર નથી. આ ઉપરાંત પણ બીજી કેટલીક બાબતોની ઝીણવટથી તપાસ કરીએ છીએ તો માલુમ પડે છે કે, પ્રાન્તોને હજુ સાચું પ્રાન્તિક સ્વરાજ્ય મળ્યું નથી. છતાં પણ આ પ્રાન્તિક બંધારણમાંથી ગવર્નરની સલામતીઓ તથા સાવચેતીઓ બાદ કરવામાં આવે તો, અગર તેનો સાધારણ રીતે પ્રજામત સામે ઉપયોગ ન કરવા બાંહેધરી મળે તો, એ હિસાબે પ્રાન્તિક તંત્ર કાંઈ ખોટું નથી. આ હિસાબે જ જો કે મહાસભાએ હોદ્દા સ્વીકાર કરવાની હામ બીડી છે. જો કે ૧૯૩૫ ના તંત્રની પોકળતા ખુલ્લી કરવા માટે હોદ્દા સ્વીકાર કર્યાનું મહાસભાએ જણાવવામાં આવેલ છે, પણ કોંગ્રેસ પ્રાન્તોમાં જે રીતે કોંગ્રેસ પ્રધાન મંડળો કામ કરી રહ્યાં છે તે જોતાં પ્રાન્તિક સ્વાતંત્ર્યનું પ્રજાને થોડું ઘણું ભાન થતું જાય છે.

સમવાયતંત્ર

આવી રીતે સ્વતંત્રતા આપવામાં આવેલા બ્રિટિશ પ્રાન્તો અને તેની સાથે હિંદના દેશી રાજ્યોનું જે જોડાણ કરવામાં આવેલ છે તેને હિંદી સમવાયતંત્ર કહેવામાં આવે છે. હિંદના આ નવા બંધારણમાં સ્વતંત્ર બનાવેલા

પ્રાન્તો છે, જ્યારે મધ્યસ્થ સરકાર પાસે સમગ્ર સંચાલન માટે સત્તાઓ રહે છે. જગતના બીજા દેશોમાં સમવાયતંત્ર જોશું તો ત્યાં સ્વતંત્ર સંસ્થાનોનું એક જાતનું જોડાણ થાય છે. પણ હિંદમાં આથી ઉલટું થવા પામે છે. અહીં સમવાયતંત્ર માટે પ્રાન્તોને સ્વતંત્ર કરવામાં આવે છે એટલે કે એકતંત્રાધીન રાજતંત્રના વિભાગો કરવામાં આવે છે.

દેશી રાજ્યો

હિન્દમાં પ૬૨ જેટલાં રાજસ્થાનો છે. આ રાજસ્થાનોનું રાજતંત્ર આજે ઘણાં વર્ષોથી એક જ પ્રકારનું જોવામાં આવે છે. રાજ તે આપખુદ રાજતંત્ર છે. બ્રિટિશ હિંદના પ્રાન્તો જેટલી રીતે સ્વતંત્ર છે તેટલાં રાજસ્થાનોના રાજા કે પ્રજા કોઈપણ સ્વતંત્ર નથી. આ રાજસ્થાનોનું બ્રિટિશ હિન્દના પ્રાન્તો સાથે જોડાણ કરતાં અનેક પ્રકારની મુંઝવણો અને ક્લિષ્ટતાઓ ઉત્પન્ન થયેલ છે. દેશી રાજ્યોનું એક તન્ત્રાધીન રાજ્યબંધારણ બ્રિટિશ હિંદના પ્રાન્તોથી એટલું બધું જુદું પડે છે કે આજે બ્રિટિશ પ્રાન્તો અને આ રાજસ્થાનોનો સંયોગ સમવાયતંત્ર શરૂ કરવા માટે મોટામાં મોટું વિઘ્ન થઈ પડેલ છે. દેશી રાજ્યોનું જોડાણ શા માટે કરવામાં આવેલ છે તે માટે કહેવામાં આવે છે કે, ગોળમેજી પરિષદમાં રાજાઓએ પોતાના સર્વ સાધારણ હિત માટે જોડાવાનું જરૂરી જણાયું. તેમ જ રાજ્યો જો ન જોડાય તો દરેક દેશી રાજ્યની જુદી જુદી જકાતોની દિવાલો ઉભી થવા પામે, અને પરિણામે રાજ્યો જુદાં જુદાં બેટ જેવાં થઈ પડે; તે માટે પણ ફેડરેશનમાં જોડાયા વગર છુટકો નહોતો. બીજી તરફથી હિન્દમાં પ્રજાકીય જાગૃતિ અને મહાસભાની ચળવળોને અંગે તેમ જ મહાસભાના પૂર્ણ સ્વરાજ્યના પેગામથી પણ હિંદમાં રહેલી બ્રિટિશ સત્તાના અસ્તની ગંધ આવતી, અગર તો વધુ સ્વતંત્રતા આપવાથી રખે હિંદ ઇગ્લિંડના હાથમાંથી જાય તેવો ભય હતો; એટલે ઉદ્દામ માગણીઓને અંકુશ રૂપે આપખુદ સત્તા ભોગવતાં દેશી રાજ્યોનું જોડાણ કરવામાં આવેલ છે. ગોળમેજી પરિષદ વખતે કેટલાક રાજવીઓ સમવાય તંત્રમાં જોડાવા સામે વિરૂદ્ધ હતા. પતીયાલાના સ્વ. મહારાજા ભૂપેન્દ્રસિંહજીએ ફેડરેશનમાં ન જોડાવા માટે પડકાર કર્યો. જામનગરના સ્વ. જામસાહેબ રણજીતસિંહજીએ ભવિષ્ય ભાખ્યું કે, ફેડરેશન શરૂ થયા પછી વીશ વર્ષમાં દેશી રાજ્યોની સંસ્થા નાબૂદ થશે. આજે જોઈએ છીએ તો ના. જામ સાહેબની ભવિષ્ય વાણી થોડે ઘણે અંશે સાચી પડતી હોય તેમ જણાય છે. કારણ કે આજે તો હજુ ફેડરેશન આવ્યા પહેલાં દેશીરાજ્યોના રાજતંત્ર સામે સખ્ત વિરોધ ઉભો થયો છે અને પ્રજા જવાબદાર રાજતંત્રની માગણી કરતી થયેલ છે. ફેડરેશનમાં જોડાવું

મરજીયાત છે, છતાં સ્વેચ્છાએ કે અનિચ્છાએ રાજાઓએ સમવાયતંત્રમાં જોડાવાનું નક્કી કર્યું. વખતે થયું હોય કે તેમની સત્તાઓ, વંશવારસોના હક્કો, અને બ્રિટિશ સલ્તનત સાથેની સંધિઓ અબાધિત રહેતી હોય તો જોડાવામાં હરકત નથી. દરેક દેશી રાજ્યોના કરારો અને સંધિઓ, જુદા જુદા હક્કો, હિતો અને સત્તાઓની ભૂમિકા ઉપર રચાયેલ છે; એટલે દરેક રાજ્યને સમવાય તંત્રમાં જોડાતાં પહેલાં પોતાની ઇચ્છા મુજબ જેટલી સત્તા સમવાયતંત્રને સોંપવાની મરજી હોય તેટલી સત્તા વિષે એક કરારનામું કબુલ કરવું પડે છે, અગર તો પ્રવેશ પત્ર (Instrument of accession) ઉપર સહી કરવી પડે છે. એક વખત ફેડરેશનમાં દાખલ થયા પછી બહાર નીકળી શકાતું નથી. દરેક રાજસ્થાનો સાથે એક સરખાં કરારનામાં કરવાં મુશ્કેલ તો ખરાં જ; છતાંપણ ફેડરેશન શકય બને તેટલા પુરતું બધાં કરારનામાંઓ વચ્ચે સામ્ય તો જરૂર રાખવામાં આવશે.

મધ્યસ્થ ધારામંડળો

દેશી રાજ્યો અને બ્રિટિશ પ્રાન્તોના પ્રતિનિધિઓનાં બે મધ્યસ્થ સમવાયી ધારામંડળો સ્થાપવામાં આવશે, અને આ ધારામંડળોમાંથી સમવાયતંત્ર માટે કારોબારી પ્રધાનો ચુંટાશે. પ્રાન્તોમાંથી આવતા પ્રતિનિધિઓ લોકોના ચુંટાયેલા હશે, અને રાજ્યો તરફથી આવતા પ્રતિનિધિઓ રાજાઓના નિયુક્ત કરેલા (Nominated) રહેશે. આ પ્રતિનિધિઓને તેમની જગ્યાએથી ખસેડવાનો હક્ક પણ દેશી રાજ્યોનો જ રહેશે. દેશી રાજ્યોના પ્રતિનિધિઓને નીચેની ધારાસભામાંની $\frac{1}{3}$ બેઠકો મળશે, ૪૦% જેટલી બેઠક ઉપરની રાજસભામાં મળશે. ધારામંડળોની બીજી બેઠકો કોમી મતાધિકારના ધોરણે ભરવામાં આવશે. સમવાયી ધારામંડળો સમવાયી સત્તા પુરતા કોઈપણ કાયદાઓ ઘડી શકે છે, પરંતુ આ કાયદાઓ મંજુર અગર નામંજુર કરવાની સત્તા ગવર્નર જનરલ પાસે રહે છે. ગવર્નર જનરલ ધારાસભાને પૂછ્યા વગર કોઈ પણ ઓર્ડીનન્સ અગર કાયદાઓ કાઢી શકે છે અને કટોકટીના સમયે આખુંય બંધારણ પોતે ચલાવી શકે છે. ધારાસભાની નાણાવિષયક સત્તાઓ જોશું તો માલુમ પડે છે કે, અંદાજપત્રનો $\frac{4}{5}$ ભાગ ધારાસભાની સત્તા બહાર છે. ધારાસભાઓના મંજુર કરેલ કોઈપણ ખર્ચ ગવર્નર જનરલ મંજુર કરી શકે છે. ગવર્નર જનરલ કોઈ પણ ઠરાવને કાયદાનું સ્વરૂપ લેતાં અટકાવી શકે તેમ છે. ઉપરાંત નામની સર્વોપરી સત્તા ધારણ કરનાર ફેડરલ કોર્ટ, માલ વગેરે લઈ જવા લાવનારની સત્તા કેન્દ્રિત કરનાર રેલ્વે ઓથોરીટી અને દેશની નાણાકીય અને ઔદ્યોગિક પરિસ્થિતિ ઉપર

કાબુ ધરાવનાર ફેડરલ રીઝર્વ બેન્ક વગેરે ઉપયોગી સંસ્થાઓ ધારાસભાથી સ્વતંત્ર રીતે જ કામ કરી શકશે.

મધ્યસ્થ દ્વિરાજ્ય શાસન પદ્ધતિ

૧૯૧૯ ના સુધારાઓમાં અળખામણી બનેલ દ્વિરાજ્ય પદ્ધતિ નવા બંધારણમાં પ્રાન્તોમાંથી કાઢીને મધ્યસ્થ તંત્રમાં દાખલ કરવામાં આવેલ છે. હિંદના સમવાયતંત્રમાં ગવર્નર જનરલ એ શહેનશાહના પ્રતિનિધિ તરીકે સમવાયી કારોબારીના વડા તરીકે રહે છે, અને તેના કાબુ હેઠળ રક્ષણ, પરદેશનીતિ, ધાર્મિક વગેરે બાબતનાં ખાતાંઓ રહે છે. ગવર્નર જનરલ વાયસરોય તરીકે તાજના પ્રતિનિધિ રહેશે અને તેમને દેશી રાજ્યો ઉપરની કેટલીક સત્તાઓ સોંપવામાં આવેલ છે. આ ઉપરાંત ગવર્નર જનરલ પાસે તેની ખાસ જવાબદારી તરીકેની કેટલીક સત્તાઓ છે તેમાં સુલેહ શાંતિ, સુવ્યવસ્થા, લઘુમતિ અને રાજસ્થાનોનું સંરક્ષણ, બ્રિટિશ વેપાર ઉદ્યોગ સામેના પ્રતિબંધો, તથા ભેદભાવો દૂર કરવા તથા સનંદી નોકરોનું હિત જાળવવાની સત્તાઓનો સમાવેશ થાય છે. હિંદની નાણાકીય સ્થિરતા અને સદ્ધરતા જાળવવા માટે પણ તેને ખાસ સત્તાઓ સુપ્રત કરવામાં આવેલ છે.

ગવર્નર જનરલ ધારામંડળોમાંથી દશ જેટલા કારોબારી પ્રધાનો ચુંટશે અને તે પ્રધાનો ગવર્નર જનરલની ખાસ જવાબદારીઓ તથા તેની વિવેક-શક્તિ વાપરવાની સત્તાઓ સિવાયની બાબતોમાં તેને સલાહ આપશે, જે સલાહ માન્ય રાખવી યા ન રાખવી તે ગવર્નર જનરલની મુન્સફી પર અવલંબશે. પ્રધાનોની ચુંટણી કોઈ પણ પક્ષમાંથી થઈ શકશે, એટલે આ પ્રધાનો પ્રજામતનો વિશ્વાસ ભોગવતા હશે કે નહિ તેની કયાંય ખાત્રી આપ-વામાં આવેલ નથી. આ પ્રધાનોનું જીવન ગવર્નર જનરલની મીઠી મરજી પર અવલંબે છે. આ પ્રધાનોના પગારો ધારાસભા નક્કી કરશે. પ્રધાનોની સ્થિતિ સલાહકારોથી જરા પણ ઉંચી નથી. એટલે મધ્યસ્થ તંત્રમાં જે જવાબદારી દાખલ કરવામાં આવેલ છે તે માત્ર નામની જ છે. નવા બંધારણ-માં મધ્યસ્થ તંત્રમાં જે કિલષ્ટતાઓ ઉભી કરવામાં આવેલ છે તેની પાછળ કાંઈ વાસ્તવિક હક્કો હિંદને મળતા હોય તેવું કયાંય જણાતું નથી. ગવર્નર જનરલને સુપ્રત કરવામાં આવેલ ખાસ જવાબદારીઓ અને વિવેક–બુદ્ધિ વાપરવાની સત્તા અને સલામતીઓ જોતાં જવાબદાર તંત્ર એ તો માત્ર નામનું જ રહે છે. આજે આ તંત્રમાં હિંદના દેશી રાજ્યોની કુલ વસ્તીની

અરધી સંખ્યા ધરાવતાં રાજ્યો જોડાય અને સમવાયી રાજસભામાં બાવન એકંદરે રાજ્યોથી ભરાય તો જ ફેડરેશન શક્ય છે. રાજ્યોએ આ ફેડરેશનમાં જોડાવાની હા ભણી છે; પણ હિંદના સર્વે પક્ષોએ ફેડરેશન દાખલ કરવા સામે સંયુક્ત સામનો કરવા નિરધાર કર્યો છે.આ બધા સંજોગો વચ્ચે ફેડરેશનનું ભાવિ ઘણું જ ચિંતાયુક્ત બન્યું છે. હિંદના નવા બંધારણથી હિંદ ઉપરનો બ્રિટિશ પાર્લામેન્ટનો કાબુ કાંઈ ઓછો થતો નથી. હિંદ માટે બંધારણીય ઘડતર કરવાની સઘળી સત્તા પાર્લામેન્ટ પાસે છે. માત્ર થોડી ઘણી સૂચના કરવા ધારાસભાઓને હક્કો આપવામાં આવેલ છે, અને તે પણ લગભગ ધારાસભા શરૂ થયા પછી દશ વર્ષના ગાળા પછી જ. આમ હિંદના બંધારણમાં ફેરફાર કરવાની કુલ સત્તા પાર્લામેન્ટ પાસે રહે છે. ઉપરાંત આ બંધારણમાં પ્રાથમિક હક્કો (Fundamental rights)નો પણ અભાવ છે. પ્રાથમિક હક્કો એ દરેક પ્રજાતંત્રવાદી બંધારણનું મૂળ છે. યુનાઇટેડ સ્ટેટ્સ તથા તેના વિભાગોમાં અને બીજા પ્રજાવાદના ધોરણે ચાલતાં રાજતંત્રોમાં આવા હક્કો સામેલ રાખવામાં આવે છે, કારણ કે આવા હક્કોથી દેશના રાષ્ટ્રીય સ્વાતંત્ર્યનો વિકાસ થાય છે અને પ્રજાને પોતાની સ્વતંત્રતાનો ઉદ્દેશ સ્પષ્ટ થાય છે. આ બંધારણમાં આવા હક્કો તો નથી, પણ દરેક કાયદામાં આમુખ (Preamble) હોવું જોઈએ તેનો પણ અભાવ છે. ૧૯૩૫ ના કાયદામાં ૧૯૧૯ નું આમુખ કોઈ પણ જાતના ફેરફાર વિના ચાલુ રાખવામાં આવેલ છે, એટલે હિંદને આપવામાં આવતી છુટછાટોનું ધ્યેય ૧૯૧૯ ના સુધારાઓથી જરા પણ આગળ વધેલ નથી. ૧૯૧૯ ના આમુખમાં હિંદમાં જવાબદાર રાજતંત્ર દાખલ કરવાની વાત છે. જવાબદાર રાજતંત્ર શું એનો ક્યાંય સ્પષ્ટ ઉલ્લેખ થતો નથી. પણ ગોળ ગોળ રીતે કહેવામાં આવેલ છે કે. હિંદની પ્રજાનો હિંદના રાજતંત્રમાં વધુ અને વધુ સહકાર મેળવી જવાબદાર તંત્ર આપવું.

હાલના નવા બંધારણથી પ્રાન્તિક સ્વરાજ મળ્યું ખરું, પણ મધ્યસ્થ તંત્રમાં રાજસ્થાનોનું જોડાણ થયું. રાજ્યોના પ્રતિનિધિઓ પ્રાન્તોની જેમ ચુંટાવાના નહિ હોઈ એ અસમાન તત્વો દાખલ થયાં. આજે ફેડરેશનની યોજના કોઈ પણ રીતે બંધ બેસતી કરવા માટે હાલના ગવર્નર જનરલ લૉર્ડ લીનલીથગો બનતા પ્રયત્નો કરી રહ્યા છે પણ હજુ સુધી તેનો સફળ અંત આવ્યો નથી. મહાસભા જેવી સંસ્થા આ યોજના સામે વિરોધ કરે છે; તેમાંય શ્રી. સુભાષબાબુ પ્રમુખ તરીકે ચુંટાયા પછી આ યોજના સામે

સખ્તમાં સખ્ત વિરોધ થશે તેમ સર્વ કોઈ માને છે. ફેડરલ યોજનાના અમલ સામે આજે મુસ્લીમ લીગ પણ વિરોધ દર્શાવે છે. તે સિવાય અન્ય રાજદ્વારી પક્ષો પણ તેની તરફેણમાં નથી. આવા વિરોધ અને પ્રતિકૂળ સંજોગોના ઝંઝાવાત વચ્ચે આ બહુ ગવાયેલ સમવાયતંત્રની યોજના કઈ રીતે દાખલ કરવામાં આવે છે તે જ આજે બધા વિચારી રહ્યા છે.

અખીલ હિંદ સમવાય તંત્ર શરૂ ત્યારે જ થઈ શકે કે જ્યારે સમવાયી રાજસભામાં બાવન સભ્યો મોકલી શકે તેટલાં રાજ્યો સમવાયતંત્રમાં જોડાવા સંમતિ આપે. સમવાયતંત્રની સ્થાપના કરવા બ્રિટિશ પાર્લામેન્ટને ના. શહેનશાહને નિવેદન કરવું પડશે, જે ઉપરથી ના. શહેનશાહ પ્રાન્તો અને રાજ્યોનું સંયોજન જાહેર કરશે. હજુ સુધી રાજ્યોનાં પ્રવેશપત્રો નક્કી થયાં નથી, તેમ જ બાવન સભ્યો મોકલે તેટલાં રાજ્યોની સંમતિ આવેલ નથી, તેમ જ બીજા પક્ષોના વિરોધ તથા સર્વ પ્રકારના પ્રતિકૂળ સંજોગો વચ્ચે સમવાયતંત્ર હજુ દાખલ થયેલ નથી; પણ ૧૯૪૦ માં તે દાખલ થશે તેવી આગાહી કરવામાં આવે છે.

પ્રકરણ ૪ થું

બ્રિટનમાં આવેલ હિન્દનું સર્વોપરિ રાજતંત્ર

(Home Government)

શહેનશાહ

બ્રિટનમાં હિન્દી રાજતંત્ર ચલાવતી સર્વોપરી સત્તાઓમાં શહેનશાહ, પાર્લામેન્ટ, હિંદી વજીર તથા તેના સલાહકારોનું મંત્રીમંડળ છે. છઠ્ઠા જ્યોર્જ જે ઈગ્લેન્ડના રાજા છે તે હિંદના શહેનશાહ છે. હિંદમાં શહેનશાહને નામે બધી ઉપજ તથા આવક લેવામાં આવે છે, અને શહેનશાહને નામે બધું રાજતંત્ર ચલાવવામાં આવે છે. ગવર્નર જનરલ, ગવર્નરો, ફેડરલ કોર્ટ તથા હાઈકોર્ટના જડજો, વગેરેની ખાસ નિમણૂક શહેનશાહ કરે છે; ઉપરાંત માફી તથા દયા બતાવવાના હક્કો પણ ભોગવે છે. આ સિવાય પ્રીવી કાઉન્સીલની સલાહ પ્રમાણે ઓર્ડીનન્સ અગર ઓર્ડર-ઈન-કાઉન્સિલ કાઢવાની સત્તા પણ ભોગવે છે. આ સઘળી સત્તાઓ હિન્દી વજીરની સલાહ મુજબ ભોગવવામાં આવે છે. હિંદી વજીર જે બ્રિટિશ પ્રધાનમંડળના એક પ્રધાન રહે છે તે હિન્દને નહિ પણ બ્રિટિશ પાર્લામેન્ટને જવાબદાર રહે છે.

પાર્લામેન્ટ

પાર્લામેન્ટ એ બ્રિટનનું રાજતંત્ર ચલાવતી ધારાસભા છે. તે હિન્દ ઉપર કાયદાવિષયક, વહીવટી તથા નાણાપ્રકરણી સત્તા ભોગવે છે. હિન્દમાં કાયદા ઘડનારી ધારાસભાઓ પાર્લામેન્ટની મંજુરી સિવાય અમુક કાયદાઓ ન ઘડી શકે. અને હિંદી વજીર જે પાર્લામેન્ટને જવાબદાર છે તેની સલાહ મુજબ શહેનશાહ હિન્દી ધારાસભાઓએ પસાર કરેલ ખરડાઓ નામંજુર કરી શકે છે; અને પાર્લામેન્ટ બ્રિટિશ હિન્દમાં પસાર કરેલ કોઈ પણ કાયદામાં ફેરફાર કરી શકે છે, અને હિન્દી બંધારણ પણ તે જ ઘડી શકે છે. હિન્દને હજુ પોતાનું બંધારણ ઘડવાની સત્તાઓ આપવામાં આવેલ નથી. હિંદ માટે બંધારણ ઘડવાનો અને તેને માટે કમીશનો તથા સમિતિઓ નીમવાનો હક્ક પાર્લામેન્ટને છે. પાર્લામેન્ટ જો કે હિન્દના વહીવટમાં સીધી રીતે દરમ્યાનગીરી કરતી નથી, પરંતુ હિન્દ માટે સવાલો પૂછી, પ્રાસંગિક ચર્ચાઓ કરી, તથા ઠરાવો પસાર કરી હિન્દી રાજતંત્રમાં પોતાનો રસ તથા દેખરેખ જાળવી રાખે છે. પાર્લામેન્ટને હિન્દ બાબતમાં નાણાપ્રકરણી સત્તા ઘણી જ થોડી

છે. હિન્દ બહાર લશ્કર લઈ જવા માટેના ખર્ચ બાબત પાર્લામેન્ટની મંજુરીની જરૂર રહે છે. હિન્દીવજીર તથા તેના મંત્રીમંડળનું ખર્ચ પાર્લામેન્ટ મંજુર કરે છે, અને પાર્લામેન્ટ પાસે હિન્દના રાજતંત્રનો વાર્ષિક અહેવાલ દર વર્ષે મૂકવામાં આવે છે. ૧૯૩૫ ના નવા બંધારણથી પાર્લામેન્ટની સર્વોપરી સત્તામાં કાંઈ ફેરફારો થવા પામ્યા નથી.

અત્યાર સુધી પાર્લામેન્ટે હિન્દી રાજતંત્ર અને તેના ભાવિ તરફ અક્ષમ્ય બેદરકારી બતાવેલ છે, કારણ કે હિન્દમાં અન્દરથી કે બહારથી કાંઈ પણ તકલીફ ઉભી થતી નહિ. પણ જ્યારથી સ્વરાજ્ય પ્રાપ્તિ માટે પ્રજામાં તમન્ના ઉદ્‌ભવી ત્યારથી બ્રિટનની આંખ હિંદ પ્રત્યે અવારનવાર ખેંચાઈ છે. સ્વ. દાદાભાઈ નવરોજજીએ હિન્દ પ્રત્યેનું પાર્લામેન્ટનું અજ્ઞાન ઓછું કરવા તથા હિન્દનો અવાજ પહોંચાડવા પાર્લામેન્ટમાં ચુંટાઈ આવ્યા હતા. ત્યાર બાદ તો ઘણી સંસ્થાઓ થયેલ છે, જે હિન્દ માટે સાચા ખબર તથા રસ ફેલાવે છે. તે ઉપરાંત પંડિત જવાહરલાલ નહેરૂ જેવા લોકનેતાઓ અવારનવાર ત્યાં જાય છે, અને હિન્દની પરિસ્થિતિ વિષે જાણ કરે છે, અને બ્રિટિશ પાર્લામેન્ટના નેતાઓ પણ હિન્દની સ્થિતિ સમજવા હિન્દ આવે છે. ઉપરાંત પાર્લામેન્ટની બેઠક પહેલાં પાર્લામેન્ટનાં બન્ને ધારામંડળોમાંથી ૨૨ જણાની એક કમીટી નીમવામાં આવે છે જે હિન્દી બાબતો માટે પાર્લામેન્ટને જાણ કરે છે અને રસ લે છે. આ ઉપરાંત હિંદી વજીર જે વાર્ષિક અહેવાલ રજુ કરે છે તે ઉપરથી તથા હિંદીવજીર તથા તેની સભાનું ખર્ચ બ્રિટિશ તિજોરી ભોગવે છે એટલે અને કેટલાક ઓર્ડીનન્સ, કાયદાઓ, અને ઓર્ડર-ઈન-કાઉન્સીલ પાર્લામેન્ટ પાસે રજુ કરવાના રહે છે તેથી બ્રિટિશ પાર્લામેન્ટ હિન્દ વિષે રસ લેતી થયેલ છે. કાયદાનો સવિનય ભંગ, બોયકોટ નીતિ, ગોળમેજી પરિષદ તથા મહાસભાની બેઠકો તથા ચર્ચાઓથી બ્રિટિશ પાર્લામેન્ટ હિન્દ માટે સતેજ રહે છે.

હિંદી વજીર અને તેની સભા

પાર્લામેન્ટ તો માત્ર ચર્ચાઓ અને કાયદાઓ તથા બંધારણ ઘડવાની સત્તા ભોગવે છે પણ ઈંગ્લાંડમાં બેઠાં જો કોઈ ખરી સર્વોપરી સત્તા ભોગવતું હોય તો તે હિંદી વજીર છે. ૧૮૫૭ માં ઈસ્ટ ઈન્ડિયા કમ્પની નાબુદ થઈ, પણ તે સાવ ન મરી ગઈ; કારણ કે બોર્ડ ઓફ કન્ટ્રોલને બદલે તેના જેવો એક નવો હોદ્દો શરૂ કરવામાં આવ્યો, અને તેને હિન્દીવજીર અને તેની સભા (Secretary of state

in Council) તેવું નામ આપવામાં આવ્યું. હિન્દી વજીર ઉપર હિન્દના તંત્રની સંપૂર્ણ જવાબદારી મૂકવામાં આવી. ૧૯૦૯ થી ૧૯૧૯ સુધીમાં આ સભામાં બેથી ત્રણ હિંદીઓ દાખલ કરવામાં આવ્યા. ૧૯૧૯ના સુધારાઓમાં હિંદી વજીરની સભા એ સર્વોપરી સંસ્થા જોવામાં આવે છે, પરંતુ ૧૯૩૫ના નવા બંધારણમાં હિન્દી વજીરની સભા બરખાસ્ત કરવામાં આવેલ છે, અને તેના બદલામાં એક સલાહકારી મંડળ રાખવામાં આવેલ છે જેમાં હિંદીવજીર ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ ૭ સલાહકારો નીમી શકશે. આ સભ્યોની સંખ્યાના અર્ધાએ દશ વર્ષ હિંદમાં નોકરી કરેલ હોવી જોઇએ. આ નીમણૂક પાંચ વર્ષ માટે કરવામાં આવે છે. હિંદીવજીર તેના સલાહકારોની સાથે અગર વ્યક્તિગત રીતે ખાસ કરીને નાણા પ્રકરણ, નોકરી, અને રાજપ્રકરણી ખાતા બાબત સલાહ લેશે, પણ તે માન્ય રાખવી કે ન રાખવી તે હિંદીવજીરની મરજીની વાત છે. આ સલાહકારોનો પગાર વાર્ષિક ૧૩૫૦ પૌંડ રહેશે જ્યારે હિંદી સલાહકારોને ૬૦૦ પૌંડ મુસાફરી ખર્ચના આપવામાં આવે છે. આ પગાર તથા હિંદીવજીરની ઓફીસનું તમામ ખર્ચ બ્રિટિશ તીજોરીમાંથી ચુકવાશે. અત્યાર સુધી હિંદીવજીર તથા તેની સભા ઉપર દાવાઓ થઈ શકતા અગર દાવાઓ કરી શકાતા, પરંતુ ૧૯૩૫ના કાયદાથી સમવાયતંત્ર તથા દરેક પ્રાન્તિકતંત્ર ઉપર કાયદેસર કામ ચાલી શકે તેમ ઠરાવવામાં આવેલ છે. હાલ હિંદમાં હજુ સમવાયતંત્ર દાખલ થયેલ નથી પરંતુ મધ્યસ્થ કારોબારી સભા તથા ધારાસભાને ફેડરેશનની સત્તા આપવામાં આવેલ છે અને હિંદીવજીરની સભાને એક સલાહકારી સભા બનાવી દીધેલ છે. ફેડરેશન દાખલ થતાં દરમ્યાન હિંદીવજીર હિંદી મહેસુલ બાબત તેના સભાસદોની સલાહ વિના કાંઈ પણ સૂચના ગવર્નર જનરલને આપશે નહિ. તેમજ જો કોઈ પણ લોન વિલાયતમાં ઉઘરાવવાની હશે તો તેમાં પણ તેના સલાહકારોની બહુમતિથી તે મંજુર રહેશે.

હિંદી વજીરની સત્તાઓ

૧૯૩૫ના કાયદા પ્રમાણે હિંદ ઉપરના હિંદીવજીર અને તેની સભાની સત્તા તાજને સોંપવામાં આવેલ છે પરંતુ તાજ આ બધી સત્તા હિંદીવજીરની સલાહ મુજબ ભોગવશે એટલે તેનું તે થઈ રહ્યું. આમ કરીને હિંદીવજીરની મૂળગત સત્તામાં જરાપણ ફેરફાર થતો નથી; ઉલટી તે વધુ કેન્દ્રિત બને છે. હિંદી રાજતંત્રની દરેક બાબતમાં દોરી સંચાર હિંદીવજીર કરે છે.

નવા બંધારણમાં દરેક વિભાગનું સંચાલન પાર્લામેન્ટના હુકમને અનુવર્તીને

થઈ શકે તેમ ઘડવામાં આવેલ છે. પાર્લામેન્ટ અને તાજની સર્વ સત્તા વહન કરનારાઓમાં હિંદીવજીર, ગવર્નર જનરલ અને ગવર્નરો મુખ્ય છે. નવા બંધારણમાં કાંઈ પણ વસ્તુ ગવર્નર તથા ગવર્નર જનરલના લક્ષ અને સત્તા બહારની નથી. ગવર્નરો ગવર્નર જનરલને તાબે રહે છે અને ગવર્નર જનરલ હિંદીવજીરને અને હિંદીવજીર પાર્લામેન્ટને જવાબદાર રહે છે. આમ તાજ, શહેનશાહ અને પાર્લામેન્ટ જે કહીએ તે બધી સત્તાના ખરા વાહક તો હિંદીવજીર છે તેમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

હિંદ બાબત શહેનશાહના મુખ્ય સલાહકાર તરીકે તથા તાજ સાથેના દેશી રાજ્યોના સંબંધ ઉપર દેખરેખ રાખવાનું તથા હિંદના રાજપ્રકરણી ખાતા ઉપર ધ્યાન રાખવાની સત્તા હિંદીવજીરની છે. પ્રાન્તિક અગર સમવાયી ધારાસભાએ પસાર કરેલ ઠરાવ નામંજૂર કરી અગર કોઈ અસાધારણ કાયદો અગર ઓર્ડીનન્સ ચાલુ રાખવો કે ન રાખવો અગર તો તેમાં કાંઈ પણ સુધારાવધારા કરવાની સત્તા હિંદીવજીર પાસે રહે છે. આ ઉપરાંત હિંદી બંધારણ યોજવાનું, મોકુફ રાખવાનું કે અટકાવવાની પાર્લામેન્ટની સત્તા હિંદી-વજીરની સલાહ મુજબ ભોગવાશે.

જે બાબતોમાં ગવર્નર જનરલને તેની વિવેકશક્તિ અને અંગત અભિપ્રાય પ્રમાણે વાપરવાની સત્તાઓ છે તેમાં હિંદીવજીરને પુછ્યા વગર ગવર્નર જનરલ કાંઈ પણ કરવા અશક્ત છે. આ સત્તાઓમાં રક્ષણ, પરદેશનીતિ, જુદાપાડેલ મુલકનો વહીવટ, રાજસ્થાનો સાથેનો સંબંધ, ગવર્નર ઉપરની સત્તાઓ, સમવાયી કારોબારી પ્રધાનોની નીમણુક તથા તેને રાજીનામું આપવાની ફરજ પાડવાની સત્તાઓનો સમાવેશ થાય છે. કટોકટીના સમયે બંધારણ અટકાવવા તથા મોકુફ રાખવાની ગવર્નર જનરલ કે ગવર્નરની સત્તાઓનો હિંદીવજીરને પુછ્યા સિવાય ઉપયોગ નહિ થઈ શકે. ગવર્નર જનરલની ખાસ જવાબદારીઓ-વાળા તંત્રમાં પણ હિંદીવજીરને દરમ્યાનગીરી કરવાનો હક્ક છે. ગવર્નર જનરલની શાંતિ, કાયદો, વ્યવસ્થા જાળવવા, સમવાયતંત્રની નાણા વિષયક સ્થિરતા જાળવવા, તથા લઘુમતિઓ અને દેશીરાજ્યો તથા બ્રિટિશ વેપાર ઉદ્યોગનું સંરક્ષણ કરવાની સત્તાઓ હિંદીવજીરની સત્તાને અનુવર્તી છે. જ્યારે દેશની સ્થિતિ કટોકટી અગર લડાઈથી ભયભીત થયેલ લાગે ત્યારે આ બાબતની જાણ ગવર્નર જનરલે હિંદીવજીર મારફત પાર્લામેન્ટને કરવાની રહે છે.

ઓર્ડર-ઈન-કાઉન્સીલ

આ ઉપરાંત હિંદીવજીરને ઓર્ડર-ઇન-કાઉન્સીલ કાઢવાની સત્તા છે. અમુક

ઓર્ડરો સિવાય લગભગ ઘણા ખરા ઓર્ડર-ઇન-કાઉન્સીલ પાર્લામેન્ટની બન્ને સભાઓ સમક્ષ તે મંજૂર કરવા માટે રજુ કરવા પડે છે; પરંતુ તાત્કાલીક જરૂરીયાતો માટે જો પાર્લામેન્ટની બેઠક ચાલુ નહોય છતાં પણ હિંદીવજીર આવા હુકમો કાઢી શકે, પણ આમની સભાની બેઠક શરૂ થયા પછી ૨૮ દિવસમાં તેની પાસે આ હુકમો રજુ કરવામાં ન આવે તો તે રદ થયા ગણાય. ઉમરાવની સભાને પણ આવા હુકમો નામંજુર કરવાની સત્તા છે. પરિણામ એ આવે કે, કોઈ પણ પ્રધાનમંડળ ઓડર્સ-ઇન-કાઉન્સીલથી પણ હિંદી રાજતંત્રમાં સુધારા વધારા કરવા માગે તો ઉમરાવની સભા તેના પર અંકુશ તરીકે કામ કરે. નવું બંધારણ પસાર થયા પછી હજુ સુધીમાં આવા ૭ ઓડર્સ-ઇન-કાઉન્સીલ બહાર પાડવામાં આવેલ છે.

ઇમ્પીરીયલ સર્વીસમાં નોકરીઆતોની નીમણૂક કરવાને અંગે પણ હિંદી વજીરનો હિંદના આંતરિક વહીવટ ઉપર ઘણો જ કાબુ છે. સરકારી તથા સનંદી નોકરીની જગ્યાઓ માટે ધારા ધોરણો તથા નિયમો હિંદીવજીર ઘડે છે. ગવર્નર જનરલની વિવેકશક્તિની રૂએ તેને સંભાળવાના ખાતાંઓ બાબતમાં નિમણૂક કરવા માટે પણ સત્તા હિંદીવજીર પાસે રહે છે. હિંદના લશ્કરી ખાતા ઉપર હિંદીવજીરનો કાબુ ઘણો રહે છે, કેમકે લશ્કરી નીમણૂંકો પણ તે જ કરે છે. આ ઉપરાંત ફેડરલ કોર્ટ, પ્રાન્તીય હાઇકોર્ટના જડજોની નીમણૂક પણ હિંદીવજીર મારફત થાય છે.

સાધારણ રીતે ૧૯૩૫ના કાયદાથી હિંદીવજીરના નાણા વિષયક હક્કો ઓછા કરવામાં આવેલ છે તેમ લાગે, પણ ગવર્નર જનરલની હિંદી ફેડરેશનની નાણા પ્રકરણી સ્થિરતા તથા સદ્ધરતા જાળવવાની ખાસ જવાબદારી તો હિંદીવજીરના હુકમ પ્રમાણે અદા કરવી પડે છે. ઉપરાંત મધ્યસ્થ તંત્રના અંદાજ પત્રના ૮૦ % જેના પર ધારાસભાને મત આપવાનો અધિકાર નથી તે પણ હિંદીવજીરની સત્તાની અસર તળે રહેશે. આ બધી સત્તા ઉપરથી માલુમ પડે છે કે, હિંદના સમવાયી બંધારણમાં હિંદીવજીરની સત્તાઓ પ્રત્યક્ષ નથી પણ પરોક્ષ રીતે સર્વોપરી અને અબાધિત રહે છે. મધ્યસ્થ કારોબારીથી માંડી સાધારણ વહીવટમાં પણ તે અદ્રશ્ય રીતે દરમ્યાનગીરી કરી શકવાની સત્તા ભોગવે છે. ટુંકામાં હિંદી સમવાયતંત્રની મુખ્ય ચાવી હિંદી વજીર છે

અન્ડર સેક્રેટરી

હિંદીવજીરને બે ઉપમંત્રીઓ (under Secretaries) આપવામાં

આવેલ છે જેમાંથી એક કાયમી જે હિંદી સીવીલ સર્વીસમાંથી આવશે, જ્યારે બીજો પાર્લામેન્ટ તરફથી આવશે; પણ તેનો ફેરફાર પ્રધાન મંડળના ફેરફાર પ્રમાણે થશે. પહેલાનો પગાર વાર્ષિક ૨૦૦૦ પૌંડ અને બીજાનો ૧૫૦૦ પૌંડ રહેશે. થોડાજ વખત પહેલાં ઉપમંત્રી લે. કર્નલ મુરહેડ હિંદમાં સમવાયતંત્ર વિષે જાતે તપાસ કરવા આવ્યા હતા.

હાઇકમીશ્નર

ઈંગ્લેન્ડમાં હિંદીવજીર ઉપરાંત હાઇકમીશ્નર ઓફ ઇન્ડીયાની જગ્યા પણ અસ્તિત્વ ધરાવે છે. આ જગ્યા ૧૯૧૯ના સુધારાથી નવી ઉત્પન્ન કરવામાં આવેલ છે, અને ૧૯૨૦ ના ઓકટોબરથી હાઇકમીશ્નરની ઓફીસ લન્ડનમાં શરૂ કરવામાં આવેલ છે. હાઇકમીશ્નરની નિમણૂક હિંદીવજીરની મંજૂરી સાથે ગવર્નર જનરલ મારફત કરવામાં આવતી અને તેનો પગાર વાર્ષિક ૩૦૦૦ પૌંડ રાખવામાં આવેલો. હાઇકમીશ્નર હિંદી સરકારની સત્તા હેઠળ રહે છે. નવા બંધારણ પ્રમાણે હાઇકમીશ્નરની નિમણૂક ગવર્નર જનરલ તેના અંગત અભિપ્રાય મુજબ કરશે, અને તેનો પગાર, નોકરી, અને ફરજ બાબત ગવર્નર જનરલ નક્કી કરશે, અને તેની ઓફીસનું સઘળું ખર્ચ હિંદની તીજોરીમાંથી ચુકવવામાં આવશે.

હાઇકમીશ્નર ગવર્નર જનરલના અંગત અભિપ્રાયની સત્તા હેઠળ વર્તશે એટલે હાઇકમીશ્નર તેના કાર્યો માટે હિંદી ધારાસભાને લેશ માત્ર જવાબદાર નહિ રહે. પણ ગવર્નર જનરલની અંગત અભિપ્રાયની સત્તાઓ હિંદીવજીરની અનુજ્ઞા પ્રમાણે ભોગવશે એટલે આડકતરી રીતે હિંદીવજીરની સત્તા હેઠળ જ હાઇકમીશ્નર કામ કરશે તેમ કહેવાય.

હાઇકમીશ્નરને ગવર્મેન્ટ સ્ટોર ખરીદવા, ફેડરલ તથા પ્રાન્તિક સરકાર માટે ખરીદી કરવી, પ્રાન્તિક સરકાર તથા પરચુરણ નોકરી માટે વિલાયતમાં ઓફીસરો તૈયાર કરવા, આન્તરરાષ્ટ્રીય પરિષદમાં હિંદના પ્રતિનિધિ તરીકે જવું, ઈંગ્લેન્ડમાં ભણતા હિંદી વિદ્યાર્થીઓ ઉપર દેખરેખ રાખવી, અખીલ હિંદ નોકરીઆતોના પગાર તથા ભથ્થાં ચુકવવાં તથા હિંદના છુટા થયેલા લશ્કરી સીપાઇઓ માટે નોકરી અપાવવા તજવીજ કરવી, તેમજ હિંદી સરકારના પ્રકાશનો વહેંચવા માટે ગોઠવણ કરવાની હાઇકમીશ્નરની ફરજો છે. ટુંકામાં હિંદી સરકારના આડતીયા તરીકે હાઇકમીશ્નર વિલાયતમાં રહે છે.

પ્રકરણ ૫ મું.

પ્રાન્તિક સ્વરાજ્ય

૧૯૩૫ના નવા બંધારણ પ્રમાણે હિન્દને જવાબદાર રાજતંત્ર આપવામાં આવેલ છે. આ તંત્રના બે વિભાગ પાડવામાં આવેલ છે. એક તો સમવાયતંત્ર જે મધ્યસ્થતંત્રમાં દાખલ કરવામાં આવેલ છે, અને બીજું પ્રાન્તિક સ્વરાજ જે પ્રાન્તોને આપવામાં આવેલ છે.

૧૯૩૫ના બંધારણ પહેલાના ૧૯૧૯ ના સુધારા પ્રમાણેના બંધારણમાં પ્રાંતિક તંત્ર મધ્યસ્થ સરકાર સાથે નાણાકીય અને કાયદા ઘડવાની બાબતોમાં વધારે બંધનમાં હતું. પરંતુ નવા બંધારણમાં પ્રાન્તિક સરકારને નાણા બાબતોમાં છુટ મળી છે તેમજ કાયદા ઘડવાના ક્ષેત્રની મર્યાદા વિસ્તૃત કરી નક્કી કરવામાં આવેલ છે. નવાબંધારણમાં પ્રાન્તિકતંત્રમાં ઘણા સૂચક ફેરફારો કરવામાં આવ્યા છે, જેમાં ખાસ તો દ્વિરાજ્ય શાસનપદ્ધતિ નાબુદ કરવામાં આવેલ છે, અને સરકારે અનામત રાખેલ ખાતાંઓ તથા પ્રજાને સોંપાએલાં ખાતાઓના ભેદ દૂર કરી તમામ ખાતાંઓ પ્રજાના ચુંટાએલા પ્રધાનોને સોંપવામાં આવેલ છે.

૧૯૩૫ના નવા બંધારણમાં એડન તથા બરમાને હિંદથી જુદાં પાડવામાં આવેલ છે, અને ઓરીસ્સા તથા સિંધને ગવર્નર હસ્તકના પ્રાન્તો બનાવવામાં આવેલ છે. હિન્દના કુલ સત્તર વિભાગો કરવામાં આવેલ છે, જેમાં મુંબઈ, બંગાલ, મદ્રાસ, પંજાબ, સંયુક્ત પ્રાન્તો, મધ્ય પ્રાન્ત, બિહાર, ઓરીસ્સા, સિંધ, સરહદનો પ્રાન્ત અને આસામ આમ ગવર્નરના વહીવટ હેઠળ મુકાએલા અગ્યાર પ્રાન્તો છે. આ ઉપરાંત છ ચીફ કમીશ્નરથી ચાલતા પ્રાન્તો છે, જેમાં બ્રિટિશ બલુચિસ્તાન, દિલ્હી, અજમેર મેરવાડા, કુર્ગ, આન્દામાન નીકોબાર ટાપુ વગેરેનો સમાવેશ થાય છે. આમાં બ્રિટિશ બલુચિસ્તાનનો વહીવટ ગવર્નર જનરલની વિવેકશક્તિ પ્રમાણે ચલાવવામાં આવશે. આ પ્રાન્તને ગવર્નર જનરલની સંમતિ સિવાય કોઈપણ સમવાયી કાયદો લાગુ નહિ પડે. દરેક ચીફ કમીશ્નર ગવર્નર જનરલની મરજી પ્રમાણે નીમાશે, અને ચીફ કમીશ્નર દ્વારા ગવર્નર જનરલ તેનો વહીવટ કરશે. પ્રાન્તોની સીમા અને સરહદ વધારવા ઘટાડવા તથા નવા પ્રાન્તો જોડવા માટે અગર તો કોઈપણ પ્રાન્તને અલગ કરવાની સત્તા શહેનશાહ પાસે રહે છે. પરંતુ આવા ફેરફારો કરતા પહેલાં હિંદીવજીરે જે ભાગને અલગ કરવાનો હોય અથવા સીમામાં વધારો ઘટાડો

કરવાનો હોય તે પ્રાન્તની ધારાસભા અને ફેડરલ ધારાસભાનો આ વિષેનો અભિપ્રાય જાણી લઈ પાર્લામેન્ટ સમક્ષ રજુ કરવાનો રહેશે.

જુદા પાડેલ મુલક. (Excluded area)

હિંદનાં સમવાયતંત્ર તથા પ્રાન્તિક સ્વરાજ્યના નવા સુધારાઓ બીલકુલ દાખલ કરવામાં આવેલ નથી એવો કેટલોક પછાત મુલક છે જેને જુદો પાડેલ મુલક કહેવામાં આવે છે. આ મુલકનો વહીવટ ગવર્નર પોતે પોતાની મુનસફી મુજબ કરે છે. સમવાયતંત્ર કે પ્રાન્તિક સરકારનો કોઈપણ કાયદો આ પ્રાન્તને લાગુ નહિ પડે સિવાય કે ગવર્નરની ખાસ મંજૂરી અને પરવાનગીથી તે દાખલ કરવામાં આવે. આ મુલકને લાગુ કરવા માટે કાયદાઓમાં જોઈતા ફેરફાર ગવર્નર કરી શકશે, અને આ મુલકની શાંતિ અને સુવ્યવસ્થા માટે જોઈતા ધારાઓ પસાર કરી શકશે, આવા ધારાઓ અને સુધારાઓ પસાર કરતાં પહેલાં ગવર્નરને ગવર્નર જનરલની સંમતિ લેવાની જરૂર પડશે અને શહેનશાહની છેવટની મંજૂરી મળ્યા બાદ તેનો અમલ થઈ શકશે. સાવ જુદા પાડેલ મુલક (Totally excluded area)ની સંખ્યા આઠની છે જ્યારે સાધારણ જુદા પાડેલ મુલક (Partially excluded area) ની સંખ્યા ૨૮ ની છે. આ પ્રાન્તોના વહીવટનું ખર્ચ ધારાસભાના મતની બહાર રહેશે. તદ્દન જુદા પાડેલ મુલકમાં ગવર્નર પોતેજ વહીવટી સત્તા ભોગવશે જ્યારે સાધારણ જુદા પાડેલ મુલકમાં ગવર્નર તેના પ્રધાનની સલાહ લે પણ તે માન્ય કે અમાન્ય રાખવી તે ગવર્નરની મરજીની વાત રહેશે.

આ મુલકને જુદા પાડવા માટેના કારણોમાં એ દર્શાવેલ છે કે જે મુલક જુદા પાડેલ છે તે હિંદની સરહદ ઉપરનો આવેલ જંગલી મુલક છે. આસામના પહાડો, મદ્રાસના ઘાટો, તથા પંજાબમાં આવેલ કેટલાક મુલકો એવા છે કે જ્યાંની તદ્દન અભણ, જંગલી, અને પછાત કોમોને મતાધિકાર કયા હિસાબે આપવો તે મુશ્કેલ છે; અને તેમાંની પ્રજામાં પોતાનું રાજતંત્ર ચલાવવા જેટલી શક્તિ, જ્ઞાન, અને કેળવણીનો સદંતર અભાવ હોવાથી કોઈ પણ જાતના રાજકીય સુધારાઓ આપવા તેનો અર્થ કાંઈ નથી. પરંતુ સમય જતાં આ જંગલી પછાત કોમો જેમ જેમ સુધરતી જાય તેમ તેમ તેના પ્રદેશને સાધારણ રીતે જુદો પાડેલ મુલક બનાવવો અને સાધારણમાંથી જ્યારે તદ્દન તૈયાર થાય ત્યારે બીજા પ્રાન્તોની જેમ તેને પણ નવા બંધારણના બધા લાભો મળે તેમ ગોઠવણ કરવી તે છે.

પ્રાન્તિક કારોબારી—

૧૯૩૭ ની ૧ એપ્રીલથી હિંદમાં પ્રાન્તિક સ્વરાજ્ય દાખલ કરવામાં આવેલ

છે જેમાં આગળની દ્વિરાજ્યશાસન પદ્ધતિ કાઢી નાખી કારોબારી પ્રધાનમંડળ ધારાસભાને જવાબદાર બનાવવામાં આવેલ છે. આ પ્રાન્તિક સ્વરાજ ચલાવવા મહાસભાએ પણ હોદ્દા સ્વીકાર કરેલ છે, અને આજે હિંદમાં અગ્યારમાંથી લગભગ નવ પ્રાન્તોમાં મહાસભાવાદી કારોબારી રાજ્ય ચાલે છે.

પ્રાન્તીય તંત્રમાં (૧) ગવર્નર, (૨) તેનું કારોબારી પ્રધાનમંડળ, અને (૩) પ્રાન્તીય ધારાસભા એ મુખ્ય અંગો છે.

(૧) ગવર્નર—

ગવર્નરની નિમાણૂક શહેનશાહ હિંદીવજીરની સલાહ મુજબ કરે છે. સાધારણ રીતે જે ગવર્નરો નીમાય છે તે અંગ્રેજ ઉમરાવના વર્ગમાંથી આવે છે. પ્રાન્તની કારોબારી સંસ્થાના ગવર્નર વડા તરીકે રહે છે, અને શહેનશાહના પ્રતિનિધિ તરીકે કામ કરે છે. પ્રાન્તની શાંતિ અને સુવ્યવસ્થા માટે ગવર્નર જવાબદાર ગણાય છે, અને આ માટે ગવર્નરને ખાસ સત્તાઓ પણ આપવામાં આવેલ છે.

કારોબારી પ્રધાનમંડળ

ગવર્નર પોતાના પ્રાન્તનું શાસન લોકમત પ્રમાણે કરી શકે તેટલા માટે ગવર્નરને મદદનીશ પ્રધાનમંડળ આપવામાં આવેલ છે. આ પ્રધાનો ધારાસભાના બહુમતિ પક્ષમાંથી ચુંટાશે. કેટલા પ્રધાનો ચુંટવા તે ગવર્નરની મરજી તથા પ્રાન્તોની જરૂરીયાત પ્રમાણે છે. પ્રધાનોની સંયુક્ત જવાબદારી માટે ક્યાંય કાયદામાં જોવામાં આવતું નથી પણ આ વસ્તુ રૂઢીથી કેળવી શકાય છે. આમ કરવા માટે ગવર્નરને સૂચના પત્ર (Instrument of instruction) આપવામાં આવે છે, જેમાં આ વસ્તુનો ઉલ્લેખ કરવામાં આવે છે.

પ્રધાનો ગવર્નરને સલાહ આપી રાજતંત્ર ચલાવવામાં સહાય કરશે સિવાય કે ગવર્નર પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણેની સત્તાનો ઉપયોગ કરે. પ્રધાનોને ચુંટવા, બોલાવવા કે બરતરફ કરવા એ બધી ગવર્નરની સત્તા છે. કારોબારી કામ ચલાવવા પ્રધાનોને અમુક અમુક ખાતાઓ પણ સોંપવામાં આવશે. ગવર્નર આ કારોબારી પ્રધાન મંડળના પ્રમુખ રહે છે, અને આ પ્રધાનમંડળમાંથી જ એક વડા પ્રધાન ચુંટવામાં આવે છે. પણ આ વડા પ્રધાનનું અસ્તિત્વ હજુ સુધી કાયદામાં જાણીતું નથી થયું. જ્યારે કોઇ પણ જાતની ગવર્નર અને પ્રધાન મંડળ વચ્ચે અણસમજુતી અને અસંમતિ ઉત્પન્ન થાય ત્યારે પ્રધાન-

મંડળને રાજીનામું આપી છુટા થવાનું રહે. આમ થાય તો બહુમતિ પક્ષ પછીના પક્ષને ગવર્નર પ્રધાનમંડળ રચવાનું આમંત્રણ આપે, અને તે પક્ષ પણ પ્રધાનપદાં સ્વીકારવાની ના પાડે તો છેવટે ધારાસભામાં ન હોય તેવા માણસોને ગવર્નર પ્રધાન પદે નીમી શકશે. પરંતુ આમાં નિમણૂકથી છ મહીનાની અંદર તે પ્રધાનને ધારાસભાના સભ્ય થવું પડશે. જો ધારાસભામાં સભ્ય ન થઈ શકે તો તેને છુટા થવું પડે. જો ધારાસભામાંથી કોઈ પણ પક્ષ પ્રધાનપદાં સ્વીકારવાની ના પાડે, અને ગવર્નર ધારાસભા બરખાસ્ત કરી ફરીવાર ચુંટણી કરે, અને તેમાં પણ તેજ પક્ષ બહુમતિ ધરાવે તો પછી બંધારણ પ્રમાણે કામ ન ચાલે ત્યારે પ્રધાનોનું કામ ગવર્નર આટોપી લે અને પોતે ચલાવે.

પ્રધાનપદ સ્વીકારતાં પહેલાં રાજભક્તિના શપથ લેવા પડે છે, અને આ સોગંદ વિધિ કરવા નાકબુલ થાય તે પ્રધાન ન થઈ શકે. દરેક પ્રાન્તોના પ્રધાનોની સંખ્યા ત્યાંની સ્થાનીક જરૂરીયાત પ્રમાણે રાખવામાં આવે છે, અને પ્રધાનોના પગાર, ભથ્થું વગેરે ધારાસભા નક્કી કરે છે. મહાસભાવાદી પ્રધાનોએ પોતાના પગારનું ધોરણ રૂા. ૫૦૦ના માસિક દરમાયાનું રાખેલ છે. દરેક પ્રધાનને એક સરકારી મંત્રી આપવામાં આવે છે. પ્રધાનોને કામ કરવાની મુદ્દત સાધારણ રીતે પાંચ વર્ષની રહે છે, અને પાંચ વર્ષ પછી નવા ચુંટાઈ આવે. કારણ કે પ્રધાનો નીચેની ધારાસભાના સભ્યો હોય છે, અને નીચેની ધારાસભાનું આયુષ્ય પાંચ વર્ષનું હોય છે. પાંચ વર્ષ પછી ધારાસભાની નવી ચુંટણીમાં જુના સભ્યો પાછા ઉમેદવારી કરી શકે છે, અને જો તેઓ ફરીવાર ચુંટાઈ આવે અને બહુમતિ પક્ષના હોય તો તેઓને ફરીવાર પ્રધાન ચુંટવામાં ખાસ હરકત રહેતી નથી. પ્રધાનો ગવર્નરને સલાહ આપશે, પરંતુ તે સલાહ મુજબ ગવર્નરને વર્તવું જ જોઈએ તેમ નથી. પણ બહુધા લોકમત સામે તથા વગર જોઈતું ઘર્ષણ ઉભું ન કરવા ગવર્નરો પ્રધાનોની સલાહ માન્ય રાખે છે.

પ્રધાનોની સત્તા

આ બધું જોતાં આપણને સ્વાભાવિક રીતે એમ થાય કે પ્રધાનોના હાથમાં સત્તા કેટલી રહે ? જ્યાં સુધી ગવર્નર દરમ્યાનગીરી ન કરે ત્યાં સુધી પ્રધાનો સીધી રીતે કામ કરી શકે છે, અને અત્યારે કરે છે તે આપણે જોઈ શકીએ છીએ. પરંતુ જ્યારે પ્રાન્તમાં રાજકીય અશાન્તિ વ્યાપે ત્યારે તે સત્તા ગવર્નર પોતાના હાથમાં લઈ શકે છે. કારોબારીનાં બધાં ખાતાંઓ

પ્રધાનોને સોંપી દેવામાં આવેલ છે તે ખરૂં પણ જ્યારે પ્રધાનોને ખરી કાર્યશક્તિ બતાવવાનો સમય આવે ત્યારે તે સત્તા કોની પાસે રહી શકે તેની પ્રધાનોને ખાત્રી ન રહે, એટલે માત્ર સહકાર અને સલાહસંપની વૃત્તિ હોય ત્યાં સુધી જ ટકી શકે. પ્રધાનોની વાસ્તવિક સ્થિતિ તપાસશું તો એમ લાગે કે પ્રધાનોએ માત્ર ગવર્નરની મીઠી નજર પર જીવવાનું, પરંતુ જ્યાં સુધી ગવર્નર વચમાં દખલ ન કરે ત્યાં સુધી તો પ્રધાનો પોતપોતાનું કામ અવિરતપણે ચાલુ રાખી શકશે, અને આવી દખલગીરી ન કરવાની શરતે મહાસભાએ પ્રાન્તિક તંત્ર ચલાવવાની હામ ભીડી છે. કટોકટીના સમયમાં પ્રધાનોની સઘળી સત્તાઓ ગવર્નર ધારણ કરી શકે છે અને એકહથ્થુ રાજ્ય-વહીવટ ચલાવી શકે છે.

ગવર્નરની સત્તાઓ

કોઈ પણ કાયદાની ગુંચ ઉકેલવા માટે, તે ગુંચનો નીવેડો લાવવા માટે ગવર્નર એક એડવોકેટ જનરલની નીમણુંક કરે છે. આ એડવોકેટ જનરલને કેટલો પગાર, ભથ્થું આપવું તે બધું ગવર્નર પોતે નક્કી કરે છે. ઉપરાંત એટવોકેટ જનરલને રૂખસદ આપવાની સત્તા પણ ગવર્નર ભોગવે છે.

ગવર્નરની સત્તાના ત્રણ વિભાગો થાય છે. (૧) જે બાબતોમાં પ્રધાનોની સલાહ મુજબ વર્તવાનું રહે, (૨) જેમાં ગવર્નરની વિવેકબુદ્ધિ પ્રમાણે કામ કરવાનું, (૩) જેમાં પ્રધાનોની સલાહની વિરૂદ્ધ જઈ શકે તેવી તેના વ્યક્તિગત અભિપ્રાય રૂએની સત્તાઓ.

ગવર્નર પોતે તેના પ્રધાનોની સંમતિ અને સલાહ વિના બે બાબતોમાં સત્તા વાપરી શકે છે. (૧) પ્રથમ એ કે જેમાં ગવર્નર પોતાનો અંગત અભિપ્રાય વાપરવાના હોય અને આમાં સાત વસ્તુઓનો સમાવેશ થાય છે.

૧ પ્રાંતની સુલેહશાંતિ માટે ખાસ સંભાળ રાખવી,

૨ થોડી રીતે જુદા પાડેલ મુલકનો વહીવટ,

૩ લઘુમતિ,

૪ જાહેર નોકરી, બ્રિટિશ વેપાર ઉદ્યોગ,

૫ રાજાઓ અને રાજસ્થાનોના હક્કો તથા હીતો જાળવવાં,

૬ પ્રધાનમંડળ દ્વારા ધારાસભામાં રજુ થતા ખરડા ઉપર નિયમન રાખવું,

૭ ગવર્નર જનરલની વિવેકબુદ્ધિવાળી સત્તા રૂએના આદેશોનું અનુપાલન,

આટલી ગવર્નરની ખાસ જવાબદારીઓ છે. આ ઉપરાંત ગવર્નરને એમ

લાગે કે પ્રાન્તમાં અશાંતિ ઉત્પન્ન થાય એવું વાતાવરણ છે, અગર તો તાજની સત્તા ભયમાં છે, તો તે પોતાની સત્તાથી પ્રધાનો પાસેથી બધો રાજ્યવહીવટ પોતાની પાસે લઈ લે, અને પોતે એકહથ્થુ સત્તાથી રાજ્ય ચલાવે. આ ઉપરાંત પોલીસબળની વ્યવસ્થા તથા શિસ્ત માટેના ધારાધોરણો ઘડવાં, ઉપજ લેવા અને પૈસા ભરવા સંબંધી કાયદા કરવા, તથા ઉપરની નોકરીમાં નિમણૂકો કરવી વગેરે સત્તા ગવર્નર પાસે રહે છે. આ ખાસ જવાબદારીઓ વાળી સત્તા વાપરવામાં ગવર્નર પોતાના વ્યક્તિગત અભિપ્રાય મુજબ વર્તશે. આમાં પ્રધાનો સલાહ આપશે પણ તે પ્રમાણે વર્તવું કે કેમ તે ગવર્નરની મરજીની વાત છે.

(૨) ગવર્નરની વિવેકશક્તિ વાપરવાની સત્તા

(૧) ગવર્નર પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે હિંસાવાદીઓ, ક્રાન્તિકારી ચળવળો, અને મોટા ગુન્હાઓ દબાવી શકશે, (૨) વિવેકબુદ્ધિ અંગેની સત્તાની મર્યાદા ગવર્નર પોતેજ નક્કી કરશે, (૩) ઉપરાંત આ બાબતોમાં છુપી પોલીસના રીપોર્ટો અમુક અધિકારીઓને આપવા બાબત નિયમો અને ધારાધોરણો ઘડશે, (૪) જ્યારે ગવર્નરને એમ થાય કે અમુક ખાતું તેના પ્રધાનો બરાબર સંભાળી શકતા નથી, અગર તો કોઈ પણ ક્રાન્તિકારી ચળવળ દાબીદેવા માટે જરૂર લાગે ત્યારે કોઈ પણ ખાતાનો વહીવટ ગવર્નર પોતે સંભાળી શકશે, (૫) ગવર્નર પોતાની ખાસ સત્તાની રૂએ મંત્રી મંડળ (Secretarial Staff) રાખી શકશે, (૬) હિંસાવાદી પ્રવૃત્તિ સામે કામ ચલાવવા માટે પ્રાન્તીય ધારાસભામાં ગવર્નર પોતે એક અધિકારી પ્રધાન (official minister)ની નિમણૂક કરી શકશે.

પ્રાન્તનું દરેક કારોબારી કાર્ય ગવર્નરના નામે થશે. ગવર્નર જુદા જુદા પ્રધાનોને ખાતાઓ સોંપશે અને આખાય પ્રાન્તના કારોબારી વહીવટ માટે ગવર્નર હકીકત માગી શકશે. કોઈ પણ બાબતમાં ગવર્નરની પોતાની ખાસ સત્તા તથા જવાબદારી વાપરવી પડે તેવા કાર્યો બતાવવા તેના ખાસ નીમેલા મંત્રીને તે યોગ્ય સત્તા આપશે. નવા બંધારણને લગતું એક સૂચનાપત્ર (Instrument of instructions) દરેક ગવર્નરને શહેનશાહ તરફથી મોકલવામાં આવે છે.

ગવર્નરને સૂચના પત્ર

ગવર્નર જનરલ તથા ગવર્નરોને આપવામાં આવેલ સૂચનાપત્રો ઘણી

બાબતોમાં જેવી કે પ્રધાનો ચુંટવા તથા ધારાસભાના તથા પ્રધાનમંડળના કાર્યક્ષેત્રમાં ડખલગીરી ન કરવા બાબતોમાં હોય છે.

ગવર્નર ધારાસભામાં કોઈ પણ બીલ ત્યારે જ અટકાવી શકે કે તેને લાગે કે તે બીલથી હિંદની શાંતિ અને વ્યવસ્થા ભયમાં આવી પડે. ઉપરની રાજસભામાં નિમણૂકો કરવામાં ગવર્નર સ્ત્રીઓ અને દલિત વર્ગને બેઠક આપશે. ગવર્નર જનરલની વિચારણા માટે અમુક બીલો ગવર્નર રાખી મુકશે, અને જે બીલોમાં તેની પ્રાથમિક સંમતિની જરૂર પડે છે તેમાં તે મંજૂરી બહુધા આપશે. ઉપરાંત ગવર્નર જાહેર નોકરીમાં દરેક કોમને નોકરી મળે તે ધ્યાન રાખશે.

(૨) ગવર્નરની કાયદા ઘડવાની સત્તા

ગવર્નરને કારોબારી સત્તા ઉપરાંત કાયદા ઘડવાની સત્તા પણ ઘણી જ વિશાળ છે. આ સત્તામાં ઓર્ડીનાન્સ અને ગવર્નર્સ એકટ કાઢવાનો સમાવેશ થાય છે. જ્યારે ધારાસભા ચાલુ બેઠકમાં ન હોય અને ગવર્નરને એમ જણાય કે કોઈ જરૂરી કામ માટે કાયદાની જરૂર છે તો તે ઓર્ડીનાન્સ કાઢી શકે છે. અને આ ઓર્ડીનાન્સ પ્રાન્તીય ધારા સમક્ષ ધારાસભા મળે ત્યાંથી ૬ અઠવાડીયા બાદ રજુ થશે, અને જો ધારાસભા રદ કરે તો તે રદ ગણાય. જ્યારે ગવર્નરને જણાય કે તેની ખાસ સત્તાની રૂએ કરવાના કાર્યો માટે ઓર્ડીનાન્સની જરૂર છે, તો તે ઓર્ડીનાન્સ અમલમાં મુકી શકે છે. દરેક ઓર્ડીનાન્સ ૭ માસ સુધી ચાલી શકે છે અને તે અમલમાં મુકતાં પહેલાં તેમાં ગવર્નર જનરલની સંમતિ લેવાની જરૂર રહે છે. ૭ માસ ઉપરાંત ઓર્ડીનાન્સ ચલાવવા માટે ગવર્નરને ગવર્નરજનરલ દ્વારા પાર્લામેન્ટની મંજુરી માગવી પડે છે. ગવર્નર કોઈપણ ઓર્ડીનાન્સ પાછા ખેંચી લેશે. આ ઓર્ડીનાન્સ શહેનશાહ પણ રદ કરી શકે છે. ઓર્ડીનાન્સ કાઢતા પહેલા ગવર્નરને તેના પ્રધાનોની સલાહ લેવાની છે, પણ પોતાની ખાસ સત્તા પ્રમાણે તે ઓર્ડીનાન્સ કાઢી શકશે.

ગવર્નરનો કાયદો–(Governor's Act).

ઓર્ડીનાન્સ ઉપરાંત ગવર્નરને કેટલાક કાયદાઓ પસાર કરવાની સત્તા પણ આપવામાં આવેલ છે, અને તેનો ખાસ સત્તા રૂએ જ અમલ થઈ શકશે. આમાં ગવર્નર પહેલાં કે પછી પ્રાન્તીય ધારાસભાની સંમતિ લેશે અને તે કાઢતાં પહેલાં ગવર્નર જનરલની મંજૂરી માગવી પડશે. આ કાયદાઓ

પાર્લામેન્ટ સમક્ષ મૂકવા પડે છે, અને પાર્લામેન્ટ તે રદ કરી શકવા સમર્થ છે. આ સિવાય દરેક ખરડો જે ધારાસભા પસાર કરે તેની પર ગવર્નર મંજૂરી આપે અગર ન આપે અથવા તો વધુ વિચારણા માટે મુલત્વી રાખે અગર ધારાસભાને પાછો મોકલી શકે છે. કેટલાક ખરડાઓ દાખલ કરતાં પહેલાં પણ ગવર્નરની પરવાનગીની જરૂર પડે છે. એટલે ગવર્નરની પાસે ધારાસભાએ પસાર કરેલ કોઈ પણ બીલ નામંજૂર કરવાની (Veto power) વિશાળ સત્તા છે.

ગવર્નર ધારાસભાને બરખાસ્ત કરવી હોય, અગર મુલ્તવી રાખવી હોય તો બરખાસ્ત અગર મુલ્તવી રાખી શકે છે, અને જ્યારે તેને ધારાસભાને બોલાવવાની ઇચ્છા થાય ત્યારે બોલાવી પણ શકે છે. ગવર્નર ધારાસભાના સભ્ય નહિ ગણાય એટલે ધારાસભામાં આવી શકે, ભાષણ આપે, સલાહ આપે પરંતુ મત આપી શકશે નહિ. એડવોકેટજનરલ ધારાસભાની બેઠકમાં આવી શકે પણ જો સભ્ય હોય તો જ મત આપી શકે.

આ ઉપરાંત ગવર્નર કોઈ પણ બીલ પેશ થતાં અટકાવી શકે, બીલ પેશ થયા પછી તેનું કામ અટકાવી શકે, બીલ ફરી વિચારણા માટે ધારાસભાને ફરીથી મોકલી શકે, કોઈ પણ બીલ નામંજૂર કરવાની સત્તા (Veto power) વાપરી શકે, કોઈ પણ બીલ શહેનશાહની સંમતિ માટે રાખી મુકે, અગર તો શાહી સંમતિ ન આપવા ઉપરાંત ધારાસભાની સંમતી સાથે કે વીના ઓર્ડીનાન્સો અને ગવર્નરના કાયદા પસાર કરે, અને કેટલાક જુદા પાડેલા મુલક માટે ધારાધોરણો અને કાયદા કાનુન ઘડી શકશે, અને ધારાસભાના કામકાજ માટે કોઈ પણ જાતના ધારાધોરણ ઘડીશકશે, એટલું જ નહિ પણ પોતાથી ખાસ સત્તાવાળા ખાતાના તેમજ નાણાપ્રકરણી બાબતોનું વખતસર કામકાજ માટે પ્રમુખની સલાહ પ્રમાણે તે ધારાધોરણો ઘડશે.

(૩) **નાણા પ્રકરણી બાબતો**માં પણ ધારાસભાએ કોઈ પણ ખર્ચ નામંજૂર કર્યું હોય તે મંજૂર કરવા, અગર મંજૂર કરેલ ખર્ચ નામંજૂર કરવાની (Powers of certification) સત્તા છે. ઉપરાંત ધારાસભાએ મંજૂર કરેલ રકમો તે રદ કરી શકે અગર તો ઘટાડી પણ શકે છે. કોઈપણ વખત વધુ ખર્ચ કરવા જરૂર પડે તો ગવર્નર પુરવણી બજેટ મંજૂર કરી શકે છે.

(૪) **બંધારણ આરોપી લેવાની સત્તા**—જ્યારે ગવર્નરને એમ જણાય કે ૧૯૩૫ ના કાયદા પ્રમાણે રાજ્યવહીવટ ચાલી શકે તેમ નથી ત્યારે

હાઇકોર્ટના કાયદા સિવાય બંધારણુ મોકુફ રાખવાની ગવર્નર પાસે સત્તા છે. આને માટે ગવર્નરને એક જાહેરનામું બહાર પાડવું પડે છે, જે જાહેરનામું તે રદ કરી શકે છે અગર તો તેમાં સુધારાવધારા કરી શકે છે. આ જાહેરનામાઓમાં પ્રાન્તનો વહીવટ અમુક રીતે ચલાવવા માટેની સઘળી જરૂરી વસ્તુઓનો ઉલ્લેખ કરવો પડે છે. પ્રધાન મંડળને આ બાબતમાં સલાહ આપવાનો હક્ક નથી. આ જાહેરનામું હિંદી વજીર દ્વારા પાર્લામેન્ટ સમક્ષ પેશ થશે, અને તે પસાર કરે તો બાર માસ સુધી ચાલી શકે, નહિતર તે છ માસ સુધી ચાલશે. જ્યારે ગવર્નર ધારાસભાની સઘળી સત્તા અખત્યાર કરે ત્યારે પસાર કરેલ કાયદાઓ જાહેરનામું રદ થયા પછી બે વર્ષ સુધી ચાલી શકશે. પણ આ બે વર્ષ દરમ્યાન કોઈપણ કાયદો ધારાસભા રીતસર ચાલુ રાખે અગર તો રદ કરી શકશે. આવાં જાહેરનામાં રદ કરવાની પણ ગવર્નરને તેની ખાસ સત્તાઓની રૂએ અધિકાર છે.

આમ ગવર્નરની સત્તાઓ તપાસ શું તો તે પ્રાન્તિક તંત્રના દરેક ક્ષેત્રમાં અમાપ છે. પ્રાન્તિક તંત્રમાં છેવટની બધી સત્તાઓ ગવર્નરના હાથમાં જ રહે છે.

ગવર્નરને સોંપવામાં આવેલ સાત જવાબદારીઓ ઘણી જ મહત્વની છે. આ જવાબદારીઓના વર્તુલમાંથી પ્રાન્તોને સ્વતંત્ર શ્વાસોશ્વાસ લેવો ઘણો જ મુશ્કેલ છે. જો કે ૧૯૧૯ ના ધારાઓ કરતાં ૧૯૩૫ ના સુધારાઓથી પ્રાન્તોને ઘણું મળ્યું કહેવાય, પરંતુ સમવાયતંત્રમાં પ્રાન્તોની જે સ્વતંત્રતા જોઈએ તેનો તો જરૂર અભાવ કહી શકાય. ગવર્નરની ખાસ સત્તાઓ તપાસશું તો માલુમ પડે છે કે ગવર્નરને શાંતિ સુલેહનો ભંગ થાય ત્યારે તે દાબી દેવાની સત્તા આપવામાં આવેલ છે. આ સત્તાદ્વારા ગવર્નર કોઈ પણ જાતની પ્રજાકીય ચળવળ કે રાષ્ટ્રીય ચળવળને દબાવી દેવા તત્પર થઈ શકે. પ્રજાતંત્રવાદમાં તો બધા પક્ષોને પોતાના અભિપ્રાયો સ્પષ્ટ રીતે જણાવવા અને રાષ્ટ્રભાવનાનો વિકાસ કરવા સંપૂર્ણ છુટ હોય છે. આ સિવાય ગવર્નરને લઘુમતિનું રક્ષણ કરવાની સત્તાઓ આપવામાં આવેલ છે. મતદારોના વર્ગ ધર્મ અને કોમો પ્રમાણે ક્યાંય જોવામાં આવતા હોય તો તે હિંદુસ્તાનમાં જ છે. કોમી મતાધિકારથી હિંદની દશા હંમેશને માટે વિભક્ત અને કોમી વિખવાદોથી ભરપુર રહેશે. હિંદનું ઐક્ય આવી જાતની વિભક્ત મતાધિકાર અને લઘુમતિઓને રક્ષણ આપવાની સત્તાઓથી સદાય માટે જોખમમાં રહે છે. લઘુમતિઓનું સંરક્ષણ થવું જોઈએ તે ખરૂં પણ તે સંરક્ષણ કરવાની સત્તા-

દ્વારા લઘુમતિઓ હમેશને માટે તકરાર કર્યા કરે અને વધુ જોરદાર રાષ્ટ્રીય પક્ષને નબળો પાડવા માટે તે સત્તાનો ઉપયોગ થાય, તો જરૂર આ સત્તા અસ્થાને અને અયોગ્ય ગણાય. આ સિવાય સીવીલ સર્વિસના નોકરોને અને તેના હાથ નીચેના અમલદારોને નવાબંધારણમાં ગવર્નરના હાથ નીચે સંપૂર્ણ સંરક્ષણ મળે છે. આ સત્તા દ્વારા પ્રધાનો સીવીલ સર્વિસના નોકરો ઉપર જરા પણ અંકુશ મૂકી શકવા અશક્ત બને છે, તેમજ ધારાસભા પણ આ નોકરોની સામે આંગળી ઉંચી કરી શકવા અશક્ત રહે છે. સીવીલ સર્વિસના નોકરોના પગારો, ભથ્થા, તથા પેન્શન વગેરે જોતાં આવું રક્ષણ તેમને મળે તેમાં નવાઇ નથી. જો કે હજુ સુધી પ્રધાન મંડળો અને સીવીલ સર્વિસ વચ્ચે કોઇ પણ જાતનું ઘર્ષણ થવા પામેલ નથી, પણ જ્યાં સુધી સીવીલ સર્વિસના નોકરો પ્રધાન મંડળની સત્તા નીચે ન મુકાય, ત્યાં સુધી પ્રજાની સત્તાઓ શંકાશીલ નજરે જોવાય છે તેમ તો જરૂર કહી શકાય.

આ ઉપરાંત બ્રિટિશ વેપારી હિતોનું સંરક્ષણ કરવા માટે પણ ગવર્નરને ખાસ સત્તા છે. બ્રિટિશ વેપારી પેઢીઓ અને કમ્પનીનાં વેપારી હિતો હિંદમાં અવિરત અને અબાધિત રહે એટલા માટે આ સત્તા પ્રધાનો પાસે રાખવામાં આવેલ નથી. રખેને પ્રધાનો પ્રાંતના હિતાર્થે અમુક બંધનો પરદેશી પેઢીઓ પર નાખે તો બ્રિટિશ વેપારી હિતોને નુકસાન થવા સંભવ રહે.

પ્રાન્તિક સ્વરાજ નામે જે છુટછાટો અપાયેલ છે તેમાં એટલી બધી સાવચેતીઓ અને સલામતીઓ છે કે ખરી રીતે જોશું તો ગવર્નર ધારે તે કરી શકે છે. જો ગવર્નરની સત્તામાંથી સાવચેતીઓ અને સલામતીઓ બાદ કરવામાં આવે તો જ પ્રાન્તિક તંત્રમાં કાંઇ છુટછાટ મળી ગણાય. આજે ગવર્નરોએ પોતાની આ સત્તાનો પરચો હજુ કોઇ પ્રાન્તમાં કરાવ્યો નથી. હજુ ફેડરેશન આવ્યું નથી, ફેડરેશન સામે અખિલ હિન્દનો વિરોધ તો હજુએ ડોળા કાઢે છે, એટલે ફેડરેશન દાખલ કરવા માટે પ્રાન્તિક તંત્ર જો સફળતાથી ચાલે તો જ માણસો ને બ્રિટિશતંત્રની જાહેર કરેલ મુરાદોમાં વિશ્વાસ બેસે, આ હેતુથી પણ આજે તો ગવર્નરો તેના પ્રધાનોની રાષ્ટ્રીય વિકાસના ખાતાઓના વિકાસની પ્રવૃત્તિ સામે લેશ પણ આડા આવતા નથી. આજે બધા પ્રાન્તોમાં હિન્દીઓના સફળ વહીવટ માટે બ્રિટિશ મુત્સદ્દીઓએ પ્રશંસાના પુષ્પો વેર્યા છે. આ પ્રશંસા પાછળ ફેડરેશનને ધકેલી દેવાની શુભ નેમ હોય તેમ કેટલાક માને, પરંતુ ખરી રીતે જોતાં પણ અત્યારે પ્રાન્તિક વહીવટ ઘણો જ સફળતાથી ચાલે છે. ગવર્નરને હજુ સુધી શાંતિ, કાયદો, સુવ્યવસ્થા,

લઘુમતિનું સંરક્ષણુ કે બ્રિટિશ વેપાર ઉદ્યોગ સામે ભેદભાવ અગર તો રાજસ્થાનોના હક્ક હિતો માટે તેને સોપવામાં આવેલ ખાસ સત્તાઓનો ઉપયોગ કરવાનો અવકાશ કે અવસર મળ્યો નથી. આજે રાજસ્થાનોના તંત્ર માટે જે જુવાળ ઉપડયો છે તેથી કયારે આ સત્તાનો ઉપયોગ કરવો પડે અગર તો બંધારણીય કટોકટી ઉભી થાય તે કહેવું કઠીન છે. આ બધું જોતાં પ્રાન્તોમાં ગવર્નરનું આધિપત્ય સર્વોપરી જણાય છે.

પ્રાન્તીય ધારાસભાનું સત્તાક્ષેત્ર

પ્રાન્તોને પોતાના કાયદા ઘડવા ધારાસભાઓ આપવામાં આપેલ છે. જે જે વસ્તુઓના કાયદા કરવાનો પ્રાન્તોને હક છે તેટલા પુરતી પ્રાન્તોને કારોબારી સત્તા આપવામાં આવેલ છે. કાયદા ઘડવાના ચોકસ વિષયો પ્રાન્તોને અપાતાં પ્રાન્તો અને ફેડરેશનની કારોબારી સતા વચ્ચેનો તફાવત એકદમ જણાઈ આવે છે. પ્રાન્તોને કાયદા ઘડવા જેટલી કારોબારી સત્તા છે પણ ફેડરેશનમાં તેમ નથી. મધ્યસ્થ તંત્રની કારોબારી સત્તા ધારાસભાની કાયદા ઘડવાની સત્તા કરતાં ઘણી જ વિશાળ છે.

સત્તાની વહેંચણી

કાયદા ઘડવાની સત્તાની વહેંચણી માટે નવા બંધારણમાં ત્રણ પરિશિષ્ટો કરવામાં આવેલ છે, જેમાં એક માત્ર સમવાય ધારાસભાઓ માટે, બીજું પ્રાન્તીય ધારાસભા, અને ત્રીજું સંયુક્ત વિષયો પરત્વે ત્રણ લીસ્ટ કરવામાં આવેલ છે. જગતના બીજા સમવાયતંત્રોમાં આમ નથી હોતું. યુનાઈટેડ સ્ટેટસ, સ્વીટઝર્લેન્ડ, ઓસ્ટ્રેલિયા અને જર્મનીમાં સમવાયતંત્રને અપાએલ સત્તાની રીતસર ગણત્રી કરવામાં આવે છે, અને તે સિવાયની બીજી બધી સત્તા પ્રાન્તોને સોંપવામાં આવે છે, કારણુ કે જોડાયેલા પ્રાન્તો ત્યાં સ્વતંત્ર રહે છે. કેનેડાના બંધારણમાં પ્રાન્તો અને સમવાયતંત્રને આપવામાં આવેલ સત્તાનાં લીસ્ટો કરવામાં આવેલ છે. હિંદમાં પણ તેમજ કરવામાં આવેલ છે. હિંદમાં સમવાયતંત્રને રાષ્ટ્રીય બાબતોની લગતી તમામ સત્તા આપવામાં આવેલ છે. પ્રાન્તો અને રાજ્યો ને સ્થાનિક જરૂરીયાતો પુરતા જુદા અને સંયુક્ત સત્તાના વિષયો સોંપવામાં આવેલ છે. આમ સત્તાની વહેંચણી નીચે મુજબ આવેલ છે.

(૧) જે સત્તા માત્ર સમવાયતંત્રને પ્રાન્તો અને રાજસ્થાનો પુરતી આપવામાં આવેલ છે.

(૨) જે માત્ર પ્રાન્તો પુરતી જ છે.

(૩) જે પ્રાન્તો સાથે સંયુક્ત સત્તા (Concurrent authority) રહે છે.

આમ મધ્યસ્થ ધારાસભા માટે ૫૯ વિષયો, પ્રાન્તો માટે ૫૪ અને બન્નેના સંયુક્ત એવા ૩૬ વિષયો પહેલેથી જ નક્કી કરવામાં આવેલ છે.

આ વિષયોમાં કાયદા ઘડવાની કોઈ પણ શકય બાબતનો સમાવેશ થઈ થઈ જાય છે. છતાં પણ આ ગણત્રીથી નક્કી કરેલ વિષયો સિવાયનો કોઈ પણ વિષય ઉદ્ભવે તો ગવર્નર જનરલને તે વિષય પ્રાન્તનો છે કે સમવાયતંત્રનો તેનો નિર્ણય કરવાનો હક છે. યુનાઈટેડ સ્ટેટસ, ઓસ્ટ્રેલિઆ અને સ્વીટઝર્લેન્ડમાં આ અવશેષ સત્તા જોડાએલા વિભાગોને આપવામાં આવેલ છે, પણ કેનેડા, દક્ષિણ આફ્રિકાના જર્મન પ્રજાસત્તાકમાં આ અવશેષ સત્તા મધ્યસ્થ તંત્ર પાસે છે. પરિણામ એ આવે છે કે આવા દરેક દેશમાં આ નક્કી કરવા માટે કોર્ટોનો આશ્રય લેવો પડે છે. પણ હિન્દમાં આ થવાને અવકાશ રહ્યો નથી, કારણ કે કોઈ પણ વિષય પ્રાન્ત કે ફેડરેશનનો છે તેનો નિર્ણય ગવર્નર જનરલ પોતે જ કરે છે. સત્તાની વહેંચણી તપાસશું તો આપણને સ્પષ્ટ રીતે માલુમ થાય છે કે કેટલીક બાબતોમાં સમવાયતંત્રની સત્તા ઘણી જ ઉપરવટની રહે છે.

(૧) કલમ ૧૦૨ (૨) પ્રમાણે કોઈ પણ કાયદો પ્રાન્તના કાયદાથી વિરૂદ્ધ હોય તો સમવાયતંત્રનો કાયદો રહેશે.

(૨) ૧૯૩૫ ના કાયદાના ભાગ ૬ માં ફેડરેશન, પ્રાન્તો અને રાજ્યોના વહીવટ સંબંધમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે તે પ્રમાણે દરેક પ્રાન્ત અને સમવાયી રાજસ્થાનની કારોબારી સત્તા એવી રીતે ભોગવાશે કે જેથી કરીને ફેડરલ કાયદાનું વર્ચસ્વ વધુ સચવાઈ શકશે.

(૩) સંયોજીત રાજસ્થાનોની કારોબારી સત્તા એવી રીતે અમલમાં રહેશે કે જેથી કરીને ફેડરેશનની કારોબારી સત્તાને લેશ માત્ર પણ આંચ નહિ આવી શકે.

(૪) ગવર્નર જનરલ પોતાની વિવેક બુદ્ધિની સત્તાએ રૂએ પ્રાન્તના ગવર્નરને પ્રાન્તની સુલેહ શાન્તિ જાળવવા માટે હુકમો આપી શકશે.

(૫) કોઈ પણ વખતે સુલેહ શાંતિનો ભંગ થવાનો ભય હોય ત્યારે સમવાયી ધારાસભા બીજા પ્રાન્તો માટે કાયદાઓ ઘડી શકશે.

૫

(૬) ગવર્નર જનરલ ગવર્નરને તેના એજન્ટ તરીકે પરદેશ, રક્ષણ ધાર્મિક, અને જાતોના મુલક બાબતોમાં કોઈ પણ કામ કરવા આદેશ કરી શકશે.

(૭) ફેડરેશનને લગતી કોઈ પણ બાબત મધ્યસ્થ સરકાર પ્રાન્તિક સરકાર અગર સંયોજીત રાજસ્થાનને સોંપી શકશે અને તેના માટે તેને યોગ્ય મહેનતાણું પણ આપશે.

(૮) કોઈ પણ પ્રાન્તો પોતાના ક્ષેત્રમાં કાયદાનું સામ્ય જાળવી રાખવા મધ્યસ્થ ધારાસભાને કાયદા ઘડવા માટે અરજ કરે તો તે પ્રમાણે મધ્યસ્થ ધારાસભા કરી શકશે.

(૯) જરૂરી સમયે ગવર્નરજનરલ આખુંય બંધારણ આટોપી શકે છે અને બધી સત્તા પોતે ગ્રહણ કરી શકે છે. આ ઉપરથી એમ થાય છે કે પ્રાન્તીય ધારાસભાની ઘણી ખરી સત્તાઓ મધ્યસ્થ તંત્રને અનુવર્તીને રહે છે. મધ્યસ્થ તંત્ર પાસે પ્રાન્તોના ભાવી માટે અમાપ સત્તાઓ છે. પરંતુ પ્રાન્તિક સરકાર અને મધ્યસ્થ સરકાર બન્નેના કાયદા ઘડવાના ક્ષેત્રો નક્કી કરવામાં આવેલ હોવાથી વગર જોઈતી બન્ને વચ્ચે અથડામણ થવાનો સંભવ ઓછો છે.

પ્રાન્તીય ધારાસભા

કેટલાક પ્રાન્તોમાં એક ધારાસભા આપવામાં આવેલ છે, જ્યારે કેટલાકમાં બે રાખવામાં આવેલ છે. બંગાલ, સંયુક્ત પ્રાન્તો, મદ્રાસ, મુંબઈ, બિહાર અને આસામમાં બે ધારાસભાઓ રાખવામાં આપેલ છે, જ્યારે બીજામાં માત્ર એક જ ધારાસભામાં રાખવામાં આવેલ છે. મોન્ટેફોર્ડ સુધારાઓમાં બધે એક જ ધારાસભા હતી. પણ આ નવા બંધારણમાં આટલી નવીનતા દાખલ કરવામાં આવેલ છે. પ્રાન્તોમાં બે ધારાસભા કરવા માટે સેન્ટ્રલ કમિટિ, સાઈમન કમિશમ તથા નહેરુ કમિટિના અહેવાલોમાં તે બધા એક જ ધારાસભા રાખવાની તરફેણમાં છે તેમ જણાવ્યું છે. પ્રાન્તોમાં બબ્બે ધારામંડળો રાખવાં તે લોકશાસનવાદની નીતિની વિરૂદ્ધ છે. કારણ કે ઉપરની ધારાસભા એ નીચેની ધારાસભા ઉપર અંકુશ તરીકે કામ કરે છે, અને ઉપરની ધારાસભાના મતાધિકારમાં પણ ફેર રહે છે. ઉપરની ધારાસભામાં મુડીદારો અને જમીનદારોને વધુ બેઠકો મળે છે. બન્ને ધારાસભાના હક્કો જુદા જુદા રાખવામાં આવેલ છે. નીચેની Legislative Assembly કહેવાય છે, જ્યારે ઉપરની ધારાસભા Legislative Council અગર રાજસભા કહેવાય છે.

લેજિસ્લેટિવ કાઉન્સિલ અગર રાજસભાનું બંધારણ

આ ધારાસભાના સભ્યોની સંખ્યા દરેક પ્રાન્તવાર જુદી જુદી રાખવામાં આવેલ છે. આ ધારાસભામાં બધા સભ્યો લોકોમાંથી ચુંટાઇને નથી આવતા. ૨૯ માંથી ૨૬ સભ્યો પ્રજામાંથી ચુંટાઇને આવે છે. બાકીના ત્રણ સભ્યો સરકાર નીમે છે. પ્રજા માટે જે ૨૬ બેઠકો છે તેમાં પણ જુદા જુદા વર્ગો રાખવામાં આવેલ છે, જેમાં મુસલમાન, શીખ, વેપારીઓ વગેરેના વર્ગોથી આ ધારાસભાની બેઠકોના વર્ગો પાડી દેવામાં આવેલ છે. ઉપરાંત આ ધારાસભામાં જે સભ્યો ચુંટાઇને અથવા સરકાર તરફથી નીમાઇને આવે છે તેઓ સાધારણ રીતે મુડીદાર, જમીનદાર, અમલદાર વગેરે ઉપરના વર્ગમાંથી આવે છે, અને આ સભ્યોને ચુંટવા માટે જે મતાધિકાર આપવામાં આવેલ છે તે ઘણો જ સંકુચિત છે, એટલે આ રાજસભાની ચુંટણીમાં સ્વાભાવિક રીતે ઉપરનો જ વર્ગ મત આપી શકે તેવું ધોરણ રાખવામાં આવેલ છે. આ સભામાં એક ચુંટાયેલા પ્રમુખ તથા ઉપપ્રમુખ રહે છે.

આ રાજસભાની મુદ્દત પાંચ વર્ષની નથી, પણ આ રાજસભાને લગભગ સ્થાયી બનાવવામાં આવેલ છે. આ રાજસભામાંથી દર ત્રણ વર્ષે કુલ બેઠકોની સંખ્યામાંથી ૧/૩ ભાગ નીકળી જાય અને તેને બદલે ૧/૩ ભાગના નવા સભ્યો ચુંટાઈને આવે. બીજા ત્રણ વર્ષ પછી પાછા બીજા ૧/૩ ભાગના સભ્યો નીકળી જાય, અને તેને બદલે નવા ચુંટાઈને આવે એટલે દરેક સભ્ય નવ વર્ષ સુધી કામ કરી શકશે, અને રાજસભાના સભ્ય તરીકે રહી શકે. આ રાજસભાનું કામ નીચેની ધારાસભા ઉપર અંકુશ રાખવાનું છે, જો કે સ્વાભાવિક રીતે નીચેની ધારાસભાને મદદ કરવાનું તો રહે છે જ. નાણા વિષયક ખરડાઓ આ ધારાસભામાં પેશ થઈ શકશે નહિ, તેમજ બજેટની કોઈ પણ ગ્રાન્ટ ઉપર આ સભાને મત આપવાનો અધિકાર રહેતો નથી.

નીચેની ધારાસભા (લેજિસ્લેટીવ એસેમ્બલી)

નીચેની ધારાસભામાં પણ દરેક પ્રાન્તમાં સભ્યોની સંખ્યા જુદી જુદી રાખવામાં આવેલ છે. આ ધારાસભા ખરી લોક પ્રતિનિધિ સભા હોવાથી તેમાં સભ્યોની સંખ્યા વિશેષ રાખવામાં આવેલ છે, અને મતાધિકાર પણ બહુ સંકુચિત ધોરણ ઉપર રાખવામાં નથી આવતો. આ ધારાસભામાં પણ બેઠકોના વર્ગો પાડવામાં આવેલ છે, કારણ કે હિન્દમાં સંયુક્ત મતાધિકારનો અભાવ છે. અમુક બેઠકો સામાન્ય વર્ગની, અમુક મુસલમાન, ખ્રિસ્તી, વેપારી વર્ગ તેમ જુદા જુદા વર્ગો વચ્ચે બેઠકો વિભક્ત કરવામાં આવેલ છે જે નીચેના કોઠાં ઉપરથી માલુમ પડે છે.

૧૯૩૫ ના બંધારણ પ્રમાણે પ્રાન્તિક રાજસભાની બેઠકોનો કોઠો.

પ્રાન્ત	કુલ બેઠકો	સામાન્ય બેઠકો	મુસ્લીમ બેઠકો	યુરોપીયનો માટે બેઠકો	હિંદી ક્રિશ્ચન માટે બેઠકો	નીચેની ધારાસભામાંથી નીમાએલા	ગવર્નર દ્વારા નીમાએલા
મદ્રાસ	વધુમાં વધુ ૫૬ ઓછામાં ઓછી ૫૪	૩૫	૭	૧	૩	૦	વધુમાં વધુ ૧૦ ઓછામાં ઓછી ૮
મુંબઈ	વધુમાં વધુ ૩૦ ઓછામાં ઓછી ૨૯	૨૦	૫	૧	૦	૦	વધુમાં વધુ ૪ ઓછામાં ઓછી ૩
બંગાલ	વધુમાં વધુ ૬૫ ઓછામાં ઓછી ૬૩	૧૦	૧૭	૩	૦	૨૭	વધુમાં વધુ ૮ ઓછામાં ઓછી ૬
સંયુક્તપ્રાન્ત	વધુમાં વધુ ૬૦ ઓછામાં ઓછી ૫૮	૩૪	૧૭	૧	૦	૦	વધુમાં વધુ ૮ ઓછામાં ઓછી ૬
બિહાર	વધુમાં વધુ ૩૦ ઓછામાં ઓછી ૨૯	૯	૪	૧	૦	૧૨	વધુમાં વધુ ૪ ઓછામાં ઓછી ૪
આસામ	વધુમાં વધુ ૨૨ ઓછામાં ઓછી ૨૧	૧૦	૬	૨	૦	૦	વધુમાં વધુ ૪ ઓછામાં ઓછી ૩

આ ધારાસભાના દરેક સભ્યો લોકોમાંથી ચુંટાઈ આવે છે, અને ચુંટણીમાં પુરતા ઉમેદવારો માટે અમુક લાયકાતનું ધોરણ નક્કી કરવામાં આવે છે તે પ્રમાણે ઉમેદવારો ચુંટાય છે. આ ધારાસભાની મુદત પાંચ વર્ષ રાખવામાં આવી છે. દર પાંચ વર્ષે નીચેની ધારાસભામાં નવી ચુંટણી થાય છે, અને આ ઉમેદવારોને ચુંટવા માટે પણ લાયકાતનું ધોરણ રાખવામાં આવેલ છે.

સભ્યોની લાયકાત

ચુંટાવા માટે બહાર પડેલ ઉમેદવારોની લાયકાત નીચે પ્રમાણે હશે તોજ તે પ્રાન્તીય ધારાસભામાં બેસવા માટે લાયક ગણાશે.

(૧) બ્રિટિશહિન્દની વસ્તી અથવા સંયોજીત દેશીરાજ્યના રાજ્યકર્તા અગર તો તે રાજ્યની વસ્તી હોવો જોઈએ.

(૨) પ્રાન્તની નીચેની ધારાસભાના સભ્ય માટે ૨૫ વર્ષ અને ઉપરની રાજસભા માટે ૩૦ વર્ષની વય હોવી જોઈએ.

(૩) ઉપરાંત અમુક કોમનો તે હશે અને અમુક મીલ્કત ધરાવતો હોવો જોઈએ.

(૪) તે સભ્ય અસ્થિર મનનો ન હોય અથવા તો તેમ હોવાનું કોઈ પણ યોગ્ય કોર્ટથી જાહેર ન થયેલ હોય.

(૫) નાદાર નહોવો જોઈએ.

(૬) જે તાજની નોકરી ન કરતો હોવો જોઈએ.

(૭) જે ચુંટણી બાબતના કોઈ પણ ગુન્હા માટે દોષિત ઠર્યો ન હોવો જોઈએ.

(૮) જે પ્રાન્તિક સ્વરાજ સ્થપાયા પહેલાં કે પછી બ્રિટિશ હિંદ અગર સંયોજીત રાજ્યમાં કોર્ટથી જન્મટીપ અગર બે વર્ષથી વધારે મુદતની સજા પામેલ ન હોવો જોઈએ.

(૯) દેશનીકાલ કે કેદની સજા ભોગવતો ન હોવો જોઈએ.

મતદારની લાયકાત

મત આપવાની લાયકાત માટે નીચેની વસ્તુઓ પર ધ્યાન આપવાનાં આવશે.

(૧) મત આપનાર શખ્સ ૨૧ વર્ષનો હોવો જોઈએ.

(૨) બ્રિટિશ હિંદની વસ્તી હોવો જોઈએ.

(૩) રાજ્યકર્તા અગર તો સમવાયી રાજ્યની પ્રજા હોવો જોઈએ,

(૪) કોઈ પણ પ્રાન્તના ધારાધોરણો તથા સ્થિતિ નક્કી કર્યા મુજબ રાજ્યકર્તા અથવા તો સંયોજીત રાજ્યની પ્રજા હોવો જોઈએ.

નવા બંધારણમાં સ્ત્રીઓને પણ મત આપવાના અધિકારો અપાયેલ છે.

(૧) જે સ્ત્રીઓ પોતાના સ્વાયત્ત હક્કો પ્રમાણે મીલ્કત ધરાવતી હશે,

(૨) જે સ્ત્રીઓ મીલ્કત ધરાવનાર માણસોની ઓરત અથવા તો વિધવા હોય,

(૩) જે સ્ત્રીઓ લશ્કરી હોદ્દેદાર તરીકે મત આપવા લાયક માણસોની ઓરત હોય,

(૪) જે સ્ત્રીઓ લશ્કરી હિંદી અમલદારોની, સીપાઈઓની, લશ્કરી અમલદારોની પેન્શન ખાતી વિધવાઓ અગર માતા હોય,

(૫) જે સ્ત્રીઓને કેળવણીને અંગે મત આપવા અધિકાર હોય તે બધી સ્ત્રીઓને મત આપવાના અધિકારો આપવામાં આવેલ છે.

જે માણસ ધારાસભાના સભ્ય તરીકે ચુંટાઈ આવે તેને ધારાસભામાં મત આપવાનો અધિકાર રહે છે. આ ધારાસભામાં એક ચુંટાએલ પ્રમુખ રહે છે, જેને speaker કહેવામાં આવે છે અને જે નિષ્પક્ષ રહે છે. ધારાસભાની બેઠક ઓછામાં ઓછી વરસમાં એકવાર તો મળવી જ જોઈએ.

મતાધિકાર

નીચેની ધારાસભાની બેઠકો કોમી એવોર્ડમાં સુધારા વધારા કરી નક્કી કરવામાં આવેલ છે. પ્રાન્તીય ધારાસભામાં પણ બેઠકો જુદી જુદી કોમો અને વર્ગો પ્રમાણે રાખવામાં આવેલ છે. દરેક પ્રાન્ત માટે મતાધિકારનું ધોરણ જુદું જુદું રાખવામાં આવેલ છે. પહેલાં કરતાં મતાધિકારનો અધિકાર વધારવામાં આવેલ છે. સ્ત્રીઓને પણ મત આપવાનો અધિકાર આપવામાં આવેલ છે. સાધારણ રીતે જેની અમુક ઉમર હોય, જેની પાસે અમુક મિલ્કત હોય, અમુક ભાડું ભરતો હોય અગર તો અમુક શિક્ષણ પામેલ હોય તેને મતાધિકાર આપવામાં આવેલ છે. આ ઉપરાંત સરકારી અમલદારો તથા ખિતાબધારીઓને પણ મતાધિકાર અપવામાં આવેલ છે. હિંદમાં ૨૮૦૦૦૦૦૦ પુરૂષો અને ૩૧૫૦૦૦ સ્ત્રીઓને એટલે લગભગ હિંદના ૧૪ % માણસોને મતાધિકાર મળ્યો છે. આ મતાધિકાર આપવા માટે જુદા જુદા ધાર્મિક, કોમી અને બીજા વર્ગો પાડવામાં આવેલ છે, જેમાં હિંદુ, મુસલમાન, દલિતવર્ગ, યુરોપીયનો, હિંદી ક્રિશ્ચયન, શીખ, સ્ત્રીઓ, જમીનદારો, વેપારીઓ, મજુરવર્ગ, વિદ્યાપીઠ અને પછાત મુલક વગેરેનો સમાવેશ થાય છે. મતાધિકારમાં યોગ્ય સુધારાઓ કરવા શહેનશાહ–ઈન–કાઉન્સીલને અખત્યાર છે, અને તે નક્કી કરવા હેમન્ડ કમીટીની નિમણુક પણ કરવામાં આવી હતી, જે "Indian delimitation Committee." (ઈન્ડીઅન ડીલીમીટેશન કમીટી) તરીકે ઓળખાય છે.

૧૯૩૫ ના બંધારણ પ્રમાણે પ્રાન્તીય નીચલી ધારાસભાના સભ્યોની બેઠકનો કોઠો.

પ્રાન્ત	કુલ સંખ્યા	સામાન્ય		પછાત પ્રદેશ તથા જાતિઓ માટે	શીખ	મુસલમાન	એંગ્લોઇંડિયન	યુરોપીયન	હિંદી ખ્રિસ્તી	વેપારીઓ તથા પ્લાન્ટર	જમીનદારો	યુનિવર્સિટી	મજુરો	સ્ત્રીઓ માટે				
		કુલ સંખ્યા	દલીત સંખ્યા											સામાન્ય	શીખ	મુસલમાન	એંગ્લો-ઇંડીયન	હિંદી ખ્રિસ્તી
મદ્રાસ	૨૧૫	૧૪૬	૩૦	૧	૦	૨૮	૨	૩	૮	૬	૬	૧	૬	૬	૦	૧	૦	૧
મુંબઈ	૧૭૫	૧૧૪	૧૫	૧	૦	૨૯	૨	૩	૩	૭	૨	૧	૭	૫	૦	૧	૦	૦
બંગાલ	૨૫૦	૭૮	૩૦	૦	૦	૧૧૭	૩	૧૧	૨	૧૯	૫	૨	૮	૨	૦	૨	૧	૦
સંયુક્ત પ્રાંત	૨૨૮	૧૪૦	૨૦	૦	૦	૬૪	૧	૨	૨	૩	૬	૧	૩	૪	૦	૨	૦	૦
પંજાબ	૧૭૫	૪૨	૭	૦	૩૧	૮૪	૧	૧	૨	૧	૫	૧	૩	૧	૧	૨	૦	૦
બિહાર	૧૫૨	૮૬	૧૫	૭	૦	૩૯	૧	૨	૧	૪	૪	૧	૩	૩	૦	૧	૦	૦
મધ્ય પ્રાન્ત	૧૧૨	૮૪	૨૦	૧	૦	૧૪	૧	૧	૦	૨	૩	૧	૨	૩	૦	૦	૦	૦
આસામ	૧૦૮	૪૭	૭	૯	૦	૩૪	૦	૧	૧	૧૧	૦	૦	૪	૦	૦	૦	૦	૦
વાયવ્યસરહદ	૫૦	૯	૦	૦	૩	૩૬	૦	૦	૦	૦	૨	૦	૦	૦	૦	૦	૦	૦
ઓરીસા	૬૦	૪૪	૬	૫	૦	૪	૦	૦	૧	૧	૨	૦	૧	૨	૦	૦	૦	૦
સિંધ	૬૦	૧૮	૦	૦	૦	૩૩	૦	૨	૦	૨	૨	૦	૧	૧	૦	૦	૦	૦

ધારાસભાનું કાર્યક્ષેત્ર

(૧) નીચેની ધારાસભાનું પાંચ વર્ષનું આયુષ્ય છે, જ્યારે રાજસભાએ લગભગ કાયમી જેવી સંસ્થા છે. નીચેની ધારાસભા બરખાસ્ત થઈ શકે પણ ઉપરની ધારાસભા બરખાસ્ત નહિ થઈ શકે. આનું પરિણામ એ આવે કે ઉપરની ધારાસભાનું વલણ ગમે તેટલું પ્રત્યાઘાતી હોય છતાં પણ પ્રધાનો કાંઈ કરી શકે નહિ.

(૨) ઉપરની ધારાસભા રદ કરવા માટે બન્ને સભાના ઠરાવો પસાર થયા હોવા જોઈએ અને આ ઠરાવને બે વર્ષ પછી તેવાજ પ્રકારના બીજા ઠરાવથી અનુમોદન મળે ત્યારે આ ધારાસભા રદ થાય. પણ પોતાનું જ અસ્તિત્વ રદ કરવા કઈ ધારાસભા માથે વહોરી લે તે વિચારવાનું રહે છે.

(૩) કાયદા ઘડવા માટે બન્ને ધારાસભાના હક્કો સરખા છે પરંતુ

(૪) નાણા વિષયક ખરડાઓ નીચેની ધારાસભામાંજ પેશ થઈ શકશે.

(૫) બજેટ કોઈપણ ધારાસભામાં મુકી શકાશે, પરંતુ ગ્રાન્ટ ઉપર મત આપવાનો અધિકાર તો માત્ર નીચેની જ ધારાસભાને રહેશે.

(૬) મતભેદના વખતે ઉપરની ધારાસભા કોઈ પણ બીલ બારમાસ સુધી મુલતવી રાખી શકે છે, પણ જો તે દરમ્યાન નીચેની ધારાસભા માગણી કરે તો ગવર્નર બન્ને સભાની સંયુક્ત બેઠક બોલાવી તેના પર મત લેશે. આ સંયુક્ત બેઠકમાં જો બીલ નાણા વિષયક હોય અને તે ગવર્નરની ખાસ જવાબદારીની સત્તા પુરતું હોય તો સભા વહેલી બોલાવી શકે. જો કોઈ પણ બીલ ઉપરની ધારાસભમાં પેશ કરવામાં આવ્યું હોય, પણ નીચેની ધારાસભા તેને નામંજૂર કરે તો તે રદ થયું ગણાય. ઉપરની ધારાસભા નીચેની ધારાસભા ઉતાવળ ન કરે તેટલા માટે અંકુશ સમાન રહેશે, પણ આ સંયુક્ત બેઠકમાં તો તેને નમતું આપવું જ પડશે. બધી સંયુક્ત બેઠકમાં પ્રમુખ રાજસભાના પ્રમુખ રહેશે. આ સંયુક્ત બેઠકમાં સાધારણ બહુમતિની જરૂર હોવાથી નીચેની ધારાસભા તેની મરજી પ્રમાણે ખરડો પસાર કરી શકશે. પણ નીચેની ધારાસભાના ઘણા સભ્યો જ આ બીલની સામે હોય તો પછી બીલ આ સંયુક્ત સભામાં પણ પસાર થવું મુશ્કેલ પડે.

ધારાસભાના હક્કો

ધારાસભાના હક્કોમાં (૧) કાયદા ઘડવા, (૨) નાણુ પ્રકરણ પર અંકુશ રાખવો, (૩) સરકારી વહીવટ પર ચર્ચા તથા વિવેચન કરવું અને (૪) પ્રધાનો તથા

કારોબારી પર અંકુશ રાખવો વગેરેનો સમાવેશ થાય છે. કાયદા ઘડવા બાબત કોઈ પણ બીલ કારોબારી અગર તો ધારાસભાના કોઈ પણ સભ્ય દ્વારા પેશ થઈ શકશે. જે બીલ કારોબારીએ પેશ કરેલ હોય અને ધારાસભાએ પસાર કરેલ હોય તે સરકારી કાયદા (Government legislation) તરીકે ગણાશે, જ્યારે સાધારણ સભ્યે દાખલ કરેલ બીલ ખાનગી બીલ તરીકે ગણાશે. હિંદમાં ખાનગી બીલોએ મહત્વનો ભાગ ભજવેલ છે. પરંતુ હાલના ઘણા મહાસભાવાદી પ્રધાનમંડળ તરફથી પ્રજાહિતનાં ઘણા ખરડાઓ રજુ થયા છે અને પસાર પણ થયા છે.

બીલ પસાર કરવાની રીત

સરકારી બીલોમાં જે ખાતા તરફથી બીલ રજુ થતું હોય તેની સુચના મુજબ સરકારી બીલોના પ્રથમ કાયદાના ખાતામાં મુત્સદો ઘડવામાં આવે છે. કેટલાક કીસ્સામાં આ મુત્સદ્દો ગવર્નરની પરવાનગી માટે રજુ કરવામાં આવે છે. ખાનગી બીલોમાં સભ્યોએ બીલ દાખલ કરતાં પહેલાં બીલની નોટીસની સાથે આ પરવાનગીની નકલ રાખવી પડે છે. બીલ પસાર થતાં પહેલાં તેને કેટલીક અવસ્થાઓમાં પસાર થવું પડે છે, પ્રથમ તો આ બીલ ગવર્મેન્ટ ગેઝેટમાં છપાય છે, ત્યાર પછી અમુક મુકરર તારીખે કોઈ પણ ધારાસભામાં તે પેશ કરવામાં આવે છે, જે ઉપરથી તેનું ભાષાન્તર ગવર્મેન્ટ ગેઝેટમાં બહાર પાડવામાં આવે છે. પછી તેનું પહેલું વાંચન થાય છે. ત્યારપછી જાહેર ચર્ચા માટે તે ખુલ્લું મુકવામાં આવે છે, અગર તો તે સીલેકટ કમીટીને સોંપવામાં આવે છે. સીલેકટ કમીટી તેનો અહેવાલ અમુક વખત પછી સભા પાસે રજુ કરતાં તેનું બીજું વાંચન થાય છે, જયારે દરેક કલમવાર તેની ચર્ચા થાય છે અને સુધારાઓ મુકવામાં આવે છે. આ સુધારાઓ પછી ત્રીજા વાંચન માટે મુદત નાખવામાં આવે અને ત્યાર પછી તે બહુમતિ પ્રમાણે પસાર કરવામાં આવે છે. નીચેની સભામાં ત્રણ વાંચન થયા બાદ બીલ ઉપરની રાજ-સભામાં મોકલવામાં આવે, ત્યાં પણ ત્રણ વાંચન થાય છે, આંહી નીચેની ધારાસભા જેટલી વાર લાગતી નથી, કારણ કે ઘણીખરી છણાવટ નીચેની ધારાસભામાં થઈ ગયેલ હોય છે. રાજસભામાં વાંચન થયા બાદ બીલ ગવર્નર પાસે રજુ કરવામાં આવે છે. ગવર્નરને જો પોતાને આ બીલ પરત્વે કાંઈ વાંધો હોય તો તે તેના સંદેશા (Governor's message)માં જણાવી બીલ ફરી પાછું વિચારણા ચલાવવા માટે મોકલે છે. ફરી વિચારણા માટે બીલ જો પાછું ન મોકલવામાં આવે અને ગવર્નર પોતાની સંમતિ

આપે તો આ બીલ કાયદા રૂપે પસાર થયું ગણાય. જો કોઈ વખત બન્ને ધારાસભા વચ્ચે મતભેદ થવા પામે તો ગવર્નર એક સંયુક્ત બેઠક બોલાવે અને સંયુક્ત બેઠકમાં પણ આ મતભેદો ન મટે તો બીલ છોડી દેવામાં આવે. જો નીચેની ધારાસભાનું બીલ ઉપરની ધારાસભામાં ગયું હશે અને તે પસાર થતાં પહેલાં નીચેની ધારાસભાને બરખાસ્ત કરવામાં આવે તો તે બીલ રદ થયું ગણાય. પરંતુ જો આ બીલ રાજસભામાં ઉપસ્થિત થયું હશે તો તેનું આમ થવા પામતું નથી.

ધારાસભાની કાયદા ઘડવાની સત્તા

પ્રાન્તીય ધારાસભાની કાયદા ઘડવાની સત્તા તેના મર્યાદિત ક્ષેત્ર પ્રમાણે છે, જે માટે ચોક્કસ વિષયો નક્કી કરવામાં આવેલ છે. ધારાસભાની કાયદા ઘડવાની આ સત્તા ઉપર અમુક અંકુશો મુકવામાં આવેલ છે, જે નીચે પ્રમાણે છે.

(૧) પ્રાન્તિક ધારાસભાને શહેનશાહ, રાજ્યકુટુંબ, તાજની સર્વોપરી સત્તા, બ્રિટિશ નેશનાલીટીનો કાયદો, લશ્કરી બળ, હવાઈ બળ, દરીઆઈ બળ, તથા બંધારણને લગતા કાયદા ઘડવાના હક્ક નથી.

(૨) નીચેના વિષયો પર બીલ લાવવા પ્રથમ ગવર્નરની પરવાનગીની જરૂર પડશે,

(૩) (અ) હિંદ પરના પાર્લામેન્ટે પસાર કરેલ કોઈ પણ કાયદામાં ફેરફાર અગર સુધારો કરવો,

(બ) ગવર્નરનો કાયદો,

(ક) જે ઓર્ડીનાન્સ ગવર્નરે પસાર કરેલ હોય તે,

(ખ) પોલીસ બળના કાયદા વગેરેમાં બીલ દાખલ કરતા પહેલાં ગવર્નરની પ્રથમ પરવાનગી લેવાની જરૂર પડે પણ આથી ગવર્નરના વીટોપાવરને હરકત નથી આવતી,

(૪) જે બીલમાં ગવર્નરની વિવેકબુદ્ધિની રૂએની સત્તાનો ઉપયોગ હોય અગર તો બ્રિટિશ પ્રજા ઉપર ફોજદારી કાયદા પ્રમાણે કામ ચલાવવાની રીતમાં ફેરફાર કરવાના હોય,

(૫) ગવર્નરને એમ લાગે કે કોઈ પણ બીલ તેની ખાસ જવાબદારીઓને લગતું છે અને હિંદની સુલેહશાંતિ જાળવવાની તેની જવાબદારીઓ વચ્ચે આડું આવે તેમ છે ત્યારે તે બીલ દાખલ થતાં ગવર્નર અટકાવી

શકે છે, અગર તો આ બીલની કોઈ પણ કલમમાં તે સત્તામાં વાંધો આવે છે તેમ ધારી તે બીલ અટકાવી શકે છે,

(૬) ગવર્નર કોઈ પણ બીલ ધારાસભા અને કારોબારી વચ્ચે શાંતી ભર્યા સંબંધ માટે પોતાના સુધારા વધારા સહીત ધારાસભાને પાછું મોકલી શકે છે,

(૭) ગવર્નર બન્ને ધારાસભાએ પસાર કરેલ ઠરાવ પોતે નામંજૂર કરી શકે છે,

(૮) કોઈ પણ ઠરાવ પસાર થઈ ગયેલ હોય અને તેને ગવર્નરની સંમતિ પણ મળી ચુકેલ હોય છતાં પણ બાર માસની અંદર શહેનશાહ આ કાયદો નામંજૂર કરી શકે છે, અને તેમ નામંજૂર કરવાની જાહેરાત માત્રથી તે કાયદો નામંજૂર થઈ શકે છે.

ધારાસભાની ચર્ચા કરવાની સત્તા

ધારાસભા નીચેની બાબતો પર ચર્ચા કરી શકશે નહિ,

(૧) તાજ, પરદેશ નીતિ ને અંગે બીજાં બહારનાં રાજ્યો સાથેના સંબંધ બાબત, અને દેશીરાજ્યો, રાજાઓ તથા તેના કુટુમ્બીજનોની વર્તણુક બાબત,

(૨) પછાત તથા જુદા પાડેલ મુલકના વહીવટ બાબત,

(૩) ફેડરલ કોર્ટ અગર તો હાઈ કોર્ટ જડજોના વર્તન બાબત.

દરેક ધારાસભાના સભ્ય કોઈ પણ ધારાસભામાં ચર્ચાની બાબત પર છુટથી ભાષણ કરી શકશે. તેમ કરવામાં કાયદાના કોઈ પણ પ્રતિબંધ તેને નડશે નહિ અગર તો ભાષણો કરવા માટે તેના પર કાયદેસર કામ ચાલી શકશે નહિ.

દરેક ધારાસભાના સભ્યોને ભથ્થુ આપવા માટે ધારાસભામાં નક્કી થયેલ સ્કેડ્યુલ મુજબ ભથ્થું આપવામાં આવશે. ધારાસભામાં થયેલ કામકાજ માટે સ્થાનિક કોર્ટોમાં તે બાબત કાંઈ પણ કામકાજ ચાલી શકશે નહિ. ધારાસભાનું બધું કામકાજ અંગ્રેજી ભાષામાં ચાલશે, પણ કોઈ સભ્ય અંગ્રેજીમાં ન બોલી શકે તો તેના માટે ધારાધોરણો ધારાસભા નક્કી કરી શકશે.

ગવર્નરની ખાસ સત્તાઓ અને જવાબદારીઓમાં પ્રધાનોએ ધારાસભામાં રજુ કરેલ બીલો તથા ખરડાઓ ઉપર નીયમન રાખવું તે છે. આથી ગવર્નરને લાગે કે પ્રધાનોએ રજુ કરેલ બીલ બરાબર નથી તો તે અટકાવી શકે છે. પ્રાન્તની દરેક બાબતમાં ગવર્નરની મંજૂરી સિવાય આગળ એક પણ પગલું ચાલી શકાય તેમ નથી. ધારાસભામાં કોઈ પણ કાયદો પસાર કરવો હોય તો તે કાયદો ત્રણ ચાર વખત કસોટીએ ચઢે છે. પહેલાં નીચલી ધારાસભામાં છણાવટ થાય, ધારાસભામાંથી રાજસભામાં બીલ જાય, ત્યાં પણ આગળ ચર્ચા ચાલે, અને જ્યારે રાજસભા તે પસાર કરે ત્યાર બાદ ગવર્નરની સહી માટે જાય, અને ગવર્નરને એમ લાગે કે આ કાયદાથી બ્રિટિશ સામ્રાજ્યને અને પોતાની જવાબદારીઓને હરકત આવે તેમ નથી તો તે મંજૂર કરે.

પ્રાન્તીય નાણા પ્રકરણ—

જેવી રીતે કાયદા ઘડવાના પરિશિષ્ટો પ્રાન્તીય અને મધ્યસ્થ સરકાર માટે જુદાં જુદાં કરવામાં આવેલ છે તેમ આવક સંબંધી પણ પત્રકો નક્કી કરી આપવામાં આવેલ છે. પ્રાન્તો અમુક બાબતોનો જ કર ઉઘરાવી શકે, અમુક બાબતો પરજ જકાત લઇ શકે, અને ફેડરલ સરકાર આખા દેશને લગતાં જે ખાતાં હોય તેના ઉપર કર ઉઘરાવી શકે, જેમકે રેલ્વે, બંદરી જકાત, પોસ્ટ વગેરે ખાતાંઓ આખા દેશને લગતા છે એટલે આ બાબતોનો કર ફેડરલ ધારાસભા ઉઘરાવે, અને પ્રાન્તિક મહેસૂલ, દારૂ વગેરે કેફી ચીજો ઉપરની જકાત, મોજશોખના સાધનો ઉપરનો કર પ્રાંતિક સરકાર ઉઘરાવે. આમ આવક માટેનાં બન્નેનાં ક્ષેત્રો નક્કી કરવામાં આવેલ છે. પ્રાન્તીય બાબતોમાં કોઇ પણ નવો કર નાખવા અગર તો જાહેર આવકનાં સાધનો નો ઉપયોગ કરવા માટે ગવર્નરની અનુમતિ લેવાની જરૂર પડશે તે સ્વાભાવિક સિદ્ધાંત દાખલ કરવામાં આવેલ છે.

વાર્ષિક બજેટ—

પ્રાન્તિક વાર્ષિક અંદાજપત્ર (Budget) ધારાસભામાં મુકાશે. આ અંદાજપત્રમાં ઉપજ ખર્ચના અંદાજી આંકડાઓ રહેશે. (૧) પ્રાન્તની ઉપજમાંથી ખર્ચ કાઢવાની રકમો (૨) અને તે ઉપજમાંથી કાઢવાના બીજા ખર્ચો માટે દરખાસ્ત કરેલી રકમોના આંકડાઓ અંદાજપત્રમાં જુદી જુદી રીતે મુકવામાં આવશે. આ ઉપરાંત ગવર્નરની ખાસ જવાબદારી અને સત્તાની રૂએ ચલાવવામાં આવતાં ખાતાંઓનું ખર્ચ પણ જુદી રીતે બતાવવામાં આવશે.

પ્રાન્તોની ઉપજ પર લાદવામાં આવતું ખર્ચ નીચે પ્રમાણે રહેશે.

(૧) ગવર્નરનો પગાર, ભથ્થું તથા તેની ઓફીસનું તમામ ખર્ચ,

(૨) પ્રાન્તોનું દેવું, જેમાં વ્યાજ, સીંકીંગફંડ ચાર્જ અને લોન લેવાના બીજા ખર્ચોનો સમાવેશ થશે,

(૩) પ્રધાનો તથા એડવોકેટ જનરલના પગારો,

(૪) હાઈકોર્ટના જડજોના પગારો,

(૫) જુદા પાડેલ મુલકના વહીવટનું ખર્ચ,

(૬) કોર્ટનાં હુકમનામાંની રૂએ આપવાની રકમો,

(૭) પ્રાન્તની ધારાસભાએ પસાર કરેલ ઠરાવો મુજબ તથા ૧૯૩૫ના કાયદામાં જણાવેલાં તમામ ખર્ચો.

પ્રાન્તોની ઉપજ ઉપર લાદવામાં આવેલ અંદાજી રકમો બાબત કઈ રકમ કયા ખાતામાં રહેશે તે નક્કી કરવાનો અધિકાર ગવર્નરનો છે. નીચેની બાબતો પર નીચેની ધારાસભાને મત આપવાનો તો નહિ પણ ચર્ચા કરવાનો પણ અધિકાર નથી.

૧, ગવર્નરના પગાર તથા ભથ્થું, ૨ પ્રધાનોના પગાર તથા ભથ્થું, ૩ પ્રાન્તને લગતાં દેવાં, વ્યાજ ખર્ચ વગેરે, વડી અદાલતના ન્યાયાધીશોના પગારો તથા ભથ્થું, ૫ પછાત અને જુદા પાડેલ મુલકનો ખર્ચ.

આ સિવાયનાં અંદાજી ખર્ચો નીચેની ધારાસભા સમક્ષ મુકવામાં આવશે, પણ ઉપરની રાજસભાને બજેટ સાથે કશું લેવાદેવા નથી. નીચેની ધારાસભા અમુક રકમો મંજૂર કરે, રદ કરી શકે અગર ઘટાડી પણ શકે છે. ગવર્નરને એમ લાગે કે કોઈપણ ખાતામાં અમુક રકમની પોતાની ખાસ સત્તાની રૂએ જરૂર છે, તો તે રકમ ધારાસભાએ ઘટાડી અગર રદ કરી હોય તો પણ પુરેપુરી રીતે પોતાની સત્તાના આધારે મંજૂર કરી શકશે. આ બાબતની તેની સત્તાને (Powers of certification) પાવર્સ ઓફ સર્ટીફીકેશન કહેવામાં આવે છે.

યુરોપીયન તથા એંગ્લો ઈન્ડીયનની કેળવણી માટે દરેક પ્રાન્તમાં અમુક રકમ બજેટમાં મુકવામાં આવશે, અને તેમાં ફેરફાર માત્ર ત્યારે જ થઈ શકે કે જ્યારે ધારાસભાના ¾ સભ્યો તેના ફેરફાર કે મંજૂર કરવા બાબતની તરફેણમાં બહુમત થશે.

જો કોઈપણ વખત બજેટ ઉપરાંત કાંઈ પણ ખર્ચ કરવાની ગવર્નરને જરૂર પડે તો ગવર્નર પુરવણી બજેટ મંજૂર કરાવી શકે છે, અને તેની રીત વાર્ષિક બજેટ જેમ જ રહે છે.

વિવેચન

પ્રાન્તોને આપવામાં આવેલ નાણાપ્રકરણી સત્તા તપાસશું તો માલુમ પડે છે કે કર ઉઘરાવવાની બધી જવાબદારી પ્રાન્તોના શિરે છે. જ્યારે બધી આવકમાંથી ખર્ચ કરવાની વાત આવે ત્યારે પ્રાન્તોને તે આવકમાંથી અમુક ભાગ જ મળી શકે. ગવર્નર, પ્રધાનો, તથા વડી અદાલતના ન્યાયધીશોના પગાર તથા ભથ્થું, પ્રાન્તિક દેવાના વ્યાજ પેટેની રકમો તથા જુદા કરેલ પ્રદેશોના વહીવટી ખર્ચ માટે ધારાસભાને ચર્ચા ચલાવવાનો અધિકાર નથી. ગવર્નરનો પગાર તથા ભથ્થું અસ્પૃશ્ય રહે છે. પ્રધાનોના પગાર ધારાસભા નક્કી કરે છે. દરેક પ્રાન્તો ઉપર અમુક દેવું હોય છે. આ દેવાનું વ્યાજ ઘટાડવાનું ધારાસભાના હાથમાં નથી. આ દેવું ક્યારે પતી જશે તે કહી શકાય નહિ, અને વ્યાજની ઘણી મોટી રકમો આ દેવા પેટે દરેક પ્રાન્તોને ઘણે ભાગે ભરવી જ પડે છે. પ્રાન્તીય આવકમાંથી ઉપર જણાવેલી બાબતો બાતલ થયા બાદ જે બાકી રહે તેમાંથી દરેક ખાતાં ચલાવવાનાં રહે છે. નાણાખાતાના પ્રધાનની દશા તો હમેશાં કફોડી જ રહે છે. પ્રજાહિતના ખાતાઓનો વિકાસ કરવા માટે તેને મોટી રકમોની જરૂર પડે છે, અને આ રકમ મેળવવા માટે તેને પ્રજા ઉપર નવા નવા કર પણ નાખવાના રહે છે. પરિણામે બજેટ હમેશાં ખાધવાળું રહે, અને પ્રજામાં એક જાતનો અસંતોષ રહે. મધ્યસ્થ સરકાર પોતાને જોઈતાં નાણાં પ્રાન્તોની આવકમાંથી લઈ લે, બાકી રહે તેમાંથી પ્રધાનો બધું ચલાવે, અને પ્રજાકીય હિત વિકાસ કરવાના ખાતાઓ ખોલવા માટે વધુ કર નાખવાની જવાબદારી અને અપ્રિયતા નાણાખાતાના પ્રધાન ભોગવે.

૧૯૩૫ ના કાયદાથી હિન્દને પ્રાન્તિક સ્વરાજ આપવામાં આવેલ છે. પરંતુ આ પ્રાન્તિક સ્વરાજમાં હિન્દને ખરેખરી વસ્તુ કેટલી મળેલ છે તે જોતાં સમવાયતંત્રમાં સમવાયીઘટકો (Federal units)ને જે જાતની સ્વતંત્રતા મળે છે તે જાતની સ્વતંત્રતા હજુ સુધી હિન્દના પ્રાન્તોને મળેલ નથી. હિન્દને જો કાંઈ પ્રાપ્ત થયેલ હોય તો પ્રાન્તોને મધ્યસ્થ તંત્રના સ્થિતિ-ચુસ્ત વહીવટમાંથી થોડી ઘણી મુક્તિ મળેલ છે તેમ જરૂર કહી શકાય. પરંતુ

જ્યારે ગવર્નરને અપાએલ સલામતીઓ અને સાવચેતીઓ, અને ધારાસભાના હક્કોનો વિચાર કરીએ છીએ ત્યારે આપણને જરૂર એમ થાય છે કે હિન્દના પ્રાન્તોને હજુ વાસ્તવિક સ્વરાજ મળ્યું નથી. એક મુત્સદ્દીનું કહેવાનું થાય છે કે "The theory of executive independence, the right of interference by the Governors general and parliament in several matters of detail, the conferment of special powers on the Governor to initiate legislation and to control finance, the establishment of the second chambers with almost equal powers with the lower House, and numerous other devices, which tend to limit and modify the risponsibility of the ministers detract considerably from real autonomy."

[કારોબારી સ્વતંત્ર સત્તા, રાજ્યવહીવટની ઘણી બાબતોમાં ગવર્નર અને પાર્લામેન્ટની દરમ્યાનગીરી કરવાની સત્તા, ગવર્નરને કાયદા ઘડવાની અને નાણાપ્રકરણી બાબતો ઉપરની ખાસ સત્તા, નીચેની ધારાસભા જેટલા હક્કો ભોગવતી બીજી ધારાસભા અને બીજી કેટલીક બાબતો જેથી પ્રધાનોની જવાબદારી ઉપર અંકુશ રહે તે જોતાં ખરૂં પ્રાન્તિક સ્વરાજ મળ્યું નથી.] પણ ગવર્નરો તેની ખાસ સત્તાની રૂએ ડખલગીરી ન કરે અને પ્રજાકીય પ્રધાનોના વહીવટ તરફ સહાનુભૂતિ દર્શાવે તેના પર પ્રાન્તિક સ્વરાજની સફળતાનો ખાસ આધાર રહે છે.

પ્રકરણ ૬ ઠ્ઠું

હિન્દનું મધ્યસ્થ રાજતંત્ર

સમવાયતંત્ર

હિન્દના ૧૯૩૫ના બંધારણની ૫ કલમ પ્રમાણે બ્રિટિશ હિન્દના પ્રાન્તો અને તેની સાથે જોડાવા માગતા હોય તેવા દેશી રાજ્યોનું એક સમવાયતંત્ર યોજવામાં આવેલ છે. આ જાતની સમવાયતંત્ર ચલાવવાની યોજના હિંદના મધ્યસ્થ રાજતંત્રમાં દાખલ કરવામાં આવેલ છે. આ તંત્ર ચલાવવા માટે નિયત કરવામાં આવેલ સત્તા ચલાવનારી સંસ્થામાં ગર્વનરજનરલ, તેનું તેનું સમવાયી કારોબારી મંડળ, અને ધારામંડળોનો સમાવેશ થાય છે. આ સમવાયતંત્રમાં ગવર્નર જનરલ સમવાયતંત્રના વડા તથા ખાસ જુદા રાખેલ ખાતાઓના નિયામક તરીકે, તથા સમવાયી કારોબારીના પ્રમુખ, અને ખાસ જવાબદારીઓ તથા સત્તા ભોગવનાર તરીકે, તથા દેશી રાજ્યોના સંબંધમાં તાજના પ્રતિનિધિ તરીકે રહેશે. આમ ગવર્નર જનરલની સત્તાના ત્રણ વિભાગો પડી ગયેલ છે. ગવર્નર જનરલની સત્તાઓ ઘણી જ વિશાળ અને બહોળી છે, અને તેના હાથમાં બધી સમવાયી સત્તાઓ કેન્દ્રિત બને છે.

ગવર્નર જનરલ

૧૯૩૫ના કાયદા પ્રમાણે સમવાયતંત્રની કારોબારી સત્તા ના. શહેનશાહ વતી ગવર્નર જનરલ ભોગવશે. ના. શહેનશાહ ગવર્નર જનરલની નિમણૂક પાંચ વર્ષ માટે કરશે. ગવર્નર જનરલનો પગાર રૂા. ૨૫૦૦૦૦ રહેશે, અને આ સિવાય પણ તેને બીજાં ભથ્થાંઓ મળશે. ઘણે ભાગે ગવર્નર જનરલની નિમણૂક અંગ્રેજ ઉમરાવો જેઓ હિન્દના રાજકારણથી બરાબર પરિચિત હોય છે તેમાંથી કરવામાં આવે છે. હાલના ગવર્નર જનરલ લોર્ડ લીનલીથગો પણ ઉમરાવ કુટુંબના છે, અને જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટિના પ્રમુખ તરીકે હિંદી રાજકારણમાં પ્રસિદ્ધ થયેલ છે.

ગવર્નર જનરલની કારોબારી સત્તાનું ક્ષેત્ર

ગવર્નર જનરલની કારોબારી સત્તાની મર્યાદા ફેડરલ ધારાસભાની કોઈ પણ બાબતમાં કાયદા ઘડવાની સત્તાથી માંડી રક્ષણ માટે લશ્કર વધારવું અને

તેનું ખર્ચ હિંદની આવકમાંથી લેવા ઉપરાંત જાતોના મુલક બાબત સંધિ, રૂઢી, તથા કરારો વગેરેથી ઉત્પન્ન થતા હક્કો ભોગવવા સુધી રહે છે. આ કારોબારી સત્તા પ્રાન્તીય ધારાસભાની કાયદા ઘડવાની સત્તા વચ્ચે આવતી નથી. દેશી રાજ્યો જે સમવાયતંત્રમાં સામેલ થયાં હશે તેમાં આ સત્તા જેટલે અંશે દેશી રાજ્યોએ સમવાયી કાયદાઓનો સ્વીકાર કરવા કબુલ કર્યું હશે તેટલા પ્રમાણમાં ભોગવવાની રહેશે. આ ઉપરાંત જે જે બાબતો સમવાયી ધારાસભા કાયદા ઘડવા માટે સત્તાવાન છે તેના ઉપર પણ ગવર્નર જનરલની કારોબારી સત્તા રહેશે.

ગવર્નર જનરલનાં ખાસ ખાતાંઓ (Reserved departments)

ગવર્નર જનરલની પાસે ખાસ ખાતાંઓ રાખવામાં આવેલ છે, જેમાં રક્ષણ, પરદેશનીતિ, ધાર્મિક બાબતો અને જાતોના મુલકનો સમાવેશ થાય છે. આ ખાતાઓ માટે ગવર્નર જનરલ હિંદી વજીર દ્વારા પાર્લામેન્ટને જવાબદાર રહે છે. આ ખાતાઓના વહીવટ માટે સમવાયી પ્રધાનોની સલાહ લેવી કે નહિ તે તેની મરજીની વાત છે. આ ખાતાઓના વહીવટ માટે તેના મદદનીશ તરીકે ત્રણ સલાહકારો ગવર્નર જનરલ નીમશે. આ સલાહકારોની નોકરીના ધારાઓ તથા પગાર વગેરે ઓર્ડર-ઈન-કાઉન્સિલ દ્વારા નક્કી થશે. દરેક સલાહકાર બેઉ સભામાં બેસી શકશે તથા ભાષણો કરશે પણ મત આપવાનો તેને અધિકાર નહિ રહે. આ સભ્યો દ્વારા ગવર્નર જનરલ પોતાના ખાસ ખાતાઓ પુરતી નીતિની ચોખવટ ધારાસભામાં કરી શકશે. ગવર્નર જનરલે નીમેલા સલાહકારો ધારાસભાને નહિ પણ ગવર્નર જનરલને જવાબદાર રહેશે. ગવર્નર જનરલને સોંપાએલાં ખાસ ખાતાઓ નીચે પ્રમાણે છે.

(૧) રક્ષણ

હિંદના રક્ષણ ખાતામાં હિન્દી લશ્કરો અને બ્રિટિશ લશ્કરો બન્ને છે. આ શાહી લશ્કરો પાર્લામેન્ટને જવાબદાર ન હોય તેવા પ્રધાનોના હાથમાં મુકાય નહિ તેવી આજસુધીની શાહીનીતિ ચાલી આવે છે. એટલે આ રક્ષણ ખાતું ગવર્નર જનરલ જે સીધી રીતે હિંદી વજીરને જવાબદાર છે તેના હાથમાં રાખવામાં આવેલ છે. આ રક્ષણ ખાતામાં કમાન્ડર ઇન ચીફ પણ ગવર્નર જનરલને મદદ કરશે. નવાબંધારણ મુજબ કમાન્ડર ઇન ચીફ ગવર્નર જનરલ કારોબારીના સભ્ય નહિ થઇ શકે પણ સુચનાપત્ર પ્રમાણે ગવર્નર જનરલ આ ખાતા સંબંધી કોઈ પણ બાબતમાં કમાન્ડર-ઈન-ચીફનો

અભિપ્રાય માગી શકે, અને તે અભિપ્રાય હિંદી વઝીરને જણાવવામાં આવશે. આજે આ ખાતા સંબંધી હિંદમાં ઘણો જ ઉહાપોહ ચાલે છે. આ ખાતું વહેલી તકે હિંદીઓને સોંપાવું જોઈએ અને હિંદના લશ્કરોમાં હિંદીઓની ભરતી કરવી જોઈએ તેવી માગણી કરવામાં આવે છે. રક્ષણ ખાતું જે સલાહકારને સોંપવામાં આવે તે હંમેશાં બીન અમલદારી હિંદી હોવો જોઈએ, અને રક્ષણ ખાતા સંબંધી બધું ખર્ચ પ્રધાનમંડળ નક્કી કરે તે પ્રમાણે હોવું જોઈએ. આ બાબતમાં તપાસ થવા માટે ગવર્મેન્ટ તરફથી એક સમિતિની નિમણુક કરેલ છે, અને આ સમિતિનો અહેવાલ હજુ બહાર પડયો નથી.

આ સમિતિનો અહેવાલ ગમે તે બહાર પડે પણ એટલું નિર્વિવાદ છે કે આ ખાતા ઉપરનો કાબુ બ્રિટિશ સરકાર છોડી શકે તેમ નથી, કારણ કે આ ખાતા ઉપર હિન્દ ઉપરના બ્રિટિશ સામ્રાજ્યનું ભાવી લટકે છે. આજે જ્યારે ભાવિ યુદ્ધ માટે તડામાર તૈયારી ચાલી રહેલ છે, અને આ યુદ્ધમાં બ્રિટનને ક્યારે ઝંપલાવવું પડે તે નક્કી નથી તેવા સંજોગોમાં આ રક્ષણખાતું હિંદીઓને સોંપાવાનું અગર તો તેમાં કોઈ પણ જાતની છુટછાટ કરવાનું બ્રિટિશ સરકારને મન થાય તેમ નથી તે સહજ છે.

(૨) પરદેશ નીતિ

રક્ષણ અને પરદેશ ખાતાને ઘણો જ અગત્યનો સંબંધ હોવાથી પરદેશ નીતિ બાબતનું ખાતું પણ ગવર્નર જનરલને જ સોંપવામાં આવેલ છે. બીજા દેશો સાથેની કાંઈ પણ નીતિ નક્કી કરવાની સત્તા ગવર્નર જનરલ પાસે રહે છે. પ્રધાનો તો વેપાર બાબતમાં કાંઈ પણ સંધિ કે કરાર કરવા અસમર્થ છે. હિંદના વેપારી હિતો ફેડરલતંત્ર પોતે સાચવી શકશે નહિ, કારણ કે આ ખાતું તદન ગવર્નર જનરલના કાબુ હેઠળ રહે છે. ફેડરલ ધારાસભાઓને તો આ ખાતા બાબત ચર્ચા કરવાનો પણ હક્ક નથી.

(3) ધાર્મિક બાબત

હિંદના બ્રિટિશ લશ્કર તથા બ્રિટિશ નોકરીયાતોની ધાર્મિક જરૂરીયાતો પુરી પાડવા માટે હિંદી સરકાર ધાર્મિક બાબતનું એક ખાતું નભાવે છે. ખ્રીસ્તી દેવળના ઉપરી અધિકારીઓની નિંમણુક હિંદી વઝીર કરે છે અને બધા પાદરીઓના પગારો હિંદની તીજોરીમાંથી ચુકવાય છે. આ ખાતું નીભાવવા હિંદને દર વર્ષે રૂ. ૪૦,૦૦૦,૦૦ આપવા પડે છે.

(૪) જાતોનો મુલક

હિંદના વાયવ્ય સરહદ પ્રાન્તો પર અમુક કજીયાળી અને તકરારી જાતોનો મુલક છે. આ મુલકનો વહીવટ ગવર્નર જનરલ મારફત થાય છે. સરહદ પ્રાન્તો એ હિન્દનું બારૂં હોવાથી અને હિંદી લશ્કર તથા પરદેશ ખાતાંને આ સાથે નજીકનો સંબંધ હોવાથી આ ખાતું ગવર્નર જનરલ પાસે રાખવામાં આવેલ છે. આનો અર્થ એમ જ થાય છે કે સરહદની જાતો સાથે મિત્રાચારીભરી નીતિ રાખવાનો કે હિંદની શાંતિ જાળવવા સાથે હિંદી પ્રધાનોને કાંઈ લેવાદેવા નથી.

ગવર્નર જનરલને સોંપવામાં આવેલ ખાસ ખાતાંઓમાં પ્રધાનોને કાંઈ સત્તા નથી. આ ખાતાંઓ જેના પર હિન્દનું રાજકીય ભાવી સંકળાયેલ છે તે બધાં ગવર્નર જનરલ પાસે જ રાખવામાં આવેલ છે.

ગવર્નર જનરલનું કારોબારી પ્રધાનમંડળ

૧૯૩૫ ના નવા બંધારણમાં પ્રાન્તીય તંત્રમાંથી દ્વિરાજ્યશાસન પદ્ધતિ કાઢીને મધ્યસ્થતંત્રમાં દાખલ કરવામાં આવેલ છે. એટલે ગવર્નર જનરલ પાસેનાં ખાસ ખાતાંઓ (Reserved departments) સિવાયનાં બધાં ખાતાંઓ સમવાયી પ્રધાનોની સલાહ અને સહાયથી ગવર્નર જનરલ ચલાવશે. આ ખાતાઓ ચલાવવા માટે ગવર્નર જનરલ વધારેમાં વધારે દશ પ્રધાનો રાખશે. આ પ્રધાનો સમવાયી ધારામંડળના સભ્યોમાં બહુમતિ ભોગવતા હશે અગર તો વધુ પ્રમાણમાં ધારામંડળોનો વિશ્વાસ ભોગવતા હશે એવી ખાત્રી આપી શકે તેવાને જ ગવર્નર જનરલ ચુંટશે. દરેક પ્રધાનની નિમણૂક કરવી, અગર તો તેને રાખવા કે બરતરફ કરવા વગેરે સઘળી સત્તાઓ ગવર્નર જનરલ પાસે રહેશે. આ સત્તા ગવર્નર જનરલ તેમની વિવેકબુદ્ધિ પ્રમાણે વાપરશે. પ્રધાનોના પગાર ધારાસભા નક્કી કરશે, પરંતુ જ્યાં સુધી ધારાસભા ન કરે ત્યાં સુધી ગવર્નર જનરલને પગાર નક્કી કરવાની સત્તા છે. (પ્રધાનો હોય ત્યાં સુધી આ પગારોમાં નક્કી થયા પછી ધારાસભા કાંઈ ફેરફાર કરી શકશે નહિ.) આ પ્રધાનો ધારાસભાના કોઈ પણ પક્ષમાંથી ગવર્નર જનરલ ચુંટી શકશે. લઘુમતિ કોમો તથા દેશી રાજ્યોના પ્રતિનિધિઓમાંથી પણ પ્રધાનો ચુંટી શકાશે. ધારાસભાના જુદા જુદા પક્ષોની જેમ આ પ્રધાન મંડળમાં પક્ષો નહિ રહે, પરંતુ પ્રધાન-મંડળની જવાબદારીઓ સંયુક્ત રહેશે. ગવર્નર જનરલ કોઈ પણ ધારા-

સભામાં ચુંટાયેલ ન હોય તેવા માણસને પણ પ્રધાન નીમી શકે, પણ તે પ્રધાનોને ૭ માસની અંદર કોઈ પણ સમવાયી ધારાસભામાં સભ્ય તરીકે ચુંટાઈ આવવું પડશે.

સમવાયી પ્રધાનોનું સત્તાક્ષેત્ર—ગવર્નર જનરલનાં ખાસ ખાતાઓ સિવાયનાં બધાં ખાતાંઓ ધારાસભાને જવાબદાર એવા પ્રધાનોને સોંપવામાં આવશે, અને આ ખાતાઓના વહીવટ માટે પ્રધાનો ગવર્નર જનરલને સલાહ અને મદદ આપશે. પ્રધાનો ધારાસભાને કેટલે અંશે જવાબદાર છે તેવું કયાંય બંધારણમાં જણાવવામાં આવતું નથી, એટલે પ્રધાન ગવર્નર જનરલનાં ખાસ ખાતાઓ, બ્રિટિશ બલુચિસ્તાનના વહીતટ તથા ગવર્નર જનરલ તેની વિવેકબુદ્ધિ રૂએ વાપરવાની સત્તાવાળાં ખાતાઓ સિવાયનાં બધાં ખાતાંઓ ચલાવવા પુરતા માત્ર સલાહકારો જ રહે છે. પ્રધાનો ગવર્નર જનરલની તાજના પ્રતિનિધિ રૂએની સત્તા તથા હક્કો સંબંધમાં પણ જરા કાંઈ સલાહ કે સહાય આપવા અશક્ત છે.

પ્રધાનો અને ગવર્નર જનરલના ત્રણ સલાહકારો સાથે બેસીને વિચાર કે મંત્રણા ચલાવશે નહિ, પણ પ્રધાનોનું જુદું મંડળ થશે, અને તેના અધ્યક્ષ ગવર્નર જનરલ રહેશે, જ્યારે સલાહકારો તો ગવર્નર જનરલની કાઉન્સીલ બનશે. પ્રધાનમંડળની રચના જોતાં તેમાં એકતાની ખામી રહેશે, કારણ કે પ્રધાનોની ચુંટણી લઘુમતિ અને દેશી રાજ્યોના પ્રતિનિધિઓમાંથી પણ થઈ શકે છે, એટલે પ્રજામા ચુંટાયેલા પ્રતિનિધિઓ અને આ પ્રતિનિધિઓના દૃષ્ટિકોણમાં ઘણો જ તફાવત રહેશે.

સમવાયી પ્રધાનોની ધારાસભા પ્રત્યેની જવાબદારી

૧૯૩૫ ના આખાય કાયદામાં પ્રધાનો સમવાયી ધારાસભા પ્રત્યે જવાબદાર હોય તેવું કયાંય જોવામાં આવતું નથી, તેમજ સીધી રીતે નહિ તો આડકતરી રીતે પણ તેઓ ધારાસભાને જવાબદાર હોય તેવું જણાવવામાં આવેલ નથી. ૧૯૧૯ ના સુધારાઓમાં પ્રાન્તોમાં દાખલ કરવામાં આવેલ દ્વિરાજ્ય શાસન પદ્ધતિ તો આ મધ્યસ્થતત્રની દ્વિરાજ્ય પદ્ધતિ કરતાં ઘણી સારી હતી. કારણ કે તેમાં પ્રધાનો પ્રાન્તીય ધારાસભાને જવાબદાર રહેતા અને પ્રાન્તીય ધારાસભા અવિશ્વાસની દરખાસ્ત લાવી શકતી અગર તો પ્રધાનોના પગારમાં કાપકુપ કરી શકતી. પણ ૧૯૩૫ ના નવા બંધારણમાં દાખલ કરેલ મધ્યસ્થ દ્વિરાજ્ય પદ્ધિત એ પણ માત્ર નામની જ રહે છે.

ામવાથી ધારાસભા પ્રધાનની નિમણૂક બાબત નાપસંદગી બતાવવા મવિશ્વાસની દરખાસ્ત લાવી શકે પણ તેથી કરીને પ્રધાનોને રાજીનામું માપવું પડે તેમ ૧૯૩૫ ના કાયદામાં ક્યાંય છે નહિ. ઉપરાંત પ્રધાનો મહુમતિ પક્ષના નહિ હોય છતાં ગવર્નર જનરલ તેને ચુંટી શકશે. એટલે મા સમવાયી પ્રધાન મંડળની રચના જોતાં તેમાં એકતાની ખામી રહેશે. માામ આ પ્રધાન મંડળની સત્તા તથા જવાબદારીઓ જોતાં ગવર્નર જનરલની ારોબારી સત્તાઓનું આપણે ભાન થાય છે. આ સિવાય પણ ગવર્નર જનરલને ખાસ સત્તાઓ તથા જવાબદારીઓ આપવામાં આવેલ છે.

૧) ગવર્નર જનરલની ખાસ સત્તાઓ

જ્યારે જ્યારે ગવર્નર જનરલને એમ લાગે કે હિંદમાં શાંતિ, કાયદો, મને સુવ્યવસ્થા ભયમાં છે, ત્યારે તે અટકાવી શકે છે. આટલા માટે ગવર્નર જનરલને રક્ષણ ખાતું સોંપવામાં આવેલ છે. આ સત્તા હેઠળ બ્રિટિશ તંત્ર સાથેની કોઈ પણ જાતની ચળવળ દાબી શકાય છે. રક્ષણ ખાતું અગર આ સત્તા પ્રધાનોને સોંપવામાં આવે તો ભવિષ્યમાં મતભેદ થવાનો સંપૂર્ણ અવકાશ રહે એટલે તે વસ્તુ ન થવા પામે એટલા માટે આ સત્તાઓ ગવર્નર જનરલ પાસે રાખવામાં આવેલ છે.

૨) નાણાકીય સ્થિરતા

નાણા પ્રકરણ માટે પ્રધાનોને તે ખાતું સોંપવામાં આવેલ છે પણ પ્રધાનોનોની સત્તા ઘણી જ મર્યાદિત રહે છે. હિંદમાં તેમજ ઇંગ્લેન્ડમાં હિન્દની નાણા પ્રકરણી સ્થિરતા, સાખ, અને સદ્ધરતા જાળવવા માટે ગવર્નર જનરલને કોઈ પણ રકમ ઉધાર ઉપાડવા સત્તા છે. ગવર્નર જનરલની રક્ષણની ખાસ સત્તાને અંગે નાણાકીય ખાતા ઉપર પણ ગવર્નર જનરલને ઘણું આપવામાં આવેલ છે. આ માટે ગવર્નર જનરલને **નાણાખાતાના સલાહકાર** નીમવાનો પણ અધિકાર છે. આ અધિકાર પ્રધાનોની સંમતિથી ભોગવી શકાશે, કારણ કે આ નિમણૂક પ્રધાનોની સંમતિથી થશે. આ નિમણૂક કરવાનું કારણ ગવર્નર જનરલ અને તેના પ્રધાનો વચ્ચે ખોટી અથડામણ ન થાય તેટલા માટે છે. આ નાણાકીય સલાહકારની સલાહ પ્રધાનો પણ લઈ શકશે, પરંતુ આથી કરીને નાણાકીય વહીવટની રીતમાં આ સલાહકાર વચ્ચે નહિ આવી શકે. આ નાણાખાતાના સલાહકારનો પગાર તથા નોકરીની શરતો ગવર્નર જનરલ નક્કી કરશે.

(૩) લઘુમતિનું સંરક્ષણ

હિંદમાં વસતી લઘુમતિઓના વાડા ધર્મના ભેદભાવ ઉપર અવલંબે છે. કમભાગ્યે ધર્મના ભેદભાવને હિંદી રાજકારણમાં વણી લેવામાં આવેલ છે. લઘુમતિ કોમોને બહુમતિ કોમોના હાથે જરા પણ અન્યાય ન થાય તેની ચીવટભરી સંભાળ સરકાર રાખે છે. આજે કોમ કોમ વચ્ચેના ભેદભાવો એટલા બધા ઉત્તેજીત બનેલ છે કે કોમી ઝઘડાઓએ હિંદી રાજકારણનું સ્વાભાવિક અંગ બનેલ છે. બધી કોમો વચ્ચે શાંતિ અને ન્યાય જાળવી રાખવા માટે આ સત્તા ખાસ ગવર્નર જનરલને આપવામાં આવેલ છે.

(૪) જાહેર નોકરીયાતોના કાયદેસર હક્કોનું સંરક્ષણ

ગવર્નર જનરલને જાહેર નોકરીયાતોના કાયદેસર હક્કો જાળવી રાખવા તથા તેને ન્યાયપુરઃસર વર્તાવ મળે તેટલા માટે આ સત્તા સોંપવામાં આવેલ છે. જાહેર નોકરીયાતો ઘણાખરા અંગ્રેજ અમલદારો તથા એંગ્લો ઈન્ડીયન હોય છે એટલે તેમના હક્કો હિતોમાં જરા પણ આંચ ન આવે અથવા તો પ્રજાકીય પ્રધાનો તેને જરા પણ અન્યાય ન કરે તે ખાસ ધ્યાન રાખવાનું કામ ગવર્નર જનરલનું છે. આ સત્તાનું પરિણામ એ આવે કે પ્રધાનો તેની નીચેના નોકરીયાતો અને કારકુનોને સામે કાંઈ પણ કરવાને અશક્ત બને છે. આમ જાહેર નોકરીનું પોલાદી ચોગઠું પ્રધાનોની લેશ પણ સત્તાની બહાર રહે છે.

(૫) દેશી રાજ્યોના હક્કો

દેશી રાજ્યોએ જે બાબતો પ્રવેશપત્રમાં નહિ જણાવી હોય તે બાબતોના હક્કોનું સંરક્ષણ કરવાનું કામ ગવર્નરજનરલ તાજના પ્રતિનિધિ તરીકે કરશે અને તેટલા હિસાબે ફેડરેશન સાથે દેશી રાજ્યોના હક્કોનું પાલન કરશે. ગવર્નર જનરલના હોદ્દા ઉપરાંત ગવર્નર જનરલ તાજના પ્રતિનિધિ (Crown's representative) પણ છે, અને આ હોદ્દાને રૂએ દેશી રાજ્યો ઉપરની સાર્વભૌમ સત્તા તેઓ વાપરે છે.

(૬) બ્રિટિશ પ્રજાની વિરૂદ્ધ વ્યાપારી ભેદભાવ

ગવર્નર જનરલ બ્રિટિશ વ્યાપારી હિતોની વિરૂદ્ધ કોઈ પણ જાતનો ભેદભાવ કે પક્ષપાત અટકાવી શકે છે. હિંદુસ્તાનમાં બ્રિટિશ વ્યાપારી હિત અને બ્રિટિશ વેપારી પેઢીઓની મુડી એટલી બધી રીતે પથરાયેલ છે કે

તેના વિરૂદ્ધ કાંઈ પણ નીતિ ધારાસભા કે પ્રધાન મંડળ અખત્યાર કરે તો કરોડો અને અબજો રૂપીયાની મુડીને હરકત આવે એ હેતુથી આ સત્તા ગવર્નર જનરલને સોંપવામાં આવેલ છે. આનો અર્થ એ કે કોઈ પણ ખરડો હિંદીવેપાર, ઉદ્યોગ કે વહાણવટાના વિકાસ માટે ધારાસભામાં દાખલ કરવામાં આવે અને હિંદી વેપાર ઉદ્યોગ અને વહાણવટાના વિકાસથી બ્રિટિશ વ્યાપારી હિતોને નુકસાન પહોંચે તેમ જણાય તો ગવર્નર જનરલ તે અટકાવી શકે છે બર્મા અને બ્રિટિશ રાજ્યમાંથી આવતા માલ ઉપરનો અયોગ્ય પ્રતિબંધ તે અટકાવી શકશે. ગવર્નર જનરલની વિવેકશક્તિ અને વ્યક્તિગત અભિપ્રાય મુજબ ભોગવવાની સત્તામાં જરા પણ પ્રતિબંધ કરે તેવી બાબતોની અટકાયત કરી શકશે.

આ બધી ગવર્નર જનરલની ખાસ જવાબદારીઓ અંગેની સત્તા છે, જેમાં ગવર્નર જનરલ તેના પ્રધાનોની સલાહ લેશે પરંતુ પોતાના અંગત અભિપ્રાય મુજબ ઠીક પડે તો વર્તશે. ગવર્નર જનરલની સત્તાઓમાં કેટલીક વિવેકબુદ્ધિ પ્રમાણે જ્યારે કેટલીક અંગત અભિપ્રાય મુજબ ઉપયોગ કરવાની સત્તા છે. વિવેકબુદ્ધિઅને અંગત અભિપ્રાય પ્રમાણે વાપરવાની સત્તામાં શું તફાવત છે તેનો ક્યાંય બંધારણમાં ફોડ પાડવામાં આવેલ નથી. આમ ગવર્નર જનરલની સત્તાના પણ ત્રણ વિભાગો પડે છે. એક તો ખાસ ખાતાંઓ (Reserved departments) પુરતિ તેમની અબાધિત સત્તા, બીજી ખાસ જવાબદારીઓને (special responsibility) અંગે વાપરવાની સત્તા છે જેમાં તે પ્રધાનોની સલાહ લે પણ પોતાના અંગત અભિપ્રાય મુજબ વર્તી શકે. ગવર્નર જનરલની વિવેકશક્તિ પ્રમાણે વર્તવાની પણ સત્તાઓ છે, જે નીચે મુજબ છે.

(૧) ધારાસભાના પસાર કરેલ અમુક ખરડાઓને સંમતિ આપવી કે નામંજુર કરવા અગર શહેનશાહની વિચારણા માટે મુલ્તવી રાખવા,

(૨) કાયદો, વ્યવસ્થા, અને શાંતિ જાળવવા ગવર્નર જનરલની ખાસ જવાબદારીઓને હરકત આવે તેવી ચર્ચાઓ, ખરડાઓ કે સુધારાઓ નામંજૂર કરવા,

(૩) અમુક ખરડાઓ ધારાસભામાં દાખલ કરવા અગાઉથી પ્રાથમિક મંજૂરી આપવી કે ન આપવી,

(૪) સમવાયી ધારાસભાને બોલાવવી, મુલ્તવી રાખવી કે બરખાસ્ત કરવી કરવી અથવા મતભેદના વખતે બન્ને સભાની સંયુક્ત બેઠક બોલાવવી,

(૫) કટોકટાના સમયે બંધારણ મોકુફ રાખવું અને બધી સત્તા એકહથ્થુ ધારણ કરવી,

(૬) સમવાયી પ્રધાનો તથા નાણાકીય પ્રધાનની નિમણૂંકો કરવી તથા તેને છુટા કરવા,

(૭) કોઈ પણ ખર્ચની માગણી મત આપવા લાયક છે કે નહી તેનો નિર્ણય કરવો,

(૮) ગવર્નર જનરલની વિવેકશક્તિ વાપરવાની સત્તાઓ રૂએના ખાતાઓ તથા નાણાપ્રકરણી બાબતોનો વખતસર નિવેડો લાવવા માટે નિયમો ઘડવા,

(૯) બહારના કે દેશી રાજ્યોના રાજ્યકર્તા કે તેના કોઈ કુટુમ્બીઓની અંગત ચર્ચાઓ બંધ કરવી,

(૧૦) ગવર્નર જનરલની સંમતિ માટે રાખેલા પ્રાન્તીય ખરડાઓને મંજૂરી આપવી યા ન આપવા બાબત.

(૧૧) ઓર્ડીનાન્સ તથા ગવર્નર્સ એકટ કાઢવા તેમજ મુશ્કેલીના વખતે બંધારણ મોકુફ રાખવા ગવર્નરોને સૂચના કરવી,

(૧૨) ગવર્નરોને ગવર્નર જનરલના એજન્ટ તરીકે અમુક સૂચનાઓ આપવી,

(૧૩) હિંસાત્મક ગુન્હાઓ વડે સરકારને ઉથલાવી નાખવા માગતી હોય તેવી બાબતો માટે પોલીસને સત્તાઓ આપવાના ધારા ઘડવા બાબત.

(૧૪) તાજ અને દેશી રાજ્યો વચ્ચેના સંબંધમાં લશ્કરી બળની મદદ કરવા બાબત.

ગવર્નર જનરલની કાયદા ઘડવાની સત્તા

આ સત્તાઓ સિવાય **ગવર્નર જનરલને કાયદા ઘડવાની સત્તા** આપવામાં આવેલ જેમાં ઓર્ડીનાન્સ અને ગવર્નર જનરલના કાયદાઓ કાઢવાની સત્તાનો સમાવેશ થાય છે.

ઓર્ડીનાન્સ

જો ધારાસભાની બેઠક ચાલુ ન હોય તો પ્રધાન મંડળની સલાહ પ્રમાણે ગવર્નર જનરલ ઓર્ડીનાન્સ નીચેની શરતો પ્રમાણે કાઢી શકશે.

(૧) જો પ્રધાનોની સલાહ પ્રમાણે ઓર્ડીનાન્સ કાઢવાની જરૂર પડે તો જે વિષયમાં ઓર્ડીનાન્સ કાઢવાની જરૂર જણાય તે વિષય જો ધારાસભામાં દાખલ કરતા પહેલાં તેની પ્રથમ મંજૂરી માગવી પડે તેવો હોય તો ગવર્નર જનરલ પોતાના વ્યક્તિગત અભિપ્રાય મુજબ ઓર્ડીનાન્સ કાઢવા ના પાડી શકે,

(૨) જે વિષયો પરત્વે જો ધારાસભાએ ઠરાવ પસાર કર્યો હોય અને તે શહેનશાહની મંજૂરી મેળવવા માટે રાખી મૂકવાનો હોય તેવા વિષયો માટે પ્રથમ તેને શહેનશાહની મંજૂરી માગવી પડશે,

(૩) આ બધા ઓર્ડીનાન્સો ધારાસભાની બેઠક ચાલુ થાય ત્યારે તેની પાસે રજુ કરવા પડશે, અને ધારાસભાની બેઠક મળ્યેથી માત્ર ૭ અઠવાડીયા સુધી તે ઓર્ડીનાન્સો અમલમાં રહેશે, સિવાય કે બન્ને ધારામંડળો તે પસાર કરે અગર રદ કરે,

(૪) આ ઓર્ડીનાન્સો તાજ રદ કરી શકે અગર તો ગવર્નર જનરલ પાછા ખેંચી શકે.

ગવર્નર જનરલ તેની વિવેક શક્તિ અને અંગત અભિપ્રાયવાળી સત્તાના ક્ષેત્રમાં કોઈ પણ ઓર્ડીનાન્સ કાઢી શકશે, અને તે ૭ માસ સુધી અમલમાં રહેશે. આ ઓર્ડીનાન્સ બીજા ૭ માસ અમલમાં રાખવા માટે તે પાર્લામેન્ટ સમક્ષ પેશ કરવો પડે, અને પાર્લામેન્ટ મંજૂર કરે તોજ તે વધુ અમલમાં રહે. આવી રીતે કાઢેલા ઓર્ડીનાન્સો તાજ રદ કરી શકે અગર તો ગવર્નર જનરલ પોતે પાછા ખેંચી શકશે.

ગવર્નર જનરલનો કાયદો (Governor General's Act.)

સમવાયતંત્રના દરેક ક્ષેત્રમાં ધારાસભાની ઇચ્છા વિરૂદ્ધ ગવર્નર-જનરલને કાયદા પસાર કરવાની સત્તા છે. આ સત્તા ખાસ જરૂરી સંજોગોમાં ઉપયોગ કરવાની છે.

(૧) ગવર્નર જનરલ આ ખરડાનો મુસદ્દો ઘડીને ધારાસભાને જાણ કર્યા વગર તે કાયદા તરીકે પસાર કરી શકશે. માત્ર ધારાસભાઓને સંદેશા મારફત તેની જરૂરીયાતની જાણ કરે,

(૨) આ ખરડાનો મુસદ્દો ધારાસભાને મોકલે, અને તે વિષે ધારાસભાએ કાંઈ મત પસાર કરેલ હોય કે ન હોય તો પણ એક મહીના પછી તે કાયદા તરીકે પસાર કરી શકશે,

(૩) આવો કાયદો પાર્લામેન્ટ સમક્ષ રજુ કરવો પડશે,

(૪) આ કાયદો શહેનશાહ નામંજુર કરી શકે છે.

દરેક ઓર્ડીનાન્સ અને ગવર્નર જનરલનો કાયદો સમવાયી સત્તાના ક્ષેત્રની અંદરનો હોવો જોઇએ. ગવર્નર જનરલે પસાર કરેલ ઓર્ડીનાન્સ તથા કાયદો ધારાસભાએ પસાર કરેલ કાયદા જેમજ ધોરણસર ગણાશે.

ગવર્નર જનરલની વિશાળ સત્તાઓ આટલેથી પુરી થતી નથી. ગવર્નર જનરલ પ્રાન્તીય સરકારને સમવાયી કાયદાઓ અમલમાં મૂકવાના હુકમો કરી શકશે, પ્રાન્તીય ખરડાઓ મંજૂર અગર નામંજૂર કરી શકશે, જુદા પાડેલ મુલકના વહીવટ માટે કોઇ પણ કાયદાઓ મંજૂર કરશે. ઉપરાંત પ્રાન્તોને ક્યારે અને કેવી રીતે આવક વેરાનો ભાગ મળે તે નક્કી કરશે, અને લોન લેવા બાબતના પ્રાન્તીય અને સમવાયી સરકારના મતભેદો માટે પણ આખરી નિર્ણય આપવાની સત્તાઓ ગવર્નર જનરલ પાસે છે. ગવર્નર જનરલ પોતાના જુદી જુદી જાતના કામકાજ માટે તેનું મંત્રીમંડળ (Secretarial Staff) અને તેના એક ઉપરીની ગોઠવણ કરી શકશે. સમવાય સરકારના બધા હુકમો ગવર્નર જનરલના નામથી બહાર પડશે.

ગવર્નર જનરલ તેના પ્રધાનોની સાથે મંત્રણા ચલાવી સમવાયી સરકારના કામકાજ માટે ધારાધોરણો બાંધશે, અને કયા ખાતાંઓ કયા પ્રધાનોને સોંપવા તેની ગોઠવણ કરશે. પ્રધાનો તથા સરકારી મંત્રીઓને ગવર્નર જનરલને સમવાયી સરકારના કામકાજ અને ખાસ કરીને ગવર્નર જનરલની ખાસ સત્તાઓની રૂએના કામકાજની બધી માહીતી આપવાની રહેશે.

સમવાયતંત્ર માટે એડવોકેટ જનરલ

સમવાયતંત્રમાં કાયદાની ગુંચો ઉકેલવા તથા કાયદા બાબતની સમવાયતંત્રને સલાહ આપવા ગવર્નરજનરલ એક એડવોકેટ જનરલની નિમણુક કરશે. એડવોકેટ જનરલ બ્રિટિશ હિન્દની બધી કોર્ટમાં કેસો રજુ કરી શકશે. ઉપરાંત સમવાયતંત્ર બાબતમાં કોઇ પણ સંયોજીત રાજ્યની કોર્ટમાં પણ તે કામકાજ કરી શકશે. એડવોકેટ જનરલની નિમણુક, નોકરી તથા પગાર વગેરે ગવર્નર જનરલ પોતાના અંગત અભિપ્રાય મુજબ નક્કી કરી શકશે.

તાજના પ્રતિનિધિ

ફેડરેશનમાં જોડાયાં હોય તેવાં અને ન જોડાયાં હોય તેવાં દેશી રાજ્યોના તાજ સાથેના સંબંધ માટે તાજના પ્રતિનિધિની અને

ગવર્નવ જનરલની સત્તાઓ જુદી પાડવામાં આવેલ છે. દેશીરાજ્યો આંતરિક રીતે સ્વતંત્ર છે, પણ તેના પર સાર્વભૌમ સત્તા આધિપત્ય ભોગવે છે.

દેશી રાજ્યોના કોલ કરારો તથા સંધી અને તેના આંતરિક તંત્રની સુવ્યવસ્થા માટે તથા સમવાય તંત્રને સુપ્રત કરેલ હોય તેવી દેશીરાજ્યોની સત્તા માટે તાજના પ્રતિનિધિ જવાબદાર રહે છે. આ સત્તા હિંદના રાજ પ્રકરણી ખાતા દ્વારા તાજના પ્રતિનિધિ ભોગવે છે. લોર્ડ લીનલીથગો ૧૯૩૭ ના એપ્રીલની ૧ તારીખથી તાજના પ્રતિનિધિ તરીકેનો હોદ્દો ભોગવે છે. આ સત્તા ફેડરેશનની સત્તાની બહારની વસ્તુ છે, અને તેનો સાર્વભૌમ સત્તાના સિદ્ધાંતોની રૂએ અમલ થાય છે. આ સત્તાની રૂએ તાજના પ્રતિનિધિ પોતાના કામકાજ માટે અમુક અમલદારો અને તેના નોકરોની નિમણૂક કરશે અને તેની નોકરી માટે નીયમો ઘડશે. તાજના પ્રતિનિધિ તરીકેની સત્તા હિંદી વજીરની સૂચના મુજબ ભોગવાશે. તાજના પ્રતિનિધિ તરીકેની સત્તા જેટલી ગર્ભિત છે તેટલી જ વિશાલ છે. હિંદના ૫૬૨ દેશી-રાજ્યો અને તેની આઠ કરોડની પ્રજા ઉપરની આ સર્વોપરી સત્તા ગવર્નર જનરલની સત્તામાં અનેક ગણો વધારો કરે છે.

સૂચના પત્ર

નવા બંધારણમાં ગવર્નર જનરલ તથા ગવર્નરોને પોતાની ફરજો કેવી રીતે અદા કરવાની છે તે સંબંધી અમુક સૂચનાપત્રો આપવામાં આવે છે. સૂચનાપત્રનો ઉદ્દેશ બંધારણીય જડતામાં સ્થિતિ સ્થાપકતા લાવવાનો છે. હિન્દમાં જવાબદાર રાજતંત્રના વિકાસ માટે આ સૂચનાપત્ર પ્રમાણે તેમને અમુક પ્રથા અને રૂઢીઓ કેળવવાની રહે છે. આ સૂચનાપત્રો એટલાં બધાં ઉપયોગી ગણવામાં આવે છે કે દરેક મૂળ સૂચનાપત્ર તથા તેના પર થયેલ સુધારાઓ તાજને પાર્લામેન્ટ સમક્ષ મૂકવા પડે છે, કારણ કે હિન્દના બંધારણીય વિકાસમાં આ સૂચનાપત્રો મહત્વનો ભાગ ભજવે છે.

૧૯૩૫ ના બંધારણમાં પ્રધાનોનું કાર્ય માત્ર ગવર્નર જનરલને સલાહ આપવાની છે તેમ જણાવેલ છે, પણ પ્રધાનોની ચુંટણી તથા તેઓની સંયુક્ત જવાબદારીઓ માટે ક્યાંય જરા પણ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. ગવર્નર જનરલને આપવામાં આવેલ સૂચના પત્રમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે જેથી કરીને ગવર્નર જનરલ તેના પ્રધાન-

મંડળના બંધારણીય વડા તરીકે રહી શકે. પ્રધાનોની ચુંટણી કરવામાં ગવર્નર જનરલ બ્રિટિશ પાર્લામેન્ટની પદ્ધતિનું અનુકરણ કરશે, અને જે સભ્યો ધારાસભામાં કાયમી બહુમતિ ધરાવતા હશે તેવાને તથા લઘુમતિ અને દેશીરાજ્યોના પ્રતિનિધિઓમાંથી ધારાસભાનો સંયુક્ત રીતે વિશ્વાસ ભોગવતા હશે તેવા પ્રતિનિધિઓમાંથી પ્રધાનોને ચુંટી શકશે. ગવર્નર જનરલ તેના પ્રધાનોમાં સંયુક્ત જવાબદારીની ભાવના પેદા કરશે. ગવર્નર જનરલ તેના પ્રધાનોની સલાહ મુજબ વર્તશે, સિવાય કે તેની ખાસ જવાબદારીઓ અને અંગત અભિપ્રાયની સત્તાથી તે સલાહ અસંગત હોય. ગવર્નર જનરલને તેની સત્તા એવી રીતે વાપરવાની છે કે જેથી કરીને પ્રધાનો આ કાર્ય ગવર્નર જનરલની ખાસ જવાબદારીનું છે તેમ જાણી પોતાની જવાબદારીમાંથી વિમુક્ત ન રહે.

ઉપરાંત મધ્યસ્થ સરકાર અને ધારાસભાની આર્થિક અને નાણાકીય નીતિનો વિકાસ થવા દેવા માટે ગવર્નર જનરલ વગર જોઇતું વચમાં નહિ આવે, સિવાય કે યુનાઇટેડ કીંગડમના હિતોને તેથી નુકસાન થવા સંભવ રહે.

જોકે રક્ષણ ખાતું ગવર્નર જનરલનું ખાસ ખાતું છે અને તેના ઉપર યોગ્ય ખર્ચ કરવા ગવર્નર જનરલને સત્તા છે છતાં પણ તે બાબતમાં તેને અમુક સૂચનાઓ આપવામાં આવેલ છે. ગવર્નર જનરલે યાદ રાખવું કે હિન્દનું રક્ષણ ખાતું તે બહુધા હિન્દીઓએ સંભાળવવાની વસ્તુ છે. હિન્દનું સમવાયી નાણાખાતું રક્ષણ ખાતાની અને ખાસ કરીને પ્રધાન મંડળની નજીકની પરિચીત વસ્તુ રહેશે અને રક્ષણ ખાતાના ખર્ચના અડસટ્ટાના આંકડાઓ તૈયાર કરતાં પહેલાં નાણાખાતાના પ્રધાનની સલાહ લેશે. ગવર્નર જનરલ પોતે તેના પ્રધાનો તથા તેના સલાહકારોની સાથે સંયુક્ત મંત્રણા કરવાના રિવાજનો પોષણ આપશે, અને છેવટે ગવર્નર જનરલમાં મુકવામાં આવેલ વિશ્વાસ એવી રીતે અદા કરશે કે જેથી હિન્દ અને યુનાઇટેડ કીંગડમની ભાગીદારીમાં વૃદ્ધિ થાય અને હિન્દ બ્રિટિશ સંસ્થાનોમાં તેનું યોગ્ય સ્થાન પ્રાપ્ત કરે.

સમવાયી ધારામંડળો

સમવાયતંત્રમાં કાયદા ઘડવા માટે શહેનશાહના પ્રતિનિધિ ગવર્નર જનરલ અને બે ધારામંડળો રહેશે. આ ધારામંડળોમાં નીચેનું ધારામંડળ તે સમવાયી

ધારાસભા (Federal Assembly) તરીકે અને ઉપરનું ધારામંડળ તે સમવાયી રાજસભા (Federal Council) તરીકે ઓળખાશે.

સમવાયી રાજસભા (Federal Council of State)

આ સ્થાયી સભા છે. આ રાજસભા બરખાસ્ત કરવામાં નહિ આવે. દર ત્રણ વર્ષે આ સભાની સંખ્યાનો ત્રીજો ભાગ એવી રીતે નીકળી જશે કે જેથી પહેલાં ૭ વર્ષ પછી દરેક સભ્ય એકી સાથે નવ વર્ષ સુધી રાજસભામાં બેસી શકશે. રાજસભામાં ૧૫૬ બ્રિટિશ હિંદના તથા ૧૦૪ દેશી રાજ્યોના તેમ કુલ ૨૬૦ પ્રતિનિધિઓ રહેશે. રાજસભામાં પ્રાન્તોનું પ્રતિનિધિત્વ સીધી ચુંટણીથી રાખવામાં આવેલ છે, પરંતુ મતાધિકાર એવી લાયકાત પર ગોઠવવામાં આવેલ છે કે ફક્ત હિંદમાંથી માત્ર ૧,૫૦,૦૦૦ દોઢ લાખ માણસો જ મત આપવા લાયક બને છે. બ્રિટિશ હિન્દના ૧૫૦ સભ્યોમાંથી ૭૫ સામાન્ય બેઠકો છે, ૬ દલિતવર્ગ માટે, ૪ શીખ માટે, ૪૯ મુસલમાનો માટે, ૬ સ્ત્રીઓ માટે, ૬ યુરોપીયનો માટે, ૨ હિંદી ખ્રીસ્તી માટે અને ૧ એંગ્લો ઇન્ડીયન માટે રાખવામાં આવેલ છે. આમાંથી એંગ્લો ઇન્ડીયન, યુરોપીયન અને હિંદી ક્રિશ્ચીયન માટે પ્રાન્તિક ધારાસભાના સભ્યો ચૂંટણી કરશે એટલે આ ત્રણ કોમ માટે આડકતરી ચૂંટણી રહેશે.

રાજસભામાં દેશીરાજ્યોના ૧૦૪ પ્રતિનિધિઓ છે તે પ્રતિનિધિઓ દેશીરાજ્યની પ્રજા તરફથી ચૂંટાઇને આવતા નથી, પરંતુ દેશીરાજ્યના રાજ્યકર્તાઓ તરફથી નીમાઇને આવશે. ૫૬૨ જેટલાં દેશીરાજ્યોના ૧૦૪ પ્રતિનિધિઓ મોકલવાની ગોઠવણ રાજ્યોના માન, મોભો, અને આવક પ્રમાણે કરવામાં આવેલ છે. આમાંથી કેટલાંક રાજ્યોને સુવાંગ બેઠક મળે છે જ્યારે કેટલાકના જુથ એટલે ગ્રુપ પાડવામાં આવેલ છે, જે જુથને એક અગર વધારે બેઠકો આપવામાં આવેલ છે.

ફેડરેશન ચાલુ કરવા માટે સમવાયી રાજસભામાં ૫૨ બેઠકો ભરાય તેટલાં દેશી રાજ્યો ફેડરેશનમાં જોડાવા સંમત થાય ત્યારે ફેડરેશન ચાલુ **થઇ શકે તેમ છે, એટલે દેશીરાજ્યોની જોડાવાની સંમતિ ઉપર અને રાજસભામાં તેના મોકલવાના કુલ પ્રતિનિધિઓની અરધો અરધ સંખ્યા થાય ત્યારે જ ફેડરેશન હસ્તીમાં આવી શકે તેમ છે.**

રાજસભામા દેશીરાજ્યોની ૧૦૪ બેઠકો રાખવામાં આવેલ છે, જ્યારે બ્રિટિશહિન્દના પ્રાન્તોને ૧૫૬ બેઠકો અપાયેલ છે, વસ્તીના પ્રમાણમાં

દેશીરાજ્યોને ૪૦% બેઠકો મળેલ છે. દેશીરાજ્યોના પ્રતિનિધિઓ જે રાજ્યકર્તાઓ તરફથી નીમાઈને આવશે તેનાપર સ્વાભાવિક રીતે ગવર્નર જનરલનું પરોક્ષ વર્ચસ્વ રહેશે, ઉપરાંત બ્રિટિશ હિન્દના પ્રતિનિધિઓમાં દેખીતી રીતે બહુમતિ જણાય છે પણ આ પ્રતિનિધિઓની સંખ્યામાં કોમી ભેદભાવથી અનેક પક્ષો પડી જશે, એટલે દેશીરાજ્યોના પ્રતિનિધિઓ અને કોમીવાદીઓ Official blocની જેમ હમેશાં સરકારની કુમકે ઉભા રહેશે તેવી બીતિ હિન્દના પ્રગતિશીલ રાજદ્વારી પક્ષો રાખે છે. ખાસ કરીને રાજ્યોના પ્રતિનિધિઓ અને પ્રાન્તના પ્રતિનિધિઓના દૃષ્ટિકોણમાં મહત્ત્વનો ફેરફાર રહેશે એટલે ઉપર જણાવેલ બીતિ અસ્થાને ન ગણાય.

રાજસભાનો હેતુ ખાસ કરીને ધારાસભાપર અંકુશ રાખવાનો અને સ્થિરતા લાવવાનો છે. પરંતુ રાજસભાની ત્રિવાર્ષિક ચુંટણી અને ત્રીજા ભાગના સભ્યોના નીકળી જવાથી રાજસભા પણ અસ્થિર રહે છે. કારણકે ત્રીજા ભાગના ચૂંટાઈ આવેલા સભ્યો નવા વિચાર અને પક્ષ ના આવે તેથી અમુક વિચારવાળો બહુમતિ પક્ષ ત્રણ વર્ષથી વધુ નહિ રહી શકે. ઉપરાંત મતાધિકારનું ધોરણ જોતાં આ સભા મોટી મીલ્કતવાળા મુડીદારો તથા જમીનદારોના હિત જાળવવા ઉભી કરેલ સંસ્થા જેમ જણાય છે, એટલે આ સભાના ઉદ્ભવનો હેતુ શું છે તે જાણવું બહુ કઠીન નથી.

સમવાયી ધારાસભા (Federal Assembly)

આ ધારાસભા એ નીચેની ધારાસભા છે. આ ધારાસભાનું આયુષ્ય પાંચ વર્ષનું છે. આ ધારાસભામાં બ્રિટિશ હિન્દના ૨૫૦ પ્રતિનિધિઓ અને રાજ્યોના ૧૨૫ પ્રતિનિધિઓ મળી કુલ ૩૭૫ પ્રતિનિધિઓ રહેશે. હિન્દીપ્રાન્તોને આપવામાં આવેલ બેઠકોમાં ૧૦૫ સામાન્ય છે, ૧૯ દલિતવર્ગ માટે, ૮૨ મુસલમાનો માટે, ૪ એંગ્લો ઈન્ડીયન માટે, ૮ યુરોપીયનો માટે, ૮ હિન્દી ખ્રીસ્તીઓ માટે, ૧૧ વેપાર ઉદ્યોગના પ્રતિનિધિઓ માટે, ૧૦ મજુર વર્ગ માટે અને ૯ સ્ત્રીઓ માટે બેઠકો છે. દરેક પ્રાન્તોવાર જુદી જુદી બેઠકો રાખવામાં આવેલ છે.

આ સભામાં ચૂંટણીનું ધોરણ સીધું નથી, પણ આડકતરી ચૂંટણી એટલે પ્રાન્તિક ધારાસભાની જુદી જુદી કોમના પ્રતિનિધિઓ તરફથી ચૂંટણી થશે. દલિતવર્ગની બેઠકો માટે દરેક બેઠક માટે ચાર ઉમેદવારો રહેશે જેમાંથી જેને સામાન્ય બેઠકોની ચૂંટણીમાં વધુ મત મળશે તે દલિતવર્ગના પ્રતિનિધિ તરીકે ચૂંટાશે.

સમવાયી ધારાસભાના પ્રતિનિધિ માટેની લાયકાત

સમવાયી ધારાસભાના સભ્ય થવાની લાયકાત માટે નીચે પ્રમાણે ધોરણ રહેશે.

(૧) જે કોઈ બ્રિટિશ હિન્દ સમવાયતંત્રમાં જોડાયેલ રાજ્યકર્તા, અથવા તે રાજ્યની પ્રજા હોય તે ધારાસભાના સભ્ય થઈ શકશે,

(૨) રાજસભામાં સભ્યની ઉંમર ૩૦ વર્ષની હોવી જોઈએ, અને નીચેની ધારાસભા માટે ૨૫ વર્ષની ઉંમર હોવી જોઈએ.

આ ઉપરાંત જો કોઈ પણ સભ્ય અસ્થિર મનનો હોય, નાદાર હોય, ચૂંટણીના ગુન્હા બાબત તકસીરવાન ઠરેલ હોય, ચૂંટણીના ખર્ચના આંકડા રજુ કરવા નિષ્ફળ નિવડ્યો હોય, દેશનીકાલ અગર કેદની સજા ભોગવતો હોય, તાજની નોકરી કરતો હોય, અગર જન્મ ટીપ અગર બે વર્ષથી વધારે મુદતની સજા પામેલ હોય તો તે ધારાસભાઓના સભ્ય તરીકે ચૂંટાઈ શકશે નહિ. સાધારણ રીતે સરકારી નોકર ધારાસભાઓના સભ્ય નહિ થઈ શકે, પણ જો કોઈ સરકારી નોકર દેશીરાજ્યમાં નોકરી કરતો હશે તો તે રાજ્ય તરફથી રાજ્યના પ્રતિનિધિ તરીકે ધારાસભામાં આવી શકશે.

નીચેની ધારાસભામાં બ્રિટિશ હિન્દના સભ્યોની સંખ્યા ૨૫૦ જે જ્યારે રાજ્યોના પ્રતિનિધિની ૧૨૫ની સંખ્યા છે. નીચેની ધારાસભામાં રાજ્યોને આપવામાં આવેલ બેઠકો ૩૩⅓ ટકા છે. વસ્તીના પ્રમાણમાં રાજ્યોને મોટા પ્રમાણમાં મતાધિકાર આપવામાં આવેલ છે.

ધારાસભાના પ્રમુખ

આ બન્ને ધારામંડળોમાં ફેડરલ કાઉન્સીલ પોતાના પ્રમુખ તથા ઉપપ્રમુખ ચુંટશે, અને તે પ્રમુખ રાજસભાનું કાર્યસંચાલન કરશે. તેની ગેરહાજરી વખતે તે કામ ઉપપ્રમુખ કરશે. નીચેની ધારાસભાના પ્રમુખને સ્પીકર (Speaker) અને ઉપપ્રમુખને (Deputy Speaker) ડેપ્યુટી સ્પીકર કહેવામાં આવશે. ગવર્નર જનરલ ધારાસભાઓના પ્રમુખોની સાથે મંત્રણા કરી નીચેની બાબતોના નિયમો કરશે.

(૧) ગવર્નર જનરલની વિવેકશક્તિ અને અંગત અભિપ્રાય મુજબની સત્તાની રૂએના કામકાજ બાબતની ચર્ચાનું નિયમન,

(૨) નાણા સંબંધી કામકાજ વખતસર પુરૂં કરવા માટેની ગોઠવણ,

(૩) દેશીરાજ્યમાં સમવાયતંત્રને સુપ્રત ન કરેલ હોય તેવી દેશી રાજ્યની બાબત માટે ચર્ચા બંધ કરવાના નિયમો.

આમ છતાં ગવર્નર જનરલને એમ જણાય કે કોઈપણ બાબત સમવાયતંત્રના હિતની છે તો પોતાની વિવેક શક્તિના આધારે તેના પર ચર્ચા કરવા સંમતિ આપી શકશે. કોઈપણ કાયદો પસાર થવા માટે બન્ને ધારાસભાઓએ તે પસાર કર્યો હોય તો જ તે ધારાસભા તરફથી પસાર થયો ગણાશે. ગવર્નર જનરલ કોઈપણ ધારાસભા બોલાવશે, તેમાં ભાષણ આપશે અને તે બરખાસ્ત કરી શકશે અને તેમાં સંદેશાઓ પણ મોકલી શકશે.

ધારાસભાની સત્તાઓ

કાયદા ઘડવાની સત્તા માટે મધ્યસ્થ ધારાસભાઓ હિંદ સમસ્ત કે તેના કોઈપણ ભાગ અથવા તો સમવાયતંત્રમાં જોડાયેલ કોઈપણ દેશીરાજ્યને માટે કાયદાઓ ઘડી શકે છે. ધારાસભાની આ સત્તા માટે એક જુદું ફેડરલ લીસ્ટ નક્કી કરવામાં આવેલ છે. ધારાસભાની આ સત્તા ઉપર અનેક પ્રકારના અંકુશો મુકવામાં આવેલ છે. (૧) કેટલીક બાબતોમાં ધારાસભાને કાંઈપણ કાયદો ઘડવા સત્તા નથી, (૨) કેટલીક બાબતોમાં ગવર્નર જનરલની મંજૂરી સિવાય કાંઈપણ ધારો પસાર ન થઈ શકે, (૩) ગવર્નર જનરલની ઓર્ડીનાન્સો તથા ગવર્નર જનરલના કાયદા કાઢવાની સત્તા ધારાસભાના કોઈપણ કાયદા વિરૂદ્ધ વાપરી શકાય છે. બન્ને ધારાસભાએ પસાર કરેલ કોઈપણ કાયદા ઉપર ગવર્નર જનરલ પોતાની નામંજૂરીની મહોર પણ મારી શકે છે.

ધારાસભા નીચેની બાબતો પર કાંઈપણ ધારાઓ ઘડી શકશે નહિ.

(૧) શહેનશાહ, શાહીકુટુમ્બ, તાજનું સાર્વભૌમત્વ, ગાદીવારસના હક્કો, લશ્કરી કાયદો, હવાઈ બળનો કાયદો, દરીયાઈ ફોજના શિસ્તનો કાયદો, અને પ્રાઈઝ કોર્ટ અગર આંતરરાષ્ટ્રીય ન્યાયકોર્ટને લગતા કોઈપણ ઠરાવ ધારાસભાઓ પસાર કરી શકશે નહિ.

(૨) હિંદમાં આવેલ બ્રિટિશ વેપાર વાણિજ્ય અને વહાણવટા અગરતો કોઈપણ બ્રિટિશ પ્રજાને મીલ્કત રાખવા સંબંધી તથા તેની વ્યવસ્થા અગર તેના કોઈપણ જાતના વેપાર રોજગાર અને વ્યાપારી હિતો સામે ભેદભાવ દર્શાવાતો કોઈપણ ઠરાવ ધારાસભા પસાર નહિ કરી શકે.

(૩) રક્ષણ, પરદેશનીતિ, ધાર્મિક બાબત, અને જાતોના મુલકના વહીવટ બાબત ધારાસભા ઠરાવ તો ન લાવી શકે પણ ચર્ચા પણ નહિ ચલાવી શકે. ધારાસભાને નીચેની બાબતો પર ચર્ચા કરવા ગવર્નર જનરલની પ્રાથમિક મંજૂરી માગવી પડશે.

(૧) શહેનશાહ તથા ગવર્નર જનરલના પરરાજ્યના સંબંધ બાબત,

(૨) સરહદ ઉપરના પ્રાન્તોના ખર્ચના અડસટ્ટા સિવાય કોઈ પણ વહીવટી બાબત,

(૩) કોઈપણ પ્રાન્તીય બાબતમાં ગવર્નર જનરલે પોતાની વિવેકશક્તિની રૂએ વાપરેલ સત્તા બાબત,

(૪) દેશીરાજ્યના રાજ્યકર્તા તથા તેના કુટુમ્બીજનોની અંગત વર્તણુક બાબત,

(૫) ફેડરલ હાઈકોર્ટ, પ્રાન્તીય વડી અદાલતના ન્યાયાધીશોની વર્તણુક બાબત કોઇપણ જાતની ચર્ચા ચલાવતાં પહેલાં ગવર્નર જનરલની પ્રથમ મંજૂરીની જરૂર રહેશે. આ ઉપરાંત કોઈપણ ચર્ચા ગવર્નર જનરલને તેની ખાસ સત્તાઓને લઈને વાંધાભરી લાગે તો તે અટકાવી શકે છે.

ધારાસભાને નીચેની કોઈપણ બાબતપર ઠરાવ લાવતાં પહેલાં ગવર્નર-જનરલની મંજુરીની જરૂર રહેશે–

(૧) જે ઠરાવ બ્રિટિશ હિન્દ માટે કરેલા પાર્લામેન્ટના કાયદાને રદ કરે, સુધારે અગર તેની વિરૂદ્ધ હોય,

(૨) જે ઠરાવ ગવર્નર જનરલ કે ગવર્નરના કાયદા કે ઓર્ડીનાન્સો રદ કરે, સુધારે અગર વિરૂદ્ધ હોય,

(૩) જે ઠરાવ ગવર્નર જનરલની વિવેકબુદ્ધિ પ્રમાણે વર્તવાની સત્તાને લગતો હોય,

(૪) જે ઠરાવ પોલીસ બળના કાયદાને રદ કરે, સુધારે અગર વિરૂદ્ધ હોય,

(૫) જે યુરોપીયન બ્રિટિશ પ્રજા ઉપર ચલાવવામાં આવતી ફોજદારી કાયદાને લગતો હોય,

(૬) જે ઠરાવથી બ્રિટિશ હિન્દ કરતાં બ્રિટિશ હિન્દની બહારની પ્રજા કે કમ્પની ઉપર વધુ કર નાખી શકાય અગર તો

(૭) જે ઠરાવથી જે આવક પર સમવાયી કર ન લાગી શકે તેવી ઈંગ્લેન્ડમાં અપાયેલ ગ્રાન્ટને લગતો હોય.

આ ઉપરાંત કોઈપણ ધારામંડળ કોઈપણ ઠરાવ પસાર કરવા ઈંતેજાર હોય તો ગવર્નર જનરલ

(૧) કોઈપણ બીલ દાખલ થયા પહેલાં પોતાની નામંજૂર કરવાની સત્તા વાપરી શકે,

(૨) કોઈપણ બીલનું કામકાજ બંધ રખાવી શકે,

(૩) કોઈપણ બીલ ધારાસભાને ફરી વિચારણા ચલાવે ફરી મોકલી શકે,

(૪) બીલ દાખલ થયા પછી પોતાની નામંજૂર કરવાની (Vito Power) સત્તા વાપરે,

(૫) કોઈપણ બીલ શહેનશાહ અને તેની કાઉન્સીલની સંમતિ માટે અનામત રાખી શકે,

(૬) અગરતો શાહી નામંજૂરીની સત્તા (Royal Veto)નો ઉપયોગ કરાવી શકે.

ધારાસભાની નાણા વિષયક સત્તાઓ

ધારાસભાની નાણાવિષયક સત્તા જોશું તો ત્રણ બાબતોપર ધારાસભાને તેનો મત આપવાને અધિકાર નથી. આ ત્રણ બાબતોમાં (૧) ખાસ ખાતાંઓનું ખર્ચ (૨) દેશીરાજ્યોના સંબંધની રૂએ તાજની ફરજોને અંગે થતું ખર્ચ (૩) બંધારણને અંગે હિંદીવજીરને અદા કરવાની ફરજોને અંગે થતાં ખર્ચો.

દર વર્ષે મધ્યસ્થ ધારામંડળો પાસે ગવર્નર જનરલ આવતા વર્ષના ખર્ચ અને ઉપજનું અંદાજપત્ર રજુ કરાવશે. આ અંદાજપત્રમાં ખર્ચના બે જાતના વિભાગો પાડવામાં આવશે.

(૧) સમવાયતંત્રની ઉપજ ઉપર લાદવામાં આવેલ ખર્ચ અને સમવાયતંત્રની ઉપજમાંથી ખર્ચ કરવા માટે સૂચના કરેલ રકમો.

(૨) જે બાબતો સમવાયતંત્રની ઉપજ ઉપર લાદવામાં આવેલ છે તેના પર ધારાસભાની મંજૂરીની જરૂર નહોતાં ધારાસભા મત આપી શકશે નહિ અને તે નીચે પ્રમાણે છે.

(૧) ગવર્નર જનરલનો પગાર, ભથ્થું અને તેની ઓફીસનું ખર્ચ જે ઓર્ડર-ઈન-કાઉન્સીલથી નક્કી થયેલ હોય તે,

(૨) સમવાયતંત્રનાં દેવાંઓ, તેનું વ્યાજ, તથા સીંકીંગ ફન્ડ ચાર્જીઝ વગેરે.

(૩) પ્રધાનો, સલાહકારો, નાણાંકીય સલાહકાર, એડવોકેટ જનરલ, ચીફ કમીશ્નર તથા તેના મંત્રીમંડળ અને નોકરોના પગારો તથા ભથ્થાંઓ.

(૪) ફેડરલ કોર્ટ તથા હાઈકોર્ટોના જડજોના પગાર, ભથ્થાંઓ તથા પેન્શનો.

(૫) ગવર્નર જનરલને રક્ષણ, પરદેશ ખાતું, ધાર્મિક બાબતો, પછાત મુલક વગેરે બાબતોના વહીવટને અંગે થતું તમામ ખર્ચ.

(૬) દેશીરાજ્યોના તાજ સાથેના સંબંધને અંગે થતું ખર્ચ.

(૭) જુદા પાડેલ મુલકના વહીવટને અંગે થતું ખર્ચ.

(૮) કોર્ટના કોઈપણ ઠરાવ, હુકમનામું તથા પંચના ફેંસલાને અંગે આપવાનાં ખર્ચો.

(૯) આ સિવાય બીજું કોઈપણ ખર્ચ જે ધારાસભાથી આમ ગણવા મંજૂર કરવામાં આવેલ હોય તે.

(૨) ઉપર જણાવી સિવાયની બીજી બાબતોના ખર્ચ માટે ધારાસભાની મંજૂરી મેળવવી પડે છે. કયું ખર્ચ કયા વર્ગમાં પડે છે તે નક્કી કરવાની સત્તા ગવર્નર જનરલ પાસે રહે છે. બજેટનો ૮૦% જેટલો ભાગ ધારાસભાના મત આપવાની સત્તા બહાર રહે છે જ્યારે માત્ર ૨૦% જેટલા ભાગ પર ધારાસભાને મત આપવાનો રહે છે. બીજા ખાતામાં સમાવેશ થતો હોય તેવા ખર્ચની માગણીઓ પ્રથમ નીચેની ધારાસભામાં અને પછી રાજસભામાં રજુ કરવામાં આવશે. આ માગણી બેમાંથી કોઈ પણ સભા પાસે તે માગણીમાં વધારો ઘટાડો કરવાની અગર નામંજૂર કરેલ હોય તો તે ગવર્નર જનરલની પરવાનગી વગર રાજસભા પાસે મૂકાશે નહિ, અને નીચેની ધારાસભાએ કોઈ પણ ખર્ચની માગણીમાં ઘટાડો સૂચવ્યો હોય તો તે ઘટાડા પ્રમાણે તે માગણી રાજસભા પાસે મૂકવામાં આવશે જેમાં રાજસભા કાંઈ પણ ફેરફાર કરી શકશે નહિ.

જો કોઈ પણ માગણી બાબત બેઉ ધારાસભામાં મતભેદ પડે તો ગવર્નર જનરલ બન્ને ધારામંડળોની એક સંયુક્ત સભા બોલાવશે જેમાં બહુમતિ પ્રમાણે તે માગણી નક્કી કરવામાં આવશે. ગવર્નર જનરલની ભલામણ સિવાય કોઈ પણ ગ્રાન્ટ માટે માગણી કરવામાં નહિ આવે. ખર્ચના અડસટ્ટાનું પત્રક પહેલાં નીચેની ધારાસભા સમક્ષ મૂકાશે અને પછી રાજસભા સમક્ષ આવશે.

૧૯૩૫ ના કાયદાની કલમ ૧૫ પ્રમાણે ગવર્નર જનરલ નાણા પ્રકરણની સ્થિરતા માટે એક સલાહકાર નીમી શકશે જે સમવાયી પ્રધાનો અને ધારાસભાને જવાબદાર નહિ રહે. આ સલાહકાર સમવાયતંત્રની નાણાપ્રકરણી નીતિ ઉપર ઘણી જ લાગવગ ધરાવશે.

ધારાસભામાં નાણા વિષયક કોઈ પણ ખરડા દાખલ કરતાં પહેલાં ગવર્નર જનરલની પરવાનગી લેવાની જરૂર પડશે. નીચેની બાબતમાં કોઈ પણ સુધારો કે ખરડો લાવતાં પહેલાં ગવર્નર જનરલની મંજૂરીની જરૂર રહે છે.

(૧) કોઈ પણ કર વધારવા બાબત.

(૨) સમવાયી સરકારે કોઈ પણ માથે લીધેલ નાણા વિષયક જવાબદારી બાબતનો કાયદો કરવા બાબત અગર તો ઉછીનાં નાણાં લેવા બાબત.

(૩) કોઈ પણ ખર્ચ ફેડરલ ઉપજ ઉપર લાદવા અગર તો આવા ખર્ચની રકમ વધારવા બાબત.

આ બાબતોનું કોઈ પણ બીલ રાજસભામાં દાખલ થઈ શકશે નહિ.

બન્ને ધારાસભાએ ખર્ચની માગણીઓ મંજૂર કર્યા પછી ગવર્નર જનરલ એક સત્તાવાર પત્રક બહાર પાડશે જેમાં ધારાસભાએ જે ખર્ચ મંજૂર કર્યું હોય અને જે ખર્ચ સમવાયતંત્રની ઉપજમાંથી આપવાનું ઠરાવવામાં આવ્યું હોય તે બન્ને રકમો જણાવવામાં આવશે. જો કોઈ પણ ખર્ચની માગણી ધારાસભાએ નામંજૂર કરી હોય અથવા તો તેમાં ઘટાડો કરવામાં આવેલ હોય અને ગવર્નર જનરલને એમ જણાય કે આવી રીતે ખર્ચ નામંજૂર કરવામાં આવશે અથવા તેમાં ઘટાડો કરવાથી તેની ખાસ જવાબદારીઓવાળી સત્તામાં હરકત આવે તેમ છે તો ગવર્નર જનરલ તે રકમ મંજૂર કરશે અગર તો પુરેપુરી કરી આપશે. આમ જ્યારે પત્રક ગવર્નર જનરલ તૈયાર કરશે ત્યારે તે ધારાસભા સમક્ષ મૂકવામાં આવશે, પરંતુ તેના પર ચર્ચા કરવા અગર તો મત આપવાનો ધારાસભાને અધિકાર નહિ રહે. વર્ષ દરમ્યાન વધુ ખર્ચ કરવાની જરૂર પડે તો ગવર્નર જનરલ પુરવણી બજેટ રજુ કરશે જેને ઉપરના બધા નિયમો લાગુ પડશે.

વેપાર ઉદ્યોગના કાયદા ઘડવાની ધારાસભાની સત્તા

હિંદમાં બ્રિટિશ મુડીની પથરાણ જોતાં તે બાબતના કાયદાની કરવાની સત્તા હિંદી ધારાસભાઓને બહુ જ સાવચેતીથી આપવામાં આવેલ છે. હિંદમાં બ્રિટિશ મુડીની થાપણ રૂા. ૧૩૦૦ કરોડની છે. ૧૯૩૧–૩૨ માં હિન્દમાં વેપાર કરતી બ્રિટિશ કમ્પનીઓની સંખ્યા ૯૧૧ ની હતી, અને તેની થાપણ ૧૦૦૮ કરોડ રૂપીયાની છે. દર વર્ષે ૧૬૦ કરોડ રૂપીયા હિન્દમાંથી બ્રિટિશ મુડી ઉપરના વ્યાજ તથા નફા તરીકે વિલાયત જાય છે. હિંદી વહાણવટાનો ધંધો બ્રિટિશ કમ્પની કરે છે તેમાં માત્ર હિન્દી કમ્પનીઓનું પ્રમાણ ૨% નું છે. હિન્દની આર્થિક ઉપજ ઉપર બ્રિટિશ મુડી પ્રાધાન્ય ભોગવે છે એટલું જ નહિ પણ બ્રિટિશ હીતોના સંરક્ષણ માટે

હિન્દની નાણા વિષયક નીતિમાં ધાર્યા ફેરફારો કરાવી શકે છે. ૧૯૩૫ ના કાયદાના ત્રીજા પ્રકરણનો પાંચમો ભાગ હિન્દના વેપાર ઉદ્યોગ બાબતમાં ધારાસભાને કાયદા કરવા બાબતનો છે. સમવાયી ધારાસભા હિન્દના વેપાર ઉદ્યોગ અને વહાણવટાના વિકાસ અર્થે કાયદા કરી શકે છે, પણ તેથી કરીને બ્રિટિશ વ્યાપારી હકક હિતોને નુકસાન ન થાય તેવી રીતે તે કાયદા ઘડવાની સત્તા ધારાસભાને આપવામાં આવેલ છે. ધારાસભા નીચેની કોઈ પણ બાબત પર ધારાઓ પસાર કરી શકશે નહિ.

(૧) જે વસ્તુ યુનાઇટેડ કીંગડમની કોઈ પણ પ્રજાને હિન્દમાં પ્રવેશ કરવા, મુસાફરી કરવા, ઘર કરવા, કાંઈ પણ મિલ્કત લેવા કે વેચવા અગર કાંઈ પણ હોદ્દો ધરાવવા અથવા કોઈ પણ ધંધો કરવાની અટકાયત કરે,

(૨) જે યુનાઇટેડ કીંગડમના કોઈ પણ પ્રજા કે કોઈ પણ કમ્પની ઉપર કર નાખવા બાબત હોય,

(૩) યુનાઇટેડ કીંગડમના વહાણવટાં કે તેના ઉતારૂ માલ વગેરે બાબતમાં,

(૪) સમવાયતંત્રની ઉપજમાંથી યુનાઇટેડ કીંગડમની કોઈ પણ લીમીટેડ કમ્પની ને હિન્દમાં પ્રાન્તીય અગર સમવાયી સરકાર તરફથી અપાતી નાણાકીય રાહત પ્રમાણે મદદ આપવા બાબતમાં.

ગવર્નર જનરલને બ્રિટિશ વ્યાપારી હિતો સામેના ભેદભાવ માટે ખાસ સત્તાઓ આપવામાં આવેલ છે. કોઈ પણ જાતના સીધા કે આડકતરા ભેદભાવો અટકાવવા ગવર્નર જનરલને સત્તા છે. આ બાબતમાં ગવર્નર જનરલને તેના સૂચનાપત્રમાં ખાસ સૂચનાઓ પણ આપવામાં આવેલ છે. ધારાસભાના કોઇ પણ ઠરાવથી બ્રિટિશ માલ અને વેપાર સાથે અટકાયત કરતી જકાતો નાખવાની જરા પણ શંકા આવે તો ગવર્નર જનરલ તે અટકાવી શકે છે, એટલે હિંદી ઉદ્યોગ, વ્યાપાર અને વહાણવટાના વિકાસને ગવર્નર જનરલની આ સત્તા હંમેશાં રૂંધશે.

આ ઉપરાંત બ્રિટિશ થાપણની સખ્ત રૂકાવટ જેમાં થયેલ છે તેવી બે સંસ્થા છે, એક તો ફેડરલ રીઝર્વ બેન્ક અને બીજી ફેડરલ રેલ્વે ઓથોરીટી. રીઝર્વબેન્ક અને ફેડરલ રેલ્વે ઓથોરીટી ઉપર સંપૂર્ણ સત્તા ગવર્નર જનરલની રહે છે. આ બેઉ સંસ્થા પ્રધાનમંડળ અને ધારાસભાની સત્તાની તદ્દન બહાર છે, એટલે ધારાસભાને કે પ્રધાનમંડળને તેમાં કાંઈ પણ કરવાનું કે કહેવાનું નહિ રહે.

ધારાસભામાં કાયદા ઘડવાની રીત

કોઈ પણ ખરડો બેમાંથી કોઈ પણ ધારાસભામાં પેશ કરી શકાશે, અને તે બન્ને ધારાસભા પસાર કરશે ત્યારે જ પસાર થયો ગણાય. કોઈ પણ ખરડા બાબતમાં બન્ને ધારાસભા વચ્ચે મતભેદ થવા પામે તો ગવર્નર જનરલ તે બન્ને સભાની એક સંયુક્ત સભા બોલાવે અને બહુમતિ પ્રમાણે એ બીલ પસાર થયું ગણાય. જ્યારે કોઇ પણ બીલ ધારાસભાઓ પસાર કરીને ગવર્નર જનરલ પાસે મોકલે ત્યારે ગવર્નર જનરલ તે મંજૂર કરે યા ન કરે, અગર તો શહેનશાહ પાસે રજુ કરવા મુલ્તવી રાખે અગર સુધારા વધારા સહીત ધારાસભાને ફરી વિચારણા ચલાવવા મોકલે. શહેનશાહની મંજૂરી માટે મુલ્તવી રાખેલ બીલનો એક વર્ષમાં મંજૂર ન થાય તો તે કાયદાનું સ્વરૂપ ન લઈ શકે. ગવર્નર જનરલે મંજૂર કરેલ કાયદો મંજૂર થયેથી એક વર્ષ સુધીમાં શહેનશાહ રદ કરી શકશે.

બંધારણમાં સુધારા વધારા કરવાની ધારાસભાની સત્તા

હિન્દનું રાજ્ય બંધારણ ઘડવાની કુલ સત્તા પાર્લામેન્ટને છે. પરંતુ નવા બંધારણની ૩૦૮ કલમ પ્રમાણે આ બંધારણમાં સુધારા વધારા સૂચવવાના હક્કો સમવાયી ધારાસભા તથા પ્રાન્તીય ધારાસભાને આપવામાં આવેલ છે. મધ્યસ્થ તેમજ પ્રાન્તીય ધારાસભા નીચેની બાબતો ઉપર ઠરાવ કરી શકશે.

(૧) મધ્યસ્થ ધારાસભાની રચના બાબત,

(૨) મધ્યસ્થ ધારાસભાના સભ્યોને કેવી રીતે ચુંટવા અને તેમની લાયકાત વિષે,

(૩) પ્રાન્તોમાં કેટલી ધારાસભાઓ રાખવા બાબત,

(૪) પ્રાન્તોમાંની કોઇ પણ ધારાસભાની રચના બાબત,

(૫) પ્રાન્તોની ધારાસભાના સભ્યોની કેવી રીતે ચુંટણી કરવી અને તેમની લાયકાત વિષે,

(૬) ભણેલી સ્ત્રીઓને મતાધિકાર આપવા બાબત,

(૭) સામાન્ય મતાધિકાર માટે.

કોઇ પણ સુધારો જેથી કરીને નીચેની તથા ઉપરની ધારાસભાની બેઠકોના વચ્ચેના પ્રમાણમાં ફેરફાર થતો હોય અગર તો પ્રાન્તોના

પ્રતિનિધિઓ તથા દેશી રાજ્યોના પ્રતિનિધિઓના પ્રમાણમાં ફેરફાર થતો હોય તો તે સુધારો લાવી શકાશે નહિ.

મધ્યસ્થ ધારાસભા આ બાબતમાં સમવાયતંત્રની સ્થાપના થયા પછી દશ વર્ષ પછી આવો સુધારો લાવી શકશે. પ્રાન્તીય ધારાસભા આ બાબતમાં પ્રાન્તિક સ્વરાજ દાખલ થયા પછી દશ વર્ષ પછી આવો સુધારો લાવી શકશે. પરંતુ ઉપર જણાવેલ નં. ૬ તથા ૭ બાબતમાં તો કોઇ પણ વખતે ઠરાવ થઇ શકશે.

ઉપર પ્રમાણેની બધી શરતોનું પાલન કરવામાં આવે તો પસાર કરેલ ઠરાવ ગવર્નર જનરલ કે ગવર્નર ના. શહેનશાહને મોકલી આપશે, અને આ ઠરાવ સાથે પોતાનો અભિપ્રાય પણ મોકલશે, જેમાં સૂચના કરેલ સુધારાથી કોઇ પણ લઘુમતિના હિતને કાંઇ હરકત આવે છે કે નહિ, અગર તો આ લઘુમતિના ધારાસભામાં આવેલા પ્રતિનિધિઓની બહુમતિનો અભિપ્રાય જણાવવામાં આવશે. આ ઠરાવ તથા અભિપ્રાયની પાર્લામેન્ટને જાણ કરવામાં આવશે, અને ૭ મહીનામાં આ ઠરાવ પાર્લામેન્ટના મત માટે પાર્લામેન્ટ પાસે રજુ કરવામાં આવશે, અને પાર્લામેન્ટના ઠરાવ મુજબ તે બાબત નક્કી કરવામાં આવશે. આ બાબતમાં શહેનશાહ કોઇ ઓર્ડર-ઇન-કાઉન્સીલ પણ કાઢી શકશે.

ઉપરની કોઇ પણ બાબતમાં શહેનશાહ-ઇન-કાઉન્સીલ કાંઇ પણ સુધારો કરી શકશે, અને કોઇ પણ ઓર્ડરનો મુસદ્દો પાર્લામેન્ટ પાસે રજુ કરતાં પહેલાં હિંદીવજીર, હિંદીસરકાર, તથા ધારાસભા જેને આ સુધારો લાગુ પડતો હોય તેનો અભિપ્રાય તથા લઘુમતિ અને ધારાસભામાં આવેલ લઘુમતિના સભ્યોનો અભિપ્રાય જાણી લેશે.

દેશી રાજ્યોના પ્રતિનિધિઓ બાબત કાંઇ પણ સુધારો કરતાં પહેલાં દેશી રાજ્યોના રાજ્યકર્તાઓની સંમતિ લેવી પડશે.

હિન્દના બંધારણમાં કોઇ પણ જાતનો ફેરફાર પાર્લામેન્ટ કરી શકે છે, અગર તો ઓર્ડર-ઇન-કાઉન્સીલથી થઇ શકે છે. દરેક સ્વતંત્ર દેશોમાં આ હક્કો મધ્યસ્થ સમવાયી ધારાસભાને હોય છે. પણ હિંદમાં જ્યાં પ્રાથમિક હક્કોનો પણ અભાવ છે ત્યાં આવા બંધારણ ઘડવાના કે તેમાં સુધારા વધારા કરવાની સત્તાની વાતને સ્થાન નથી રહેતું.

બંધારણ નિષ્ફળ જાય ત્યારે બંધારણની વ્યવસ્થા

જ્યારે ગવર્નર જનરલ કે ગવર્નરને એમ થાય કે ૧૯૩૫ ના કાયદા પ્રમાણે બંધારણ પડી ભાગ્યું છે અથવા નિષ્ફળ ગયેલ છે ત્યારે બંધારણ પોતે આટોપી શકે છે, અને ફેડરલ કોર્ટ સિવાય બંધારણની સર્વ સત્તા પોતાના હાથમાં લઇ એકહથ્થુ રાજતંત્ર ચલાવી શકે છે. આ બાબતમાં ગવર્નર જનરલને બંધારણ આટોપી લેવાની જાહેરાત કરવાની રહે છે. આ જાહેરાત છ માસ સુધી ચાલી શકે, પણ વધારે ચલાવવી હોય ત્યારે પાર્લામેન્ટની મંજૂરી માગતાં તે બાર માસ સુધી ચાલી શકે છે. વધારે વખત બંધારણ નિષ્ફળ રહેતાં એકંદર ત્રણ વર્ષ સુધી સર્વ બંધારણીય સત્તા ગવર્નર જનરલ ભોગવી શકે છે. ગવર્નર જનરલે આવી રીતે કરેલ રાજ્ય દરમ્યાન કોઇ પણ પસાર કરેલ કાયદો બંધારણ ચાલુ થયા પછી બે વર્ષ સુધી અમલમાં રહી શકે છે, સિવાય કે મધ્યસ્થ અગર તો પ્રાન્તીય ધારાસભા તે કાયદાઓ રદ કરે, અગર તો બીજા નવેસરથી પસાર કરે. પ્રાન્તોમાં બંધારણ આટોપી લેતા પહેલાં ગવર્નર જનરલની ગવર્નરે પરવાનગી લેવી પડશે.

વિવેચન

ઉપરની સર્વ હકીકતથી જોઇ શકાય છે કે સમવાયતંત્રમાં ગવર્નર જનરલ પાસે કારોબારી, કાયદા ઘડવાની, અને નાણા પ્રકરણી તમામ સત્તાઓ કેન્દ્રિત બની છે. મધ્યસ્થ કારોબારીમાં દ્વિરાજ્ય શાસન પદ્ધતિ દાખલ થયેલ છે. દેશી રાજ્ય કર્તાઓના નીમાયલા અને બ્રિટિશ હિન્દના પ્રાન્તોના ચુંટાયેલા ધારાસભાના પ્રતિનિધિઓમાંથી ગવર્નર જનરલ સમવાયી કારોબારી માટે પ્રધાનો ચુંટશે. આ પ્રધાનોની સલાહ મુજબ ગવર્નર જનરલ તેની કારોબારી સત્તા ચલાવશે. ગવર્નર જનરલ પાસે રક્ષણ, પરદેશનીતિ બાબત, ધાર્મિક બાબતો, જુદા પાડેલ મુલકના વહીવટ બાબત વગેરે ખાતાંઓ રહેશે, અને આ ખાસ ખાતાઓ માટે તે ત્રણ સલાહકારો નીમશે. ખાસ ખાતાંઓ સિવાયનાં તમામ ખાતાંઓ પ્રધાનોને સોંપવામાં આવશે પણ પ્રધાનો ધારાસભાને જવાબદાર નથી પણ ગવર્નર જનરલને જવાબદાર રહે છે. પ્રધાનોની નિમણુક, બરતરફી, તથા પગાર બાબત બધું ગવર્નર જનરલ નક્કી કરે છે. એટલે નવા બંધારણમાં મધ્યસ્થ તંત્રમાં ફેરફાર એટલો જ કરવામાં આવેલ છે કે અગાઉ ગવર્નર જનલરની જે કારોબારી કાઉન્સીલ

હતી તેને બદલે ધારાસભાને બીન જવાબદાર એવા પ્રધાનોની એક કાઉન્સીલથી મધ્યસ્થ કારોબારી સત્તા ચલાવવામાં આવશે.

ગવર્નર જનરલ પાસે હિન્દના શાંતિ સુલેહ અને સુવ્યવસ્થા જાળવવા ઉપરાંત અનેક જાતની સત્તાઓ છે જેમાં ઓર્ડીનાન્સ કાઢવા, ગવર્નર જનરલનો કાયદો કાઢવો, ધારાસભામાં કોઇ પણ ખરડો અટકાવવો, તે નામંજૂર કરવો, ધારાસભા બરખાસ્ત કરવી, અને મુશ્કેલીના સમયમાં આખુંય બંધારણ ઓટોપી લઇ પોતાના હાથમાં સઘળી સત્તાઓ ધારણ કરી એકહથ્થુ રાજતંત્ર ચલાવવાની સત્તા છે. ગવર્નર જનરલની નાણાકીય સત્તા તપાસશું તો માલુમ પડે છે કે નાણાખાતું પ્રધાનો હસ્તક રાખવામાં આવેલ છે, પરંતુ રક્ષણ અને પરદેશ ખાતાંઓ ગવર્નર જનરલ પાસે હોવાથી આ સત્તાઓ પુરતી નાણા ઉપર પણ તેટલી જ સત્તાઓ છે. બજેટના ૮૦% જેટલી બાબતમાં ધારાસભા કે પ્રધાનો કાંઇ પણ નહિ કરી શકે જ્યારે બાકીના ૨૦% માં પણ ગવર્નર જનરલને કોઇ પણ ખર્ચ મંજૂર યા નામંજૂર કરવાની સત્તા છે, એટલે નાણાખાતા ઉપર પણ ગવર્નર જનરલની સત્તા સંપૂર્ણ રહે છે.

ધારાસભાઓની રચના તથા સત્તાઓ જોયું તો માલુમ પડે છે કે ધારાસભામાં પણ એવાં તત્વો દાખલ કરવામાં આવેલ છે કે જેથી સરકારને ખાસ બીક જેવું ન રહે. સમવાયી ધારાસભામાં દેશીરાજ્યોને અપાયેલ પ્રતિનિધિત્વ પ્રમાણમાં અસંગત છે. દેશીરાજ્યોનું સમવાયતંત્રમાં જોડાવું મરજીયાત રહે છે જ્યારે પ્રાન્તોને તે ફરજીયાત રહે છે. ધારાસભામાં દેશી-રાજ્યોની બહુમતિ અને કોમી મતાધિકારથી કોઇ પણ રાષ્ટ્રીય પક્ષ બહુમતિમાં ન રહી શકે. રાજસભામાં મતાધિકાર સીધી ચુંટણીથી અપાયેલ છે, જ્યારે નીચેની ધારાસભા માટે આડકતરી ચુંટણી રાખવામાં આવેલ છે. રાજસભા એ કોન્ઝરવેટીવ પક્ષની એક જાતની કીલ્લેબંદી થશે જ્યાંથી શાહીવાદી બધી મુરાદો પાર પાડી શકાશે. આ બન્ને મધ્યસ્થ ધારામંડળોમાં સરકારી પક્ષની જ જાણે બહુમતિ રાખવામાં આવેલ હોય તેમ જણાય છે. ધારાસભાની કાયદા ઘડવાની સત્તાઓ નિયત કરવામાં આવેલ છે, પરંતુ ગવર્નર જનરલ પાસે નામંજૂર કરવાની સત્તા (Veto power) રહે છે, એટલે આ બધી સત્તા ઉપર પાણી ફરી વળે છે. ઉપરાંત ધારાસભાના નાણાકીય હક્કોમાં બજેટના ૨૦% જેટલી બાબતોમાં પણ ગવર્નર જનરલને કોઇ પણ

ખર્ચ મંજૂર કરવાની સત્તા (Power of certification) છે. એટલે આ સત્તા પણ નામની જ રહે છે. મધ્યસ્થ તંત્રમાં સમવાયતંત્રના કાયદાની બંધારણીય આંટીઘુંટી ઉકેલવા એક ફેડરલકોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે, પણ આ કોર્ટ ઉપર ધારાસભાને જરા પણ સત્તા નથી. આ કોર્ટ ઉપર હિંદીવજીર અને પાર્લામેન્ટ દેખરેખ રાખે છે. અમેરીકાના સમવાયતંત્રમાં સુપ્રીમ કોર્ટ સ્વાભાવીક રીતે પ્રજામતના દબાણને વશ રહે છે, પણ હિન્દના સમવાયતંત્રમાં આ બંધારણીય કોર્ટ તદ્દન જુદી અને પ્રજામતથી અલિપ્ત રાખવામાં આવેલ છે.

આ ઉપરાંત રીઝર્વબેન્ક અને રેલ્વે ઓથોરીટી જેવી નાણાકીય સંસ્થાઓ હિન્દી પ્રજામતની તદ્દન બહાર રાખવામાં આવેલ છે. રીઝર્વ બેન્ક સાથે ધારાસભાને કાંઇ લેવા દેવા નથી. તેમજ રેલ્વે ઓથોરીટી જેવી સંસ્થા જેમાં કરોડો રૂપીયાની બ્રિટિશ મુડી રોકાયેલ છે તે પણ હિન્દી ધારાસભાની સત્તા બહાર રહે છે. હિંદી વહાણવટા તથા વેપાર ઉદ્યોગના વિકાસ માટે હિન્દી ધારાસભાઓ કાંઇ પણ કરી શકે તેમ નથી, કારણ કે તેમ કરવાથી રખેને બ્રિટિશ વ્યાપારી હિતોને નુકસાન થવા પહોંચે, એટલા માટે બ્રિટિશ વ્યાપારી હિતો સાથે ભેદભાવ દેખાડતું કોઇ પણ બીલ ગવર્નર જનરલ પોતાની ખાસ સત્તાની રૂએ તે અટકાવી શકે છે.

સમવાયતંત્ર હજુ મધ્યસ્થ રાજતંત્રમાં દાખલ થઇ શક્યું નથી. સમવાય તંત્ર દાખલ કરવા માટે દેશી રાજ્યોના જોડાણ ઉપર ઘણું ખરૂં અવલંબે છે. દેશીરાજ્યોની કુલ વસ્તીના અરધા પ્રમાણ જેટલી વસ્તીવાળાં રાજ્યો સમવાય તંત્રમાં જોડાવા સંમત થાય અને રાજસભામાં ૫૨ બેઠકો ભરાય તેટલાં રાજસ્થાનો જોડાય ત્યારે હિન્દનું સમવાયતંત્ર ચાલુ થઇ શકશે. આ તંત્ર ૧૯૪૦ માં ચાલુ કરવા માટે કહેવામાં આવે છે, પરંતુ આજે સમવાય તંત્રના ચાલુ થવા માટે એટલા બધા વિપરીત સંજોગો છે કે આ સમવાયતંત્ર ચાલુ થશે કે કેમ તે બાબત બધા શંકાની નજરે નીહાળી રહ્યા છે.

નવા બંધારણ પ્રમાણે મધ્યસ્થ રાજસભાના સભ્યોનો બેઠકોવાર કોઠો

પ્રાન્ત	કુલ	સામાન્ય	અન્ય કોમો	શીખ	મુસલમાન	સ્ત્રીઓ
મદ્રાસ	૨૦	૧૪	૧	...	૪	૧
મુંબાઈ	૧૬	૧૦	૧	...	૪	૧
બંગાલ	૨૦	૮	૧	...	૧૦	૧
સંયુક્ત પ્રાન્ત	૨૦	૧૧	૧	...	૭	૧
પંજાબ	૧૬	૩	...	૪	૮	૧
બીહાર	૧૬	૧૦	૧	...	૪	૧
ઓરીસ્સા	૫	૪	...	...	૧	...
મધ્યપ્રાન્ત	૮	૬	૧	...	૨	...
આસામ	૫	૩	...	...	૪	...
સરહદ પ્રાન્ત	૫	૧	...	...	૧	...
સિંધ	૫	૨	...	...	૩	...
બ્રિટિશ બલુચિસ્તાન	૧	...	...	...	૧	...
દિલ્હી	૧	૧	...	...	...	...
અજમેર મેરવાડ	૧	૧	...	...	...	...
દુર્ગ	૧	૧	...	...	...	...
એંગ્લો ઈન્ડીયન	૧	...	...	...	...	...
યુરોપીયન	૭	...	...	...	...	...
હિંદી ખ્રસ્તી	૨	...	...	...	...	...
કુલ	૧૫૦	૭૫	૬	૪	૪૯	૬

મધ્યસ્થ રાજસભાની ત્રિવાર્ષિક ચુંટણી પ્રમાણે સભ્યોનો કોઠો

પ્રાન્ત	પહેલા ત્રણ વર્ષ માટે					પહેલા ૭ વર્ષ માટે					નવ વર્ષ માટે				
	સામાન્ય	હિંદી ખ્રિ	શીખ	મુસલમાન	સ્ત્રીઓ	સામાન્ય	હિંદી ખ્રિ	શીખ	મુસલમાન	સ્ત્રીઓ	સામાન્ય	હિંદી ખ્રિ	શીખ	મુસલમાન	સ્ત્રીઓ
મદ્રાસ	...	...	...	...	...	૭	...	...	૨	૧	૭	૧	...	૨	...
મુંબઈ	૫	...	...	૨	૧	...	...	...	...	...	૫	૧	...	૨	...
બંગાલ	૪	૧	...	૫	...	...	...	...	...	...	૪	...	...	૫	૧
સંયુક્ત પ્રાન્ત	૫	૧	...	૩	૧	૬	૪	...	૪	...	...	...	...	...	...
પંજાબ	૨	...	૨	૪	...	૧	...	૨	૪	૧	...	...	...	...	...
બિહાર	...	...	...	...	...	૫	૧	...	૨	...	૬	...	...	૨	૧
મધ્ય પ્રાન્ત	...	...	...	...	...	૬	૧	...	૧	...	...	...	...	...	...
આસામ	...	...	...	...	...	૬	૧	...	૧	...	...	...	...	...	...
સરહદ પ્રાન્ત	...	...	...	...	...	...	...	...	...	...	૧	...	...	૪	...
ઓરીસ્સા	૪	...	...	૧	...	...	...	...	...	...	...	...	...	...	...
સિંધ	૨	...	...	૩	...	...	...	...	...	...	...	...	...	...	...
બ્રિટિશ બલુચિસ્તાન	...	...	...	...	...	...	...	...	...	...	...	...	...	૧	...
દિલ્હી	...	...	...	...	...	...	...	...	...	...	૧	...	...	...	...
અજમેર મેરવાડ	...	...	...	...	...	...	...	...	...	...	૧	...	...	...	...
દુર્ગ	...	...	...	...	...	...	...	...	...	...	૧	...	...	...	...
કુલ	૨૨	૨	૨	૧૮	૨	૨૮	૨	૨	૧૫	૨	૨૫	૨	...	૧૬	૨

નવા બંધારણ પ્રમાણે મધ્યસ્થતંત્રમાં નીચેની ધારાસભાના સભ્યોનો બેઠકોવાર કોઠો

પ્રાન્ત	કુલ	સામાન્ય	દલિત વર્ગ	શીખ	મુસલમાન	એંગ્લો ઇંડીયન	યુરોપીયન	હિંદિ ખ્રિસ્તી	વેપારી	જમીનદાર	મજુર	સ્ત્રીઓ
મદ્રાસ	૩૭	૧૯	૪	...	૮	૧	૧	૨	૨	૧	૧	૨
મુંબાઈ	૩૦	૧૩	૨	...	૬	૧	૧	૧	૩	૧	૨	૨
બંગાલ	૩૭	૧૦	૩	...	૧૭	૧	૧	૧	૩	૧	૨	૧
સંયુક્ત પ્રાન્ત	૩૭	૧૯	૩	...	૧૨	૧	૧	૧	...	૧	૧	૧
પંજાબ	૩૦	૬	૧	૬	૧૪	...	૧	૧	...	૧	...	૧
બિહાર	૩૦	૧૬	૨	...	૯	...	૧	૧	...	૧	૧	૧
મધ્યપ્રાન્ત	૧૫	૯	૨	...	૩	...	...	૧	...	૧	૧	૧
આસામ	૧૦	૪	૧	...	૬	...	૧	...	...	...	૧	...
સરહદ પ્રાન્ત	૫	૧	...	...	૪	...	...	૧	...	...	...	...
ઓરીસ્સા	૫	૪	૧	...	૧	...	...	...	...	...	...	...
સિંધ	૫	૧	...	...	૬	...	૧	...	...	...	...	...
બ્રિટિશ બલુચિસ્તાન	૧	...	...	...	૧	...	...	...	...	...	...	...
દિલ્હી	૨	૧	...	...	૧	...	...	...	...	...	...	...
અજમેર મેરવાડ	૧	૧	...	...	...	...	...	...	...	...	...	...
કુર્ગ	૧	૧	...	...	...	...	...	...	...	...	...	...
પ્રાન્તો સિવાયના	૪	...	...	...	...	...	...	...	...	૩	૧	...
	૨૫૦	૧૦૫	૧૯	૬	૮૨	૪	૮	૮	૧૧	૭	૧૦	૯

સમવાયતંત્ર શરૂ થતાં સુધીના સંક્રાન્તિ કાળના નિયમો

૧૯૩૫ માં નવું બંધારણ દાખલ થયા પછી ૧૯૩૭ માં પ્રાન્તિક સ્વરાજની શરૂઆત થયેલ છે. જ્યાં સુધી રાજ્યોના પ્રશ્નોનો નીકાલ ન આવે ત્યાં સુધી મધ્યસ્થ તંત્રમાં સમવાયતંત્ર દાખલ થવું અશક્ય છે, એટલે આ સંક્રાન્તિ કાળ માટે મધ્યસ્થ તંત્ર ચલાવવા માટે અમુક નિયમો કરવામાં આવેલ છે.

મધ્યસ્થ ધારાસભાઓ

નવા બંધારણથી સમવાયી ધારાસભાને જે હક્કો આપવામાં આવેલ છે તે અત્યારે ચાલે છે તે મધ્યસ્થ ધારાસભાઓ ભોગવશે. આ મધ્યસ્થ ધારાસભાઓ ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલની નાણા ઉછીના લેવાની સત્તા ઉપર અંકુશ મૂકી શકશે નહિ.

ગવર્નર જનરલ

ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ શહેનશાહ વતી નવા બંધારણ પ્રમાણેની બધી કારોબારી સત્તા ભોગવશે. આ કારોબારી સત્તા નીચેના વિષયો પરત્વે રહેશે.

(૧) જે બાબતો માટે હિંદી ધારાસભાને કાયદા ઘડવાની સત્તા હોય,

(૨) શહેનશાહ વતી બ્રિટીશ હિન્દમાં દરીઆઇ, હવાઈ, અને બીજાં લશ્કરી બળો ઉભાં કરવાં અને આ લશ્કરો જે હિંદી ખર્ચમાંથી નભશે તેની વ્યવસ્થા કરવી,

(૩) શહેનશાહ વતી જાતોના મુલકમાં સંધિ તથા કરારો પ્રમાણે સત્તા અને હકુમત ચલાવવી.

આ સત્તા નીચેના વિષયો પરત્વે નહિ રહે

(૧) જે બાબતોમાં પ્રાન્તોને પોતાને માટે કાયદા ઘડવાની સત્તા હોય,

(૨) કોઈ પણ માણસને લશ્કરી ભરતીમાં દાખલ કરવા માટે, સિવાય કે તે શહેનશાહ કે બ્રિટિશ હિંદ કે તેની આજુબાજુના મુલકનો પ્રજાજન હોય.

હિંદી લશ્કરોનાં કમીશનો શહેનશાહ તરફથી આપવામાં આવશે, સિવાય કે બંધારણની કલમ ૩ પ્રમાણે તે સત્તા કોઈ પણ બીજાને આપવામાં આવે.

ગવર્નર જનરલની અંગત અભિપ્રાય રૂએની સત્તા આ સંક્રાંતિકાળમાં અમલમાં નહિ આવે, તેમજ હિંદનાં દેશી રાજ્યો સાથેના તાજના સંબંધની રૂએની સત્તા ગર્વનર-જનરલ-ઇન કાઉન્સીલને આપવામાં નહિ આવે.

હિંદી વજીર

ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ તથા ગવર્નર જનરલ હિન્દી વજીરના કાબુ હેઠળ રહેશે. હિન્દીવજીરને આઠથી બાર જેટલા સલાહકારો આપવામાં આવશે. હિંદીવજીર ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલને કોઈ પણ ખર્ચની ગ્રાન્ટ કે કોઇ પણ ખર્ચ બાબત તેના સલાહકારોની સંમતિ વગર કાંઇ પણ સૂચના આપશે નહિ. ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ કોઇ પણ સ્ટર્લીંગ લોન લઈ શકશે નહિ. પણ હિંદી વજીર ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ વતી પાર્લામેન્ટની સંમતિ મેળવી આવી લોન ઉઘરાવી શકશે. આવી લોન લેવા માટે હિંદીવજીર તેના સલાહકારોની બહુમતિ પ્રમાણે વર્તશે. આવી લોન સંબંધી હિંદીવજીર સાથે કાંઈ પણ કાયદેસર પગલાં યુનાઇટેડ કીંગડમમાં લઈ શકાશે. પણ યુનાઇટેડ કીંગડમની તેજુરી પર આવી કોઇ પણ જાતની જવાબદારી રહેશે નહિ.

સમવાયતંત્ર આવે કે નહિ પણ ફેડરલ કોર્ટ, ફેડરલ પબ્લીક સર્વીસ કમીશન, અને ફેડરલ રેલ્વે ઓથોરીટીનું તંત્ર ચાલુ કરવામાં આવશે, અને આ બધાં તંત્રો બંધારણમાં જણાવ્યા પ્રમાણે કામકાજ શરૂ કરી દેશે. ગવર્નર જનરલ તથા હિંદીવજીરે જે જે હક્કો પ્રાપ્ત કરેલ હોય તથા જે જે જવાબદારીઓ માથે લીધેલ હોય તે સમવાયતંત્ર શરૂ થયા પછી સમવાયતંત્રના હક્કો તથા જવાબદારીઓ રહેશે. સમવાયતંત્ર શરૂ થયા પહેલાં ગવર્નર-જનરલ-ઇન કાઉન્સીલ સામેના મુકર્દમાઓ સમવાયતંત્ર શરૂ થયા પછી સમવાયતંત્ર સામે ચાલુ રહેશે.

નવા બંધારણમાં સંબોધવામાં આવેલ વસ્તુઓ નીચે પ્રમાણે સમજવાની છે.

નવા બંધારણમાં સંબોધવામાં આવેલ	ચાલુ તંત્ર માટે નીચે પ્રમાણે સમજવું.
૧. ફેડરલ ગવર્મેન્ટ ૨. ગવર્નર જનરલ સિવાય કે તેને પોતાની વિવેક શક્તિ પ્રમાણે વર્તવાનું હોય	.....ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ

૩. ફેડરેશન (સમવાયતંત્ર)......	{	૧ બ્રિટિશ હિન્દ ૨ ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સીલ ૩ ગવર્નર જનરલ

૪. સમવાયતંત્રની ઉપજ.. ....ગવર્નર જનરલ-ઇન-કાઉન્સીલની ઉપજ

૫. સમવાયી ધારાસભા.................હિંદી ધારાસભા

૬. સમવાયી કાયદા.................હિંદી ધારાસભાના કાયદા

૭. સમવાયી કર.......................હિંદી ધારાસભાએ નાખેલ કરો.

સમવાય તંત્ર, પ્રાંતો તથા દેશી રાજ્યો વચ્ચેનો આંતરિક વહીવટી સંબંધ

સમવાય તંત્ર તથા પ્રાન્તો વચ્ચેનો સંબંધ

પ્રાન્ત અને ફેડરેશનમાં સામેલ થયેલા હોય તેવાં દેશીરાજ્યોની કારોબારી સત્તાનો વહીવટ એવી રીતે કરવાનો છે કે જેથી કરીને સમવાયતંત્રની મધ્યસ્થ સત્તાને હરકત ન આવે. સમવાયતંત્ર પોતાની કારોબારી સત્તાના અમલ માટે પ્રાન્તોને સૂચનાઓ આપશે, અને આ સૂચનાઓમાં કંકરન્ટ લેજીસ્લેટીવ લીસ્ટ પ્રમાણે મધ્યસ્થ ધારાસભાએ પસાર કરેલ કોઈ કાયદાનો પણ સમાવેશ થશે. જો પ્રાન્તીય તંત્ર મધ્યસ્થ તંત્રની સૂચના અને હુકમનું પાલન ન કરે તો ગવર્નર જનરલ તેની વિવેકશક્તિ પ્રમાણેની સત્તાની રૂએ ગવર્નરને તેજ પ્રકારની સૂચના અગર તો સુધારા વધારા સહીતની સૂચનાઓ આપી શકશે, અને ગવર્નરને આ હુકમોનું સંપૂર્ણ રીતે અનુપાલન કરવું પડશે. સમવાયતંત્ર કોઈપણ પ્રાન્તને લશ્કરી જરૂરીયાત માટે વ્હેવારનાં સાધનોનું બાંધકામ સમારકામ અગર પોષણ કરવા માટે સૂચનાઓ આપશે, અગરતો પ્રાન્તોદ્વારા દરીઆઈ લશ્કરી અને હવાઈ બળના કામકાજ માટે આવાં કામો પોતેજ કરાવી લેશે. હિંદના પ્રાન્તો અગર તેના કોઈપણ ભાગમાં શાંતિ તથા સુવ્યવસ્થાનો ભંગ થવાનો ભય હોય તો ગવર્નર જનરલ તેનો અટકાવ કરવા માટે ગવર્નરોને હુકમો કરી શકશે.

મધ્યસ્થ ધારાસભા કોઇપણ ધારાથી પ્રાન્ત કે તેના અમલદારો અને અધિકારીઓને કાંઈ પણ સત્તા આપી શકશે, અને તેના પર જવાબદારી પણ નાખી શકશે. પ્રાન્તોમાં કારોબારી સત્તાનો એવી રીતે ઉપયોગ કરવાનો છે કે જેથી કરીને મધ્યસ્થ ધારાસભાએ પસાર કરેલ કાયદાને અગર તો પ્રાન્તને લાગુ થતો હોય તેવા કોઇપણ કાયદા પરત્વે માન ઉત્પન્ન થાય.

ગવર્નર જનરલ તેની વિવેકબુદ્ધિ પ્રમાણે જાતોના પ્રદેશ, રક્ષણ, પરદેશખાતું તથા ધાર્મિક બાબતમાં કોઇપણ કામકાજ ગવર્નરને સુપ્રત કરી શકશે. આ કામકાજમાં કરવામાં ગવર્નર જનરલના એજન્ટ તરીકે ગવર્નર કામકાજ કરશે.

જો પ્રાન્તમાં કોઇપણ સમવાયતંત્રના કામકાજ માટે જમીન લેવાનું સમવાયતંત્રને યોગ્ય લાગે તો સમવાયતંત્રને ખર્ચે તે જમીન વેચાતી લઇ લેવા સમવાયતંત્ર હુકમ કરી શકશે. જો આ જમીન પ્રાન્તીય સરકારની હશે તો આ જમીનની હિંદના ચીફ જસ્ટીસ જે લવાદ નીમે તે નક્કી કરે તે શરતો પ્રમાણે આ જમીન સમવાયતંત્રને પ્રાન્તીય સરકાર સોંપી આપશે.

સંયોજીત દેશી રાજ્ય સાથેનો સંબંધ

સમવાયતંત્રમાં સામેલ થયેલ હોય તેવા દેશી રાજ્યમાં સમવાયી ધારાસભાના કોઇપણ કાયદાથી તે રાજ્યકર્તા અગર ઉપરી અધિકારીને સત્તા આપી શકાશે અગર તેના પર જવાબદારી નાખી શકાશે. સંયોજીત રાજ્યની કારોબારી સત્તાનો એવી રીતે ઉપયોગ કરવામાં આવશે કે જેથી કરીને સમવાયતંત્રના કાયદાનું બરાબર પાલન થશે, અને જેથી કરીને સમવાયતંત્રની કારોબારી સત્તાને જરાપણ હરકત નહિ આવે. જો ગવર્નર જનરલને એમ જણાશે કે કોઇપણ સંયોજીત રાજ્યના રાજ્યકર્તા તેની આ બાબતમાં જવાબદારી અદા કરતા નથી તો ગવર્નર–જનરલ તેની વિવેકબુદ્ધિ પ્રમાણે રાજ્યકર્તાએ રજુ કરેલ કોઇ પણ નિવેદન ધ્યાનમાં લઇને આ બાબતમાં રાજ્યકર્તાને યોગ્ય સુચનાઓ આપશે. સમવાયતંત્રની કારોબારી સત્તાનો અમલ સંયોજીત રાજ્યમાં કેવી રીતે અને કેટલે દરજ્જે કરવો તે બાબતમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તેનું નિરાકરણ ફેડરલ કોર્ટ તેની મૂળભૂત હકુમતની રૂએ કરી શકશે.

સંયોજીત રાજ્યમાં લાગુ થતા કોઇપણ સમવાયી કાયદાના અમલ માટે ગવર્નર જનરલ અને તે રાજ્યના રાજ્યકર્તા વચ્ચે થયેલ સંમતિ પ્રમાણે રાજ્યના રાજ્યકર્તા અગર તો તેના કોઇપણ અમલદારને તે કામ સોંપી શકાશે. રાજ્યકર્તા અને ગવર્નર જનરલ વચ્ચે થયેલ આવા કરારમાં ગવર્નર જનરલને સમવાયી કાયદાનું બરાબર પાલન થાય છે કે નહિ તેની તપાસ કરવાની સત્તા રહેશે. જો ગવર્નર જનરલને એમ થાય કે સંયોજીત રાજ્યમાં સમવાયી

કાયદાનું બરાબર પાલન થતું નથી તો ગવર્નર જનરલ તે રાજ્યના રાજ્યકર્તાને યોગ્ય સૂચનાઓ કરશે. રાજ્યકર્તાએ કરેલ કરારનું દરેક કોર્ટ કાયદેસર ધ્યાન (Judicial notice) રાખશે.

સમવાયતંત્રના હુકમને અંગે અથવાતો સમવાયી ધારાસભાએ પસાર કરેલ કાયદાથી પ્રાન્તને અગરતો સંયોજીત રાજ્યને કોઈપણ ફરજ બજાવવાની હોય અગરતો જવાબદારી અદા કરવાની હોય અને તેમ કરવામાં કાંઈપણ વધારાનું ખર્ચ થાય તો તે ખર્ચ સમવાયતંત્રને ભરી આપવું પડશે. આ વધારાના ખર્ચને અંગે કાંઈપણ તકરાર ઉભી થાય તો તેનું નિરાકરણ ફેડરલકોર્ટના મુખ્ય ન્યાયાધીશ જે માણસને લવાદ નીમશે તે નીરાકરણ કરી શકશે.

સમવાયતંત્રના પ્રાન્ત કે સંયોજીત રાજ્યમાં થતા કારોબારી વહીવટમાં પ્રાન્ત કે સંયોજીત રાજ્યના હિત ઉપર લક્ષ આપવામાં આવશે.

બ્રોડકાસ્ટીંગ

દરેક પ્રાન્તમાં અગરતો સંયોજીત રાજ્યમાં બ્રોડકાસ્ટીંગ પરત્વે ટ્રાન્સ-મીટીંગ અગર તો રીસીવીંગ સ્ટેશન બાંધવા અને તેનો ઉપયોગ કરવા તથા આ બાબતમાં આવી જાતના મશીન માટે ધારાધોરણો કરવા તથા ફી લેવાની સત્તા પ્રાન્તો અગરતો સંયોજીત રાજ્યોને આપવામાં આવશે. આ બાબતમાં સમવાયી કાયદાઓ પણ એવીજ રીતના ઘડવામાં આવશે. આવાં ટ્રાન્સમી-ટીંગ મશીનો ઉપરની સત્તા પ્રાન્ત કે સંયોજીત રાજ્યોને આપવામાં આવેલ નથી. બ્રોડકાસ્ટીંગના નાણા પ્રકરણ માટે સમવાયી સરકાર ધારાધોરણો કરી શકશે. પરંતુ શું વસ્તુ બ્રોડકાસ્ટ કરવી તે બાબતનો અધિકાર સમવાયી સરકારને સોંપવામાં આવેલ નથી. બ્રોડકાસ્ટીંગ સંબંધમાં કોઈપણ પ્રાન્ત અગર સંયોજીત રાજ્યને કાંઇપણ ફરીયાદ કરવાની હશે તો તે ગવર્નર જનરલને થઈ શકશે, અને ગવર્નર જનરલ તેની વિવેકબુદ્ધિ પ્રમાણે તેનું નિરાકરણ કરશે.

હિંદની શાંતિ, સુવ્યવસ્થા અને ગવર્નર જનરલની કોઈપણ જાતની સત્તાને પ્રાન્ત કે સંયોજીત રાજ્યમાં બ્રોડકાસ્ટ થતી વસ્તુથી જરાપણ અડચણ પહોંચે તેવો સંભવ હોય તો ગવર્નર જનરલ પોતાને યોગ્ય લાગે તેમ તેનું ધોરણ ઘડશે અગરતો તેના પર પ્રતિબંધ મૂકી શકશે.

પાણી પુરૂં પાડવાનાં સાધનો

જ્યારે કોઈપણ પ્રાન્ત અગર સંયોજીત રાજ્યના કાયદાથી અગર તો કારોબારી સત્તાથી તે પ્રાન્ત અગર સંયોજીત રાજ્યને પાણી પુરૂં પાડતું હોય તે સાધનમાં અડચણ થતી હોય અગરતો તેવી મુશ્કેલી ઉભી થવા સંભવ હોય તો આ પ્રાન્ત કે રાજ્ય ગવર્નર જનરલને ફરીયાદ કરી શકશે. ગવર્નરજનરલને આ બાબતમાં નિષ્ણાતોનું એક કમીશન નીમવાનો અધિકાર છે, અને આ કમીશનની ભલામણો ધ્યાનમાં લઇ ગવર્નર જનરલ તેનો નીકાલ લાવી શકશે. ગવર્નરજનરલ આ બાબતનાં તેનો ઠરાવ આપશે. પરંતુ તે પહેલાં કોઈપણ પ્રાન્ત અગરતો રાજ્યને કમીશનના ઠરાવ વિરૂદ્ધ શહેનશાહ–ઇન–કાઉન્સીલને અપીલ કરવાનો હક્ક છે. શહેનશાહના હુકમ પ્રમાણે કોઈપણ રાજ્ય કે પ્રાન્તમાં યોગ્ય ફેરફાર કરવામાં આવશે. ગવર્નર જનરલને પોતાના હુકમમાં કાંઇપણ ફેરફાર કરવા અધિકાર છે.

શહેનશાહ બધા પ્રાન્તો વચ્ચે તથા સંયોજીત રાજ્યો વચ્ચેની કાંઇપણ તકરારનો અંત લાવવા તથા બધાના સર્વ સામાન્ય હિત માટે વિચારણા ચલાવવા એક આંતરપ્રાન્તીય સમિતિની નિમણૂક કરશે, અને આ સમિતિ બધા પ્રાન્તો વચ્ચે એક સરખી નીતિ રાખવા માટે ભલામણો કરશે. આ સમિતિના બંધારણ તથા તેની ફરજો શહેનશાહ નક્કી કરશે, અને આમાં દેશી રાજ્યોના પ્રતિનિધિઓ કામકાજ કરી શકે તેવી ગોઠવણ કરવામાં આવશે.

પ્રકરણ ૭ મું

સમવાયી નાણા પ્રકરણ

નાણાપ્રકરણી ફેરફારો

મધ્યસ્થ અને પ્રાન્તીય સરકાર વચ્ચેના નાણાકીય સંબંધમાં સુધારાઓથી અનેક જાતના ફેરફારો થયા કરે છે. નાણાકીય સત્તાના વિભાગીકરણની રીત જે ૧૮૭૧ માં શરૂ થયેલ છે તે છેવટ ૧૯૨૧ માં પુરી થાય છે જેથી હિંદી ફાઈનાન્સમાં અનેક પ્રકારના સુધારા વધારા અને ફેરફારો કરવામાં આવેલ છે. આ બધી તપાસ કરતાં માલુમ પડે છે કે પ્રાન્તીય બજેટ ઉપર ગવર્નર જનરલ તથા હિંદી વજીરનો કાબુ ઢીલો કરવામાં આવેલ છે. પ્રાન્તોને જુદાં બજેટ કરવાની તથા આવકનાં નવાં સાધનો અને અમુક કર નાખવાની સત્તા પણ આપવામાં આવેલ છે. ઉપરાંત ધારાસભાને બજેટ મંજૂર કરવા તથા તેના પર ચર્ચાઓ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

મેસ્ટન સેટલમેન્ટ

આ બધા ફેરફારોમાં મહત્વનો ફેરફાર મેસ્ટન સેટલમેન્ટ (Meston settlement)થી કરવામાં આવ્યો, જેમાં મધ્યસ્થ અને પ્રાન્તીય આવકો જુદી કરવામાં આવેલ છે. મધ્યસ્થ સરકારે પ્રાન્તોને આવકનાં સાધનો આપ્યાં, જેમાંથી દર વર્ષે ૧૯ કરોડ રૂપીયા મળી રહેતા. પરિણામે આ ખાધ મધ્યસ્થ સરકાર સહન ન કરી શકી, અને પ્રાન્તો આટલી રકમ ખર્ચી પણ ન શકતા, જેથી ૧૯ કરોડમાંથી ૧૦ કરોડ રૂપીયા પ્રાન્તો મધ્યસ્થ સરકારને આપવા લાગ્યા. આ દશ કરોડ રૂપીયા બધા પ્રાન્તોને સાત વર્ષમાં સરખી રીતે અપાય તેમ ગોઠવણ કરવામાં આવી. આથી વધુ કરથી દબાયેલા પ્રાન્તોને રાહત મળી અને ઓછા કરવાળા પ્રાન્તો પર વધુ કર પડવા લાગ્યા. આ મેસ્ટેન સેટલમેન્ટથી ઘણા પ્રાન્તોને સંતોષ ન થયો. મુંબઈ અને બંગાલ જેવા ઉદ્યોગવાળા પ્રાન્તોની જરૂરી આવક ઘટી ગઈ

અને મદ્રાસ, સંયુક્તપ્રાન્તો, અને પંજાબ જેવા ખેતી પ્રધાન પ્રાન્તોને ઘણી વધુ પડતી આવક મળવા લાગી. મધ્યસ્થ સરકારનાં આવકનાં સાધનો જેટલાં વધારાય તેટલાં વધી શકે તેમ હતાં, જ્યારે પ્રાન્તોનાં સાધનો ઓછા પડવા લાગ્યાં. ૧૯૨૭ માં આ પ્રાન્તિક ભરણાની રીત નાબુદ કરતાં પ્રાન્તોનું નાણા પ્રકરણી અસામ્ય વધી પડયું.

આવકનાં સાધનો

૧૯૨૯ માં મધ્યસ્થ અને પ્રાન્તીય આવક જે ૮૮$\frac{1}{4}$ કરોડ રૂપીયા હતી તે ૧૯૩૩ માં ૭૮ કરોડ રૂપીયા જેટલી ઘટી ગઈ. આમાંથી મધ્યસ્થ સરકારના ૭૫ કરોડ રૂપીયા અને પ્રાન્તિક સરકારના ૬૪ કરોડ રૂપીયા કરોમાંથી અને કર ન હોય તેવાં સાધનોમાંથી આવકના હતા. ૧૯૩૬–૩૭ માં મધ્યસ્થ સરકારે ૮૧ કરોડ કરવાળાં સાધનોમાંથી અને ૧૦ કરોડ કર વિનાનાં સાધનોમાંથી મેળવવાનું બજેટ કર્યું હતું.

મધ્યસ્થ સરકાર તથા પ્રાન્તિક સરકારનાં ૧૯૩૩–૩૪ નાં આવક ખર્ચનાં સાધનો નીચે આપવામાં આવે છે.

૧૯૩૩–૩૪ ની આવકનાં સાધનો

મધ્યસ્થ સરકાર	કરોડ રૂા.	પ્રાન્તીય સરકાર	કરોડ રૂા.
૧ જકાત	૫૦·૩	૧ મહેસુલી ઉપજ	૩૦·૩
૨ આવક વેરો	૧૭·૨	૨ જકાત	૧૪·૮
૩ મીઠું	૭·૬	૩ સ્ટેમ્પ	૧૨·૪
૪ બીજા કરો	·૬	૪ રજીસ્ટ્રેશન	૧·૧
૫ અફીણ	·૬	૫ નક્કી કરેલ કરો	·૪
(કર વીનાનાં સાધનો)		(શેડયુલ્ડ ટેક્સ)	
૬ રેલ્વે	·૦	(કર વીનાનાં સાધનો)	
૭ ટંકશાળ અને ચલણ	૧·૧	જંગલ	·૭
૮ રાજ્યોની ખંડણી	·૭	નહેરોની ઉપજ	·૫
૯ બીજી પરચુરણ આવક	·૮	પરચુરણ બીજી આવક	૧૨·૩
	કુલ ૭૮·૧		કુલ ૭૭·૬

૧૯૩૩-૩૪નાં ખર્ચનાં સાધનો

મધ્યસ્થ સરકાર	કરોડ રૂપીયા	પ્રાન્તીય સરકાર	કરોડ રૂપીઆ
૧ રક્ષણ	૪૬.૨	૧ મહેસુલી વહીવટ	૧૪.૮
૨ દેવાંઓ	૧૫.૯	૨ પોલીસ	૧૨.૩
૩ વહીવટી ખર્ચ	૮.૮	૩ ન્યાય તથા જેઈલ	૭.૬
૪ પોસ્ટ, તાર ટપાલ	.૬	૪ દેવાંઓ	૪.૨
૫ સીવીલ વર્કસ	૧.૭	૫ પેન્શન	૫.૧
૬ પેન્શન	૩.૦	૬ કેળવણી	૧૧.૮
૭ પરચુરણ	૧.૭	૭ તબીબી ખાતું	૫.૨
		૮ ખેતીવાડી તથા ઉદ્યોગ	૨.૯
	કુલ ૭૭.૯	૯ સીવીલ વર્કસ	૮.૩
		૧૦ બીજાં પરચુરણ ખર્ચો	૭.૩
			કુલ ૭૯.૫

આમ મધ્યસ્થ સરકારનું ખર્ચ તપાસીએ છીએ તો માલુમ પડે છે કે દેશના કુલ ખર્ચના ૬૦% જેટલું રક્ષણખાતા ઉપર ખર્ચ થાય છે. રક્ષણ અને દેવાંઓ બજેટના ૮૦% જેટલું થાય છે. આ ઉપરાંત પેન્શન, પગાર તથા ધાર્મિક બાબતોનું ખર્ચ જોતાં બજેટનો ૯૦%મો ભાગ ઉપર મત ન આપી શકાય તેટલો થઈ જાય છે. પ્રાન્તોમાં ખર્ચ જોતાં ૨૦ કરોડ રૂપીયા અગર કુલ ખર્ચનો ૨૫% મો ભાગ કેળવણી, જાહેર આરોગ્ય, તબીબીખાતું, ખેતીવાડી અને ઉદ્યોગો પાછળ ખર્ચાય છે. પરિણામે દેશની રાષ્ટ્રીયવિકાસ કરવાની પ્રવૃત્તિઓને પોષણ આપવા માટે કયાંય અવકાશ ન રહેતો.

સમય જતા મધ્યસ્થ અને પ્રાન્તિક સરકારની નાણા વિષયક સ્થિતિ સુધરવાને બદલે ખરાબ થવા લાગી. પ્રાન્તો અને મધ્યસ્થ સરકાર વચ્ચેના આવકના સાધનોના ભાગલા કરી નાખવાની નીતિ બરાબર ન હતી તેમ જણાવા લાગ્યું, કારણ કે પ્રાન્તોના આવકનાં સાધનો ઘટવા લાગ્યાં, જ્યારે પ્રાન્તિક ખર્ચાઓ વધવા લાગ્યા. આ ઉપરાંત આર્થિક મંદીથી ઘણીજ

નુકસાની લાગવા માંડી. ખેતીવાડીમાં ખરાબ વર્ષોથી ખેડૂતોને રાહત આપવી પડતી અને પાણીના કર વગેરે ઓછા કરવા પડતા. ઔદ્યોગિક મંદીને લઈને સ્ટેમ્પ, જકાત, દાણુ અને આવકવેરાની ઉપજમાં પણ ઘટાડો થવા લાગ્યો. જેથી કરીને મધ્યસ્થ અને પ્રાન્તિક સરકારને બજેટમાં ખાધ આવવા લાગી. ૧૯૨૭માં પ્રાન્તોના ભરણાં બંધ કરવામાં આવ્યાં છતાં પણ ૪.૫૦ કરોડ રૂપીઆની વાર્ષિક ખાધ આવવા લાગી. રેલ્વેની ઉપજ પણ ઓછી થવા લાગી. છેલ્લા ૭ વર્ષમાં રેલ્વેની ૬૦ કરોડની ખાધ આવેલ છે. ઉપરાંત ૧ કરોડ રૂપીયા આપી વાયવ્યસરહદનો નવો પ્રાંત કરવામાં આવેલ છે.

નવા બંધારણમાં મધ્યસ્થ સરકાર પર વધુ બોજો મુકવામાં આવેલ છે, અને તેમાં આવકનાં સાધનો ઓછાં કરવામાં આવ્યાં છે. ૧૯૩૫ ના કાયદામાં ઓરીસ્સા અને સીંધના બે નવા પ્રાન્તો શરૂ કરવામાં આવેલ છે. આ પ્રાન્તો તથા બીજા ખાધવાળા પ્રાન્તોને મધ્યસ્થ સરકાર મદદ આપશે. ઉપરાંત બરમાને છુટું કરતાં મધ્યસ્થ સરકારને ૨.૭૫ કરોડ રૂપીયાની ખોટ આવશે અને રાજ્યો ફેડરેશનમાં જોડાતાં અત્યારે જે તેમની પાસેથી લગભગ ૧ કરોડ રૂપીયા જે ખંડણીના આવે છે તે બંધ થશે. નવા બંધારણથી દોઢ કરોડ રૂપીયાનું ખર્ચ વધશે.

ફેડરલ ફાઈનાન્સ

ઉપર જણાવી મુસ્કેલીઓ ૧૯૩૫ ના નવા બંધારણમાં નીચે પ્રમાણેની ગોઠવણથી દૂર કરવા પ્રયત્નો કરવામાં આવેલ છે.

(૧) ૧૯૩૫ ના કાયદાથી ફેડરેશન અને પ્રાન્તોનાં આવક તથા ખર્ચો તદ્દન જુદાં પાડવામાં આવેલ છે, અને બન્નેને થોડાં આવકનાં સાધનો વધારી આપવામાં આવેલ છે. આ વહેંચણી જરૂરીયાત અને મુશ્કેલી પ્રમાણે કરવામાં આવશે.

(૨) સર ઓટોનીમેયરને મધ્યસ્થ સરકાર અને પ્રાન્તોની માગણીઓને પહોંચી વળવા તથા બન્નેની નાણાપ્રકરણી સ્થિતિ સુધારવા માટે નીમવામાં આવેલ હતા. નીમેયર એવાર્ડમાં પ્રાન્તિક દેવાંઓ રદ કરવા, તથા મહેસૂલી ભરણાં અને પ્રન્તોને આપવાની નાણાકીય મદદ બંધ કરવા, અને આવકવેરો તથા શણની જકાતમાં વહેંચણી કરવાનું રદ કરવાની ભલામણો કરી હતી.

દરેક પ્રાન્તને માટે નીચે મુજબ ભલામણ કરવામાં આવેલ છે.

પ્રાન્ત	કુલ રાહત	રદ કરેલ દેવું	શણ જકાતનું ભરણું	નાણાની મદદ
	રૂ. લાખ	રૂ. લાખ	રૂ. લાખ	રૂ. લાખ
૧. સંયુક્ત પ્રાંતો	૨૫	૦	૦	૨૫
૨. બંગાલ	૭૫	૪૩	૪૨	૦
૩. બીહાર	૨૫	૨૨	૨½	૦
૪. મધ્ય પ્રાન્તો	૧૫	૧૫	૦	૦
૫. આસામ	૪૮	૧૫½	૨½	૩૦
૬. વાયવ્ય સરહદ પ્રાન્ત	૧૧૨	૧૨	૦	૧૦૦
૭. ઓરીસ્સા	૫૦	૯½	¼	૪૦
૮. સીંધ	૧૦૫	૦	૦	૧૦૫

આવક વેરાની વહેંચણી કેવી રીતે કરવી તે ફેડરલ સરકારની મરજી ઉપર છોડવામાં આવેલ છે. હાલ ૬ કરોડ રૂપિયા આ બાબતમાં પ્રાન્તોને આપવા માટે ઓર્ડર–ઈન–કાઉન્સીલથી નક્કી કરવામાં આવેલ છે. આ પ્રાન્તોને વધુ આવક મળેલ છે જ્યારે મધ્યસ્થ સરકારને સરેરાશ આવક ઓછી થવા પામેલ છે.

નીમેયર એવાર્ડની નીચેના કારણો અનુસાર સખ્ત ટીકા કરવામાં આવેલ છે.

(૧) આ એવાર્ડમાં પ્રાન્તોની ચાલુ ખાધ ઉપરથી પ્રાન્તોની અસમાનતા દૂર કરવા માટે વિચારણા કરવામાં આવેલ છે જેથી કરીને જે જે પ્રાન્તો પોતાનું ખર્ચ કરકસરથી કાઢી શકતા તેમને આવકમાં કાંઈ વધારો થયો નહિ અને જે પ્રાન્તો વધુ ખર્ચા કરતા તેને મદદ મળવા લાગી.

(૨) મધ્યસ્થ સરકાર તરફથી મળતી રાહતને લઈને પ્રાન્તોને સંતોષ થયો નથી. ઇન્કમ ટેક્સમાંથી તેમને કાંઈ નજીકમાં મળે તેમ સંભવ નથી, જેથી કરીને બંગાલ અને મુંબઈ ઇલાકા જેવા ઔદ્યોગિક પ્રાન્તોને સહન કરવું પડશે, જો કે મુંબઈમાં સીંધ છુટો કરતાં ૮૦ લાખ બચવા પામેલ છે.

(૩) રાષ્ટ્રીય વિકાસ કરતી પ્રવૃત્તિઓને મધ્યસ્થ કે પ્રાન્તીય સરકારમાંથી જોઇએ તેટલા પ્રમાણમાં પોષણ મળે તેમ નથી. હાલ પ્રાન્તોનાં બજેટ જોશું તો તેમાં રાષ્ટ્રીય વિકાસની પ્રવૃત્તિઓને મદદ કરવાનું જણાવેલ છે, પણ આ બધાં બજેટમાં કરોડો રૂપીયાની ખાધ આવે છે, જે ખાધને પહોંચી વળવા બીજા કેટલાક કરો નાખી નાણાકીય પ્રધાનને ઘણા જ અપ્રિય થવાનું રહે છે.

(૪) મધ્યસ્થ અને પ્રાન્તીય ધારાસભાના નાણાકીય હક્કો ઉપરના અંકુશો જોતાં તેમની સત્તા માત્ર નામની જ હોય તેમ જણાય છે. જોકે પ્રાન્તોને આ બાબતમાં છુટછાટ છે, પણ બીજા નવા કરો નાખ્યા વગર તેને છુટકો નથી.

મધ્યસ્થ સરકારના ઉપજનાં સાધનો

(૧) મધ્યસ્થ સરકાર કેટલાક કરો પ્રાન્તો માટે નાખે છે. આ કરોમાં ફેડરેશન માટે વધારો (Surcharge) કરી શકાય છે.

મધ્યસ્થ સરકાર જે પ્રાન્તો માટે કર નાખે છે તે માત્ર એક એજન્ટ તરીકે કામ કરે છે. આ કરોમાં ખેતી માટે ન હોય તેવી મીલ્કત ઉપરનો વારસા કર, વ્યક્તિગત મુડી અને ખનીજ હક્કોના કર, ટર્મીનલ ટેક્સ અને સ્ટેમ્પ ડયુટી વગેરે કરો મધ્યસ્થ સરકાર ઐકય, સમાનતા અને કરકસર માટે નાખે છે, અને આ કરોની ઉપજ પ્રાન્તો તથા સંયોજીત રાજ્યોને વહેચી દેવાની હોય છે. આમાં મધ્યસ્થ સરકારને ફાયદો એટલો કે જરૂરી વખતે આ કરોમાં વધારો કરી પોતે આવક લઈ શકે છે. આ યોજનાના બે મોટા દોષ એ છે કે આ કરો નાખવાની જવાબદારી મધ્યસ્થ ધારાસભાઓ પર રહે છે અને તેનાં ફળો પ્રાન્તો ભોગવે છે. મધ્યસ્થ ધારાસભા પ્રાન્તોની ઇચ્છા વિરૂદ્ધ જાય તો પ્રાન્તીય નાણાં બાબતનો સખ્ત ધક્કો પહોંચે. ઉપરાંત કોઈ કર કોઈ પણ પ્રાન્તની જરૂરીયાત માટે નાખવામાં આવે તો બીજા પ્રાન્તો જેને નાણાની વધુ મદદની જરૂર ન હોય તેવાને પણ આવક મળવા સંભવ રહેશે.

(૨) મધ્યસ્થ સરકાર કેટલાક કરોની ઉપજમાંથી પોતાની અને પ્રાન્તોની વચ્ચે વહેંચણ કરે છે. આ કરોમાં બે વિભાગો છે જેમાંના પ્રથમમાં,

(આ) નીકાસ, જકાત (Excise) અને મીઠા વેરાની ઉપજ ફેડરેશન ઉઘરાવશે, પરંતુ મધ્યસ્થ ધારાસભા આમાંથી પ્રાન્તો અને સંયોજીત રાજ્યોને બધી અગર થોડી ઉપજનો ફાળો આપશે. આ ઉપરાંત શણ ઉપરનો નીકાસ વેરો જે શહેનશાહ અને તેની સભા તરફથી નક્કી કરેલ હોય તે પ્રમાણે પ્રાન્તો અને સંયોજીત રાજ્યોને મળશે. નીમેયર એવાર્ડમાં પ્રાન્તોને શણની ઉપજ પ્રમાણે તેનો ½ મો ભાગ મળવા ભલામણ કરેલ છે.

આવકવેરો

(અ) ખેતી સીવાયની ઉપજ અને આવક ઉપર કર નાખવાનું અને ઉઘરાવવાનું મધ્યસ્થ સરકારને રહેશે. આ ઉપજનો અરધો ભાગ જે દેશી રાજ્યો ફેડરેશનમાં જોડાયા હશે તેને આપવામાં આવશે. દેશી રાજ્યોને આ ફાળો જો દેશીરાજ્યોમાં આવકવેરો નખાતો હશે તોજ મળશે. આ ફાળાનું પ્રમાણ ઓર્ડર–ઈન–કાઉન્સીલથીજ નક્કી થયેલ છે, એટલે તેમાં ફેરફાર અશક્ય છે. પરંતુ જરૂર પડે તો મધ્યસ્થ ધારાસભાઓ આવકવેરામાં વધારો નાખી શકે છે, અને દેશી રાજ્યોને આવકવેરા જેટલો ભાગ ફેડરેશનને આપવો પડશે. મધ્યસ્થ સરકાર આવકવેરાની ઉપજ જતી કરી શકે તેમ ન હોવાથી, એમ ગોઠવણ કરવામાં આવેલ છે કે આવકવેરાના છ કરોડ રૂપીયા આવતા પાંચ વર્ષ માટે મધ્યસ્થ સરકાર રાખે અને બીજા પાંચ વર્ષ દરમ્યાન પ્રાન્તોને નક્કી કરેલ ભાગ મળી જાય તેમ ફાળો આપે. નીમેયર એવાર્ડ પ્રમાણે પ્રાન્તોને જ્યાં સુધી મધ્યસ્થતંત્રને દશ કરોડ રૂપીયાથી વધુ ન મળે ત્યાં સુધી કાંઈ નહિ મળે તેમ જણાવવામાં આવેલ છે. દેશી રાજ્યો પોતાની રેલ્વેની ઉપજ ભોગવવા સ્વતંત્ર છે, પણ પ્રાન્તોને જો રેલ્વેમાં ખાધ આવશે તો આવકવેરાનો ફાળો પણ નહિ મળે કેમકે રેલ્વેનો વહીવટ પ્રાન્તો તેમજ મધ્યસ્થ ધારાસભાની સત્તા બહારની વસ્તુ છે.

આવી જાતનું ધોરણ કરવેરાના સિદ્ધાંતની વિરૂદ્ધ છે. આ પ્રથાથી એમ બનવા પામશે કે મધ્યસ્થ સરકાર પોતાની અને પ્રાન્તોની જરૂર પ્રમાણે કરની ઉપજનો વરાડ નક્કી કરશે. કોઈ પ્રાન્તને નાણાંની વધુ જરૂર પડયે વધુ માગણી કરે, જ્યારે બીજા પ્રાન્તને તે જરૂર ન હોવાથી ના પાડે છતાં પણ તેને ઉપજ મળે. કરની આવકનો ફાળો એવી રીતે નક્કી થવો જોઇએ કે જેથી બધા પ્રાન્તોને પોતાની ઉપજ પ્રમાણે મળી રહે. દેશી રાજ્યોમાં

આવકવેરો નાખવાની રીત નથી અથવા તો તેમ કરવાનું તેઓએ નક્કી કરેલ નથી, એટલે દેશીરાજ્યોના પ્રતિનિધિઓ બ્રિટિશ પ્રાન્તો ઉપર કરવેરો નાખવા મત આપશે જ્યારે પોતાના રાજ્યો તેનાથી તદ્દન વિમુક્ત રહેશે. એટલે આ યોજના કરભારની સમાનતાના મૂળગત સિદ્ધાંતની વિરૂદ્ધ રહે છે.

(૩) મધ્યસ્થ સરકાર માટેનાં ખાસ જુદા આવકનાં સાધનો

(અ) કોરપોરેશન ટેક્સ (સંસ્થાપિત મંડળી ઉપરનો કર) એ કમ્પનીના નફા ઉપરનો સુપર ટેક્સ છે. સમવાયતંત્ર શરૂ થયા પછી દશ વર્ષ સુધીમાં આ કર સંયોજીત રાજ્ય (Federated state) માં દાખલ નહિ કરવામાં આવે.

(બ) બીજા કરો માટે બંધારણમાં કાંઈ જણાવવામાં આવેલ નથી, એટલે મધ્યસ્થ સરકાર જકાત અને કોઈ પણ માણસની કે કમ્પનીની મુડી તથા મીલ્કત ઉપર કર નાંખી શકશે, ઉપરાંત કમ્પનીના ભંડોળ ઉપર પણ કર નાંખી શકશે.

(૪) મધ્યસ્થતંત્રના કર નાખ્યા વગરનાં સાધનોમાં રેલ્વે, તાર, ટપાલ, રીઝર્વ બેન્કનો નફો, લોન ઉપરનું વ્યાજ, અફીણની આવક, સેન્ટ્રલ સબજેકટની ફી, રાજ્યોની ખંડણી અને બીજાં ખાતાંઓની આવકનો સમાવેશ થાય છે.

પ્રાન્તીય આવકના સાધનો નીચે પ્રમાણે આપવામાં આવેલ છે.

(૧) પ્રાન્તીય સ્વરાજ્ય પહેલાં પ્રાન્તોની આવકનાં મૂળ સાધનોમાં જમીન મહેસૂલ, એકસાઈઝ, સ્ટેમ્પ, જંગલ, ઈરીગેશન, રજીસ્ટ્રેશન, શેડયુલ્ડ ટેક્સ, ડીપાર્ટમેન્ટની દીવાની વહીવટની આવક, લોકલ ટેક્સ, આવકવેરામાંથી થોડો ભાગ, પાછી મેળવેલી લોન, લોન ઉપરનું વ્યાજ તથા મધ્યસ્થ સરકાર તરફથી મંજૂર થયેલી માંગણીઓ વગેરે હતાં. આ બધાં આવકના સાધનો તેમનાં તેમ ચાલુ રાખવામાં આવેલ છે, માત્ર થોડામાં ફેરફાર કરવામાં આવેલ છે.

આ ઉપરાંત પ્રાન્તોને મધ્યસ્થ સરકારે ઉઘરાવી આપેલ કરમાંથી પણ મોટો ફાળો મળશે. આ સિવાય બધી કેફી ચીજો, મકાન તથા જમીન, ચુલાઓ અને બારીઓ, અનાજના હક્કો, વેંચાણ અને જાહેર ખબર, ધંધા વેપાર રોજગાર, સેસ, પ્રાણીઓ તથા હોડીઓ, સામાન તથા ઉતારૂઓ લઈ જતાં પાણી પર ચાલતાં વાહનો, કેપીટેશન ટેક્સ, ટોલ, ફેડરલ રેલ્વે

અને હવાઇ માર્ગ સિવાયનાં બધાં લઇ જવા લાવવાનાં સાધનો તથા પ્રાન્તીય વિષયો વગેરે ઉપર પ્રાન્તો કર નાંખી શકે છે.

પ્રાન્તોનાં ઉપર જણાવ્યાં આવક મેળવવાનાં સાધનો ઉપરાંત મધ્યસ્થ સરકાર કોઇ પ્રાન્તોને કાયમને માટે અગર થોડા વખત માટે નાણાંની મદદ (Subsidy) આપવાની રહે છે. આમ પ્રાન્તોની આવક વધારવામાં આવેલ છે, છતાં પણ પ્રાન્તોમાં કેળવણી, તબીબીખાતું, જાહેર આરોગ્ય, ખેતીવાડી, ઉદ્યોગ વગેરે પ્રજાહિતનાં ખાતાંઓ ઉપરે યોગ્ય નાણાં વાપરવા જેટલું ખર્ચ મળતું નથી, કારણ કે નાણાં બાબતોપર ઘણા અંકુશો રાખવામાં આવેલ છે. આથી આજે પ્રાન્તીય બજેટ જોશું તો પ્રજાહિતના ખાતાંઓ ઉપર રકમ ખર્ચવા માટે નક્કી કરવામાં આવેલ, છે પણ સાથે સાથે બીજા ઘણા નવા કરો પણ નાખવા પડયા છે.

આ ઉપરાંત મધ્યસ્થ ધારાસભાને જેટલી થોડી ઘણી નાણા બાબતની સત્તાઓ આપવામાં આવેલ છે તેના ઉપર પણ ઘણા અંકુશો જોવામાં આવે છે.

મધ્યસ્થ નાણાં પ્રકરણમાં સાવચેતીઓ અને સલામતીઓ

(૧) ૧૯૩૫ના કાયદામાં જણાવવામાં આવેલ છે કે સમવાયતંત્રને દર વર્ષ શહેનશાહના પ્રતિનિધિના કહેવા મુજબ અને દેશીરાજ્યોના સંબંધના અંગેના ખર્ચો શહેનશાહને આપવા પડશે.

(૨) હિંદી વજીર અને હાઇકમીશ્નર હેઠળ મુકાયેલા ખર્ચો મધ્યસ્થ કે પ્રાન્તીયતંત્રને પહેલાં આપવાં પડશે,

(૩) તાજ અને દેશી રાજ્યોના સબંધ અંગેના ખર્ચ ઉપરાંત ફેડરેશનના રીઝવર્ડ ખાતાઓનો ખર્ચપણ મધ્યસ્થતંત્રને આપવો પડશે,

(૪) બજેટના મુખ્ય ભાગ ઉપર ધારાસભાને મત આપવાનો અધિકાર નથી. વ્યાજ, લોન, કેટલાક અમલદારોના પગારો ઉપર ધારાસભા ચર્ચા ચલાવે પણ મત ન આપી શકે. આ બધી બાબતોનો સરવાળો કરતાં લગભગ ૮૦% જેટલો બજેટનો ભાગ ધારાસભાના અંકુશ બહાર રહે છે, જ્યારે બાકીના માત્ર ૨૦% ઉપરજ ધારાસભા ચર્ચા ચલાવે અને મત આપશે. ગવર્નર જનરલ તેના સલાહકારોની સલાહ મુજબ વર્તશે અને નાણાકીય સલાહકાર બજેટ ઉપર ઘણીજ લાગવગ ધરાવશે અને અસર કરી શકશે. મત ન આપી શકાય તેવા ખાતાઓમાં ગવર્નર જનરલ ઠીક પડે તેટલો

ખર્ચ મંજૂર કરી શકશે અને આનાપર પ્રધાનો કે ધારાસભા કાંઇ જરાપણ કહેવા અશક્ત છે,

(૫) સમવાયતંત્રમાં જોડાતાં દેશીરાજ્યોને કેટલીક છુટછાટ આપવામાં આવેલ છે. સમવાયતંત્રમાં જોડાતાં દેશીરાજ્યોને ખંડણી, લોન, તથા સુપ્રત કરેલા પ્રદેશો માટે ભરવાની રકમો માફ કરવામાં આવેલ છે,

(૬) સમવાયતંત્રમા જોડાયેલાં રાજ્યોની સરહદ પર નખાતા કરો તેમના તેમના તેમ ઉઘરાવી શકાશે,

આવકવેરા ઉપરનો જે વધારો દેશી રાજ્યોને આપવાનો છે તે ઓર્ડર-ઈન-કાઉન્સીલથી નક્કી કરવામાં આવશે,

(૬) રીઝર્વબેન્ક તથા રેલ્વે ધારાસભાની હકુમત બહાર રહેશે,

(૭) ગવર્નર જનરલની પરવાનગી સિવાય ચલણ, સીક્કા, તથા રિઝર્વ બેન્કના બંધારણ તથા કામકાજ માટે કોઇપણ બીલ ધારાસભામાં લાવી શકાશે નહિ,

(૮) જે બીલ કોઇપણ નવો ટેક્સ નાખતું હોય, સુધારો કરતું હોય અગર નાણાં ઉછીના લેવા બાબત નિયમો કરતું હોય, અગરતો સમવાયતંત્રની નાણાકીય ધીરધાર સંબંધી હોય તે ગવર્નર જનરલની પરવાનગી વગર દાખલ નહિ થઇ શકે,

(૯) ગવર્નર જનરલ કોઈપણ ગ્રાન્ટ ઓછી હોય તો વધારી શકે છે અને રદ કરી હોય તો મંજૂર કરી શકે છે,

(૧૦) ગવર્નર જનરલ કોઇપણ તુફાન, લડાઇ અગરતો જાતો સાથેની લડાઈને અંગે કોઈપણ ખર્ચ ધારાસભાની સંમતિ વગર કરી શકશે,

(૧૧) શાહેનશાહ હિંદ તથા બરમા વચ્ચેના જતા આવતા માલ માટે આયાત નીકાસ વેરાના દર નક્કી કરશે. બરમા હિંદ વચ્ચેનો નાણા સંબંધી પ્રશ્ન ગવર્નર જનરલના હાથમાંજ રહેશે,

(૧૨) પ્રાન્તોને આપવાની ગ્રાન્ટ શહેનશાહ તથા તેની સભા નક્કી કરે છે,

(૧૩) જાહેર મુડી ક્યાં રાખવી તે બાબત ગવર્નર જનરલ અગરતો

ગવર્નર તેની મુનસફી પ્રમાણે નક્કી કરશે. આમ હિન્દની ઉપજની મોટી રકમ બ્રિટિશ ગવર્મેન્ટમાં રહે છે.

નાણાકીય બાબતો ઉપર જ્યારે આટલા અંકુશો અને સલામતીઓ મુકવામાં આવેલ હોય ત્યારે સ્વભાવિક છે કે કોઇપણ પ્રધાનમંડળને પ્રજાહિતનું કાંઈપણ કામ કરવા ઘણીજ મુશ્કેલીઓ પડે.

અત્યારસુધી હિન્દના લશ્કરો હિંદ બહાર પાર્લામેન્ટની મંજૂરી વગર ન મોકલાતાં અને મોકલાય તો તેનું ખર્ચ બ્રિટનને ભોગવવું પડતું; પરંતુ ૧૯૩૫ ના બંધારણમાં આ અંકુશ લઇ લેવામાં આવેલ છે. ગવર્નર જનરલને જ્યારે હિંદના હિત સીધી કે આડકતરી રીતે ભયમાં જણાય ત્યારે હિંદી લશ્કર હિંદ બહાર મોકલી શકે અને તેનું ખર્ચ હિંદને ભોગવવાનું રહે. આ સિવાય કોઇપણ નાણાકીય પ્રશ્ન પ્રાન્તીય કે મધ્યસ્થ સરકારનો છે તે બાબતનો છેલ્લો નિર્ણય ગવર્નર જનરલ આપશે. પ્રાન્તોને નક્કી ન કર્યા હોય તેવાં કરવેરાનાં સાધનો આપવામાં આવેલ છે, છતાંપણ ગવર્નર જનરલ પ્રાન્તોના પ્રધાનમંડળની સલાહ લઇને અમુક નિશ્ચિત કર ફેડરેશન માટે નાખી શકશે.

સમવાયતંત્રની ઉછીનાં નાણાં લેવાની સત્તા

સમવાયતંત્ર તેની ઉપજની સીક્યુરીટી ઉપર ઉછીનાં નાણા લઇ શકશે. હિંદની સ્ટર્લીંગ લોન બાબતની સ્થિતિ તેમની તેમ રહેશે, અને હિંદ બહાર ઈંગ્લેંડમાં લોન ઉઘરાવવાની પણ સત્તા રહેશે એટલે આ સત્તા હિંદી વજીરને નહી રહે.

પ્રાન્તોના નાણા ઉછીના લેવાની સત્તા—જોશું તો માલુમ પડે છે કે પ્રાન્તીય સરકાર પોતાના પ્રાન્તમાં કોઇપણ લોન ઉઘરાવી શકે છે. પણ આથી કરીને સમવાયી સરકારે કાઢેલી લોનને હરકત નહી આવે. સમવાયી સરકાર પ્રાન્તને કોઈપણ લોન આપી શકે છે. કોઇપણ પ્રાન્ત સરકારની પરવાનગી વગર નાણા ઉછીનાં લઇ શકશે નહિ. સમવાયી સરકાર કોઇપણ લોનની સહીસલામતી માટે બાંહેધરી આપી શકશે તથા વ્યાજ માટે અમુક નક્કી ધારાધોરણો કરી આપશે.

ઓડીટર જનરલ

ફેડરેશન તથા પ્રાન્તોના હિસાબ કીતાબ તપાસવા માટે શહેનશાહ એક ફેડરલ ઓડીટર જનરલની નિમણુક કરશે. આ ઓડીટર જનરલની નિમણૂક તથા નોકરી ફેડરલ કોર્ટના જડજોની જેમ રહેશે. તેની નોકરી તથા નિમણૂક બાબત પ્રથમ ઓર્ડર-ઇન-કાઉન્સીલથી નક્કી કરવામાં આવશે. સમવાયતંત્ર તથા પ્રાન્તોના હીસાબ કેમ રાખવા તેની રીત ઓડીટર જનરલે ગવર્નરની સંમતિ પ્રમાણે નક્કી કરેલ ધોરણ પ્રમાણે રહેશે. ફેડરેશન ચાલુ થયા પછી પાંચ વર્ષ બાદ જ્યારે ઓડીટર જનરલનો પગાર મત ન આપી શકાય તેવો વિષય બનશે ત્યારેજ પ્રાન્તો માટે પણ ઓડીટર જનરલની નિમણૂક થઈ શકશે. ઉપરાંત ઓડીટર ફોર ઇન્ડીયન હોમ એકાઉન્ટસની પણ ગવર્નર જનરલ તરફથી નિમણૂક કરવામાં આવશે. ઓડીટર જનરલનો પગાર તથા તેની ઓફીસનું તમામ ખર્ચ ફેડરેશનની ઉપજ ઉપર લાદવામાં આવેલ છે. ઓડીટર જનરલ માત્ર ફેડરેશન તથા પ્રાન્તોના હીસાબ તપાસશે. ફેડરેશનમાં જોડાયેલાં દેશીરાજ્યોના હીસાબ તપાસવાનો તેને હક્ક નથી.

પ્રકરણ ૯ મું

સમવાયી ન્યાયખાતું

(૧) ફેડરલ કોર્ટ

સમવાયતંત્ર ઉપસ્થિત થયા પછી તે પરત્વેના બંધારણીય કાયદાની આંટીઘુંટીનું નિરાકરણ કરવા તથા ફેડરેશનમાં જોડાયેલ જુદા જુદા વિભાગો વચ્ચે તથા સમવાયતંત્ર સાથેની કોઈપણ તકરારનો નિર્ણય કરવા માટે ફેડરલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે. ફેડરલ બંધારણની સમજણ પાડવી એ આ કોર્ટનો મુખ્ય હેતુ છે. સમવાયતંત્ર, પ્રાન્તો, અને સમવાયતંત્રમાં જોડાયેલાં રાજ્યોની સ્વતંત્ર અને નિષ્પક્ષપાત પણે બંધારણના કાયદાની આંટીઘુંટી ઉકેલે એવી એક સંસ્થાની જરૂર રહે, અને આ જરૂર ફેડરલ કોર્ટ પુરી પાડે છે. ફેડરલ કોર્ટ એ ફેડરલ બંધારણમાં ખાસ જરૂરી તત્વ છે, કારણ કે આ કોર્ટ બંધારણનો કોડ પાડે છે એટલું જ નહિ પણ તેનું રક્ષણ કરે છે, અને સમવાયતંત્રના જુદા જુદા અંગો વચ્ચેની તકરાર અને મતભેદનું નિરાકરણ કરે છે.

ફેડરલ કોર્ટનું બંધારણ

આ કોર્ટમાં એક મુખ્ય ન્યાયાધીશ અને વધુમાં વધુ તેના મદદનીશ બીજા છ ન્યાયાધીશોની શહેનશાહ નિમણૂક કરશે. ઓછામાં ઓછી સંખ્યા બધી મળી ત્રણની રહેશે. ૧૯૩૭ ના ઓકટોબરની ૧ લી તારીખથી આ કોર્ટનું કામકાજ શરૂ થયું છે, અને હાલ આ કોર્ટ દીલ્હીમાં બીરાજે છે. આ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સર મોરીસ ગ્વાયર છે, જ્યારે તેના પડખીયા તરીકે સર શાહ સુલેમાન તથા સર વરદાચારી છે. ફેડરલ કોર્ટના ન્યાયાધીશોની સંખ્યા વધારવા માટે મધ્યસ્થ ધારાસભાને ગવર્નર જનરલ દ્વારા શહેનશાહને નિવેદન રજુ કરવું પડશે. દરેક ન્યાયાધીશ ૬૬ વર્ષની ઉમર સુધી કામકાજ કરી શકશે, પણ કાંઇ ગેરવર્તણૂક અથવા

માનસિક અગર શારીરિક કારણોસર કોઇ ન્યાયાધીશને કમી કરવાનો હોય તો પ્રીવીકાઉન્સીલનો અભિપ્રાય લીધા પછી શહેનશાહ તેને રૂખસદ આપી શકશે.

ફેડરલ કોર્ટના ન્યાયાધીશ થવા માટેની લાયકાત

(૧) ફેડરલ કોર્ટમાં જડજ થવા માટે પહેલાં તો બ્રિટિશ હિંદ અગર સંયોજીત રાજ્યની હાઇકોર્ટમાં ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી કામ કરેલ હોવું જોઇએ, (૨) અગર તો ઇંગ્લેન્ડ અથવા આયર્લેન્ડનો બેરીસ્ટર અગર સ્કોટલેન્ડ ફેકલ્ટી ઓફ એડવોકેટનો સભ્ય હોય અને ઓછામાં ઓછી દશ વર્ષ સુધી તેને વકીલાત કરેલ હોય, (૩) અથવા બ્રિટિશ હિંદ કે સંયોજીત રાજ્યની હાઇકોર્ટમાં દશ વર્ષ સુધી વકીલાત કરી હોય.

મુખ્ય ન્યાયાધીશ થવા માટેની લાયકાતમાં મુખ્ય ન્યાયાધીશ નીમવા વખતે અગર તે પહેલાં કોઇ ન્યાયાસને નીમાવા વખતે તે બેરીસ્ટર, એડવોકેટ અથવા વકીલ હોવા જોઇએ, અને પંદર વર્ષ માટે બેરીસ્ટર અગર એડવોકેટ તરીકે ઇંગ્લેડમાં અથવા બ્રિટિશ હિંદ કે સંયોજીત રાજ્યની હાઇકોર્ટમાં વકીલાત કરી હોવી જોઇએ.

આ ન્યાયાધીશોના પગાર, ભથ્થાં, અને પેન્શન શહેનશાહ નક્કી કરશે, અને આ શરતોમાં કોઈ ન્યાયાધીશને ગેરકાયદો કે નુકસાન થાય તેમ નિમણૂક થયા પછી કાંઇ ફેરફાર નહિ થઈ શકે. ફેડરલ કોર્ટનો ખર્ચ ફેડરલ રેવન્યુ પર નાખવામાં આવેલ છે. ગવર્નર જનરલ પોતાના વ્યક્તિગત અભિપ્રાય મુજબ આ ખર્ચની રકમ નક્કી કરી તે ફાઇનાન્શીયલ સ્ટેટમેન્ટમાં રજુ કરશે. ફેડરલ જડજોની નિમણુક હિંદી વજીરના હાથમાં રહેશે, પરંતુ મુખ્ય વડાજડજ જ્યારે રજા ઉપર હોય ત્યારે ગવર્નર જનરલ હંગામી નિમણૂક કરી શકશે. બીજાં સ્વતંત્ર સંસ્થાનોમાં ફેડરલ જડજોની નિમણૂક પ્રધાન મંડળ કરે છે અને પાર્લામેન્ટમાં તેના પગાર, ભથ્થાં વગેરે નક્કી થાય છે. પરંતુ હિંદમાં આ હક્કો પ્રધાન મંડળ કે ધારાસભાને આપવામાં આવેલ નથી. હાલના મુખ્ય ન્યાયાધીશ (Chief Justice) નો પગાર રૂા. ૭૦૦૦ છે, જ્યારે તેના પડખીયા ન્યાયાધીશનો દરેકનો પગાર રૂા. ૫૫૯૦ નો રહેશે.

હકુમત

(૧) ફેડરલ કોર્ટને મૂળભૂત હકુમત (૨) બ્રિટિશ હાઇકોર્ટ ઉપરની

વિવાદી હકુમત (Appellate Jurisdiction) (૩) સંયોજીત રાજ્યોની હાઇકોર્ટ ઉપરની વિવાદી હકુમત અથવા એપીલેટ જ્યુરીસ્ડીકશન.

ફેડરલ કોર્ટની મૂળભૂત હકુમત

ફેડરેશન, પ્રાન્તો અને સંયોજીત રાજ્યો વચ્ચેના બંધારણીય કાયદા તથા હક્કોની તકરારનું નિરાકરણ કરવાની ફેડરલ કોર્ટને મૂળભૂત હકુમત છે. આ હકુમત જો કોઇ રાજ્ય તે તકરારમાં પક્ષકાર હશે તો નહિ રહે સિવાય કે

(૧) આ તકરાર બંધારણ અગર ઓર્ડર–ઇન–કાઉન્સીલના અર્થ બાબત અગરતો રાજ્યે કરેલા પ્રવેશપત્રને અંગે સમવાયતંત્રની કારોબારી અગર કાયદા ઘડવાની સત્તા બાબત હોય, અથવા તો,

(૨) રાજ્ય સાથે થયેલા ઠરાવને અંગે સમવાયી ધારાસભાના કાયદાના અમલ માટે હોય, અગરતો સમવાયી ધારાસભાને કોઇપણ નક્કી કરેલ બાબતમાં તે રાજ્ય માટે કાયદા ઘડવાનો અખત્યાર હોય, અગર

(૩) ફેડરેશન શરૂ થયા પછી રાજ્ય અને સમવાયતંત્ર વચ્ચે તાજના પ્રતિનિધિની અનુમતિથી ઠરાવ થયો હોય કે આવી તકરારમાં ફેડરલ કોર્ટને મૂળભૂત હકુમત મળશે કે નહિ. ફેડરલ કોર્ટ તેની મૂળભૂત હકુમતને આધારે જે ચુકાદાઓ આપશે તેમાં માત્ર પક્ષકારોના હક્કો જાહેર થશે (Declaratory Judgment).

ફેડરલ કોર્ટની વિવાદી હકુમત

બ્રિટિશ હિન્દની કોઇ પણ હાઇકોર્ટ ઉપર ફેડરલ કોર્ટમાં અપીલ થઇ શકશે. પરંતુ આ અપીલ કરતાં પહેલાં હાઇકોર્ટને એવી ખાત્રી આપવી પડશે કે અપીલ કરવામાં બંધારણના કોઇપણ ધારા અગર તો ઓર્ડર–ઇન–કાઉન્સીલનો અર્થ કરવા માટે કાયદાનો પ્રશ્ન ઉભો થાય છે. આ પ્રમાણે ખાત્રી કર્યા પછી બ્રિ. હિંદની દરેક હાઇકોર્ટ અપીલ કરવા માટે રજા આપશે.

સંયોજીત રાજ્યો ઉપરની વિવાદી હકુમત

સમવાયતંત્રમાં જોડાયેલ રાજ્યની હાઇકોર્ટ ઉપર અપીલ ત્યારે થઇ શકે કે જ્યારે ફેડરેશનનો કાયદો અથવા ઓર્ડર–ઇન–કાઉન્સીલનો ખોટી રીતે અર્થ કરવામાં આવેલ છે તેમ કહેવામાં આવે. આ અપીલ કરવાની

રીતમાં આવી અપીલો ફેડરલ કોર્ટ પાસે તેના ઠરાવ માટે હાઇકોર્ટ તરફથી ખાસ કેસ તરીકે રજુ કરવામાં આવશે, અગર ફેડરલ કોર્ટ આવી રીતે પોતાની પાસે કેસ રજુ કરવાનું કહેશે.

ફેડરલ કોર્ટના ચુકાદા પર અપીલ

ફેડરલ કોર્ટના ચુકાદાપર અપીલ શહેનશાહ અને તેની સભા (His majesty in Council) ને થઇ શકશે. ફેડરલકોર્ટ જે બાબતોપર મૂળભૂત હકુમત ભોગવે છે તે કીસ્સાઓમાં કોઇની રજા લીધા વગર શહેનશાહને અપીલ થઈ શકશે, જ્યારે બીજી બધી બાબતોમાં પ્રથમ ફેડરલકોર્ટની અગર શહેનશાહની રજા વગર અપીલ થઇ શકશે નહિ.

ફેડરલકોર્ટના ઠરાવો તથા હુકમોનો અમલ

સમવાયતંત્રની તમામ દીવાની અને ન્યાયખાતાની સત્તાઓની સંસ્થાઓ ફેડરલકોર્ટને મદદભૂત રહીને કામ કરશે. ફેડરલકોર્ટ, બ્રિટિશ હિન્દ, અને સંયોજીત રાજ્યોમાં રહેનાર કોઇપણ સખ્સને હાજર થવા માટે અથવા તો કોઈપણ દસ્તાવેજ રજુ કરવા માટે હુકમ કરી શકશે. ફેડરલકોર્ટના તમામ આદેશો અને ખર્ચ તથા બીજા રોજકામને અંગે કરેલા હુકમો બ્રિટિશહિન્દ તથા સંયોજીત રાજ્યોમાં અમલમાં આવશે. જે કેસમાં ફેડરલકોર્ટ અપીલ મંજૂર રાખે છે તે કેસ પાછો જે કોર્ટમાંથી અપીલ થઇ આવ્યો હોય તેનાપર ફેડરલકોર્ટના ઠરાવ સાથે મોકલી આપશે, અને મૂળકોર્ટને ફેડરલ કોર્ટના ઠરાવનો અમલ કરવો પડશે. ફેડરલકોર્ટ કોઈપણ કેસમાં પોતાની પાસે અપીલ થતાં તેની બજાવણી મોકુફ રાખવા હુકમ કરી શકશે. પ્રીવીકાઉન્સીલ તથા ફેડરલકોર્ટે જાહેર કરેલ કાયદાઓ બ્રિટિશહિન્દની તમામ કોર્ટોને જે જે બાબતોમાં રાજ્યો માટે સમવાયી ધારાસભાને કાયદા ઘડવાની સત્તા હોય તે બાબતોમાં તથા બંધારણના ધારા અને ઓર્ડર-ઇન-કાઉન્સીલના અર્થ બાબતમાં લાગુ પડશે.

સંયોજીત રાજ્યને મોકલવાના વિનંતી પત્રો

જ્યારે ફેડરલકોર્ટને સંયોજીત રાજ્યની હાઇકોર્ટમાંથી કોઇ કેસ રજુ કરાવવો હશે અથવા તો રાજ્યમાંથી આવેલ અપીલનો કેસ પાછો મોકલવાનો હશે અગર તો તે કેસમાં બજાવણી મોકુફ રખાવવી હશે અથવા તો રાજ્યના દિવાની અગર ન્યાયખાતાના અધિકારીઓની મદદની જરૂર હશે

ત્યારે આ બાબતમાં ફેડરલ કોર્ટ સંયોજીત રાજ્યના રાજ્યકર્તા ઉપર વિનંતિ પત્ર મોકલશે અને રાજ્યકર્તા આ પત્રો તેના જોઇતા અમલદાર પર મોકલી આપશે. આમ ફેડરલ કોર્ટને દેશીરાજ્યોમાં સીધો હસ્તક્ષેપ કરવાનો હક્ક નથી.

ફેડરલ કોર્ટની સલાહ

જ્યારે ગવર્નર જનરલને એમ જણાય કે કોઇ પણ કાયદાના પ્રશ્ન પર ફેડરલ કોર્ટની સલાહ લેવાની જરૂર છે ત્યારે ગવર્નર જનરલ ફેડરલ કોર્ટની સલાહ માગશે. ફેડરલ કોર્ટ આ બાબત સાંભળ્યા બાદ ગવર્નર જનરલને તેનો રીપોર્ટ રજુ કરશે.

ફેડરલ કોર્ટ ગવર્નર જનરલની સંમતિ લઇને નીચેની બાબતોના નિયમ ઘડી શકશે.

(૧) કોર્ટ તથા વકીલોની રીત તથા વકીલાત બાબત,

(૨) અપીલ દાખલ કરવાની મુદત,

(૩) ખર્ચ અને ફી,

(૪) નજીવી બાબત અને લાંબી અપીલો ટુંકામાં પતાવવા બાબત,

(૫) ફેડરલ કોર્ટના જુદા વિભાગો કરી જુદા જુદા વિભાગોને અમુક કેસો ચલાવવા આપવા બાબત,

(૬) ફેડરલ કોર્ટ ચલાવવા ઓછામાં ઓછા ન્યાયાધીશની સંખ્યા નક્કી કરવા બાબત.

ફેડરલ કોર્ટના ચુકાદા ખુલ્લી કોર્ટમાં અપાશે.

સંયોજીત રાજ્યની હાઇકોર્ટ

જે રાજ્ય ફેડરેશનમાં સામેલ થયું હશે તેની કોર્ટ તે આ બંધારણ માટે શહેનશાહ તરફથી હાઇકોર્ટ તરીકે માન્ય કરવામાં આવશે. રાજ્યોની દિવાની તથા ફોજદારી બાબતોમાં ફેડરલ કોર્ટને હકુમત આપવામાં આવેલ નથી, એટલે આ બાબતોમાં રાજ્ય સ્વતંત્ર રહેશે.

(૨) બ્રિટિશ હિંદની હાઇકોર્ટો

ફેડરલ કાયદા માટે નીચેની કોટો હાઇકોર્ટ ગણવામાં આવશે.

(૧) કલકત્તા, મદ્રાસ, મુંબાઈ, અલ્હાબાદ, લાહોર, આઉધની મુખ્ય અદાલતો હાલ હાઇકોર્ટ તરીકે ગણવામાં આવે છે,

(૨) મધ્યપ્રાન્તો અને બરાડ, વાયવ્ય સરહદ પ્રાન્તો, અને સિંધની જ્યુડીશ્યલ કમીશ્નરની કોર્ટો,

(૩) હાઇકોર્ટ તરીકે સ્થાપિત કરેલ બ્રિટિશહિન્દની કોઈ પણ કોર્ટ,

(૪) ફેડરલ કાયદા માટે શહેનશાહ તરફથી હાઇકોર્ટ તરીકે જાહેર કરવામાં આવેલ હિન્દમાં આવેલ કોઈ પણ બીજી હાઈકોર્ટ.

દરેક હાઇકોર્ટ એ કોર્ટ–ઓફ–રેકર્ડ રહેશે અને તેમાં એક મુખ્ય ન્યાયાધીશ અને શહેનશાહ નક્કી કરે તેટલા બીજા ન્યાયાધીશો રહેશે.

હાઈકોર્ટ જડજો

હાઈકોર્ટના જડજોની નિમણૂક શહેનશાહ તરફથી કરવામાં આવશે, અને ૬૦ વર્ષના ઉપર સુધી તેઓ કામકાજ કરી શકશે. કોઈપણ જડજની ગેરવર્તણૂક અથવા માનસિક અગર શારીરિક નબળાઈને અંગે પ્રીવીકાઉન્સીલના અભિપ્રાય મુજબ શહેનશાહ તે જડજને કમી કરી શકશે. ઈંગ્લેન્ડ અગર આયર્લેન્ડના બેરીસ્ટર, સ્કોટલેન્ડના એડવોકેટ, હાઈકોર્ટ પ્લીડર, સીવીલ સર્વીસમાં કામ કરતા ડીસ્ટ્રીકટ જડજો, અગર સબજજ અને સ્મોલકોઝ કોર્ટના જજથી નીચે ન હોય તેવા જડજો હાઈકોર્ટના જડજો તરીકે નીમાઈ શકશે. ચીફ જસ્ટીસની જગ્યા માટે કોઇપણ શખ્સ ઇંગ્લેન્ડ અગર આર્યલેન્ડનો બારીસ્ટર, સ્કોટલેન્ડનો એડવોકેટ અગર વકીલ હોવા ઉપરાંત હાઇકોર્ટના જડજ તરીકે ત્રણ વર્ષસુધી કામકાજ કરેલ હશે તોજ ચીફ જસ્ટીસ એટલે મુખ્ય ન્યાયાધીશ થઇ શકશે. હાઈકોર્ટ જડજોના પગાર તથા ભથ્થાંઓ શહેનશાહ તરફથી નક્કી કરવામાં આવશે.

હાઈકોર્ટના કોઈપણ ચીફ જસ્ટીસ અગર બીજા કોઇપણ જડજની હંગામી નિમણૂક ગર્વનરજનરલ કરી શકશે. વધારાના ન્યાયધીશોની નિમણૂક પણ બે વર્ષ માટે ગવર્નરજનરલ કરી શકશે. આ બધું ગવર્નરજનરલ તેની વિવેક શક્તિ પ્રમાણે કરશે.

દરેક હાઈકોર્ટને તેના ખર્ચ માટે પ્રાન્તીય બનાવવામાં આવેલ છે. પણ તેની રચના, ગોઠવણ અને સત્તા માટે તેઓ પાર્લામેન્ટના કાયદાથી વ્યવસ્થિત રહેશે. હાઈકોર્ટના ખર્ચો ગવર્નર તેના પ્રધાનો સાથે મંત્રણા કરી નક્કી કરશે, પણ આ ખર્ચો ઉપર ધારાસભા મત આપી શકશે નહિ. આમ પ્રાન્તીય સરકાર પાસેથી હાઇકોર્ટના જડજોની નિમણૂક કરવી તેમ તેનાં પગાર અને ભથ્થાં નક્કી કરવાની સત્તા લઈ લેવામાં આવેલ છે. ધારાસભાને

પણ આ હક્ક આપવામાં આવેલ નથી. જડજોની ન્યાયકામની વર્તણુક માટે ધારાસભાને કાંઈપણ ચર્ચા કે ટીકા કરવાનો હક નથી. આવી રીતે હાઈકોર્ટને તદ્દન સ્વતંત્ર બનાવી દેવામાં આવેલ છે. બ્રિટિશ સામ્રાજ્યના કોઈપણ સંસ્થાનમાં આવી જાતની રીત જોવામાં આવતી નથી. સંસ્થાનો તેના ન્યાયખાતા ઉપર સંપૂર્ણ કાબુ ભોગવે છે.

હાઈકોર્ટની સત્તાઓ

(૧) હાઈકોર્ટની સત્તામાં દીવાની અને ફોજદારી બન્ને કેસોમાં મૂળભૂત અને વિવાદી બન્ને હકુમતનો સમાવેશ થાય છે.

(અ) ત્રણ ઇલાકાના શહેરો (Presidency towns)માં રૂા. ૨૦૦૦ ના ઉપરના દીવાની દાવાઓ હાઇકાર્ટ પાસે ચાલે છે,

(બ) નીચેની કોર્ટમાંથી ખેંચાઈ લેવાયેલા કેસો ઉપર તેમની અસાધારણ દીવાની હકુમત છે,

(ક) ઇલાકાના શહેરોમાં ફોજદારી કેસો જ્યુરીની મદદથી હાઈકોર્ટ સેશન્સમાં ચલાવવામાં આવે છે. દરેક હાઇકોર્ટને અસાધારણ ફોજદારી હકુમત હોય છે,

(ખ) હાઈકોર્ટની એપીલેટ હકુમતમાં ઓરીજીનલ સાઈડની અપીલો, સ્થાનિક દીવાની તથા ફોજદારી અપીલો સાંભળવાની રહે છે.

(૨) હાઈકોર્ટને લગ્ન તથા વારસાના પ્રોબેટ કેસમાં મૂળભૂત હકુમત હોય છે,

(૩) આ હાઇકોર્ટને વારસા બાબત, બીનવારસી, નાદારી, ધાર્મિક બાબતોમાં હકુમત રહે છે,

(૪) હાઈકોર્ટ નીચેની તમામ કોર્ટો ઉપર વ્યવસ્થા રાખવાની સત્તા ભોગવે છે. આ સત્તામાં રીટર્ન મગાવવાં, કોર્ટનું કામકાજ તથા પ્રેકટીસ માટે ધારાધોરણ ઘડવાં, કોર્ટની ઓફીસના ચોપડાઓ, ખાતાંઓ તથા હીસાબકીતાબ રાખવા, તથા કોર્ટના કલાર્કો, મુખત્યારો તથા શેરીફની ફીનું ધોરણ નક્કી કરવું વગેરેનો સમાવેશ થાય છે,

(૫) જે બાબતમાં અપીલ કે રીવીઝન ન થઈ શકતી હોય તે બાબતમાં હાઈકોર્ટને કોઈપણ ઠરાવ બાબત પુછવાનો અધિકાર નથી. રેવન્યુ બાબતમાં હાઈકોર્ટને કાંઈપણ મૂળભૂત હકુમત નથી, સિવાય કે આ સત્તા ધારાસભાએ પસાર કરેલ ઠરાવથી આપવામાં આવે,

(૬) જો હાઈકોર્ટને એમ લાગે કે નીચેની કોર્ટમાં કોઈ કેસ ચાલુ હોય અને તેમાં પ્રાન્તીય અગર સમવાયી કાયદાનો કોઈ પ્રશ્ન આવતો હોય, તો હાઈકોર્ટ આ કેસ પોતા પાસે રજુ કરવા નીચેની કોર્ટને હુકમ કરી શકશે. હાઈકોર્ટના બંધારણ તથા સત્તામાં કાંઈપણ ફેરફાર શહેનશાહથી થઈ શકશે.

પ્રીવીકાઉન્સીલ

ગ્રેટબ્રીટનમાં આવેલ પ્રીવીકાઉન્સીલ એ હિન્દની સીવીલ અપીલ બાબતમાં છેવટની કોર્ટ છે. જ્યારે ફોજદારી અપીલ બાબત હાઈકોર્ટ જો ખાત્રી આપે તોજ તેની પ્રીવીકાઉન્સીલમાં અપીલ થઈ શકશે. હિંદની હાઈકોર્ટ ઉપર અપીલ સાંભળવા હિન્દમાંજ હોય તેવી એક સુપ્રીમ હાઈકોર્ટની જરૂર ઘણા વખતથી ચાલુ છે. આ મુશ્કેલી દૂર કરવા માટે સમવાયી ધારા-સભા ફેડરલ કોર્ટને હાઈકોર્ટના ઠરાવ ઉપર સીવીલ અપીલ સાંભળી શકવાની સત્તા આપવા ઠરાવ કરી શકે છે.

પ્રકરણ ૯ મું

હિંદનું રક્ષણ તથા જાહેર નોકરી

હિંદનું રક્ષણ ખાતું

હિન્દના કમાન્ડર-ઇન-ચિફની નિમણૂક શહેનશાહ તરફથી વોરંટ અન્ડર ધી રોયલ સાઇન મેન્યુઅલથી કરવામાં આવશે. હિન્દ સિવાયનાં બીજાં સંસ્થાનોમાં ગવર્નરજનરલ એજ કમાન્ડર-ઇન-ચીફ રહે છે, પણ હિન્દમાં આ બે જગ્યા જુદી પાડવામાં આવે છે. હિંદના રક્ષણ ખાતાનું ખર્ચ ધારાસભાના અંકુશની સદંતર બહાર હોવાથી કમાન્ડર-ઇન-ચીફના પગાર પેન્શન તથા ભથ્થા વગેરે બાબત શહેનશાહ-ઇન-કાઉન્સીલના હુકમથી નક્કી થશે. ફેડરલ બંધારણની કલમ ૨૩૩ પ્રમાણે શહેનશાહ-ઇન-કાઉન્સીલ રક્ષણ ખાતાની બીજી અનેક નિમણૂકો બાબત નક્કી કરશે. આમ કરવામાં શહેનશાહની હિંદી રક્ષણમાં નિમણૂકો કરવાની સર્વોપરી સત્તાને બાધ આવતો નથી. આજે ચીફ ઓફ ધી જનરલ સ્ટાફ જેવી કેટલીક નિમણૂકો થાય છે જે કોઇપણ જાતના પ્રથા કે લેખીત બંધારણ પ્રમાણે થતી નથી, કારણકે બ્રિટીશ શાહીવાદી રક્ષણ સાથે હિંદીરક્ષણની નીતિ મળતી રાખવાની છે. આ સિવાય ફેડરલ કાયદાની કલમ ૨૩૪ પ્રમાણે કેટલાક લશ્કરી અમલદારોને શહેનશાહ તરફથી અગર તો ગવર્નરજનરલ તરફથી કમીશન આપવામાં આવે છે. આ સત્તાવડે કોઇપણ નીચેના દરજ્જાના અમલદારને મોટી પદવી અને લાભ મળી શકે છે. પણ આ લાભ ઘણે ભાગે અંગ્રેજ અમલદારોનેજ મળે છે.

હિંદીવજીર તથા તેના સલાહકારો રક્ષણખાતાની નિમણૂકો તથા પગાર પેન્શન વગેરે બાબતોના ધારાધોરણો ઘડશે. જો કે રક્ષણખાતું ગવર્નરજનરલ હસ્તક રાખવામાં આવલ છે, પણ ગવર્નરજનરલ દ્વારા આ ખાતાના વહીવટ ઉપર સંપૂર્ણ દેખરખ હિંદીવજીરની રહે છે.

હિંદમાં રક્ષણખાતુ રાખવાના કારણો

હિંદનું રક્ષણખાતું એ અનામત ખાતું છે. આ ખાતા સબંધમાં હસ્ત નિક્ષેપ કરવાનો હિંદની કોઇપણ ધારાસભાને કે પ્રધાનમંડળને હક્ક નથી.

હિંદના રક્ષણ ખાતાનું ખર્ચ અર્ધા અબજથી વધુ છે. આવડાં મોટાં ખર્ચાળ ખાતાને નભાવી રાખવાનો શો હેતુ છે તે ફેડરલ કાયદામાં ક્યાંય જણાવવામાં આવેલ નથી, સિવાય કે આ ખાતાને નભાવવું એ એક બંધારણમાં ન લખાયેલો એવો સર્વોપરી હક હોય. સ્વાભાવિક રીતે આ ખાતું નભાવવા માટે ત્રણ કારણો જણાય છે.

૧. હિંદ બહારના હિંદની ઉપરના કોઈપણ આક્રમણ સામે રક્ષણ કરવા,
૨. હિંદમાં શાંતિ અને વ્યવસ્થા રાખવા માટે, અગર
૩. બ્રિટીશ સામ્રાજ્યના રક્ષણ અગર તો બ્રિટનની બીજી કોઈ શાહી લડાઈમાં ઉપયોગ કરવા માટે.

બહારના આક્રમણ સામે હિન્દના પ્રાન્તો તથા દેશી રાજ્યોનાં સરખે ભાગે હીતો સમાયેલાં છે. દેશી રાજ્યોમાં પણ અમુક હદ સુધીની ફોજ રાખવામાં આવે છે. પણ આ ફોજ આધુનિક યુરોપીય લડાઈમાં કામ કરી શકે તેવી નથી હોતી, આથી આ વધારાની ફોજનો બહુ ઉપયોગ રહેતો નથી, સિવાય કે એક રાજ્યચિન્હ તરીકે તેને નીમવામાં આવે અગર તો રાજ્યોમાં આંતરિક વ્યવસ્થા અને શાંતિ સ્થાપવા તેનો ઉપયોગ કરવામાં આવે. કેટલાંક રાજ્યોને તો લશ્કરી મદદ આપવા બ્રિટીશ સરકાર બંધાએલી છે. છતાં પણ હાલમાં હિંદ અને હિંદ બહારના સંજોગો જોતાં આ દેશી રાજ્યોમાં નભતાં લશ્કરોને કાઢી નાખવાની વાત અસ્થાને છે.

હિંદના પ્રાન્તોમાં એવા તત્વો સમાયેલાં છે કે ક્યારે અશાંતિ, અરાજકતા અને કોમી વીખવાદો થઈ પડે તે કહેવાય નહિ, એટલા માટે આંતરિક શાંતિ અને વ્યવસ્થા જાળવવા માટે આ લશ્કરો રાખવાની ફરજો પડે છે તેમ કહેવામાં આવે છે. આ ભય કેટલે દરજ્જે ખરોખોટો છે તેનું વિવરણ કરવું તે અહીં સ્થાને નથી. દરેક દેશી રાજ્યને આંતરિક શાંતિ જાળવવા મદદ કરવા અને બહારથી કોઇ પણ જાતના આક્રમણ સામે અભય વચન આપવામાં આવેલ છે. એટલે જ્યારે દેશીરાજ્યોમાં અશાંતિ વ્યાપે અગર તો રાજ્યકર્તાના રાજા તરીકેના હક્કો ભયમાં આવી પડે તેમ લાગે ત્યારે બ્રિટિશ સરકાર તે રાજ્ય અને રાજ્યકર્તાની સહીસલામતી અને સંરક્ષણ માટે તેમને લશ્કરી મદદ કરી શકશે. પરંતુ આજ હેતુથી હિન્દનું લશ્કર નભાવવામાં આવતું હોય તો તેની સંખ્યા ઘણી વધારે પડતી ગણાય.

હિંદના લશ્કરની સંખ્યા અને ખર્ચ જોતાં હિન્દની સલામતિ કરતાં કોઇ બીજા કારણે તે લશ્કર નભાવવામાં આવતું હોય તે સ્પષ્ટ છે. બ્રિટિશ

સામ્રાજ્ય માટેજ હિંદનું લશ્કરી ખર્ચ કેટલા પ્રમાણમાં રાખવામાં આવે છે તે કહેવું મુશ્કેલ છે. પરંતુ બ્રિટિશ સરકારે હિન્દના લશ્કર માટે ૧૫૦૦૦૦૦ પૌન્ડ આપવાનું નક્કી કરે છે તે ઉપરથી હિન્દના લશ્કરમાં બ્રિટિશ શાહીવાદી રક્ષણનો સમાવેશ થાય છે તે સમજી શકાય તેમ છે. ૧૮૭૯ના રોબર્ટ રીપોર્ટથી તે ઠેઠ આજ સુધી હિન્દનું લશ્કર બ્રિટનના શાહીવાદી રક્ષણ માટે નભાવવું તે અયોગ્ય છે તેમ કહેવામાં આવે છે, પણ આ તરફ કાંઈ લક્ષ આપવામાં આવેલ નથી. જો હિન્દનું લશ્કર હિન્દ માટેજ નભાવવાનું નક્કી કરવામાં આવે તો આજે લશ્કર નભી રહ્યું છે તેમાં ઘણો ઘટાડો કરવો પડે, ઘણી બ્રિટિશ ટુકડીઓને તાલીમ આપવા વગેરેના ખર્ચાઓ છે તે ઓછા થઈ જાય, અને બ્રિટિશ ગેરીસન ફોજ પણ કાઢી નાખવામાં આવે. પણ આ વસ્તુઓ યુનાઈટેડ કીંગડમના હિત સામે અંકાયેલ છે તેથી તેમાં કોઈપણ જાતનો ફેરફાર અક્ષમ્ય થઈ પડેલ છે. આજ કારણથી રક્ષણ અને પરદેશ નીતિનાં ખાતાંઓ સમવાયી પ્રધાનોની સત્તા બહાર રાખવામાં આવેલ છે. શાહી અને હિંદી રક્ષણના હિતો ઓતપ્રોત થયેલ છે તે કમાન્ડર–ઈન–ચીફની નિમણૂક ઉપરથી પણ જોઈ શકાય છે, કારણ કે કમાન્ડર–ઇન ચીફ હિન્દી તેમજ બ્રિટિશ લશ્કરમાં વારાફરતી કામ કરેલ હોય તોજ તેની નિમણૂક થઇ શકે છે.

રક્ષણખાતાનું નિયમન

હિંદના ગવર્નરજનરલ તથા તેના સાથેનો કમાન્ડર–ઈન–ચીફનો સંબંધ જોતાં હિંદનું રક્ષણખાતું શા માટે નભાવવામાં આવે છે તે સ્પષ્ટ થાય છે. શાંતિના વખતે પણ ગવર્નરજનરલ જે શહેનશાહના પ્રતિનિધિ છે તેના બદલે એક જુદી વ્યક્તિ કમાન્ડર–ઈન–ચીફ તરીકે કામ કરે તેજ વસ્તુ બતાવી આપે છે કે હિંદનું રક્ષણખાતું શા માટે રાખવામાં આવેલ છે. હિન્દના લશ્કરના કમાન્ડર–ઈન–ચીફની નિમણૂક તથા પગાર બાબત શહેનશાહ–ઈન–કૌન્સીલ નક્કી કરે છે, અને કમાન્ડર–ઈન–ચીફ ગવર્નરજનરલની સત્તા હેઠળ છે કે કેમ તે કહેવું પણ મુશ્કેલ છે. કર્ઝન–કીચનરનું પ્રકરણ હજુ હિંદના ઈતિહાસમાં તાજુંજ છે, જે ઉપરથી કમાન્ડર–ઇન–ચીફ અને ગવર્નરજનરલનો સંબંધ શું છે તે જણાઈ આવે છે. ૧૯૩૫ના બંધારણમાં વાયસરોય અને ગવર્નરજનરલના હોદ્દાઓ એકજ વ્યક્તિ જાળવે છે તો પછી ગવર્નરજનરલ અને કમાન્ડર–ઇન–ચીફના હોદ્દાઓ કેમ એકમેક ન કરી શકાય તે પણ ઉપર જણાવી વસ્તુ પૂરવાર કરે છે.

હિન્દના રક્ષણખાતા ઉપર ગવર્નરજનરલની સંપૂર્ણ સત્તા છે અને આ ખાતું તેને અનામત ખાતા (Reserved department) તરીકે સોંપવામાં આવેલ છે, જેમાં ગવર્નરજનરલને સમવાયી પ્રધાનોની સલાહ લેવાની જરૂર નહિ પડે. ૧૯૩૫ પહેલાના બંધારણમાં કમાન્ડર-ઇન-ચીફ તે ગવર્નરજનરલની કારોબારીના સભ્ય હતા. પણ નવા બંધારણમાં આ જગ્યા રક્ષણખાતાના સલાહકાર (Defence counsellor)ને આપવામાં આવેલી છે. એટલે રક્ષણખાતા ઉપર ગવર્નરજનરલની સત્તા ઓછી રહેતી નથી. છતાં પણ ગવર્નરજનરલ આ ખાતા માટે હિંદીવજીર દ્વારા પાર્લામેન્ટને ઓછા જવાબદાર રહેતા નથી એટલે આ ખાતા ઉપર છેવટની સત્તા તો વ્હાઈટ હોલનીજ રહે છે તે નિઃશંક છે.

રક્ષણ બાબતમાં છેવટનો નિર્ણય આપવાની સત્તા જો કે ગવર્નરજનરલ તેની વિવેક શક્તિ પ્રમાણે ભોગવે છે, પરંતુ સમવાયી પ્રધાનો સાથે બેસી મંત્રણા કરવાના શિરસ્તાથી અને પ્રધાનો પાસે નાણા પ્રકરણી બાબતો હોવાથી આ બાબતોમાં થોડા ઘણા અંશે પ્રધાનો પણ અસર કરી શકશે. પ્રધાનોને આ બાબતમાં કાંઇ કાયદાની જવાબદારી રહેતી નથી. આ વસ્તુમાં પ્રધાનો કેટલે હદ સુધી લાગવગ ધરાવી શકે છે તે સમવાય તંત્ર ચાલુ થયા પછીજ જોઇ શકાશે. પણ કમાન્ડર-ઇન-ચીફ સાથે કોઇપણ રક્ષણખાતાની બાબતમાં ગવર્નરજનરલને સલાહ લેવી પડશે, અને કમાન્ડર-ઇન-ચીફનો શું અભિપ્રાય છે તે હિંદી વજીરને જણાવવો પડશે, અગર તો કમાન્ડર-ઇન-ચીફ પોતાનો અભિપ્રાય હિંદી વજીરને જણાવવા માટે ગવર્નરજનરલને વિનંતી કરશે. આમ ગવર્નરજનરલના આ ખાતાના વહીવટ બાબતમાં કમાન્ડર-ઇન-ચીફ જે બાબતમાં બ્રિટિશશાહી હિતો સમાયેલાં હોય અગર તો તે હિતો સામે હિન્દના રાષ્ટ્રીય હિતો વિરોધ ઉભો કરે તેવો સંભવ હોય તો ફેડરલ સરકારની ઉપરવટ જઇ શકે છે.

રક્ષણખાતાઓમાં હિન્દીઓની ભરતી

હિન્દના લશ્કરીખાતામાં લશ્કરી અમલદારો તથા સીપાઇઓ ઘણે ભાગે અંગ્રેજ લોકો છે, એટલે આ ખાતામાં બધા હિન્દીઓની ભરતી કરવા માટે આજે સખ્ત માગણી થઇ રહી છે. સંપૂર્ણ જવાબદાર રાજ્યતંત્ર લશ્કરી ખાતા ઉપરના સંપૂર્ણ કાબુ વિના કદાપી શક્ય નથી એમ આજે બધા કબૂલ કરે છે. પણ આમ કરવામાં આજે અનેક ગણી મુશ્કેલીઓ આડી

આવે છે તેમ કહેવામાં આવે છે. આ ખાતું હિન્દના સમવાયી પ્રધાનો જે ધારાસભાને જવાબદાર રહે તેમને સોંપવું જોઇએ તેમ આજે બધા પક્ષોનું કહેવાનું થાય છે. આ બાબતમાં વિચાર કરતાં ત્રણ વસ્તુઓ આપણી સમક્ષ રજુ થાય છે.

(૧) રક્ષણખાતા ઉપરની સત્તા અને તેની નીતિ હિન્દીઓથી નક્કી થવી જોઈએ. હિન્દનું લશ્કર હિન્દની જરૂરીયાત પૂરતુંજ રહેવું જોઈએ અને તેનો ઉપયોગ અને વ્યવસ્થા બધી હિન્દના હિત માટે હિન્દીઓથી થવી જોઇએ.

(૨) આજે લશ્કરમાં જે કેળવાયેલ અંગ્રેજ અમલદારો છે તેને બદલે કેળવાયેલા હિન્દી અમલદારો રહેવા જોઇએ.

(૩) હિન્દી લશ્કરમાં બધા હિન્દીઓજ રહેવા જોઈએ એટલે આજે જે બ્રિટિશ લશ્કર રાખવામાં આવેલ છે તે કાઢી નાખવું જોઈએ. પહેલી બાબતમાં કમાન્ડર-ઇન-ચીફથી માંડી લશ્કરના બધા અમલદારોની નિમણૂક કરવાનું ફેડરલ સરકારને સોંપવું જોઈએ, અને લશ્કર, હવાઈ બળ તથા દરીઆઇ બળ ઉપર પણ સત્તા ફેડરલ સરકારની હોવી જોઇએ. પરંતુ ૧૯૩૫ના બંધારણમાં આ બધી અમલદારોની નિમણૂકો કરવાની સત્તા હિંદીવજીર પાસે રહે છે. પણ આ ખાતાનો સાધારણ રીતે બધો વહીવટ ગવર્નરજનરલ પાસે રહે છે. પણ આ ખાતા સબંધી ગવર્નરજનરલ હિંદીવજીરની સત્તા હેઠળ રહે છે. રક્ષણ અને પરદેશ નીતિના ખાતાંઓ વચ્ચે ઘણોજ નિકટનો સબંધ છે. એટલે પરદેશ નીતિનું ખાતું પણ જ્યાં સુધી સમવાયી પ્રધાનમંડળને ન સોંપાય ત્યાં સુધી રક્ષણ ઉપરની માત્ર સત્તા બહુ ઉપયોગી ન નીવડે.

બીજામાં ૧૯૧૭-૧૮ થી કેટલાક અમલદારોને વાઇસરોય કમીશન આપવાની પ્રથા બહુ સફળ નીવડી નથી, કારણકે આમાં હિંદી અમલદારોને અન્યાય રહે છે, આમાં કેટલાકને કીંગ્સ કમીશન પણ મળે છે. ૧૯૩૪માં હિંદી લશ્કરમાં ૬૬૨૨ શહેનશાહનું કમીશન મેળવેલ તથા ૪૪૨૨ વાયસરોયનું કમીશન મેળવેલ છે. હિંદી અમલદારો જેને શહેનશાહનું કમીશન મળેલ હોય તેવા ઘણાજ ઓછા છે. ૧૯૨૩માં હિંદીઓની ભરતી કરવા માટે આઠ યુનીટની યોજના દાખલ કરવામાં આવેલ છે. આ યોજનામાં ૧૯૩૨માં આઠ

યુનીટ વધારવામાં આવેલ છે. આ આઠ યુનીટમાં હિંદીઓ ભરતાં લગભગ ૨૫ વર્ષ લાગે તેવી રીતે યોજના કરવામાં આવેલ છે. આ હીસાબે આખા હિંદી લશ્કરમાં હિંદીઓ ભરતાં ૩૦૦ વર્ષ જોઈએ. સ્કીન કમીટીએ હિંદીઓની ભરતી જલદી કરવા ભલામણ કરી હતી, પણ આ ભલામણો માન્ય રાખવામાં આવેલ નથી. નવા બંધારણમાં હિંદીઓના હાથમાં ઉંચી અને જવાબદાર જગ્યાઓ ક્યારે અને કેવી રીતે સોંપવામાં આવશે તે બાબત કાંઈ નક્કી કરવામાં આવેલ નથી.

હિંદી રક્ષણના ખર્ચ બાબતમાં જોશું તો હિંદી લશ્કરનું અરધા અબજ રૂપીઆનું ખર્ચ ઘણું વિશાળ છે, તેમાંય હિંદી લશ્કર કરતાં હિંદમાં રહેતા બ્રીટીશ લશ્કરનો ખર્ચ અનેક ગણો વધારે છે. નવા બંધારણમાં આ લશ્કરી ખર્ચ ઓછો કરવાનો કે તેમાં કાંઇ ઘટાડો કરવા માટે કાંઈ જણાવવામાં આવેલ નથી, તેમજ હાલના યુદ્ધથી ઘેરાઈ રહેલા વાતાવરણમાં હિંદના લશ્કરી ખર્ચમાં ઘટાડા કરતાં વધારો થવા વધુ સંભવ છે. હિંદમાં રેગ્યુલર લશ્કર અને ઇર્રેગ્યુલર લશ્કર તેમ બે જાતનાં લશ્કરો રહે છે. હિંદના રેગ્યુલર લશ્કર ઉપરાંત ઇર્રેગ્યુલર લશ્કરમાં ઇન્ડીયન રીઝર્વ ફોર્સ ૪૫૫૦૦નું છે, ઇન્ડીયન ટેરીટોરીયલ ફોર્સ ૧૯૦૦૦નું છે. ઓક્ઝીલીયરી ફોર્સ યુરોપીયન માટે ૩૩૦૦નું છે, અને દેશીરાજ્યોનું લશ્કર ૪૪૦૦૦નું છે. હિંદના લશ્કરમાં ૧૧૦૦૦ અમલદારો છે, ૧૦૦૦ કારકુનો છે, અને ૪૬૦૦૦ બીજા માણસો છે.

આ ઉપરાંત હિંદના લશ્કરી, હવાઇ બળ તથા દરીઆઇ બળના સાધનો તથા હથીયારો બનાવવા માટે હિંદમાંજ ઉદ્યોગો ચાલુ કરવા જોઇએ. પરંતુ આ દિશામાં હજુ કાંઇપણ થએલ નથી.

સ્વદેશ સંરક્ષણ માટે બીજા સ્વતંત્ર દેશો અને સંસ્થાનોમાં ત્યાંના ઉમર લાયક માણસોને હથીયાર ધારણ કરવાની છુટ રહે છે, તેમજ ધારાસભાને આવા ધારાઓ પસાર કરવા પણ સ્વતંત્રતા હોય છે. પણ હિંદમાં આવી છુટછાટ આપવામાં આવેલ નથી. હિંદની પ્રજા નિશસ્ત્ર પ્રજા છે. વખતે ધારો કે બ્રિટીશ હિંદમાં આવી છુટછાટ આપવામાં આવે પણ દેશી રાજ્યોમાં આવી છુટછાટ પ્રજાને આપવા માટે રાજ્યકર્તાઓ સંમત થાય કે કેમ તે અત્યંત શંકા ભરેલું છે.

કોઇપણ પ્રજાની સ્વતંત્રતાનું મુખ્ય લક્ષણ તે પ્રજાના લશ્કરી બળ ઉપરની સત્તા છે. હિંદમાં આ બાબત ઉપર બીલકુલ સ્વતંત્રતા આપવામાં

આવતી નથી. હિંદના લશ્કરમાં બ્રીટીશ લશ્કર રાખવામાં આવેલ તેનુ મુખ્ય કારણ એ આપવામાં આવે છે કે હિંદનું લશ્કર હજુ બ્રિટીશ લશ્ક જેટલું તૈયાર નથી. પણ હિંદી લશ્કર તૈયાર ન હોવા માટે કોણ જવાબદા હોઈ શકે તે સમજી શકાય તેવું છે. લશ્કરી તાલીમ માટે હિંદમાં ૧૯૩૩મ દહેરાદુનમાં એક લશ્કરી શાળા કાઢવામાં આવેલ છે, ઉપરાંત નાશીકમાં પણ એક શરૂ કરવામાં આવેલ છે.

હાલના રક્ષણ બાબતમાં હિંદીઓની ભરતી અને તેનું વિશાળ ખર્ચ ઓછું કરવું તથા હિંદની પ્રજાને સશસ્ત્ર અને સશક્ત બનાવવા તે મુખ્ પ્રશ્નો છે. હિંદના હવાઇ તથા દરીઆઈ બળમાં પણ હિંદીઓની ભરતી થર્વ જોઇએ. હિંદમાં જે લશ્કર નભાવવામાં આવે છે તે હિંદ કરતાં બ્રિટનનુ શાહી હિત વધુ સારે છે તથા તે હિત માટે હિંદી લશ્કરોને બહાર મોકલ શકાય છે. આ સામે હિંદમાં ઘણી વખત વિરોધ ઉઠાવવામાં આવેલ છે આજે યુરોપની તથા આંતરરાષ્ટ્રીય સ્થિતિ જોતાં હિંદને બ્રિટીશ લડાયક હિતે પાછળ ક્યારે ઢસવાવું પડે અગર તો ગુંગળાવવું પડે તે કહેવું મુશ્કેલ છે આટલા માટે રક્ષણનું ખાતું સમવાયતંત્રને સોંપાવું જોઇએ અને સમવાર્ય ધારાસભાને રક્ષણના ખર્ચ ઉપર મત આપવાનો અધિકાર રહેવો જોઇએ તથા હિંદી લશ્કરોમાં હિંદી સીપાઈ અને હિંદી અમલદારોજ રહેવા જોઇએ અને લશ્કરી ખર્ચ ઓછો કરવો જોઇએ તેવી બધા રાજદ્વારી પક્ષોન માગણી છે.

સરકારી જાહેર નોકરી

નોકરીના વર્ગો

હિંદમાં આપેલ જાહેર નોકરીના ત્રણ વિભાગો છે. અખિલ હિન્ નોકરી, મધ્યસ્થ સરકારની નોકરી, અને પ્રાન્તિક સરકારની નોકરી જે અનુક્રમે ઓલઇન્ડીયાસર્વીસ, સેન્ટ્રલ સર્વીસ, અને પ્રોવીન્સ્યલ સર્વીસ તરીકે ઓળખા છે. ઓલઇન્ડીયા સર્વીસમાં હિન્દના કોઈપણ ભાગમાં કામકાજ કરવા હીંદ વજીર નોકરોની ભરતી કરે છે. આ નોકરો પ્રાન્તમાં પણ કામકાજ કરી શકે છે

સેન્ટ્રલ સર્વીસમાં દેશી રાજ્યો, સરહદના પ્રાન્તોની બાબતો, રેલ્વે તાર, ટપાલ, જકાત, ઓડીટ અને એકાઉન્ટ અને વિજ્ઞાની ખાતાઓ બાબતમ નોકરોની ભરતી કરવામાં આવે છે.

જ્યારે પ્રોવીન્સ્યલ સર્વીસ (પ્રાન્તીય નોકરી)માં ખાસ અમુક પ્રાન્તનું પોતા પરતું કામકાજ કરવા નોકરીયાતો રાખવામાં આવે છે.

ઓલઇન્ડીયા સર્વીસ આઠ જાતની છે, જેમાં (૧) ઇન્ડીયન સીવીલ-સર્વીસ (૨) ઇન્ડીયન પોલીસ સર્વીસ (૩) ઈન્ડીયન મેડીકલ સર્વીસ, (૪) ઈન્ડીયન ફોરેસ્ટ સર્વીસ, (૫) ઇન્ડીયન એન્જીનીયર સર્વીસ, (૬) ઇન્ડીયન એજ્યુકેશનલ સર્વીસ, (૭) ઇન્ડીયન એગ્રીકલ્ચરલ સર્વીસ, (૮) ઈન્ડીયન વેટરનરી સર્વીસ છે. આમાંથી છેલ્લી ત્રણ સર્વીસ ૧૯૨૪ થી બંધ કરવામાં આવેલ છે, જો કે તેના હકક હિતો તેમનાં તેમ જાળવવામાં આવેલ છે. આ નોકરી બાબત સ્થાનિક સરકારને પગાર ભથ્થું વગેરે નકકી કરવા સત્તા આપવામાં આવેલ છે. ઇન્ડીયન સીવીલ સર્વીસ, પોલીસ સર્વીસ તથા મેડીકલ સર્વીસ નવા બંધારણમાં તેમની તેમ રહે છે, જ્યારે ફોરસ્ટ સર્વીસ નવા બંધારણની શરૂઆતથી બંધ કરવામાં આવેલ છે. ઈન્ડીયન સીવીલ સર્વીસ તથા ઇન્ડીયન પોલીસ સર્વીસમાં હિંદીઓનું પ્રમાણ ઘણુંજ ઓછું છે. ઇન્ડીયન સીવીલ સર્વીસમાં ૧૯૩૯ માંથી તથા ઇન્ડીયન પોલીસ સર્વીસમાં ૧૯૪૯ માંથી ૫૦% નું પ્રમાણ હિંદીઓનું કરવામાં આવશે.

ઇન્ડીયન સીવીલ સર્વીસ અને ઇન્ડીયન પોલીસ સર્વીસ આ બે ખાતાંઓને બચાવ બારીઓ (Safety services) કહેવામાં આવે છે. આ નોકરીઓ તે હિંદી રાજ્ય વહીવટમાં એક જાતનું પોલાદી ચોગઠું કહેવાય છે. આ નોકરીયાતોમાં ઘણાખરા અંગ્રેજો અને યુરોપીયનો હોવાથી આ નોકરીના પ્રમાણમાં ફેરફાર થઈ શકતો નથી. આમાં ઉપરના નોકરો પ્રજાકીય અસરથી અને પ્રજાવાદી પ્રધાનો અને ધારામંડળોની અસરથી વિમુક્ત રહે છે.

હિંદી વજીરને કરવાની નિમણૂકો

ઇન્ડીયન સીવીલ સર્વીસ, મેડીકલ સર્વીસ તથા પોલીસ સર્વીસની ભરતી, ઇરીગેશન ખાતામાં હુશીયાર નોકરોની ભરતી, ગવર્નરજનરલની વિવેક શક્તિની સત્તાને અંગે કરવાની કામગીરીની સીવીલ જગ્યાની નિમણૂક હિંદી વજીર કરશે.

રીઝર્વ્ડ પોસ્ટ

હિંદી વજીરે કરેલ ભરતી માટે તે જગ્યાઓની સંખ્યા વગેરે બાબતો નક્કી કરવાનો હકક હિંદીવજીરનો છે. હિંદીવજીરે નકકી કરેલ ધારાધોરણો પ્રમાણે આ જગ્યાઓ ત્રણ મહીનાથી વધુ તેની પરવાનગી સિવાય ખાલી નહિ રહી શકે, અગર તો તે જગ્યાએ બીજી નોકરીનો માણસ દાખલ નહી થઈ શકે. આ જગ્યાઓ અનામત રાખેલ જગ્યાઓ (Reserved posts)

કહેવામાં આવે છે. આ જગ્યાઓ માટે યોગ્ય નોકરીના નોકરીયાતોની ગવર્નર-જનરલ અગર તો ગવર્નર નિમણૂક કરશે. આ નોકરીમાં દાખલ થયેલ નોકરીયાતોના પગાર, પેન્શન, રજા વગેરેના ધારાઓ હિંદીવજીર કરશે, જ્યારે પ્રમોશન, ત્રણ માસથી વધુ રજા, અગર તો સસપેન્શન બાબતમાં ફેડરેશનમાં નોકરીયાત હોય તો ગવર્નરજનરલ કરશે, અગર પ્રાન્તમાં હોય તો ગવર્નર કરશે. આ નોકરી માટે કાંઇપણ હુકમ કરતાં ગવર્નરજનરલ કે ગવર્નર તેના અંગત અભિપ્રાયનો ઉપયોગ કરશે. પગાર, ભથ્થું, પેન્શન તથા પેન્શન ફંડમાં કે પ્રોવીડન્ટ ફંડમાં ભરવાની કોઇપણ રકમો ફેડરેશનની ઉપજ ઉપર કે પ્રાન્તની ઉપજ ઉપર લાદવામાં આવશે. આ રકમો ઉપર ધારાસભાને મત આપવાનો અધિકાર નહિ રહે. પોતે નોકરીમાં ભરતી કરેલ નોકરોને યોગ્ય વર્તાવ મળે છે કે કેમ તે બાબતનું ધ્યાન હિંદીવજીર રાખશે. હિંદીવજીર આ બધી સત્તા તેના સલાહકારોની સંમતિ પ્રમાણે વાપરશે.

ઓલ ઇન્ડીયા સર્વીસના નોકરીયાતોના હક્કો

(૧) ઓલ ઇન્ડીયા સર્વીના નોકરીયાતોના હક્ક હિતોને નુકશાન ન આવે એટલા માટે ગવર્નર અને ગવર્નરજનરલને ખાસ સત્તા આપવામાં આવેલી છે,

(૨) તેઓના ભૂતકાળના કૃત્યો માટે રક્ષણ અને તેમની સામે ફોજદારી અને દીવાની કામ ચલાવવા બાબત ખાસ રક્ષણ આપવામાં આવેલ છે,

(૩) તેઓના પેન્શનો હિંદી આવક ઉપર લાદવામાં આવેલ છે, અને ધારાસભાને તેના પર મત આપવાનો અધિકાર નથી,

(૪) આ પેન્શનો ઉપર પેન્શન ભોગવનાર જો હિંદ બહાર હશે તો આવક વેરો નહિ આપવો પડે,

(૫) ફેમીલી પેન્શન ફંડમાં પણ પ્રધાનમંડળો કાંઇપણ દરમ્યાનગીરી ન કરે તેમ ગોઠવણ કરવામાં આવેલ છે.

સેન્ટ્રલ સર્વીસ

ફેડરેશન તથા તેનાં કામકાજ બાબતની નોકરીમાં ભરતી ગવર્નરજનરલ અગર ગવર્નરજનરલ જેને આ ભરતી કરવા સત્તા આપશે તે કરી શકશે. દરેક નોકરીની જેને નિમણૂક કરી હોય તેનાથી નીચેની પાયરીનો અમલ-દાર તેને કમી નહિ કરી શકે. કમી કરતાં તથા તેને નોકરીના દરજ્જામાંથી નીચે ઉતારતાં પહેલાં તેને સાંભળવાનો અધિકાર આપવામાં આવશે.

પ્રાન્તીય સર્વીસ

પ્રાંન્તોમાં પ્રાન્તોના કામકાજ માટે ગવર્નર અગર તે સત્તા આપે તે કોઈપણ માણસ ભરતી કરી શકશે.

ગવર્નર જનરલ ફેડરેશનમાં અને ગવર્નરોએ પ્રાન્તોમાં આ નોકરીયાતોની નોકરીની શરતો નક્કી કરી શકશે. આ નોકરી માટે યોગ્ય ધારાસભાઓ ધારાધોરણો ઘડશે. આ સિવાય આ નોકરીયાતોને તેની નોકરી સંબંધે કોઈપણ હુકમથી અન્યાય થતો હોય અગર તો તેના હક્ક હિતોને નુકસાન થતું હોય તો તેની સામે તેને અપીલ કરવાનો હક્ક રહેશે. આવી જાતના ધારાધોરણો અને ઠરાવો પસાર કરવામાં આવશે છતાં પણ તે ઠરાવો તથા ધારાધોરણોથી ગવર્નર જનરલ તથા ગવર્નરની કોઈપણ કીસ્સામાં યોગ્ય પગલાં લેવાની સત્તામાં હરકત આવતી નથી.

રેલ્વે નોકરોની નિમણુકના ધારાધોરણો રેલ્વે ઓથોરીટી કરશે, જ્યારે ફેડરલ કોર્ટ તથા હાઈકોર્ટના નોકરીયાતોની નોકરીના ધારાધોરણો મુખ્ય ન્યાયાધીશ ગવર્નર જનરલની સંમતિ પ્રમાણે કરશે.

પ્રાન્તોના ડીસ્ટ્રીકટ જજની તથા સબ જજની નિમણૂક તથા તેની નોકરીના ધારાધોરણો ગવર્નર કરશે.

સનંદી નોકરોના હક્ક તથા હિતો

૧૯૩૫ ના બંધારણમાં સનંદી નોકરોના દરજ્જા તથા હક્ક હિતોનું સંરક્ષણ કરવા માટે ગોઠવણ કરવામાં આવેલ છે.

(૧) સમવાયતંત્ર આવતાં પહેલાં જે કોઈપણ જગ્યા પ્રાન્તોમાં કે સમવાયતંત્રમાં અસ્તિત્વમાં હશે અને સમવાયતંત્ર આવવાથી તે જગ્યા નીકળી જતાં તે જગ્યાએ નીમાએલ અધિકારીના હક્ક તથા હિતોને નુકસાન થતું હોય તો તે જગ્યા કમી થઈ શકશે નહિ,

(૨) ૧૯૩૪ ના એપ્રીલ પહેલાં જે કોઈ સુપીરીયર સર્વીસમાં નીમાયા હોય તેના પગાર તથા પેન્શન વગેરે નવા બંધારણ શરૂ થતાં હિંદની ઉપજમાંથી આપવામાં આવશે. આ બાબત હિંદી વજીર જેની નિમણૂક કરે છે તેને લાગુ પડતી નથી,

(૩) કોઈપણ સનંદી નોકરીયાતે નવાબંધારણ પહેલા પોતાની ફરજની રૂએ કાંઈપણ અપકૃત્ય કર્યું હશે તો નવું બંધારણ આવ્યા પછી મધ્યસ્થતંત્રમાં ગવર્નર જનરલ અને પ્રાન્તોમાં ગવર્નર જનરલની મંજૂરી સિવાય તે નોકરોની સામે દીવાની યા ફોજદારી રાહે કાંઈપણ કામ ચાલી શકશે નહિ. આવી જાતના

નવા બંધારણ આવ્યા પહેલાંના કે પછીના કેસો કાઢી નાખવામાં આવશે, સિવાય કે કોર્ટને એમ લાગે કે તે કૃત્યો શુદ્ધ દાનતથી કરવામાં આવેલ ન હતાં. આવા કીસ્સામાં કેસ કાઢી નાખતાં પ્રતિવાદીનું ખર્ચ મધ્યસ્થ કે પ્રાન્તની ઉપજમાંથી આપવામાં આવશે,

(૪) તાજના નોકરોને ક્રીમીનલ પ્રોસીજર કલમ ૧૯૭ તથા સીવીલ પ્રોસીજર કલમ ૮૦—૮૨ થી જે રક્ષણ અપાયેલ છે તે દૂર કરવા કે ફેરફાર કરવા માટે મધ્યસ્થતંત્રમાં ગવર્નર જનરલ કે પ્રાન્તોમાં ગવર્નરની સંમતિ વગર ધારાસભા કોઈપણ ખરડો લાવી શકશે નહિ,

હિંદની સનંદી નોકરીમાં સ્ત્રીઓની પણ નિમણુક કરવામાં આવશે. પરંતુ અમુક જગ્યાઓ સ્ત્રીઓને નહિ મળે તેવી હિંદી વજીર કે મધ્યસ્થતંત્રમાં ગવર્નર જનરલ કે પ્રાન્તોમાં ગવર્નર જાહેરાત કરશે.

આ નોકરીમાં બધી કોમોની નોકરીઓનું પ્રમાણ કોમ્યુનલ એવાર્ડમાં નક્કી કરવામાં આવેલ છે.

દેશી રાજ્યોની પ્રજાને નોકરીમાં લેવા બાબત

ફેડરલ કાયદામાં બ્રિટિશ પ્રજાને જ નોકરી આપવાનું ઠરાવવામાં આવેલ છે. પરંતુ આ બાબતમાં થોડા અપવાદો રાખવામાં આવેલ છે, જે નીચે પ્રમાણે છે.

(૧) કોઈપણ દેશી રાજ્યની પ્રજાનો માણસ અગરતો જાતોના મુલકનો માણસ અગર તો હિંદની નજીકના પ્રદેશનો માણસ તાજ હેઠળની નોકરી મેળવવા લાયક છે તેમ જાહેર કરી શકશે,

(૨) કોઈપણ દેશી રાજ્યના રાજ્યકર્તા, અગર ફેડરેશનમાં સામેલ ન થયા હોય તેવા રાજ્યનો પ્રજાજન, અગરતો જાતોના મુલકનો માણસ અથવા હિંદ નજીકના પ્રદેશનો માણસ ફેડરેશનને લગતી કોઈપણ નોકરી માટે લાયક છે તેમ જાહેર કરી શકશે,

(૩) કોઈપણ દેશી રાજ્યના રાજ્યકર્તા, અગર ફેડરેશનમાં સામેલ ન થયેલા હોય તેવા દેશી રાજ્યનો પ્રજાજન, અગર જાતોના મુલકનો કોઈપણ માણસ અગરતો હિંદ નજીકના કોઈપણ પ્રદેશનો પ્રજાજન પ્રાન્તીય નોકરીને માટે લાયક છે તેમ ગવર્નર જાહેર કરી શકશે,

(૪) ફેડરેશનમાં સામેલ થયા હોય તેવા દેશી રાજ્યના રાજ્યકર્તા અગર તો તે રાજ્યનો કોઈપણ પ્રજાજન ફેડરેશનમાં કોઈપણ સનંદી નોકરી મેળવવા લાયક છે.

ગવર્નર જનરલ અગર ગવર્નર તેના અંગત અભિપ્રાય મુજબ આ જાહેરાત કરશે.

હિંદની સીવીલ સર્વિસની નોકરીનો ખર્ચ, તેમાં મળે છે તેવા પગારો, તેમાં મળે છે તેવું નોકરીયાતોનું સંરક્ષણ, અને સલામતી બીજે કોઈપણ સંસ્થાનોમાં નથી જોવામાં આવતી. આ નોકરશાહીના પોલાદી ચોગઠાંને નવા બંધારણમાં તેમની તેમ જાળવી રાખવા ખાસ દરકાર રાખવામાં આવેલ છે. આજે પ્રજાકીય પ્રધાનમંડળો પ્રાન્તોમાં જોવામાં આવે છે, પણ હજુ સુધી આ સીવીલ સર્વીસ સાથે કોઈપણ જાતનું ઘર્ષણ કે વૈમનસ્ય ઉત્પન્ન થયું નથી. કોઈપણ ઉપરી નીચે કુશળતાથી કામ કરવું એ આ નોકરીની લાક્ષણિકતા છે. આજે ભલે પ્રધાનમંડળો કોઈપણ જાતનાં ઘર્ષણ સિવાય કામ કરે પરંતુ ખરી પ્રજાકીય સ્વતંત્રતામાં આ નોકરી પ્રજાને જ જવાબદાર હોવી જોઈએ.

પબ્લીક સર્વીસ કમીશન

૧૯૩૫ ના કાયદામાં ફેડરલ પબ્લીક સર્વીસ કમીશનની અને દરેક પ્રાન્તોમાં પ્રાન્તીય પબ્લીક સર્વીસ કમીશનની ગોઠવણ કરવામાં આવેલ છે. પરંતુ કોઈ બે પ્રાન્તનું સંયુક્ત કમીશન પણ હોઈ શકે. મુંબઈ અને સીંધનું સંયુક્ત પબ્લીક સર્વીસ કમીશન રાખવામાં આવેલ છે. આ કમીશનના સભ્યો ગવર્નર જનરલ અથવા ગવર્નર તેની વિવેકશક્તિ પ્રમાણે નીમશે. આ કમીશનના ખર્ચાઓ મધ્યસ્થ અથવા પ્રાન્તિક આવક ઉપર લાદવામાં આવશે. આ કમીશનનું કામકાજ નોકરી માટેના ઉમેદવારોની પરિક્ષા લેવાનું રહે છે. ઉપરાંત ભરતી કરવા માટે, નિમણૂક કરવા તથા ફેરબદલી અને ઉંચા દરજ્જા આપવા તથા શિસ્ત બાબતમાં સિદ્ધાંત નક્કી કરવા આ કમીશનની સલાહ લેવામાં આવશે. ગવર્નર અથવા ગવર્નર જનરલ આ સિવાય બીજું કામકાજ તેમને આપશે અથવા તો ધારાસભા તેમને અદા કરવાની ફરજો વધારવા બાબત ગવર્નર અથવા ગવર્નર જનરલની સંમતિ પ્રમાણે ધારાઓ પસાર કરી શકશે.

પ્રકરણ ૧૦ મું

વ્યાપારી ભેદભાવો, રીઝર્વ બેન્ક, તથા રેલ્વે ઓથોરીટી

(૧) વ્યાપારી ભેદભાવ

બ્રિટિશ પ્રજાના ખાસ હક્કો

યુનાઇટેડ કીંગડમની કોઈ પણ બ્રિટિશ પ્રજાને નીચેના ખાસ હક્કો આપવામાં આવેલ છે.

(૧) બ્રિટિશ હિન્દમાં દાખલ થવાના હક્કો,

(૨) બ્રિટિશ હિન્દમાં રહેવા તથા મુસાફરી કરવાના હક્કો,

(૩) મિલ્કત લેવા, રાખવા અને વેંચી દેવાના હક્કો,

(૪) વેપાર ધંધો કરવાના હક્કો,

(૫) કરના બોજાના ભેદભાવથી વિમુક્ત રહેવાના હક્કો,

(૬) જાહેર નોકરી કરવાના હક્કો,

યુનાઇટેડ કીંગડમ અગર હિંદના કોઈ પણ કાયદાથી કવોરન્ટાઈન ધારા ધોરણ પ્રમાણે અગર તો અનિચ્છનીય માણસોને દાખલ ન થવા દેવામાં આવે તેથી કરીને બ્રિટિશ હિન્દમાં દાખલ થવાના હક્કને કાંઈ હરકત આવતી નથી. જો કે ગવર્નર જનરલ અગર ગવર્નરને હિન્દના અગર તો પ્રાન્તના સુલેહ, શાંતિ, અને કાયદાની વ્યવસ્થાનો ભંગ અટકાવવા માટે અગર તો સરકારને ઉથલાવી નાખનારા હિંસાત્મક ગુન્હાઓને અટકાવવા માટે કોઈ માણસને દાખલ થતાં, રહેતાં, અગર વેપાર ધંધો કરતાં અટકાવવાની સત્તા છે, પણ આ સત્તાથી ઉપર જણાવ્યા હક્કોને પ્રતિબંધ નહિ આવે.

બ્રિટિશ હિન્દ અગર યુનાઇટેડ કીંગડમનો કોઈ પણ પ્રજાજન જેની પાસે યુનાઇટેડ કીંગડમમાં અપાયેલ વૈદકીય ડીપ્લોમા હશે તે હિંદમાં મેડીકલ પ્રેકટીસ અર્થાત્ વૈદકીય ધંધો કરી શકશે. જો આ ડીપ્લોમામાં વૈદકીય ધંધા માટે યોગ્ય લાયકાત માટે કાંઈ બરાબર ખાત્રી આપવામાં આવેલ નહિ હોય તો

તેથી કરીને વૈદકીય ધંધાને હરકત આવશે. આ બાબતમાં કાંઇ પણ તકરાર હશે તેનો નિર્ણય પ્રીવીકાઉન્સીલ આપશે. કમીશન્ડ મેડીકલ પ્રેકટીશ્નરને હિંદમાં મેડીસીન, સરજરી, અને મીડવાઇફરી વગેરે ધંધો કરવા માટે લાયક ગણવામાં આવશે. કોઇ પણ યોગ્ય અધિકારી આવા પ્રેકટીશ્નરને તેની ગેરવર્તણૂક માટે તેની પ્રેકટીસ બંધ કરવા હુકમ કરશે તો તેથી કરીને બ્રિટિશ પ્રજાના આ હક્કને કોઈ પણ જાતનો વાંધો આવશે નહિ. હિન્દમાં પ્રેકટીસ કરવા માટે યોગ્ય ડીપ્લોમાવાળા બ્રિટિશ પ્રજાજનને બરમામાં પણ છુટ આપવામાં આવશે. આ સિવાય હિંદમાં રહેતા તથા વેપાર રોજગાર કરતા બ્રિટિશ પ્રજાજનોના હક્કનું સંરક્ષણ કરવામાં આવશે. આ હક્કને જાહેર હિતના કારણ સિવાય જરા પણ જફા નહિ પહોંચી શકે. ફેડરલ અગર પ્રાન્તીય ધારાસભામાં બ્રિટિશ પ્રજાજનોના આ હક્કો ઉપર ત્રાપ મારતો કોઈ પણ ખરડો ગવર્નર જનરલ કે ગવર્નરની સંમતિ સિવાય લાવી શકાશે નહિ.

વ્યાપારી ભેદભાવો સામેની સલામતીઓ

૧૯૧૯ માં જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટિએ હિન્દ અને બ્રિટનના વ્યાપારી સંબંધ માટે એક મજબૂત નીતિ દાખવવા ભલામણ કરી હતી. તેમાં એમ પણ કબુલ કરવામાં આવ્યું હતું કે હિંદમાં એવી મજબૂત માન્યતા હતી કે હિંદની નાણાકીય નીતિ બ્રિટનના વેપાર વાણીજ્યના હિત પ્રમાણે નક્કી કરવામાં આવતી. આ માન્યતા દૂર કરવા માટે ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, કેનેડા, દક્ષિણ આફ્રિકાની જેમ હિંદને પણ પોતાની નાણા બાબતની નીતિ નક્કી કરવાનો હક્ક આપવા માટે ભલામણો કરવામાં આવી હતી. જેને પરિણામે વ્હાઇટ હોલની દરમ્યાનગીરી સિવાય જે બાબતમાં હિંદી સરકાર અને ધારાસભા સંમત હોય તેમાં હિંદની નાણા તથા વ્યાપારી નીતિ નક્કી કરવાની સ્વતંત્રતા આપવામાં આવી હતી. આવી જ રીતે હિંદને મીલસ્ટોર સિવાય સ્ટોર ખરીદવાની પણ સ્વતંત્રતા આપવામાં આવી હતી. આમ હોવા છતાં નવા બંધારણમાં હિન્દને પોતાની નાણાકીય નીતિ બ્રિટન તથા બીજા સંસ્થાનો સાથે સમાનતાના ધોરણે વ્હાઇટહોલની દરમ્યાનગીરી સિવાય નક્કી કરવાનો હક્ક નથી. નાણા બાબતની નીતિની જે પ્રથાઓ હતી તે તેમની તેમ રાખવામાં આવેલ છે, અને તેના પર ઉલટાના અંકુશો મુકવામાં આવેલ છે.

વ્યાપારી સલામતિઓ

(૧) ગવર્નર જનરલ કોઇ પણ બ્રિટિશ માલ સામે જેનાથી સજા થતી હોય તેવો સીધો કે આડકતરો ભેદભાવ પોતાની ખાસ જવાબદારી અંગેની સત્તાથી અટકાવી શકે છે,

(૨) જો કોઈ પણ ધારો બ્રિટિશમાલ સામે સીધો કે આડકતરો ભેદભાવ ઉભો કરવાના હેતુથી અગર જકાતી દીવાલો ઉભી કરવા માટે અગર બીજો કોઈ પ્રતિબંધ મુકવાના હેતુથી પસાર કરવામાં આવતો હોય તો તે ગવર્નર જનરલ અટકાવી શકે છે,

(૩) જો કોઈ બીલ અગર ઠરાવથી દેખાવમાં ભેદભાવ થતો હોય તેવું ન જણાય, પણ તે જ્યારે રીતસર અમલમાં આવે ત્યારે ભેદભાવ ઉભો થવા સંભવ હોય તો ગવર્નર જનરલ અટકાવી શકે છે. આમ હિંદના ઉદ્યોગ, વેપાર વાણીજ્ય, અને વહાણવટાના વિકાસ કરવા માટે કોઈ પણ બીલ ધારાસભામાં આવી નહિ શકે, કારણ કે તેથી રખેને બ્રિટિશ વેપાર સામે ભેદભાવ ઉભો થવાનો સંભવ રહે.

બ્રિટિશ કમ્પનીઓને અપાયેલા હક્કો

(૧) જે બ્રિટિશ કમ્પનીઓની યુનાઇટેડ કીંગડમમાં સ્થાપના થઈ હોય પણ હિંદમાં વેપાર કરતી હોય તેને ખાસ રક્ષણ આપવામાં આવેલ છે. આ કમ્પનીઓ હિન્દમાં સ્થાપિત થઇ હોય તે કમ્પનીઓ જેવા જ હક્ક ભોગવશે, અને ફેડરલ અગર પ્રાન્તિક ધારાસભા તેના સામે કર નાખતો એવો કોઇ પણ ધારો પસાર કરી શકશે નહિ,

(૨) બ્રિટિશ પ્રજાજનો જે આ કમ્પની સાથે સંબંધ ધરાવતા હશે તેની સામે કોઇ પણ જાતના ભેદભાવો રહેશે નહિ,

(૩) યુનાઇટેડ કીંગડમ અને બરમાના પ્રજાજનો તથા કમ્પનીઓ ઉપર વધુ કર નાખી શકાશે નહિ,

(૪) જો ફેડરલ અગર પ્રાન્તીય ધારાસભા હિન્દના વેપાર ઉદ્યોગના વિકાસ માટે કોઈ હિન્દી કમ્પનીને નાણાની મદદ અગર ગ્રાન્ટ આપશે તો યુનાઇટેડ કીંગડમમાં સ્થાપિત થયેલ અને હિંદમાં વેપાર કરતાં કમ્પનીને પણ તેટલા જ હક્કો હિન્દી કમ્પનીની જેમ મળશે,

(૫) યુનાઈટેડ કીંગડમમાં રજીસ્ટર થયેલાં વહાણો તથા હવાઈ વીમાનોને હિંદમાં રજીસ્ટર થયેલ વહાણો તથા હવાઈ જહાજો જેટલા પરસ્પર હક્કો રહેશે.

આ ઉપરથી જણાય છે કે બ્રિટિશ વેપાર વાણીજ્યના હિત માટે હિંદના વેપારી હિતોનો ભોગ આપવામાં આવેલ છે. હિંદના ઉદ્યોગ, વેપાર, અને વહાણવટું આ ભેદભાવની બીકે વિકાસ પામી શકવાના નથી. આ બધી સાવચેતીઓથી બ્રિટિશ વેપાર વાણીજ્ય સલામત રાખવા ઘણી જ કાળજી રાખવામાં આવેલ છે. ઉપરાંત બ્રિટિશ વેપારી પેઢીઓ અને કમ્પનીઓ જે પૈસે, વેપાર, અને વ્યવસ્થામાં બધી રીતે ચડીયાતી છે તેની સાથે હિન્દની કમ્પનીઓ હરીફાઈમાં ઉતરી શકે તેમ માની જ ન શકાય. જ્યાં સુધી હિંદી વહાણવટા તથા વેપારના સ્વયં વિકાસ માટે પુરતાં સાધનો અને પોષણ નહિ મળે ત્યાં સુધી હિંદની આર્થિક અને વેપારી સ્થિતિ ઘણી જ નબળી રહેવાની.

(૨) રીઝર્વબેન્ક

૧૯૩૫ ના બંધારણમાં ફેડરેશનમાં નાણા પ્રકરણી જવાબદારીઓ અદા કરવા માટે રીઝર્વ બેન્કની સ્થાપના કરવામાં આવેલ છે. આ બેન્કને ચલણ અને હુંડીયામણની વ્યવસ્થા તથા ફેડરેશનની નાણાકીય સદ્ધરતા અને સ્થિરતા જાળવી રાખવાની છે આ બેન્કની સ્થાપના ૧૯૩૫ ના ૧ એપ્રીલથી કરવામાં આવેલ છે.

રીઝર્વ બેન્કની જવાબદારીઓ

રીઝર્વ બેન્કને ચલણી નોટો કાઢવાની, ચલણ તથા હુંડીયામણ, જાહેર દેણાના પ્રશ્નો તથા હિંદ બહારના દેશો સાથે નાણાકીય સંબંધ જાળવી રાખવો, તેમજ હિન્દના બેન્કીંગ તથા નાણાકીય પ્રશ્નો બાબત જવાબદારી સોંપવામાં આવેલ છે.

રીઝર્વ બેન્કનું બંધારણ

આ બેન્કની મૂળ મુડીમાં પાંચ કરોડ રૂપીયાની શેર કેપીટલ છે. શેરહોલ્ડરનાં જુદાં જુદાં રજીસ્ટરો મુંબઈ, કલકત્તા, દિલ્હી, મદ્રાસ અને રંગુનમાં રાખવામાં આવેલ છે. બેન્કના કામકાજ ઉપર ધ્યાન રાખવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડીરેકટર્સ છે, જેમાં ગવર્નર અને બે ડેપ્યુટી ગવર્નરો રહે છે. ગવર્નર તથા ડેપ્યુટી ગવર્નરોની પાંચ વર્ષ માટે નિમણૂક ગવર્નર જનરલ-ઇન-કાઉન્સીલ કરશે, જ્યારે બધા શેર હોલ્ડરો આઠ ડીરેકટરો

ચુંટશે અને ચાર ડીરેકટરો તથા એક સરકારી અધિકારીની નિમણૂક પણ ગવર્નર જનરલ કરશે. આમ એક ગવર્નર, બે ડેપ્યુટી ગવર્નરો, આઠ ચુંટાયેલા ડીરેકટરો, ચાર નીમાયેલા ગવર્નરો તથા એક સરકારી અમલદાર એમ મળી સેન્ટ્રલ બોર્ડમાં રહેશે. ધારાસભાના સભ્યો આ બેન્કના ડીરેકટર થઇ શકશે નહિ. આ બેન્કની એક ઓફીસ હિંદી સરકારના નાણાની વ્યવસ્થાની દેખરેખ રાખવા માટે લંડનમાં રહેશે.

ગવર્નર જનરલની સત્તાઓ

(૧) બેન્કના ગવર્નર, ડેપ્યુટી ગવર્નરની નિમણૂક તથા તેના પગાર અને ભથ્થાં બાબત નક્કી કરવાની સત્તા ગવર્નર જનરલને આપવામાં આવેલ છે,

(૨) કામચલાઉ ગવર્નર તથા ડેપ્યુટી ગવર્નરની નિમણૂક પણ ગવર્નર જનરલ કરશે,

(૩) સેન્ટ્રલ બોર્ડના કોઈ પણ કાર્યની ઉપરવટ જઇ શકશે,

(૪) બેન્કને નાદારીમાં લઈ જઇ શકશે,

રીઝર્વબેન્કના ગવર્નર તથા ડેપ્યુટી ગવર્નર તથા ડીરેકટરોની નિમણૂક કરવામાં ગવર્નર જનરલ તેની અંગત અભિપ્રાય રૂએની સત્તા મુજબ કામ કરશે.

ચલણી નાણા બાબત અગર તો રીઝર્વ બેન્કના કામકાજ કે બંધારણ બાબતનું કોઇ પણ બીલ ગવર્નર જનરલની મંજૂરી વગર ધારાસભામાં દાખલ થઇ શકશે નહિ. આમ રીઝર્વ બેન્ક જેવી ઘણી જ ઉપયોગી સંસ્થાને પણ ધારાસભાની હકુમત બહાર રાખવામાં આવેલ છે.

(૩) ફેડરલ રેલ્વે ઓથોરીટી

૧૯૩૫ ના નવા બંધારણમાં રેલ્વે ઉપરનો તમામ વહીવટ તથા વ્યવસ્થા કરવા માટે એક જુદી સ્વતંત્ર સંસ્થાની સ્થાપના કરવામાં આવેલ છે. આ સંસ્થા તે ફેડરલ રેલ્વે ઓથોરીટી છે.

ફેડરલ રેલ્વે ઓથોરીટીનું બંધારણ

આ સંસ્થા તે સંસ્થાપિત મંડળી રહેશે, જેથી આ સંસ્થા ઉપર દાવો થઇ શકશે, અગર તો તે દાવો લાવી શકવા પણ હકદાર રહેશે. આ સંસ્થામાં સાત સભ્યો રહેશે જેની નિમણૂક ગવર્નર જનરલ કરશે.

સભ્યોની લાયકાત

ફેડરલ રેલ્વે ઓથોરીટીમાં સભ્ય થવા માટે નીચે મુજબ લાયકાત જોશે.

(૧) વેપાર, ઉદ્યોગ, ખેતીવાડી, નાણા પ્રકરણમાં જેને વહીવટી અનુભવ હશે, અગર તો

(૨) જો તે છેલ્લા બાર માસ થયાં ફેડરલ અથવા પ્રાન્તિક ધારાસભાના સભ્ય હશે, અગર તો તાજની નોકરીમાં હશે અગર તો રેલ્વેના અમલદાર હશે.

સાત સભ્યોમાંથી ત્રણ સભ્યો ત્રણ વર્ષ માટે રહી શકશે, અને ત્રણ વર્ષના અંતે પાછા ફરીથી પણ નીમાઈ શકાશે, અને પાંચ વર્ષને અંતે ફરીથી પાછા નીમાઈ શકશે. કોઈપણ સભ્ય તેનું કામકાજ કરવા અશક્ત છે તેમ ગવર્નર જનરલને લાગે તો તેને પોતાના અંગત અભિપ્રાયની સત્તા મુજબ તે કમી કરી શકશે. રેલ્વે ઓથોરીટીની સભામાં ગવર્નરજનરલ પોતાના એક પ્રતિનિધિને સભામાં ભાષણ આપવા મોકલી શકે, પણ આ પ્રતિનિધિ મત આપી શકશે નહિ.

ચીફ રેલ્વે કમીશ્નર

રેલ્વે ઓથોરીટીના કારોબારીના વડા તરીકે ચીફ રેલ્વે કમીશ્નર રહેશે. જેને રેલ્વે વહીવટનો પુખ્ત અનુભવ હશે તેવા માણસને રેલ્વે કમીશ્નર તરીકે ગવર્નરજનરલ પોતાના અંગત અભિપ્રાય મુજબ નિમણૂક કરી શકશે, પણ આ નિમણૂક કરતાં પહેલાં રેલ્વે ઓથોરીટીની સંમતિ લેશે. ચીફ કમીશ્નરને તેના કામકાજમાં મદદ કરવા માટે ફાઇનાન્સ કમીશ્નરની નિમણૂક ગવર્નરજનરલ કરશે. ચીફ રેલ્વે કમીશ્નરને રેલ્વે ઓથોરીટી ગવર્નરજનરલની સંમતિ સાથે કમી કરી શકશે. તેવીજ રીતે ફાઇનાન્સ કમીશ્નર તે પણ ગવર્નરજનરલની પરવાનગી સાથે રેલ્વે ઓથોરીટી કમી કરી શકશે.

ચીફ રેલ્વેકમીશ્નર તથા ફાઇનાન્સ કમીશ્નર રેલ્વે ઓથોરીટીની કોઈપણ સભામાં હાજર રહી શકશે, અને ફાઇનાન્સ કમીશ્નર રેલ્વેના ફાઈનાન્સને લગતી કોઇપણ હકીકત રેલ્વેઓથોરીટી પાસેથી માગી શકશે.

ફેડરલ રેલ્વે ઓથોરીટીની કારોબારીની સભા

ફેડરલ રેલ્વે ઓથોરીટીની કારોબારીની સભામાં રેલ્વેનું બાંધકામ, વ્યવસ્થા, તથા તેનો નિભાવ કરવા માટેનો વહીવટ વગેરેનો સમાવેશ થાય

છે. ઉપરાંત આ કામકાજ માટે પોતાના રસ્તાઓ બાંધવાનો તથા કોઈપણ અકસ્માત થતાં તે બાબતમાં સ્વતંત્ર નિષ્પક્ષપાત તપાસ સમિતિ નીમવા વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

ફેડરેલ રેલ્વે ઓથોરીટી તેનો વહીવટ કરતાં ખેતીવાડી, ઉદ્યોગ, વેપાર તથા જાહેર હિતના કામો ધ્યાનમાં રાખીને વહીવટ કરશે. આ બાબતમાં ફેડરલ સરકાર જે પ્રમાણે નીતિ નક્કી કરે તે પ્રમાણે રેલ્વે ઓથીરીટી વર્તશે. ફેડરલ સરકાર અને રેલ્વે ઓથોરીટી વચ્ચે આ નીતિ બાબત કાંઈપણ તકરાર થશે તો તેનો છેવટનો નિર્ણય ગવર્નરજનરલ આપશે.

ગવર્નરજનરલની સત્તાઓ

ગવર્નરજનરલની ખાસ જવાબદારીઓ તથા તેના ખાસ ખાતાંઓ અંગેની સત્તામાં રેલ્વે ઓથોરીટીનું સંરક્ષણ કરવાની સત્તાનો પણ સમાવેશ થાય છે. બંધારણ ભાંગી પડે ત્યારે રેલ્વે ઓથોરીટીની તમામ સત્તા ગવર્નર જનરલ પોતાના હાથમાં લઈ શકે છે. હિંદી રેલ્વે કમ્પનીના ડીરેકટરો અને ડેપ્યુટી ડીરેકટરોની નિમણૂક કરવાની હિંદીવજીરની સત્તા ઓથોરીટી સાથે મસલત કરી ગવર્નરજનરલ ભોગવી શકશે. રેલ્વે ટીકીટના દર નકકી કરવા માટે ગવર્નરજનરલ વખતો વખત રેલ્વે રેઈટસ કમિટિ નીમશે જે આ બાબતમાં ભલામણો કરશે.

ફેડરેશનમાં સામેલ ન થયેલ હોય તેવા રાજ્યની રેલ્વે

તાજના પ્રતિનિધિ તરીકેના દેશી રાજ્યો સાથેના કામકાજની રૂએ ફેડરેશનમાં સામેલ ન થયેલ હોય તેવા દેશી રાજ્યની રેલ્વે માટે કાંઈપણ દેખરેખ રાખવાનું કામકાજ રેલ્વે ઓથોરીટીને સોંપી શકાશે.

રેલ્વે ઓથોરીટીનું નાણા પ્રકરણ

રેલ્વે ઓથોરીટીના હીસાબમાં જે વધારાની આવક બતાવવામાં આવેલ હશે તે આવકની રેલ્વે ઓથોરીટી અને ફેડરલ સરકાર વહેંચણી કરશે. આ વહેંચણી કેવી રીતે કરવી તે બાબતમાં એક યોજના પણ ઘડવામાં આવશે. ફેડરેશનને આપવામાં આવતી કોઈપણ રકમ ફેડરેશનની ઉપજમાં જમે કરવામાં આવશે. રેલ્વે ઓથોરીટીને ફેડરેશન ઓથોરીટીની આવક પ્રમાણે કોઈપણ રકમ આપશે અને આ રકમ ફેડરેશનમાં ખર્ચ તરીકે ગણવામાં આવશે.

રેલ્વે ઓથોરીટી ફેડરેશનને આપેલ રકમ ઉપર વ્યાજ ભરશે. ફેડરલ સંરકાર પાસેથી લીધેલી રકમ ઓથોરીટી પાછી ભરી આપશે અગર તો

તેની ઉપજમાંથી જમે કરવામાં આવશે, ઉપરાંત રેલ્વેને અંગે હિંદીવજીર અગર ફેડરેશનને કાંઈપણુ દાવાઓ તથા નુકશાની વગેરે આપવું પડશે. રેલ્વે ઉપર પોલીસ વગેરે રાખતાં ફેડરેશન, પ્રાન્ત અગર કોઈપણુ રાજ્યને પોલીસ રાખવાથી જે ખર્ચ થતું હશે તે ખર્ચ ઓથોરીટીને આપવાનું રહેશે. આ ખર્ચ બાબત ફેડરેશન, પ્રાન્ત, અગર દેશી રાજ્યને ઓથોરીટી સાથે કાંઈપણુ તકરાર થાય તો તેનું ગવર્નરજનરલ નિરાકરણુ કરશે.

રેલ્વે ઓથોરીટીના હીસાબ કીતાબ ઓડીટર જનરલ તપાસશે, અને તે બાબતમાં ખાત્રી આપશે, અને આ રીપોર્ટ રેલ્વે ઓથોરીટી દર વર્ષે બહાર પાડશે.

કોઈપણુ ધારાસભામાં રેલ્વેના દરને લગતું કોઈપણુ બીલ ગવર્નરજનરલની પરવાનગી વગર દાખલ થઈ શકશે નહી.

રેલ્વે ટ્રીબ્યુનલ

ફેડરલકોર્ટના એક ન્યાયાધીશ અને બીજા બે સભ્યો જેને રેલ્વે તથા વેપાર વાણીજ્યને અનુભવ હશે તેને ગવર્નરજનરલ રેલ્વે ટ્રીબ્યુનલના સભ્યો તરીકે નીમશે. ફેડરલ કોર્ટના ન્યાયાધીશ આ રેલ્વે ટ્રીબ્યુનલના પ્રમુખ રહેશે. આ નિમણૂકો પાંચ વર્ષને માટે કરવામાં આવશે. રેલ્વેટ્રીબ્યુનલ પાસે રેલ્વે સંબંધી તથા રેલ્વે ઓથોરીટી સંબંધી કાંઈ પણુ ફરીયાદ થઈ શકશે અને રેલ્વે ટ્રીબ્યુનલના ઠરાવ ઉપર અપીલ ફેડરલ કોર્ટમાં થશે.

રેલ્વે ટ્રીબ્યુનલનાં ખર્ચ બાબત ગવર્નર જનરલ નક્કી કરશે. ફેડરલ રેલ્વે ઓથોરીટી અને ફેડરેશનમાં સામેલ થતા હોય તેવા રાજ્યોની રેલ્વે તથા ટ્રાફીક માટે બન્નેને પરસ્પર બને તેટલી સગવડતાઓ કરી આપવી પડશે. આ બાબતમાં કોઈપણુ ફરીયાદ રેલ્વે ટ્રીબ્યુનલને થઈશકશે. જો ફેડરલ રેલ્વે ઓથોરીટી કોઈપણુ ફેડરેશનમાં સામેલ થયેલ હોય તેવા દેશી રાજ્યના રેલ્વેના દર કે ટ્રાફીક સંબંધી કાંઈપણુ હુકમ કરે અને તે હુકમથી દેશી રાજયની રેલ્વેના હિત સામે ભેદભાવ થવાનો સંભવ હોય, અગર તો તેના ઉપર વધુ પડતો બોજો રહેતો હોય તો આ બાબતની ફરીઆદ રેલ્વે ટ્રીબ્યુનલને થઇ શકશે અને ટ્રીબ્યુનલ આ બાબતનુ નિરાકરણુ કરી શકશે.

હિંદમાં રેલ્વે ઉપર ૮૮૦ કરોડ રૂપીઆ પાથરવામાં આવેલ છે. આ બધી મુડી બ્રિટિશ પેઢીઓની છે; અને રેલ્વેની કુલ આવક ૧૦૦ કરોડ રૂપીયા જેટલી છે જે આવક મધ્યસ્થ કે બધા પ્રાન્તોની ઉપજ કરતાં ઘણી મોટી છે. આવી સંસ્થા હિંદની ધારાસભાની સદંતર અંકુશ બહાર રહે છે.

પ્રકરણ ૧૧ મું

હિંદનાં દેશીરાજ્યો

દેશી રાજ્યો

હિંદુસ્તાન એ ઘણો વિશાળ પ્રદેશ છે. હિંદુસ્તાનનું ક્ષેત્રફળ ૧૭,૭૭,૧૬૮ ચોરસ માઇલનું છે. હિન્દની વસ્તી ૩૫ કરોડ એટલે દુનીયાના $\frac{૧}{૫}$ ભાગ જેટલી છે. આમ હિંદુસ્તાન એ નાનો સુનો દેશ નથી, પણ એક ખંડ જેટલો વિશાળ અને ભરચક છે.

હિન્દના રાજકીય દૃષ્ટિએ બે વિભાગો છે. એક તો બ્રિટિશ હિન્દ અને બીજો હિન્દી હિન્દ. બ્રિટિશ હિન્દ માટે આગળના પાનામાં ચર્ચા કરવામાં આવેલ છે. હિન્દી હિન્દ તે આપણાં દેશી રાજ્યો છે, જે આજના બંધારણમાં એક વિલક્ષણતા થઈ પડેલ છે. આ દેશી રાજ્યોની સ્થિતિ આજના રાજકીય ઇતિહાસમાં અજોડ થઈ પડી છે. નેપોલીયન પહેલાના જર્મની તથા ઇટલીમાં આજે હિન્દમાં છે તેવાં જ અનેક રાજ્યો હતાં, પણ સમય જતાં યુરોપના પ્રજાવાદના જુવાળના ભોગ થઈ પડતાં તેમનું અસ્તિત્વ લગભગ નાબુદ થયેલ છે. હિન્દમાં દેશી રાજ્યોને આજે છેલ્લા દોઢસો વર્ષ થયાં બ્રિટિશ સત્તાનું રક્ષણ મળેલ છે, અને તેથી તેઓ તેની તે અવસ્થામાં જળવાઇ રહેલ છે. આજના રાજકારણમાં તેમનો કાંઈ પણ વિચાર કરતાં પહેલાં દેશી રાજ્યોની ઐતિહાસિક ઉત્ક્રાન્તિ વિષે જાણવું જરૂરી છે.

દેશી રાજ્યોની રાજકીય ઉત્ક્રાન્તિ (Political Evolution.)

હિન્દ જેવા મોટા દેશમાં જ્યાં અનેક પ્રજાની સંસ્કૃતિઓનું સંમિશ્રણ થયેલ છે, ત્યાં અનેક જાતો, ધર્મો, ભાષાઓ, પ્રભાષાઓ અને અનેક પ્રકારના રાજકીય, સામાજીક, અને આર્થિક ભેદોનું અસ્તિત્વ સ્વાભાવિક ગણાય. હિન્દનો ભૂતકાળ જોશું તો તેમાં અનેક રાજ્યો અને મહારાજ્યોની ઉથલ-પાથલ જોવામાં આવે છે. આ રાજ્યોની સરહદમાં તેના રાજ્યકર્તાઓના વિજય

અને પરાજ્ય પ્રમાણે નિરંતર ફેરફારો થયાજ કરતા. આથી કરીને હિન્દ હંમેશાં છુટું છવાયું અને વિભાજીત રહ્યા કર્યું.

હિન્દ ઉપરના મુસ્લીમ આક્રમણ પછી ખીલજી તથા તઘલખ વંશના બાદશાહો તરફથી પણ હિન્દ ઉપર સાર્વભૌમત્વ સ્થાપવા પ્રયત્નો કરવામાં આવ્યા, પણ હિન્દના રજપુત રાજ્યોને કાબુમાં રાખવાં લગભગ અશક્ય હતું. છેવટે સમ્રાટ અકબર તથા ઔરંગઝેબે મોગલ સામ્રાજ્ય સ્થાપવા યત્નો કર્યા, અને અકબરના યત્નો ઘણી રીતે સફળ થયા હતા. ઔરંગઝેબની ધર્માંધતા અને ચુસ્ત નીતિથી હિંદમાં મરાઠા, શીખ, અને બીજાં બ્રાહ્મણી રાજ્યોનો ઉદ્‌ભવ થયો, અને આ રાજ્યોએ મોગલ સામ્રાજ્યનાં બધાં સ્વપ્નાંઓ તોડી પાડયાં. ઉપરના બધા કીસ્સાઓમાં સામ્રાજ્યની નિષ્ફળતા માટે ઝીણ-વટથી કારણો તપાસીએ છીએ તો માલુમ પડે છે કે આ બધામાં સામ્રાજ્યનું ઐક્ય અમુક હદ સુધી ટકી શકે છે. તે હદની ઉપર જરાપણ ઉથલ-પાથલ થતાં આખું સામ્રાજ્ય તુરત તુટી પડે છે. હિન્દનો પ્રાચીન ઇતિહાસ એટલે નાનાં મોટાં રાજ્યો વચ્ચે લડાઈઓ, યુદ્ધો, તકરારો, અને મારામારી. અનેક રાજ્યોવાળા હિન્દ જેવડા વિશાળ પ્રદેશને એક સત્તા હેઠળ કાબુમાં રાખવો ઘણુંજ મુશ્કેલ હતું. પરિણામે હિંદનાં રાજ્યો તેમનાં તેમ ચાલુ રહ્યાં. યુરોપનાં બધાં રાજ્યો ઉપર સાર્વભૌમત્વ સ્થાપવા જે કારણે સીઝર, ચાર્લમન, અને નેપોલીયનને નિષ્ફળતા મળી હતી તેજ કારણોએ હિન્દમાં પણ રાજકીય ઐક્ય સ્થપાવા દીધું નહિ.

બ્રિટિશ સત્તાનો ઉદય

સત્તરમા સૈકાની શરૂઆતથી મોગલ સત્તાનો પડતી કાળ શરૂ થાય છે, અને અઢારમા સૈકાના પ્રથમ ભાગમાં તો મહાન રાજકીય અરાજકતા અને અંધાધુંધી વચ્ચે મોગલ સલ્તનતનો અસ્ત થાય છે. પરિણામે ચિતોડ, જયપુર, જોધપુર, ઉદયપુર, મેવાડ વગેરેના રાજવીઓ ફરીથી સ્વતંત્ર થવા લાગ્યા, મોગલ બાદશાહોએ જુદા જુદા પ્રાન્તોમાં રાજ્યવહીવટ કરવા મોકલેલા સુબાઓ સ્વતંત્ર રાજ્યકર્તાઓ થઈ પડયા, અને જુદાં રાજ્યો સ્થાપ્યાં. હૈદ્રાબાદ, રામપુર, ખંભાત, જુનાગઢ વગેરે આવી રીતે સ્થપાયેલાં રાજ્યો છે. બીજી તરફ શીખ અને મરાઠા સત્તાનો ઉદય થયો. પરિણામે આખાય હિંદુસ્તાનમાં અશાંતિ, યુદ્ધો, અને છિન્ન ભિન્નતાથી રાજકીય અવ્યવસ્થા પ્રસરી ચૂકી. હિંદુસ્તાનમાં વેપાર અર્થે આવેલા ફ્રેન્ચ, ડચ, અને અંગ્રેજ લોકોએ આ

અવ્યવસ્થાનો લાભ પણ લીધો. આ બધામાં ફાવી ગઈ એક ઈસ્ટઇન્ડીયા કમ્પની. ઇ. સ. ૧૬૦૦ માં અંગ્રેજ વેપારીઓએ આ કમ્પનીની હિંદમાં સ્થાપના કરી. આ વિદેશી કમ્પની પાસે તેના પોતાના રક્ષણ માટે લશ્કરો પણ હતાં, અને માંહોમાંહે લડી મરતાં રાજ્યોને આ લશ્કરી બળથી કમ્પનીએ મદદ કરવા માંડી. હૈદ્રાબાદ અને આર્કટના રાજ્યોને મદદ કરવા બદલ બરાડનો તથા બીજા પ્રાન્તો કમ્પનીને મળ્યા, અને બ્રિટિશ સત્તાનો ઉદય થવા લાગ્યો. ઈ. સ. ૧૭૬૫ માં કમ્પનીને મોગલ બાદશાહ શાહ આલમે બંગાલ, બિહાર અને ઓરીસ્સાની દીવાની આપી, અને બ્રિટિશ સત્તાની સ્થાપનાની આંહીથી શરૂઆત થાય છે. આ પછી તો મહારાષ્ટ્રીય રાજ્યોના આંતરિક કલહો તથા રાજા પ્રજા વચ્ચેની તકરારોનો લાભ લઇને, ક્યાંય લશ્કરી બળની મદદ કરીને, ક્યાંય મરાઠા રાજ્યોને હરાવીને, ફ્રેન્ચ તથા ડચ લોકોને હાંકી કાઢી અંગ્રેજોએ ઘણા પ્રાન્તો સર કર્યા. બધા પ્રાન્તો ઉપર રાજસત્તા ચલાવવા ગવર્નર જનરલ તથા તેની કાઉન્સીલની નિમણૂક કરવામાં આવેલ હતી. મુંબઈ મદ્રાસ અને કલકત્તામાં કોઠીઓ પણ નાખવામાં આવેલ હતી. છેવટે લોર્ડ ડેલહાઉસીએ ખાલસા નીતિની શરૂઆત કરીને આઉધ પ્રાન્ત ખાલસા કર્યો, અને વારસ વગરના રાજ્યોનો મુલક સરકારને મળવો જોઈએ તે નીતિ (Doctrine of lapse) અખત્યાર કર્યો. પરિણામે ઝાંસી, સતારા, નાગપુર તથા બીજા કેટલાક ઉપયોગી પ્રદેશો કમ્પની સરકારે પોતાના કરી હિન્દ ઉપર સામ્રાજ્યની સ્થાપના કરી દીધી. પરંતુ લોર્ડ ડેલહાઉસીની આ નીતિથી દેશી રાજ્યોમાં તીવ્ર અસંતોષ થયો, અને છેવટે ૧૮૫૭ માં ખુલ્લો બળવો ફાટી નીકળ્યો. આ બળવામાં કેટલાંક રાજ્યો સામેલ થયાં જ્યારે કેટલાંક કમ્પની સરકાર પડખે ઉભાં રહ્યાં. આ રાજ્યો જો સરકાર પડખે ઉભા ન રહ્યાં હોત તો આજે સરકાર કે રાજ્યોમાં બેમાંથી કોણ અગર બેઉ હોત કે નહિ તે કહી શકાય નહિ. કમ્પની સરકારની આ નીતિથી કમ્પની સરકારનું રાજ્ય બંધ થયું અને હિંદુસ્તાન બ્રિટિશ સરકારની સીધી દેખરેખ નીચે મૂકાઈ ગયો. ૧૮૫૮ માં મહારાણી વિકટોરીયાનો પ્રસિદ્ધ ઢંઢેરો બહાર પડયો જેથી હિન્દનું રાજતંત્ર બ્રિટિશ તાજના સંરક્ષણ હેઠળ મુકવામાં આવ્યું, દેશી રાજ્યો પ્રત્યેની નીતિમાં ફેરફાર કરવામાં આવ્યો, અને રાજાઓને દત્તક લેવાના હક્કો આપવામાં આવ્યા, અને રાજ્યોને બાહ્ય આક્રમણ સામે બચાવ કરવાનું તથા સર્વ પ્રકારનું રક્ષણ આપવાનું વચન આપવામાં આવ્યું. આમ દેશી રાજ્યોના હક્કો માટે મહારાણી વિકટોરીયાનો ઢંઢેરો એક ઘણીજ ઉપયોગી ભૂમિકા બને છે. બ્રિટિશ સરકારની આ જાહેરાતથી હિન્દનાં

આ વખતનાં રાજ્યોની સ્થિતિ જેમ હતી તેમની તેમ રહી ગઈ. ૧૮૫૮ નો બળવો દબાઈ જતાં બ્રિટિશ સત્તા અત્યંત બળવાન બની ગઈ. કોઈ પણ રાજ્યો તેની સામે માથું ઉંચું કરવા અશક્ત હતાં. હિન્દમાં બધાં દેશી રાજ્યો બ્રિટિશ સત્તાનાં રક્ષિત રાજ્યો બન્યાં, અને બ્રિટિશ સરકાર એ હિંદમાં ઘણા વર્ષો પછી એક સાર્વભૌમ સત્તા બની ચૂકી. સાર્વભૌમ સત્તા તરીકે સરકાર પાસે અમુક લશ્કરી બળ રાખવામાં આવ્યું, અને બીજા બધા રાજ્યોને એક બીજા સાથે લડાઈ ન કરે તથા ભેગા ન મળે તેટલા માટે છુટાં કરી દેવામાં આવ્યાં અને તેમની પાસે અમુક નક્કી કરેલ મર્યાદા પ્રમાણેજ લશ્કર રાખવાની છુટ આપવામાં આવી.

બ્રિટિશ સામ્રાજ્યની સ્થાપના

આ વખતે સામ્રાજ્ય સ્થાપવાની ઐક્ય નીતિ એટલી હદે પહોંચી હતી કે તેમાં જરાપણ ફેરફાર થાય તો આખુંય સામ્રાજ્ય ખળભળી ઉઠે. ૧૮૫૭ના બળવાનો કડવો અનુભવ હજુ તાજોજ હતો એટલે બ્રિટિશ સરકારે હિંદ ઉપરના સામ્રાજ્યમાં ૧૮૫૭ પછી વિશેષ પ્રદેશોનો વધારો કરવાનું ઉચિત ન ધાર્યું, અને દેશીરાજ્યો જેટલાં હોય તેમને રક્ષણ કરવા અભય વચન આપ્યું. દેશી રાજ્યો અને તેની પ્રજા પણ ચાલુ અવિરત લડાઈઓ અને તેના માઠા પરિણામોથી કંટાળી ગયેલ હતી. તેમને શાંતિ અને વિશ્રાંતિ બન્નેની જરૂર હતી, આ વિશ્રાન્તિ તથા દેશી રાજ્યોને તેનો નિરાંતે ભોગવટો કરવા માટેની તક મળતાં આ રાજ્યોએ પણ બ્રિટિશ સત્તાને વધાવી લીધી. આમ હિંદના ઇતિહાસમાં બ્રિટિશ સર્વોપરી સત્તાની સ્થાપના થઈ ચૂકી અને આજે જે રીતે આ સર્વોપરી સત્તાએ તેનું સાર્વભૌમત્વ ભોગવેલ છે તેવું ભાગ્યેજ કોઈપણ સત્તાએ ભૂતકાળમાં ભોગવ્યું હોય. ૧૮૫૮ પછી હિન્દનાં દેશી રાજ્યો મિત્ર રાજ્ય મટીને રક્ષિત રાજ્યો બન્યાં. આ બધાં રાજ્યોએ બ્રિટિશ સરકાર સાથે એક અથવા બીજી વખતે સંધિ, સમજુતીઓ, તથા કરારો કરેલ છે. આ સંધિ તથા કોલ કરારોને અંગે દેશી રાજ્યોને તેના આંતરિક વહીવટમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવેલ છે, અને તેની આંતરિક શાંતિ તથા બહારના આક્રમણ સામે રક્ષણ તથા મદદ કરવાને સર્વોપરી સત્તા બંધાયેલ છે, આ બધાં રાજ્યો બ્રિટિશ સત્તાને વફાદાર રહે છે અને ખંડણી ભરે છે. પરદેશનાં રાજ્યો સાથે કોઈપણ જાતનો સંબંધ રાખવા માટે આ રાજ્યોને હક્ક નથી તેમજ અમુક નક્કી કરેલ મર્યાદાથી ઉપર લશ્કર કે ફોજ પણ ન રાખી શકે. ટુંકામાં આ રાજ્યો સર્વોપરી સત્તાને તાબે રહે છે.

દેશી રાજ્યોનું રાજતંત્ર

આ બધા રાજ્યો આંતરિક વહીવટ પુરતાં જ સ્વતંત્રતા ભોગવે છે. પરંતુ આ રાજ્યોના પ્રદેશો તે બ્રિટિશ હકુમતના પ્રદેશો નથી અને તેમની પ્રજા એ બ્રિટિશ હકુમત નીચેની પ્રજા નથી. આ બધા રાજ્યોમાં ચાલતી રાજ્ય પદ્ધતિ જુની અને જાણીતી રાજાસત્તાક રાજ્ય પદ્ધતિ છે, જેમાં રાજા એ રાજ્યના વડા રહે છે, અને રાજ્યની કારોબારી, નાણા વિષયક, કાયદા ઘડવાની તમામ સત્તા રાજાના હાથમાં કેન્દ્રિત રહે છે. રાજ્યની તમામ દોલત અને ઉપજ ઉપર રાજ્યકર્તા જ ભોગવટો કરે છે. દેશી રાજ્યોમાં કયાંય હજુ સુધી સંપૂર્ણપણે અગરતો બ્રિટિશ હિન્દમાં જવાબદારતંત્ર છે તેટલી હદ સુધી પ્રજાકીય ધોરણે ચાલતું રાજતંત્ર દાખલ થયેલ નથી. કોચીન, બરોડા, કાશ્મીર ગ્વાલીયર, વગેરે રાજ્યોમાં ધારાસભા અને કારોબારીમાં પ્રજાકીય પ્રધાનો લેવાના સુધારાઓ હમણાં હમણાં દાખલ કરવામાં આવેલ છે. હજુ પણ ઘણાં રાજ્યોમાં જુની રસમ પ્રમાણેજ રાજ્યો ચલાવવામાં આવે છે, એટલે આ રાજ્યોનું રાજતંત્ર બ્રિટિશ હિન્દના પ્રાન્તો કરતાં ઘણી જ રીતે જુદું તરી આવે છે.

આમ દેશી રાજ્યો રાજકીય રીતે બ્રિટિશ હિન્દથી જુદાં પડે છે, પરંતુ સામાજીક, આર્થિક, અને નૈતિક દૃષ્ટિએ આ રાજ્યો બ્રિટિશ હિન્દ સાથે એવી રીતે સંકળાયેલ છે કે તેઓ હિન્દના એક અને અવિભાજ્ય વિભાગો છે. આજની વૈજ્ઞાનિક પ્રગતિના જમાનામાં જ્યાં દેશદેશનાં અંતરો તુટવા લાગ્યાં છે ત્યાં હિન્દના એક વિભાગ અને બીજા વિભાગો વચ્ચે કોઈપણ જાતના ભેદો રહે તે અશકય છે. આજ કારણથી બ્રિટિશ હિન્દને મળેલા તાજેતરના રાજકીય સુધારાની અસર દેશી રાજ્યોમાં ઘણાજ તીવ્ર વેગે થયેલ છે, અને આજે આનાજ પરિણામે દેશી રાજ્યોની પ્રજામાં જાગૃતિનો જુવાળ આવેલ છે. બ્રિટિશ હિંદના પ્રાંતો અને દેશી રાજ્યોનાં હિતો જુદાંજુદાં હશે, પરંતુ બન્નેની પ્રજાના હિતો તો આજે એટલાં બધાં ઓતપ્રોત થઈ ગયેલ છે કે બ્રિટિશ હિંદના આર્થિક, સામાજીક કે રાજકીય આન્દોલનોની દેશી રાજ્યોમાં અસર થયા વગર રહેતી નથી.

દેશી રાજ્યોના રાજકીય વિભાગો

હિંદના નકશામાં જોશું તો માલુમ પડે છે કે હિંદના તમામ ભાગોમાં દેશી રાજ્યોનો પીળો પ્રદેશ આવેલ છે. પૂર્વથી પશ્ચિમ કે ઉત્તરથી દક્ષિણ જતાં કોઈ એવો ભાગ નથી કે જ્યાં દેશી રાજ્યનો મુલક ન હોય. આજ

કારણથી હિંદના આ છુટાછવાયા વેરાયેલ પ્રદેશને બ્રિટિશ હિંદ સાથે સામેલ કરવા માટે સમવાયતંત્રની યોજના હાથ ધરવામાં આવેલ છે. બ્રિટિશ હિંદ જ્યારે સમયાનુચિત પ્રગતિ કરતો હોય, ત્યારે આ રાજ્યો વિખુટા પડેલા ટાપુઓની જેમ કદાપી છુટાં રહી શકે નહિ તે દલીલ આગળ ધરી આજે તો બ્રિટિશ હિંદની સમવાયતંત્રની ધુરામાં જોડાવા દેશી રાજ્યોને કહેવામાં આવેલ છે. આ દેશી રાજ્યોની સંખ્યા ૫૬૨ જેટલી છે. તેના પ્રદેશનું ક્ષેત્રફળ ૭૧૨૫૦૮ ચોરસ માઇલ છે, અને વસ્તીનું પ્રમાણ ૮,૧૦,૦૦૦૦૦નું છે, એટલે હિંદના પ્રદેશનો $\frac{2}{5}$ મો ભાગ અને વસ્તીમાં $\frac{1}{4}$ મો ભાગ દેશી રાજ્યો પાસે છે. આ બધા રાજ્યોને એકસરખી સત્તા નથી તેમજ તેના દરજ્જા પણ એકસરખા નથી. રાજ્યની વસ્તી, આવક, અગત્ય પ્રગતિ અને પ્રદેશનો વિસ્તાર વગેરે ધ્યાનમા લઇને તેમના વર્ગ પાડવામાં આવેલ છે, તેમજ તેમની સત્તા તથા હકુમત નક્કી કરવામાં આવેલ છે.

(૧) પહેલા વિભાગમાં કેટલાંક મોટાં રાજ્યો છે જેઓ આંતરિક રીતે સંપૂર્ણ સત્તા ભોગવે છે, તેમજ સંપૂર્ણ દીવાની હકુમત તથા મોતની સજા ફરમાવવાની તેને સત્તા હોય છે. આવા રાજ્યોમાં હૈદ્રાબાદ, કાશ્મીર, મ્હૈસુર, બરોડા, ગ્વાલીયર, ત્રાવણકોર, જયપુર, જોધપુર વગેરે રાજ્યોનો સમાવેશ થાય છે. આમાંના કેટલાંક તો યુરોપના દેશો જેટલાં મોટાં છે. દાખલા તરીકે હૈદ્રાબાદ વસ્તી પ્રમાણમાં તુર્કસ્તાન અગર યુગોસ્લાવીયા જેટલું મોટું છે, જ્યારે કાશ્મીર ક્ષેત્રફળમાં ગ્રેટબ્રિટન જેટલું વિસ્તૃત છે. આ પહેલા વિભાગના રાજ્યોની કુલ સંખ્યા ૨૩૫ની છે. આ રાજ્યોનું ક્ષેત્રફળ ૬૮૩૨૪૬ ચોરસ માઇલનું અને વસ્તી પ્રમાણ ૭,૮૦,૦૦૦નું છે, એટલે આ રાજ્યો બધા રાજ્યોનો ૯૬% ભાગ થાય છે. આ રાજ્યોમાં ૧૦૯ રાજ્યો પહેલા વર્ગનાં સલામી રાજ્યો છે, જેમાંના કેટલાકને ૨૧, ૧૩, અને ૯ તોપોનું માન મળે છે, જ્યારે આ સિવાયનાં કેટલાંક મર્યાદિત સત્તાવાળાં ૧૨૬ રાજ્યો છે.

(૨) બીજા વિભાગમાં ૩૨૭ જાગીરો અને તાલુકાઓ છે, જેનું ક્ષેત્રફળ ૧૩૧૨૦ ચોરસ માઇલ અને વસ્તી પ્રમાણ ૮૧૨૦૦૦નું છે. આ બધી જાગીરોની પાછી પેટા જાગીરો છે જેનો સરવાળો કરવામાં આવે તો લગભગ ૮૦૦ થાય. આ દરેક જાગીરને સરેરાશ ૧૫ ચોરસ માઇલ ક્ષેત્રફળ અને ૧૫૦૦ માણસની વસ્તી ભાગે આવે. આ

જાગીરોના જાગીરદારોમાં ઘણા ખરા મર્યાદીત સત્તા ભોગવે છે. આ જાગીરદારો તથા તાલુકદારોને આજે મોટા રાજ્યો સાથે ભેળવી દેવા જોશ ભેર પ્રયત્નો થાય છે.

(૩) ત્રીજા વિભાગમાં કેટલાંક વ્યાયવ્ય સરહદનાં રાજ્યો તથા જાતોનો પ્રદેશ છે. આ મુલકનું ક્ષેત્રફળ ૨૨૮૩૮ ચોરસ માઇલ અને વસ્તી પ્રમાણ ૨૫૦૦૦૦૦ છે. પણ આ રાજ્યો સ્વતંત્ર રીતે જુદાં હોવાથી આપણા કામ માટે ઉપયોગમાં નથી. આ બધા વિભાગો નરેન્દ્રમંડળનું બંધારણ નકકી કરતી વખતે થયા હતા.

નરેન્દ્ર મંડળ

૧૯૧૯ના સુધારાથી હિંદના રાજ્યકર્તાઓનું એક મંડળ સ્થાપવામાં આવેલ છે, જેને નરેન્દ્રમંડળ કહેવામાં આવે છે. આ મંડળમાં અગ્યાર કે તેથી વીશેષ તોપોનું માન છે તેવા ૧૦૯ રાજવીઓને સ્વતંત્ર બેઠકો આપવામાં આવેલ છે, જ્યારે બાકીના ૧૨૬ નાના રાજ્યોને સંયુક્ત રીતે ૧૨ સભ્યો ચુંટી કાઢવાના અધિકારો છે. આ નરેન્દ્રમંડળના પ્રમુખ વાઇસરોય રહે છે. જ્યારે મંડળના ચાન્સેલર તથા વાઇસ ચાન્સેલર મંડળ તરફથી ચુંટવામાં આવે છે. આ મંડળના પ્રથમ ચાન્સેલર બીકાનેરના મહારાજા થયા હતા, અને હાલનાના. જામ સાહેબ અત્યારના ચાન્સેલર છે. આ મંડળમાં એક સ્ટેન્ડીંગ કમીટી રહે છે, જેમાં સાત સભ્યો હતા, પણ નવા સુધારા દાખલ કરતાં ૩૫ સભ્યો સૂચવ્યા છે.

આ મંડળ એ રાજાઓના હિતો તથા હકકો બાબત ચર્ચાની આપ લે કરનારૂં એક મંડળ છે. આ મંડળને આ સિવાય બીજી કાંઇ પણ સત્તા નથી. સમવાયતંત્રમાં જોડાવું કે કેમ તે બાબતમાં આ મંડળ તરફથી અગત્યની મંત્રણાઓ કરવામાં આવેલ છે, અને સમવાયતંત્રમાં જોડાતા પહેલાં અમુક સલામતીઓ તથા સરંક્ષણની પણ તાજ પાસે માગણીઓ મૂકવામાં આવેલ છે. આ માટે મી. મોરગાન અને મી. વાધામ જેવા બાહોશ વકીલોને નરેન્દ્રમંડળ તરફથી રાખવામાં આવેલા હતા. આજે આ મંડળના બંધારણ પરત્વે ઘણોજ મતભેદ થવા પામેલ છે, અને તેમાં સુધારાઓ કરવા અનેક સૂચનાઓ કરવામાં આવેલ છે. પણ આજકાલ નરેન્દ્રોને આ સંસ્થામાં બહુ રસ રહ્યો નથી, અને પરિણામે આ સંસ્થાની નાણાકીય સ્થિતિ સંકોચાતી જાય છે.

રાજ્યોની એજન્સીના વિભાગો

૧૯૧૯ પહેલાં આ રાજ્યો જુદા જુદા સ્થાનિક સરકાર હેઠળ હતાં. પરંતુ મોન્ટફોર્ડ સુધારા પછી આ બધાં રાજ્યોને ગવર્નર જનરલના સીધા કાબુ હેઠળ મૂકવામાં આવેલ છે. મધ્ય પ્રાન્તમાં ૨૮ મોટાં અને ૬૯ નાનાં રાજ્યો છે જે બધાં સેન્ટ્રલ ઈન્ડીયા એજન્સી નીચે છે. આવીજ રીતે દક્ષિણના રાજ્યોની પણ એક એજન્સી બનાવવામાં આવેલ છે. આ સિવાય ઇસ્ટર્ન સ્ટેટસ એજન્સી, મદ્રાસ સ્ટેટસ એજન્સી, પંજાબ સ્ટેટસ એજન્સી, રજપુતાના સ્ટેટસ એજન્સી, ગુજરાત સ્ટેટસ એજન્સી અને વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસ એજન્સીના જુદા જુદા રાજ્યોના વિભાગો છે. આ બધા રાજ્યોની એજન્સીમાં પોલીટીકટલ એજન્ટ અને તેના ઉપરી તરીકે રેસીડન્ટ હોય છે જે તાજના પ્રતિનિધિ સાથે સીધો સંબંધ ધરાવે છે.

આ બધાં રાજ્યો બ્રિટિશ હિન્દના ભાવી સાથે નાજુક રીતે સંકળાયેલ હોવાથી બ્રિટિશ હિંદના ઉત્કર્ષ અને પ્રગતિના માર્ગે સાથોસાથ ચાલવા માટે ભલામણો કરવામાં આવે છે. પરંતુ હિંદના બ્રિટિશ ઇતિહાસમાં પ્રથમ વાર જ આ રાજ્યો અને બ્રિટિશ હિન્દના પ્રાન્તોનું રાજકીય જોડાણ કરવા માટે યોજના હાથ ધરવામાં આવેલ છે અને તે યોજના તે સમવાયતંત્રની યોજના છે. આ યોજનામાં આંતરિક સ્વાતંત્ર્ય ભોગવતાં દેશી રાજ્યો હિંદ સમસ્તના સમગ્ર સંચાલન માટે મધ્યવર્તી સંસ્થાને સત્તા સોંપશે, અને સમવાય તંત્રમાં સામેલ થશે. દેશી રાજ્યોના આવા જોડાણ માટે વિચાર કરતાં પહેલાં દેશી રાજ્યોનું આંતરિક સ્વાતંત્ર્ય કેવું છે તે જાણવું આવશ્યક છે.

દેશી રાજ્યોનું આંતરિક સ્વાતંત્ર્ય

૧૮૫૮ ના મહારાણી વિક્ટોરીયાના ઢંઢેરાથી દેશી રાજ્યોને આંતરિક વહીવટ પુરતી સ્વતંત્રતા આપવામાં આવેલ છે. કેટલાંક રાજ્યોને સંપૂર્ણ આંતરિક સત્તા આપવામાં આવેલ છે જેમાં સંપૂર્ણ દીવાની હકુમત તથા મોતની સજા તથા જન્મટીપની સજા ફરમાવવાના અખત્યારો હોય છે. આ રાજ્યો પોતાની ઇચ્છા પ્રમાણે કારોબારી સત્તા ભોગવે છે. ન્યાય, કાયદો, અને નાણાં ઉપર આ રાજ્યોને સંપૂર્ણ સત્તા હોય છે અને તેમાં મરજી મુજબ ફેરફારો કરી શકે છે. મર્યાદિત સત્તાવાળાં રાજ્યો તેમને સોંપેલ સત્તા પૂરતાં જ સ્વતંત્ર છે, અને તેમની અવશેષ સત્તા તાજ તરફથી ભોગવવામાં આવે છે.

રાજ્યોને આપવામાં આવેલ સત્તા જોતાં પોતાનાં રાજ્યોને પ્રગતિમાન બનાવવાં, તેમાં સમયાનુચિત ફેરફારો કરવા, પોતાનું અંગત ખર્ચ નક્કી કરવું,

પ્રજાહિતનાં ખાતાંઓનો વિકાસ કરવો વગેરે તમામ બાબતો રાજ્યકર્તાના હાથમાં રહે છે. બહારના કોઈ પણ પરદેશી રાજ્ય સાથે કાંઇ પણ સંબંધ રાખવા માટે તેમને અખત્યાર નથી. તેમજ પોતાના રાજ્યની આંતરિક વ્યવસ્થા તથા શાંતિ માટે અમુક નક્કી કરેલ મર્યાદા સુધી જ તેઓ પોલીસ બળ રાખી શકે છે. દેશી રાજ્યોના આંતરિક ન્યાય વહીવટમાં પણ આજે બધા બ્રિટિશ હિંદના કાયદાઓ ચાલે છે. પરંતુ પોતાના રાજ્ય માટે તથા પ્રજાકલ્યાણ માટે કોઈ પણ જાતનો કાયદો કરવા માટે રાજ્યોને હક્ક હોય છે. રાજ્યોને તેના નાણા ખાતા ઉપર સંપૂર્ણ કાબુ હોય છે. રાજ્યનું નાણું ક્યાં અને કેમ વાપરવું તેની છુટ હોય છે. બ્રિટિશ સત્તા નીચે આવ્યા પછી દેશી રાજ્યો વચ્ચેની લડાઇઓ બંધ થઇ, તેમજ બહારના કોઇ આક્રમણનો પણ ભય રહ્યો નહિ એટલે રાજ્યનાં નાણાં બહુધા રાજ્યકર્તાના અંગત ખર્ચ માટે જ ઉપયોગમાં આવતાં જોવામાં આવે છે. રાજ્યની તમામ દોલત, જરજવાહીર, તથા મકાનો, બંગલાઓ બધા રાજ્યકર્તાની માલીકીનાં ગણાય છે.

રાજ્યકર્તાની આ આંતરિક સ્વાતંત્ર્યને પણ હદ હોય છે. રાજ્યની આ આંતર વ્યવસ્થાની સત્તાને અંગે રાજ્યકર્તાઓને મનસ્વીપણે પ્રજાના જાનમાલ અને રાજ્યની દોલતની દુર્દશા કરવાના હક્ક હોતા નથી. બનતાં સુધી સર્વોપરી સત્તા રાજ્યના આંતરવહીવટમાં બહુ ડખલગીરી કરતી નથી, પરંતુ જ્યારે વસ્તુઓ હદથી બહાર જાય, જ્યારે રાજ્યમાં સુવ્યવસ્થાનો અભાવ હોય, રાજ્યમાં પ્રજાના પૈસાના પોતાના મોજશોખ અને અંગત વિલાસમાં દુર્વ્યયને અંગે સખ્ત નાણા ભીડ હોય, અગર તો પ્રજામાં રાજ્યવહીવટ સામે ઘોર અસંતોષ અને અશાંતિ હોય ત્યારે રાજ્યોની આંતરિક સ્વતંત્રતા ઉપર સાર્વભૌમ સત્તાનો ત્રાપ આવે છે. પણ બને ત્યાં સુધી સર્વોપરી સત્તા માથું મારતી નથી, અને તેમ કરતાં પહેલાં રાજ્યકર્તાને તેમનો રાજ્યવહીવટ સુધારવા માટે સૂચનાઓ પણ આપવામાં આવે છે.

સર્વોપરી સત્તાની દરમ્યાનગીરી વગર પોતાના રાજ્યની આંતર વ્યવસ્થા ચલાવવાના હક્કો તે ઘણાજ કીંમતી હક્કો છે તેમ રાજ્યયકર્તાઓ માને છે અને આવી દરમ્યાનગીરીનો પ્રસંગ ઉભો ન થાય તેટલા માટે ઘણાખરા ચીવટ પણ રાખે છે. પણ સાથે આટલી જ ચીવટ જો પ્રજાકલ્યાણ માટે માટે રાજ્યકર્તાઓ રાખતા જાય તો સાર્વભૌમ સત્તાને વચમાં પડવાનો પ્રસંગ ઉભો થાય નહિ. પણ દેશી રાજ્યોની પ્રજાને રાજ્યકર્તાઓ તરફ તો

દાર રહેવું પડે છે સાથે રાજ્યકર્તાઓની સર્વોપરી સત્તાને પણ આધીન
ું જ પડે છે.

રાજ્યો જે આંતરિક સ્વતંત્રતા આજે ભોગવે છે તેમાં જો તેઓ સમ-
તંત્રમાં સામેલ થશે તો સમવાયતંત્રને સોંપવામાં આવેલ સત્તા પુરતી
ાની આંતરિક સત્તામાં પણ કાપ આવશે, એટલે સમવાય તંત્રને સોંપવામાં
વેલ નાણાવિષયક, કાયદા ઘડવાની, તથા ન્યાયની સત્તા ઉપર પછી તેમનો
ટનો કાબુ નહિ રહે. પણ આથી કરીને સમવાય તંત્રને નહિ સોંપાયેલ
ા આંતરિક વહીવટની સત્તા માટે છેવટે તો તેઓ તાજની સર્વોપરી સત્તાને
ધીન રહેશે.

ર્વોપરી સત્તા

સત્તરમા સૈકાની શરૂઆતમાં જ્યારે અંગ્રેજોએ બીજાં રાજ્યોને મદદ
ાનું શરૂ કર્યું ત્યારથી આ સત્તાની શરૂઆત થાય છે, અને ૧૮૫૮
ીમાં તો અનેક સંધિ, કરારો, સમજુતી, સનદો અને શીરસ્તા તથા
ગવટાથી, અને છેવટે ૧૮૫૮ ના ઢંઢેરાથી આ સર્વોપરી સત્તા સંપૂર્ણ
ે પ્રસરી ચૂકે છે. ૧૮૫૮ ના ઢંઢેરાથી કમ્પની સરકારનું હિંદનું રાજતંત્ર
ટિશ સત્તાને સોંપવામાં આવ્યું, અને આંહિથી બ્રિટિશ તાજને હિંદના
જવીઓએ સર્વોપરી સત્તા તરીકે માન્ય રાખેલ છે. આ સત્તા તે સાર્વભૌમ
ા છે અને આ સત્તાના તાબા હેઠળ સમસ્ત હિંદનો ભોગવટો કરવામાં
વે છે. આ સત્તાનો ઉદ્ભવ કેવી રીતે થયેલ છે તે બાબતમાં બટલર
મેટિ જેની દેશી રાજ્યોના તાજ સાથેના સંબંધમાં નવા બંધારણથી શું
સર થવાની છે તે નક્કી કરવા નિમણૂક કરવામાં આવેલ હતી તેના
હેવાલમાં જણાવવામાં આવેલ છે કે બ્રિટિશ સાર્વભૌમ સત્તા એ કાંઇ
ત્કાલિક ઉત્પન્ન થયેલ વસ્તુ નથી, પણ તેનો વિકાસ ધીરે ધીરે રહીને ક્યાંય
જયથી, ક્યાંય સંધિ અને સમજુતિથી, તો ક્યાંય ભોગવટા અને શીરસ્તાથી
ેલ છે; અને બ્રિટિશ સત્તા સાથેનો દેશી રાજ્યોનો સંબંધ જાણવા માટે
ા સત્તાને ઉપસ્થિત કરનારા સંજોગો અને સંધિઓ તથા સનદો વિષે
થમ જાણવું જોઇએ. આ સત્તાની વ્યાખ્યા ન હોઇ શકે, અને આ સત્તા
મર્યાદિત છે, જે હિંદની તમામ સત્તા ઉપર સર્વોપરી રહેશે, અને આ
તાના સર્વોપરી હક્કો અને સાર્વભૌમ સત્તામાં જરા પણ ફેરફારો શક્ય
ી. રાજ્યોએ તાજ સાથે કરેલી સંધિઓ અને કરારો કાયમ માટે બંધન
ર્તા છે, અને આ સત્તાને અંગે હિંદના તમામ રાજ્યો સર્વોપરી સત્તાના

રક્ષિત રાજ્યો છે. આજ કારણથી હિંદના રાજ્યકર્તાઓને Prince, Ruler, Thakor, Derbar તેમ અર્થસૂચક રીતે સંબોધવામાં આવે છે, પણ ક્યાંય રાજા તરીકે કહેવામાં આવતા નથી. હિંદના રાજ્યો સર્વોપરી સત્તા સાથે સમાનતાનો દાવો કદાપી કરી શકશે નહિ. આ બાબતમાં હિંદના વાયસરોય લોર્ડ રીડીંગે હૈદ્રાબાદના નિઝામ સરકાર પર ૧૯૨૬ માં લખેલા પત્રથી ઘણો સ્ફોટ કરવામાં આવેલ છે.

"The sovereignty of the British Crown is supreme in India, and therefore no ruler of an Indian state can justifiably claim to negotiate with the British Government on an equal footing. Its supremacy is not only upon treaties and engagements, but exists independently of them, and quite apart from its prerogatives in matters relating foreign power and policies. It is the right and duty of the British Government while scrupulously respecting all treaties and engagements with Indian states to preserve peace and good order through out India."

(બ્રિટીશ તાજની સત્તા હિંદ ઉપર સર્વોપરી છે. તેથી હિંદના કોઈ પણ રાજ્યકર્તા બ્રિટીશ સરકારની સાથે સમાનતાના ધોરણે સમજુતી ન ચલાવી શકે. બ્રિટીશ તાજની સર્વોપરી સત્તા માત્ર સંધિ અને સનંદોથી ઉત્પન્ન થાય છે તેમ નહી પણ તેનાથી સ્વતંત્ર રીતે તેનો ઉદ્દભવ છે. ઉપરાંત પરદેશ નીતિ નક્કી કરવા સબંધી તેની સત્તા અને રાજ્યહક્કો ઉપરાંત દેશીરાજ્યો સાથેની સંધિ અને કરારોને માન પૂર્વક જાળવી રાખવાની સાથે હિંદમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવાં તે સર્વોપરી સત્તાનો હક્ક અને ફરજ છે.)

દેશીરાજ્યો ઉપર સર્વોપરી સત્તા ભોગવનાર તાજ છે, અને તાજ દેશી રાજ્યોના આંતર વહીવટમાં જરૂર પડે દરમ્યાનગીરી પણ કરી શકે છે.

સર્વોપરી સત્તાની દરમ્યાનગીરી

રાજ્યોને બહારના આક્રમણમાંથી બચાવવા, અને રાજ્યોની આંતરિક

શાંતિ અને સુવ્યવસ્થા જાળવવાં તે સર્વોપરી સત્તાના હક્ક છે. દેશી રાજ્યોના આંતર વહીવટમાં પણ ઘણી વખત પોતાની જવાબદારી અદા કરવા માટે દરમ્યાનગીરી કરવી પડે છે, એટલુંજ નહિ પણ રાજ્ય કર્તાઓને પદભ્રષ્ટ કરવા પડે છે. સર્વોપરીસત્તાની દરમ્યાનગીરી થયાના અનેક દાખલાઓ દેશી રાજ્યના ઇતિહાસમાં મોજુદ છે. વડોદરા, મણીપુર, ખંભાત વગેરે અનેક રાજ્યોમાં સર્વો પરી સત્તાને રાજ્યના આંતર વહીવટ વચ્ચે પડવાની જરૂર ઉભી થયેલ હતી. મણીપુર રાજ્યે તો આ સામે વાંધો પણ ઉઠાવ્યો હતો, પરંતુ તેમને સચોટ રીતે કહેવામાં આવ્યું હતું કે દેશી રાજ્યોના રાજ્ય વહીવટમાં જ્યારે પણ અરાજકતા અને અંધાધુધી તથા ગેરવહીવટ થાય ત્યારે દરમ્યાનગીરી કરવાની સંપૂર્ણ જવાબદારી સાર્વભૌમ સત્તાની છે. દેશી રાજ્યોને આંતરિક રાજ્ય વ્યવસ્થા કરવાની સ્વતંત્રતા છે તે ખરૂં, પણ જો રાજ્યમાં સુવહીવટ અને શાંતિનો અભાવ હોય ત્યારે તે દૂર કરવાની જવાબદારી પણ સાર્વભૌમ સત્તાની છે તેમ એકથી વધુ વખત હિંદના ઘણા વાયસરોય તરફથી કહેવામાં આવેલ છે. વડોદરા રાજ્યની આંતર વ્યવસ્થા ૧૮૭૩ માં અસંતોષકારક જણાતાં તે વખતના વાઇસરોય લોર્ડ નોર્થબ્રુકે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું કે "This intervention though amply justified by the language of the treaties rests also on other foundations. British Government is undoubtedly Paramount power in India and the existence and prosperity of the Native States depend upon its fostering favour and Benign protection." સંધીના શબ્દોથી જો કે દરમ્યાનગીરી વ્યાજબી જણાય છે, પણ તેમ કરવાનાં બીજાં કારણો પણ છે. બ્રિટિશ સત્તા એ હિંદમાં સર્વોપરી સત્તા છે, અને રાજ્યોનું અસ્તિત્વ અને આબાદી આ સત્તાની મહેરબાની અને સંરક્ષણ ઉપર નભે છે.)

દેશી રાજ્યના રાજ્યકર્તાઓ શરૂઆતમાં આવી ડખલગીરી સામે વાંધો ઉઠાવતા. પણ હમણાં હમણાં તો ઘણા કીસ્સાઓ જોઇએ છીએ તો માલુમ પડે છે કે તેઓ આ દરમ્યાનગીરી સ્વભાવિક આફતની જેમ સહન કરી લે છે. થોડા વર્ષો પહેલાં વરાડ પ્રાંત પાછો સોંપવાની નીઝામ સરકારની માંગણી સામે લોર્ડ રીડીંગના પત્રના જડબાતોડ જવાબમાં સર્વોપરી સત્તાની આ દરમ્યાનગીરી કરવાના હક્કોનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં જણાવવામાં આવેલ છે કે—

'The right of the British Government to interfere in the internal affairs of the Indian states is another instance of the consequence necessarily involved in the supremacy of the Brtitish crown. The British Government have indeed shown again and again that they have no desire to exercise this right without grave reason. But the internal no less than the external security which the Ruling princes enjoy is due ultimately to the protecting power of the British Government; and where Imperial interests are concerned or the general welfare of the people of a state is seriously and grievously affected by the action of its government, it is with the Paramount power that the ultimate responsibility of taking remedial action, if necessary, must lie. The varying degrees of internal sovereignty which the rulers enjoy are all subject to the due exercise by the paramount power of this responsibility." રાજ્યોનાં આંતરિક વહીવટમાં દરમ્યાનગીરી કરવાનો હક્ક એ બ્રિટીશ સત્તાના સર્વોપરીપણાનો દાખલો છે. બ્રિટીશ સરકારે આ હક્ક ગંભીર કારણ વગર નહિ વાપરવામાં આવે તેની વારંવાર યાદ આપેલ છે. પરંતુ દેશીરાજ્યોને બહારના આક્રમણ સામે તથા આંતરિક વહીવટ માટે જે સલામતી મળેલ છે, તે બ્રિટીશ સરકારના સંરક્ષણ આપવાની સત્તાની રૂએ છે, અને જ્યાં શાહી હિતો અગર રાજ્યની વસ્તીના હિતોને જરા પણ હરકત આવે તેમ હોય તો સર્વોપરી સત્તાના હાથમાં આ બાબત કંઈ પણ પગલાં લેવાની સત્તા રહેશે. આજે જે દેશી રાજ્યના રાજ્યકર્તાઓ જુદા જુદા પ્રકારની આંતરિક સ્વતંત્રતા ભોગવે છે તે સત્તા આ જવાબદારીને આભારી છે.)

સર્વોપરીસત્તા આવા કાગળો લખીને જ નહિ પણ ઘણા રાજવીઓને પદભ્રષ્ટ કરીને પોતાનું સાર્વભૌમત્વ દાખવેલ છે. રાજ્યકર્તાઓને પોતાના રાજ્યમાં દરમ્યાનગીરી ન કરવા દેવી હોય તો રાજ્યમાં સુવ્યવસ્થા અને રાજ્ય તરફ પ્રજાનો પ્રેમ એ બે મુખ્ય વસ્તુઓ છે.

સર્વોપરીસત્તાની જવાબદારીઓ

દેશી રાજ્યોના આંતરિક વિગ્રહોમાંથી સર્વોપરી સત્તાનો ઉદય થાય છે. આવી જાતના આંતરવિગ્રહો ન થવા પામે એ સર્વોપરી સત્તાની મુખ્ય કાળજી અને જવાબદારી છે. આ જવાબદારીને અંગે સર્વોપરી સત્તાને એક મોટું લશ્કર નીભાવવું પડે છે. દેશી રાજ્યોને બહારના આક્રમણમાંથી સહીસલામત રાખવા માટે કોઈ પણ રાજ્યને પરરાજ્ય સાથે રાજકીય સંધિ અગર કરાર કે સંબંધ કરવા દેવામાં આવતો નથી, તેમજ લશ્કરી બળ પણ અમુક હદ સુધી જ રાખવા દેવામાં આવે છે, તેમજ વિગ્રહ કે સુલેહ કરવા દેવાની તેમને સત્તા નથી. હિંદના બધાં દેશી રાજ્યો પાસે કુલ ૪૪૦૦૦ થી વધુ માણસોની ફોજ નથી. આ ફોજ દેશી રાજ્યોને પોતાના આંતરિક વહીવટ અને શાંતિ માટે રાખવાની હોય છે, અને વધુ મદદની જરૂર પડયે લશ્કરી બળની મદદ સર્વોપરી સત્તા પાસેથી માગી શકે છે. દેશી રાજ્યો એ રક્ષિત રાજ્યો હોવાથી તેમને બચાવવાના અને સલામત રાખવાના અધિકારો સર્વોપરી સત્તાને હોય એ સ્વાભાવિક છે. આ બચાવ કરવાને સર્વોપરી સત્તાને લશ્કર રાખવું પડે છે તેના ખર્ચ માટે કેટલાક રાજ્યોએ પ્રદેશ સોંપેલ છે, કેટલાકે રોકડ રકમ આપેલ છે, જ્યારે કેટલાક હજુસુધી ખંડણી ભરે છે. રક્ષિત રાજ્યો તરીકે બધાં રાજ્યોને અમુક ખંડણી તો ભરવાની હોય છે. આ ખંડણીઓનાજ સરકારને રૂ. ૭૮૦૦૦૦૦ દર વર્ષે મળે છે. બે દેશી રાજ્યો વચ્ચે તકરાર થવા પામે અગર તો મતભેદ થાય તેનો નિકાલ કરવાની સત્તા સર્વોપરી સત્તા પાસે છે. બે રાજ્યોના આંતર રાજકીય સંબંધોનો વ્યવહાર હંમેશાં બ્રિટિશ તાજના પ્રતિનિધિ પોલીટીકલ એજંટ દ્વારા થાય છે. એક રાજ્યને બીજા રાજ્યનો ગુન્હેગાર સોંપવા બાબતમાં (Extradition affairs) પણ સર્વોપરી સત્તાના પ્રતિનિધિને લખવું પડે છે, અને તેઓ પરવાનગી આપે ત્યારેજ એક રાજ્યનો તહોમતદાર બીજા રાજ્યને સુપ્રત કરી શકાય. આ બાબતમાં કાંઈ તકરાર ઉત્પન્ન થાય તો તેનો નિર્ણય સર્વોપરી સત્તાના પ્રતિનિધિ આપે છે. દેશી રાજ્યોને રેલ્વે ચલાવવાનો હક્ક હોય છે પણ તે રેલ્વે ઉપર હકુમત બ્રિટિશ સત્તાની રહે છે, અને તે ઉપરાંત રાજ્યોમાં આવેલ તાર ટપાલ ઉપર પણ સર્વ કાબુ બ્રિટિશ સત્તાનો છે. આ બાબતોમાં દેશી રાજ્યોને જરા પણ સત્તા નથી.

ઘણી વખત રાજ્યમાં દુષ્કાળને અંગે અથવા તો બીજા કારણથી આર્થિક સંક્રામણ ઉભી થવા પામે તો સરકાર તરફથી અમુક નિયત કરેલા નિયમો

પ્રમાણે ઉછીના નાણાં આપવામાં આવે છે, કોઈ વખત રાજ્ય દેણામાં ગરકાવ થયું હોય તો તે રાજ્ય દેણામાંથી વિમુક્ત થાય ત્યાં સુધી તે રાજ્યનો વહીવટ સરકાર તરફથી કરવામાં આવે છે.

સર્વોપરી સત્તા રાજ્યના વંશ વારસાના હક્કોનું પણ સંરક્ષણ કરવા બંધાયેલ છે. રાજ્ય ગાદી માટે ખોટા હકદારો વારસ ન થઈ જાય અને રાજ્યકર્તાના હક્કને નુકસાન ન પહોંચાડે તે ખાસ જોવામાં આવે છે. દરેક રાજકર્તા જ્યારે ગાદીએ આવે છે ત્યારે તેના રાજ્યવારસ તરીકેના હક્કો સર્વોપરી સત્તા માન્ય રાખે છે તેવી મતલબનો ખરીતો મળે છે, અને ત્યાર પછી રાજ્યકર્તા રાજ્ય કરી શકે છે,

સર્વોપરી સત્તા રાજ્યોને બાહ્ય આક્રમણમાંથી સલામતી અને આંતરીક શાંતિ આપે છે એટલુંજ નહિ પણ જો તે રાજ્યોની પ્રજા રાજ્ય સામે બળવો કરે તો તેની સામે લશ્કરી મદદ પણ કરવા બંધાયેલ છે. ઘણા રાજ્યોમાં પ્રજાના અસંતોષને લઈને થયેલ બળવામાં રાજ્યોએ લશ્કરી બળની મદદ માગેલ છે. ૧૯૩૫ ના નવા કાયદાની ૨૮૫-૨૭૭ મી કલમમાં જરૂર પડયે લશ્કરી મદદ કરવાની તાજના પ્રતિનિધિને સત્તા આપવામાં આવેલ છે. જો આ બળવો અગર અસંતોષ રાજ્યના ખામીભર્યા વહીવટ અને અવ્યવસ્થાને કારણે હોય તો આ બાબતમાં તે કારણોની તપાસ કરી પ્રજાની યોગ્ય માગણી સંતોષવા માટે રાજ્યકર્તાને ફરજ પાડવાની જવાબદારી પણ સર્વોપરી સત્તાની છે. રાજ્યમાં રાજતંત્ર બદલાવવાની લોક માગણી બાબતમાં તે માગણીથી રાજ્યકર્તાના રાજહક્કને હરકત ન આવે તે માટે રાજતંત્રમાં ઘટતા ફેરફારો કરવાની સૂચના કરવાની ફરજ પણ સર્વોપરી સત્તાની છે. પણ આજે તો કાંઈ વિપરીત અવસ્થા જોવામાં આવે છે. આજે રાજ્યોના રાજહક્ક ને જાળવવા રાજસંરક્ષણનો કાયદો અમલમાં મુકવામાં આવેલ છે. આ બધું દેશી રાજ્યોના હક્કો, દરજ્જો, અને મોભો જાળવી રાખવાની સર્વોપરી સત્તાની જવાબદારીને અંગે કરવામાં આવે છે, અને તેમ કરવા માટે તાજ સાથેની રાજ્યોની સંધિ, કરારો, અને સમજુતીઓ જવાબદાર છે. આ ઉપરાંત બ્રિટિશહિન્દની પ્રજાની દેશીરાજ્યમાં કોઈપણ જાતની ક્રાન્તિ કરવાની ચળવળને સર્વોપરી સત્તા અટકાવી શકે છે.

સર્વોપરીસત્તા દેશી રાજ્યના રાજ્યકર્તાઓના રાજહક્કોનું રક્ષણ કરવા જેટલી જવાબદાર છે, તેટલીજ દેશીરાજ્યોના ગેરવહીવટ, અરાજકતા અને અવ્યવસ્થા સામે દેશીરાજ્યોની પ્રજાને પણ સંરક્ષણ આપવા જવાબદાર છે. હાલ દેશી-

રાજ્યોની પ્રજાના પ્રશ્નોમાં મહાસભા પણ હવે સીધી રીતે રસ લેછે એટલે આ પ્રશ્ન ઘણોજ નાજૂક બની ગયો છે. આ બાબતમાં સર્વોપરી સત્તાની નીતિની સ્પષ્ટ ચોખવટ કરવામાં આવેલ નથી. દેશીરાજ્યોના રાજતંત્રમાં સમય પ્રમાણે ફેરફારો કરવામાં સર્વોપરીસત્તા વચમાં નહી આવે તેમ હિંદના સદસ્ય મંત્રી અર્લવીન્ટરટન તરફથી પાર્લામેન્ટમાં જાહેર કરવામાં આવેલ છે, અને હિંદી વજીર લોર્ડઝેટલેન્ડે ૧૯૩૭ ના બોમ્બેડીનર વખતેના ભાષણમાં સ્પષ્ટરીતે કહ્યું હતું કે

I can understand for example the views of those who will represent the provinces in the federation as a result of election that some element of popular choice distinct from pure nomination should enter into the selection of those who represent the princes. Well, that is for the princes themselves to decide. There is nothing in the Act to prevent it nor the Paramount Power stand in the way of any prince who seeks to temper the rigid autocracy of bygone days with more liberal system.

(હું બરોબર જાણી શકુ છું કે જે લોકો પ્રજા તરફથી ચૂંટાઈને આવશે તેમને થશે કે રાજ્યો તરફથી આવનાર પ્રતિનિધિઓ રાજાઓના નીમાયેલા નહિ પણ પ્રજાના ચુંટાએલા રહેવા જોઇએ. પણ આતો રાજ્યકર્તાઓએ પોતાને વિચારવાનું છે આ કાયદામાં તેઓને આમ કરતાં કોઈ અટકાવે તેમ ક્યાંય નથી તેમજ સર્વોપરીસત્તા પણ તેઓના જુના વખતથી ચાલતી આવતી આપખુદ રાજ્ય પદ્ધતિમાં તેઓ ફેરફાર કરશે તો વચમાં નહિ આવે). આવી જાહેરાતો પછી દેશીરાજ્યોની પ્રજાની રાજતંત્રમાં ફેરફાર કરવાની માગણીને દાબી દેવાની નીતિ આ જાહેરાતોની વિરૂદ્ધ દિશામાં જાય છે. અને દેશીરાજ્યોના રાજ્યકર્તાઓના હક્ક તથા દેશીરાજ્યોની પ્રજા તરફની જવાબદારીઓ જોતાં સર્વોપરીસત્તાનો હાલના સમયમાં જે કરૂણ ફેજ ઉપસ્થિત થયો છે તેવો કદાપી બનવા પામેલ નથી.

જ્યારે રાજ્યકર્તા સગીર ઉંમરના હોય ત્યારે રાજ્યકર્ત્તા ઉંમરલાયક થાય ત્યાં સુધીની રાજ્યવ્યવસ્થા સરકારી દેખરેખ નીચે રહે છે. રાજ્યકર્તા અઢારથી વીસ કે બાવીસ વર્ષના ઉંમર લાયક થાય ત્યારે રાજ્યતંત્ર તેમને સોંપવામાં આવે છે. ઘણીવખત રાજ્યકર્તાની માનસિક અસ્વસ્થતા અગર તો રાજ્ય દેણામાં ઉતરી ગયું હોય ત્યારે પણ સરકારી રાજ્ય વ્યવસ્થા કરવામાં આવે

છે, અને રાજ્યની આંતરિક વ્યવસ્થા અને શાંતિ જાળવી રાખવામાં આવે છે. સર્વોપરી સત્તાની આ જવાબદારીઓ માટે રાજ્યકર્તાઓએ સંપૂર્ણરીતે તાજને વફાદાર રેહેવું પડે છે. અત્યારસુધી બધાં રાજ્યો વાયસરોય નીચે હતાં. પરંતુ ૧૯૩૫ ના કાયદાથી આ રાજ્યો હિંદના ફેડરલ સરકાર સાથે માત્ર ફેડરેશનને સુપ્રત કરેલસત્તા પુરતાંજ જવાબદાર રહેશે, જ્યારે તેમને તાજ સાથેના સંબંધ માટે હિંદીસરકારને કાંઇ લેવા દેવા નહિ રહે. આજસુધી કોઇપણ પાર્લામેન્ટના ઠરાવથી દેશી રાજ્યો ઉપરની સત્તા તાજને સોંપવામાં આવેલ છે તેમ કહેવામાં આવેલ નહતું. પણ ૧૯૩૫ ના કાયદાની બીજી કલમથી પ્રથમવારજ હિંદનો સમસ્ત રાજ્ય વહીવટ તાજને સુપ્રત કરવામાં આવેલ છે.

તાજના પ્રતિનિધિ

૧૯૩૫ ના કાયદા પહેલાં તાજની બધી સત્તા ગવર્નર જનરલ ઇન-કાઉન્સીલ વાપરતા, પરંતુ નવા બંધારણમાં દેશીરાજ્યો ઉપર દેખરેખ રાખવા તાજના પ્રતિનિધિનો જુદો હોદ્દો કરવામાં આવેલ છે, અને સ્થાનિક એજન્ટ ટુ ધી ગવર્નર જનરલને રેસીડેન્ટ કહેવામાં આવે છે. રેસીડેન્ટ નીચે પોલીટીકલ એજન્ટ રહે છે. આમ પોલીટીકલ એજન્ટ, રેસીડેન્ટ, અને હિંદના રાજપ્રકરણી ખાતાદ્વારા તાજના પ્રતિનિધિ દેશીરાજ્યોના તાજ સાથેના સબંધ ઉપર દેખરેખ રાખે છે. આ બાબતમાં હિંદનું રાજપ્રકરણી-ખાતું આમ ઘણીજ લાગવગ અને અસર કરી શકે છે.

હિંદનું રાજપ્રકરણી ખાતું

હિન્દનું રાજપ્રકરણી ખાતું તે મધ્યસ્થ સરકારમાં આવેલ પોલીટીકલ ડીપાર્ટમેન્ટ છે. આ ખાતાની શરૂઆત ૧૮૫૭ થી થાય છે. જ્યારથી વાયસરોયનો હોદ્દો શરૂ કરવામાં આવ્યો તેની સાથે આ કામ કરવા માટે પરદેશ મંત્રીની નિમણુક કરવામાં આવી. વાયસરોયના પરદેશ મંત્રી હિંદના રાજ્યો ઉપર પણ ધ્યાન રાખતા. પરંતુ ૧૯૧૫ પછી લડાઇને અંગે આ કામકાજ વધી પડતાં વાયસરોયને એક રાજ્યમંત્રી political Secretary આપવામાં આવ્યા અને તેની નીચેનું ખાતું હતું તે પોલીટીકલ ડીપાર્ટમેન્ટ તરીકે ઓળખાવા લાગ્યું. આ ખાતાની ઘણીજ અગત્યતા હોવાથી આ ખાતાનું કામકાજ તાજના દેશીરાજ્યોના સંબંધ ઉપર દેખરેખ રાખવાનું રહે છે તથા તાજના સર્વોપરી હક્કો તથા ફરજો અદા કરવાનું પણ રહે છે. આ ખાતું ચલાવવા માટે નક્કી કરેલા નિયમો નથી, પણ એક જાતનો રાજદ્વારી રસમ છે (Political practice) છે. રાજ્યોના ફેડરેશનમાં જોડાવા બાબતના ઉહાપોહથી તથા હાલના સંજોગોથી આ ખાતું ઘણુંજ પ્રસિદ્ધ થતું જાય છે.

પ્રકરણ ૧૨

સમવાયતંત્રની યોજના

સમવાયતંત્રમાં દેશીરાજ્યોની યોજના

૧૯૩૫ ના બંધારણની પાંચમી તથા છઠ્ઠી કલમ પ્રમાણે હિંદમાં સમવાયતંત્રની યોજના ચાલુ કરવામાં આવશે. આ યોજનામાં પ્રાન્તો અને દેશીરાજ્યો સામેલ થાય છે. બીજા દેશોના સમવાયતંત્રમાં સ્વતંત્ર રાજ્યો ભેગાં મળી સમવાયતંત્ર યોજે છે. પરંતુ હિંદમાં આમ નથી. હિંદમાં તો દેશી રાજ્યોની સમવાયતંત્રમાં સામેલ થવાની રીતમાં ઘણા મોટા ફેરફારો છે. પ્રાન્તોને સમવાયતંત્રમાં સામેલ થવું ફરજીયાત છે. પરંતુ રાજ્યોને તેમ નથી. ૧૯૩૫ નો કાયદો પસાર કરવા માત્રથી સમવાયતંત્ર શરૂ થઇ જતું નથી. પ્રાન્તો તો સમવાયતંત્ર શરૂ થાય કે તુરતજ પ્રવેશી ચૂકે છે. પણ રાજ્યોના રાજ્યકર્તાઓને તો સમવાયતંત્રમાં સામેલ થતાં પહેલાં પ્રવેશપત્ર ઉપર સમવાયતંત્રને સુપ્રત કરવામાં આવતી સત્તા તથા પોતાની રાહતો અને હક્કો બાબત લખી આપી બંધાવાનું રહે છે. આમ પ્રાન્તો અને રાજ્યોને સમવાયતંત્રમાં જોડાવાની રીતમાં મહત્વનું અંતર રહે છે, અને બન્ને વચ્ચે સાધારણ સમાનતા પણ રહેતી નથી. પ્રવેશપત્ર જેથી રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય છે તે ભાગીદારીનો દસ્તાવેજ કે જોડાવાનો કરાર નથી, એટલે રાજ્યો સમસ્ત બ્રિટિશહિન્દ સાથે સમાન ભાગીદારો તરીકે જોડાશે.

રાજ્યોને સમવાયતંત્રમાં દાખલ થવું કે કેમ તે રાજ્યકર્તાની મરજી પર છોડવામાં આવેલ છે. પ્રાન્તોને આવી છુટછાટ આપવામાં આવેલ નથી. પ્રાન્તોને તો સમવાયતંત્ર શરૂ થાય એટલે આપ મેળાયે જોડાઇ જવું પડશે. સમવાયતંત્રમાં સામેલ થવાની રીત બાબતમાં પ્રાન્તોને જરાપણ ફેરફાર કરવાનો અખત્યાર નથી. રાજ્યોને પણ એકવાર સમવાયતંત્રમાં દાખલ થયા પછી તેમાંથી છુટા થવાની બારી નથી, માત્ર તેઓ સમવાયતંત્રને સુપ્રત કરેલ સત્તામાં વધારો કરવા પુરતા ફેરફારો કરી શકશે. રાજ્યો અને પ્રાન્તોના સમવાયતંત્રમાં સામેલ થવાની રીતના તફાવત ઉપરાંત બન્નેના રાજ્યતંત્રમાં

પણ ફેરફાર છે. પ્રાન્તોમાં પ્રજાને જવાબદાર એવું ધારામંડળ તથા પ્રધાનમંડળ રહે છે. જ્યારે દેશીરાજ્યોનું રાજતંત્ર રાજસત્તાક છે, જેમાં રાજ્યકર્તા કોઇપણ જાતના ફેરફારો કરી શકે છે. બીજા દેશોમાં સમવાયતંત્રમાં જોડાતા ઘટકોનું રાજતંત્ર સમાન હોય છે, અને આમ એક સરખું હોય તોજ સમવાયતંત્રની યોજના સફળતા પૂર્વક ચાલી શકે છે. હિંદના સમવાયતંત્રમાં આ એક મહાત્વનો મતભેદ છે.

આ ઉપરાંત બીજો મહત્વનો મતભેદ એ છે કે પ્રાન્તોનું કાર્યક્ષેત્ર ૧૯૩૫ ના કાયદાથી નક્કી કરવામાં આવેલ છે, જ્યારે રાજ્યોનું કાર્યક્ષેત્ર પ્રવેશપત્રમાં લખાયેલ શરતો મુજબ નક્કી થશે. સમવાયતંત્રમાં કેવી અને કઇ શરતોથી દાખલ થવું તે રાજકર્તાની મુનસફીની વાત છે. સમવાયતંત્રમાં દાખલ થવામાં અથવા તો સમવાયી ધારામંડળમાં કોણ પ્રતિનિધિઓ મોકલવા તે બાબતમાં દેશીરાજ્યોની પ્રજાને કાંઇ લેવાદેવા નથી. દેશીરાજ્યોની પ્રજાને આ હક્કો ન આપવા સંબંધી જણાવવામાં આવેલ છે કે દેશીરાજ્યમાં હજુસુધી પ્રજાકીયતંત્રના ધોરણે રાજતંત્ર ન હોવાથી પ્રજાવાદતંત્રમાં ત્યાંની પ્રજા કેળવાયેલ નથી. બીજી તરફથી એમ પણ માનવામાં આવે છે કે દેશીરાજ્યોમાંથી જો રાજ્યોના રાજ્યકર્તાને બદલે દેશી રાજ્યના પ્રજાના ચૂંટાએલા પ્રતિનિધિઓ આવે તો પ્રજાતંત્રવાદી પ્રગતિમાન પક્ષની બહુમતિ થવા પામે અને બ્રિટિશહિતો સાચવી રાખવાનો હેતુ નિષ્ફળ જાય. સમવાય તંત્ર વખતે ચાલુ ન થવા પામે તોપણ પ્રાન્તિકતંત્રમાં ૧૯૩૫ ના કાયદા પ્રમાણે ફેરફારો ૧૯૩૭ એપ્રીલની પહેલી તારીખથી થઇ ચૂક્યા છે, અને તેનાં કોઇપણ જાતના ફેરફારો કે સુધારાવધારા ન કરવામાં આવે ત્યાંસુધી તે ચાલુ રહી શકે છે.

સમવાયતંત્રની જાહેરાત

સમવાયતંત્રની જાહેરાત શહેનશાહ તરફથી કરવામાં આવશે. પરંતુ આ જાહેરાત ક્યારે કરવી તે શહેનશાહની મરજીની વાત છે. સમવાયતંત્ર શરૂ કરવા માટે અમુક શરતો પણ કરવામાં આવેલ છે, અને તે એ કે સમવાયતંત્ર શરૂ થયા પહેલાં દેશીરાજ્યોની કુલ વસ્તીની અરધી વસ્તી ધરાવતાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય, અગરતો સમવાયી રાજસભામાં દેશીરાજ્યોને અપાયેલ બેઠકોમાંથી જેટલી બેઠકો ભરાય તેટલાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થવા માટે પ્રવેશપત્ર નક્કી કરી આપવા તૈયાર હોય તોજ સમવાયતંત્રની યોજના ચાલુ કરવા માટે શહેનશાહ તરફથી જાહેરાત કરવામાં

આવશે. સમવાયતંત્રમાં સામેલ થવા માટે જો મોટાં રાજ્યો ના પાડે તો તે ચાલુ કરવું અશક્ય છે. હૈદ્રાબાદ, મ્હૈસુર, ત્રાવણકોર, કાશ્મીર, ગ્વાલીયર, વડોદરા, જોધપુર, પતિયાલા, રેવા, ઉદયપુર, ઇન્દોર, કોચીન, ભાવલપુર, કોલ્હાપુર, બીકાનેર, ભોપાલ, વગેરે જો સામેલ થવા સંમતિ આપે તો પણ તેમની વચ્ચે સમવાયી રાજસભાની જે બેઠકોની વહેંચણ કરવામાં આવેલ છે તેનો સરવાળો ૪૧ જેટલો થાય છે, જ્યારે વસ્તી સંખ્યા પાંચ કરોડ જેટલી થાય છે. આ બધાં રાજ્યો જો સમવાયતંત્રમાં સામેલ થવા ના પાડે તો જરૂર સમવાયતંત્ર શરૂ થવું મુશ્કેલ, પરંતુ આમાંથી હૈદ્રાબાદ, મ્હૈસુર કે ત્રાવણકોર જેવા મોટાં વસ્તી-પ્રમાણવાળાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થવા સંમતિ દર્શાવે તો બીજા મોટાં રાજ્યો જે સમવાયતંત્રની વિરૂદ્ધ હોય તેનું બહુ ચાલે નહિ. હાલના સંજોગોમાં આ મોટાં રાજ્યોમાં પણ પ્રવેશપત્રના નવા મુસદ્દા માટે ખૂબજ અસંતોષ થયો છે. ઘણા ખરા મોટા રાજ્યોમાં યુરોપીય દીવાનો અથવા કાઉન્સીલ તંત્ર છે, એટલે ત્યાંથી સમવાયતંત્ર સામે સખ્ત વિરોધ આવે તે બહુ સંભવિત નથી.

સમવાયતંત્ર ક્યારે શરૂ થાય

સમવાયતંત્ર ક્યારે શરૂ કરવું તે બાબતમાં ૧૯૩૫ના કાયદામાં સમયની હદ જણાવેલ નથી, તેમજ સમવાયતંત્ર શરૂ કરવું અશક્ય બને તો શું કરવું તેમ પણ ક્યાંય જણાવવામાં આવેલ નથી, જ્યાં સુધી દેશી રાજ્યો ન જોડાય ત્યાં સુધી માત્ર બ્રિટિશ હિન્દના પ્રાન્તોનું જ સમવાયતંત્ર ચાલુ કરવું તેમ પણ ક્યાંય જણાવવામાં આવેલ નથી, તેમજ રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવા માટે ક્યાં સુધી વિચાર કરવો તેનો સમય પણ નક્કી થયેલ નથી. ૧૯૩૫માં હિંદી કાયદો પસાર થાય, અને ૧૯૩૯ સુધી મધ્યસ્થતંત્ર જુના કાયદા પ્રમાણે ચાલે તે હવે જરૂર હાસ્યાસ્પદ થઇ પડેલ છે. રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થવા ના પાડે, અગર તો યોગ્ય સમયમાં જરૂરી સંખ્યાના રાજ્યો પ્રવેશપત્ર નક્કી કરી આપે નહિ, અગર તો તેમ કરવા માટે રાજ્યો અશક્ય શરતોની માગણી કરે તો સમવાયતંત્ર ક્યારે ચાલુ થાય, અગર ચાલુ થાય કે કેમ તે કહેવું જરૂર મુશ્કેલ છે.

શહેનશાહ તરફથી સમવાયતંત્ર ચાલુ કરવા માટે જાહેર કરવામાં આવે તે પહેલાં પાર્લામેન્ટ તરફથી શહેનશાહને એક નિવેદન રજુ કરવામાં આવશે અને પછી સમવાયતંત્રની જાહેરાત થઇ શકશે. આમ હિંદનું સમવાયતંત્ર શરૂ કરવામાં પાર્લામેન્ટને પણ નિવેદન રજુ કરવાનો હક્ક આપવામાં આવેલ છે.

વખતે પ્રાન્તિકતંત્રમાં મુશ્કેલી આવે અગર તો પાર્લામેન્ટના સભ્યોમાં આંતરિક પક્ષભેદને લઇને આવું નિવેદન રજુ કરવા મુશ્કેલી ઉભી થાય, પણુ હિન્દ બાબતમાં પાર્લામેન્ટમાં પક્ષાપક્ષી થવાનો સંભવ ઘણોજ ઓછો છે.

સમવાયતંત્ર એક અવિભાજ્ય સંયોગ

૧૯૩૫ ના કાયદા હેઠળ સમવાયતંત્રમાં રાજ્યો અને પ્રાન્તોનું થતું જોડાણુ એ કાયમી સંયોગ છે. તેમાં ફેરફારો કરવા માટે હિન્દને અધિકાર નથી. રાજ્યોને જોડાવું મરજીયાત છે, પણુ એકવાર તે જોડાયા પછી બહાર નીકળવા માટે કે સમવાયતંત્રમાંથી છુટા થવા માટે જરા પણુ પ્રબંધ નથી. વખતે આખુંય બંધારણુ કટોકટીના સમયે મોકૂફ રાખવું પડે તો પણુ રાજ્યો અને પ્રાન્તોનું જોડાણુ તો કાયમીજ રહે છે. રાજ્યોએ સમવાયતંત્રમાં દાખલ થયા પછી છુટા થવા માટે ગોળમેજી પરિષદમાં માગણી કરેલ, પણુ જોઇન્ટ પાર્લામેન્ટરી કમિટિએ તે માગણીનો અસ્વિકાર કર્યો છે, એટલે રાજ્યો અને પ્રાન્તોનું જોડાણુ કાયમી અને અવિભાજ્ય છે. આ કાયમી જોડાણુથી પોતાની આંતરિક સ્વતંત્રતાને ભવિષ્યમાં ઘણોજ ધક્કો પહોંચશે તેવો ભય આજે ઘણાં રાજ્યો સેવી રહ્યાં છે. ખરી રીતે રાજ્યોની આંતરિક સ્વતંત્રતા ઉપર આ કાયમી જોડાણુથી જરૂર ભવિષ્યમાં કાપ તો આવવાનોજ. ૧૯૩૫ ના કાયદામાં આમુખ (Preamble) નો અભાવ હોવાથી રાજ્યોનું જોડાણુ શા માટે કરવામાં આવે છે તેનો સ્પષ્ટ હેતુ જણાવવામાં આવેલ નથી, પણુ આ હેતુ હિન્દી હિન્દ અને બ્રિટીશ હિન્દનું જોડાણુ કરવાનો હોય તેમ કલ્પી શકાય. આ એકત્ર કરવાની નીતિ એકવાર અમલમાં આવ્યા પછી તેમાંથી કોઇને છુટા પડવાનો અધિકાર નથી.

પ્રવેશપત્ર

દેશી રાજ્યો સમવાયતંત્રમાં મરજીયાત રીતે દાખલ થતાં હોવાથી કઇ શરતે સામેલ થાય છે, કેટલી સત્તા સમવાયતંત્રને સુપ્રત કરે છે, શું હક્કો અને રાહતોની તેઓ માગણી કરે છે તે બધાની વિગત જે પત્રમાં લખી આપવી પડશે તે પત્રને પ્રવેશપત્ર (Instrument of Accession) કહેવામાં આવે છે. આ પ્રવેશપત્ર કેવી રીતે અને કોણુ કરી શકશે તેની વિગત ૧૯૩૫ના કાયદાની કલમ ૬ માં આપવામાં આવેલ છે, જેમાં દેશી રાજ્યના રાજ્યકર્તાએ કરી આપવાના પ્રવેશપત્ર બાબતનો ઉલ્લેખ કરવામાં આવેલ છે, દેશી રાજ્યના રાજ્યકર્તા આ પ્રવેશપત્ર પોતાને માટે તથા તેના વંશવારસો માટે કરી આપશે. દેશીરાજ્યના રાજ્યકર્તા એટલે કોણુ

તેની વ્યાખ્યા ૧૯૩૫ના કાયદાની ૩૧૧ મી કલમમાં આપવામાં આવેલ છે, જેમાં જણાવવામાં આવેલ છે કે "પ્રીન્સ, ચીફ, કે કોઇ બીજો માણસ જેને શહેનશાહે રાજ્યકર્તા તરીકે માન્ય કરેલ હશે તે રાજ્યકર્તા કહેવાશે." આ પ્રવેશપત્ર કરી આપવાનો હક્ક માત્ર દેશી રાજ્યના રાજ્યકર્તાઓનેજ આપવામાં આવેલ છે. આ બાબતમાં દેશી રાજ્યની પ્રજાને શા માટે કાંઈ હક્ક અપાયેલ નથી તેનાં કારણો જાણીતાં છે. આ કારણોમાં એમ કહેવામાં આવે છે કે જેમ પ્રાન્તો એ સ્વતંત્ર ઘટકો છે તેમ દેશી રાજ્યો પણ આંતરિક રીતે સ્વતંત્ર ઘટકો છે; જ્યારે ફેર માત્ર એટલોજ કે પ્રાન્તોમાં આંતરિક સ્વતંત્રતા પ્રજા ભોગવે છે, અને રાજ્યોમાં આ સ્વતંત્રતા રાજ્યકર્તા ભોગવે છે.

આ પ્રવેશપત્રો રાજ્યકર્તાઓએ રાજ્યનાં બધાં તત્વોને અનુસરીનેજ કરી આપવાં પડશે. રાજ્યકર્તા વતી રીજન્સી કાઉન્સીલના પ્રેસીડન્ટ, એડમીનીસ્ટ્રેટર, કે બીજા કોઈ અધિકારીને રાજ્યકર્તાની સગીર અવસ્થાને લઇને કે બીજા કોઈ કારણસર પ્રવેશપત્ર કરવાનો અધિકાર નથી. વાસ્તવિક રીતે અને કાયદેસર રીતે આ પ્રવેશપત્ર કરવાનો હક્ક રાજ્યકર્તા પોતાનોજ છે. એટલે જ્યાં સુધી રાજ્યકર્તા કાયદેસર રીતે કાંઇ પણ કરાર કરવાની શક્તિ ધરાવતા ન હોય ત્યાં સુધી તેના વતી કોઇ પણ પ્રવેશપત્ર કરી શકશે નહિ. આ પ્રવેશપત્રો રાજ્યોને સ્વતંત્ર કે જુથમાં પ્રતિનિધિત્વ મળેલ છે તેમને વ્યક્તિગત રીતે આપવામાં આવશે. પરંતુ ૧૯૩૫ના કાયદાના પત્ર પહેલાના ૧૭ મા વિભાગમાં જે રાજ્યોનાં નામ આવેલ નથી તેવાં રાજ્યોને તથા સમવાયતંત્રમાં સામેલ થનાર નાના તાલુકદારો અને જાગીરદારોને વ્યક્તિગત રીતે જુદાં પ્રવેશપત્રો આપવામાં આવશે કે સંયુક્ત રીતે તે હજુ નક્કી થયેલ નથી.

પ્રવેશપત્રનાં તત્વો

પ્રવેશપત્રમાં રાજ્યો તરફથી સમવાયી ધારાસભાને અમુક બાબતોમાં કાયદા ઘડવાની સત્તા સુપ્રત કરવાનો ઉલ્લેખ કરવામાં આવશે, એમાં આ સત્તાના પ્રમાણમાં સમવાયી કારોબારીની સત્તાની કેટલી મર્યાદા રહેશે તે પણ રહેશે. આ ઉપરાંત રાજ્યો કેટલાક પોતાના હક્કો તથા શરતો માટે પણ ઉલ્લેખ કરી શકશે. સમવાયતંત્રને સુપ્રત કરેલ સત્તા સિવાયની તમામ બાબતોમાં દેશી રાજ્યનો સંબંધ તાજ સાથે સીધો રહેશે, અને આ સંબંધ અને સાર્વભૌમ તરીકેની સત્તા તાજના પ્રતિનિધિ દ્વારા અમલમાં રહેશે.

(૧) જ્યારે રાજ્યકર્તા પ્રવેશપત્ર કરશે ત્યારે તેને જાહેર કરવું પડશે કે પોતે ૧૯૩૫ના કાયદાથી સ્થાપિત થયેલ સમવાયતંત્રમાં પ્રવેશ કરે છે. કલમ ૬ (૫) થી પાર્લામેન્ટ આ બંધારણમાં પત્ર બીજામાં જણાવ્યા મુજબ ફેરફારો કરી શકશે. પણ આ ફેરફારોથી સમવાયતંત્રમાં સામેલ થયેલાં રાજ્યોને કાંઈ હરકત આવશે નહિ, અને આથી ફેરફારો કરવાનો હક્ક પણ રહેશે નહિ. આવી જાતની શરત બધા પ્રવેશપત્રમાં રાખવામાં આવશે, અને આથી કરીને રાજ્યોને તેમાંથી છુટા થવાનો હક્ક રહેશે નહિ. દેશભરમાં કટોકટી ઉભી થવા પામે અને તેથી કરીને ગવર્નર જનરલ બંધારણ આટોપી લઇને બધી સત્તા પોતા પાસે રાખે તોપણ તે સામે વિરોધ કરવાનો, અગર તો સમવાયતંત્રમાં છુટા થવાનો હક્ક રાજ્યોને રહેશે નહિ; એટલુંજ નહિ પણ બંધારણની કલમ ૪૫ પ્રમાણે જાહેરાતો (Proclamations) થી ત્રણ વર્ષ સુધી ચાલી શકે તેવા તંત્રમાં તથા ૧૯૩૫ના બંધારણ પ્રમાણે સ્થાપિત કરવામાં આવેલ તંત્રમાં ઘણો ફેરફાર થવા પામે તો પણ તે સામે દેશી રાજ્યોને કાંઈ પણ કહેવાનો કે કરવાનો અખત્યાર રહેશે નહિ.

(૨) રાજ્યો ઉપરની સમવાયતંત્રની સત્તા પ્રવેશપત્રમાં નક્કી કરેલ શરતો પ્રમાણે ભોગવવામાં આવશે. પરંતુ આ શરતોની મર્યાદાથી સમવાયતંત્રની મૂળ સત્તામાં કોઈપણ જાતનો ફેરફાર થવા પામશે નહિ. દાખલા તરીકે સમવાયતંત્રની ન્યાય તથા નાણા પ્રકરણી બાબતમાં સમવાયી ધારાસભાને આખાય સમવાયતંત્ર માટે ધારાઓ ઘડવાનો અધિકાર છે. આ સત્તાની ભવિષ્યમાં રાજ્યો ઉપર શું અસર થવા પામશે તે હાલ કહેવું મુશ્કેલ છે. રાજ્યો તો એકવાર સમવાયતંત્રમાં દાખલ થયાં એટલે સમવાયી સત્તાના અમલનો જરા પણ અવરોધ કરી શકશે નહિ, અગર તો તેના પર મર્યાદા મુકી શકશે નહિ. સમવાયી કાયદાનો અમલ કરવા માટે સમવાયી કારોબારી સત્તા એટલી વિશાળ રહેશે કે રાજ્યોની આંતરિક કારોબારી સત્તાને પણ તેની અસર થયા વિના રહે નહિ. સમવાયી કારોબારી સત્તાના રાજ્ય બહારના કાર્યપ્રદેશથી રાજ્યની આંતરિક કારોબારી સત્તા ઉપર અસર થવા સંભવ હોય તો પણ પ્રવેશપત્રમાં તે સત્તા ઉપર અંકુશ મુકતી કોઈપણ શરત દાખલ થઇ શકશે નહિ.

(૩) રાજ્યોએ સમવાયતંત્રને જેટલી સત્તા સુપ્રત કરી હોય તેટલી સત્તાના સંપૂર્ણ અમલ માટે પ્રવેશપત્રમાં બાંહેધરી આપવી પડશે. રાજ્યે પોતાની કારોબારી સત્તા એવી રીતે વાપરવાની છે કે જેથી કરીને રાજ્યને લાગુ પડતા સમવાયી કાયદાનું બરાબર પાલન થઈ શકે. સમવાયતંત્રને સુપ્રત કરેલ

કોઇપણ બાબતમાં રાજ્યના અને સમવાયી કાયદાઓ વચ્ચે મેળ થતો નહોય, અગરતો બન્ને વચ્ચે અસંગતિ ઉભી થવા પામતી હોય તો ત્યાં સમવાયી કાયદોજ લાગુ પડશે.

(૪) બંધારણની કલમ ૬ (ક) પ્રમાણે રાજ્યો સમવાયતંત્રને કેટલી સત્તા સુપ્રત કરે છે તે બાબત ઉપરાંત સમવાયતંત્રને કેટલી મર્યાદામાં રહીને આ સત્તા ભોગવવાની છે તે તેમણે પ્રવેશપત્રમાં જણાવવી પડશે. સમવાયતંત્રને કેટલી સત્તા સુપ્રત કરવાની છે તે રાજ્યકર્તાની મરજીની વાત છે. પણ આથી કરીને સમવાયતંત્રની સત્તા ઉપર ઘણીજ મર્યદાઓ અને અંકુશો આવે, કે જેથી સમવાયતંત્રમાં રાજ્યોનો જોડાવાનો હેતુ નિષ્ફળ નીવડે તેમ હોય તો આવું પ્રવેશપત્ર શહેનશાહ તરફથી સ્વીકારવામાં નહિ આવે. કેટલી હદ સુધી આવી જાતની મર્યાદાઓ સ્વીકારવામાં આવશે, અગરતો સ્વીકાર્યા પછી તેને કેટલીક હદ સુધી તેના અમલ માટે કાયદેસર ગણવી, અને જે ઇરાદાથી આ મર્યાદાઓ રાજ્યકર્તાએ દાખલ કરી હશે તે કેટલી હદસુધી પાર પડશે તે હાલ કહેવું અશક્ય છે.

(૫) કોઇપણ રાજ્યકર્તા મૂળ પ્રવેશપત્રમાં પૂરવણી પ્રવેશપત્રથી ફેરફારો કરી શકશે. પરંતુ આ ફેરફારોથી સમવાયતંત્રને સુપ્રત કરવામાં આવેલ હોય તે સત્તામાં વધારો થઇ શકે, પણ કદાપી ઘટાડો થઇ શકશે નહિ. કોઇ વખત રાજ્યકર્તાની સગીર અવસ્થા અથવા બીજા કોઇપણ કારણસર સમવાયતંત્રની સત્તામાં વધારો કરવામાં આવે તો આ વધારો કાયમી થઇ જશે. આ રીતે જોતાં રાજ્યોને પ્રાન્તો કરતાં વધુ સહન કરવાનું રહે છે, કારણ કે પ્રાન્તો ઉપરની સમવાયતંત્રની સત્તાની મર્યાદા ૧૯૩૫ ના કાયદાથી નિયત થાય છે, પણ રાજ્યોને આ સત્તામાં વધારો કરવા માટેજ ફેરફારો કરવાના હક્ક આપવામાં આવેલ છે.

(૬) દરેક પ્રવેશપત્ર સ્વીકારવાને શહેનશાહ બંધાયેલ નથી. પ્રવેશપત્ર સમવાયતંત્રની યોજનાને સામાન્યરીતે અનુકૂળ હશે તોજ તેનો સ્વીકાર કરવામાં આવશે, અને સ્વીકાર કરતી વખતે કઇ કઇ બાબતોમાં શું શરતો સાથે રાજ્ય સમવાયતંત્રને સત્તા સુપ્રત કરે છે તે ઉપર બરાબર લક્ષ આપવામાં આવશે. જ્યાંસુધી શહેનશાહે આ પ્રવેશપત્ર સ્વીકાર્યું નહિ હોય ત્યાંસુધી પ્રવેશપત્ર કરી આપનાર રાજ્યકર્તાનું રાજ્ય સમવાયતંત્રમાં સામેલ થયું નહિ ગણાય. દરેક રાજ્યોને જુદા જુદા કરારો અને સંધિઓને અંગે જુદા જુદા હક્કો હોવાથી તે બધા અબાધિત રાખી સમવાયતંત્રમાં

સામેલ થવાની ઇચ્છા હોય તે સ્વભાવિક છે, પરંતુ ૧૯૩૫ ના કાયદામાં આ બધાં રાજ્યોના પ્રવેશપત્રો અમુક અંશે તો એક સરખા રહેવાજ જોઇએ તેમ સ્પષ્ટ કહેવામાં આવેલ છે. આમ થવું ઘણુંજ મુસ્કેલ છે, કારણ કે દરેક રાજ્યોની આંતરિક પરિસ્થિતિ જુદીજુદી રહે છે. કેટલાંક બંદરી રાજ્યોના હક્કો બીજાં બીનબંદરી રાજ્યોના કરતાં જુદાજ હોય છે, એટલે આ જુદા જુદા હિતવાળાં રાજ્યો માટે એક સરખાં પ્રવેશપત્રો કરવાં તે જરૂર કઠીન છે, અને આવી રીતે એક ધોરણે કરેલ પ્રવેશપત્રો પ્રમાણે સમવાયતંત્ર ચાલુ થયા પછી સમવાયી સત્તાના અમલ માટે જુદાં જુદાં રાજ્યને જરૂર અનેક પ્રકારની જુદી જુદી મુસ્કેલીઓ ઉભી થવાની.

(૭) ૧૯૩૫ ના કાયદામાં પત્ર બીજા (Schedule II) માં જણાવેલ બાબતોમાં પાર્લામેન્ટ હિન્દના સમવાયતંત્રના બંધારણમાં ફેરફારો કરી શકશે, અને આથી કરીને રાજ્યોના સમવાતંત્રમાંના જોડાણને કશી અસર થશે નહિ. પરંતુ આવા ફેરફારો બહુધા બ્રિટિશહિન્દને લગતા છે, એટલે દેશીરાજ્યોને ખાસ હરકત આવશે નહિ. છતાં પણ જ્યારે આવા ફેરફારોથી સમસ્ત બ્રિટિશહિન્દ ઉપર અસર થતી હોય તો પછી તે અસર રાજ્યોમાં પણ થયા વિના રહે નહી. આવી જાતની પાર્લામેન્ટની સત્તાથી એક મોટી અસમાનતા ઉભી થવાનો ભય એ રહે છે કે પાર્લામેન્ટ તરફથી આ સત્તાને રૂએ બ્રિટિશહિન્દમાં ફેરફારો થયા કરે, જ્યારે દેશીરાજ્યોમાં આવા ફેરફારો કરવા પાર્લામેન્ટને હરકત રહેશે નહિ. જેથી સમવાયતંત્રના બે ભાગીદારો વચ્ચે કાયમી ઘર્ષણ અને અસમાનતા રહેવાનો સંભવ છે.

(૮) સમવાયતંત્રની શહેનશાહ તરફથી જાહેરાત થાય કે તુરત જ બધાં રાજ્યોને જોડાવું તેવું નથી. જે રાજ્યો શરૂઆતમાં સમવાયતંત્રમાં સામેલ ન થયેલ હોય તેવાં રાજ્યો સમવાયતંત્ર શરૂ થયા પછી ૨૦ વર્ષ સુધીમાં પ્રવેશ કરી શકશે. વીસ વર્ષ બાદ તે રાજ્યોને સમવાયતંત્રમાં દાખલ થવા દેવામાં નહિ આવે, સમવાયતંત્ર શરૂ થયા પછી સામેલ ન થયેલ હોય તેવાં રાજ્યો સામેલ થવા માટે ગવર્નર જનરલને વિનંતિ કરે અને ગવર્નર જનરલ તે વિનંતિ શહેનશાહ પાસે રજુ કરે, અને જો શહેનશાહ તે મંજૂર કરે તો જ તે રાજ્યો સમવાયતંત્રમાં પ્રવેશ કરી શકે. વીસ વર્ષ દરમ્યાન કોઇ પણ રાજ્યને દાખલ થવું હશે તો તેવી જાતનું નિવેદન સમવાયી ધારાસભાઓ સમક્ષ રજુ કરવું પડશે, અને ધારાસભાઓ મંજૂર કર્યા બાદ તે નિવેદન શહેનશાહ પાસે રજુ થશે, અને શહેનશાહ તે નિવેદન મંજૂર રાખશે તો જ તે રાજ્યને સમવાયતંત્રમાં પ્રવેશ કરવા દેવામાં આવશે.

પ્રવેશ પત્રનો મુસદ્દો

સરકાર તરફથી રાજ્યોને કરવાના પ્રવેશપત્રોનો એક મુસદ્દો પણ કરી આપવામાં આવેલ છે. શરૂઆતમાં કરી આપેલ મુસદ્દા માટે રાજ્યો તરફથી તીવ્ર અસંતોષ બતાવવામાં આવેલ છે. સામેલ થવાના કારણમાં હિંદના હિત અને ભલા માટે આ રાજ્યોનું સમવાયતંત્રમાં જોડાણ કરવામાં આવે છે તેમ જણાવવામાં આવેલ છે. રાજ્યો તરફથી આવી જાતના કારણો દર્શાવવા વાંધો લેવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યે સુપ્રત કરેલ સત્તા અને સમવાયતંત્રની કાયદા ઘડવાની તથા કારોબારી સત્તાનો સ્પષ્ટ ઉલ્લેખ થવો જોઈએ તેમ રાજ્ય તરફથી કહેવામાં આવેલ છે. ૧૨ માર્ચ ૧૯૩૯ ના રોજ દિલ્હીમાં ભરાયેલ નરેન્દ્રમંડળની બેઠકમાં પ્રવેશપત્રના સુધારાવધારાવાળા મુત્સદ્દાનું નિરૂપણ કરવાનું કાર્ય હૈદરી કમિટિને સુપ્રત કરવામાં આવેલ છે. આ કમિટિના ગુણદોષના અવલોકન બાદ રાજ્યો તરફથી સમવાયતંત્રમાં સામેલ થવું કે કેમ તેનો સ્પષ્ટ વિચાર કરવામાં આવેલ છે.

ગવર્નર જનરલ પાસે સમવાયતંત્રના વડા તરીકે અને તાજના પ્રતિનિધિ તરીકેની બેવડી સત્તા હોવાથી આ બાબતોમાં રાજ્યમાં પોતે સુપ્રત કરેલ સત્તાથી તેમની આંતરિક સ્વતંત્રતા ઉપર કેટલો કાપ આવવા સંભવ છે તે જાણવા ઉત્સુક બને તે સ્વાભાવિક છે. નરેન્દ્રમંડળ તરફથી સમવાય તંત્રમાં સામેલ થતાં પહેલાં અમુક સલામતિઓની માગણી કરેલ છે, જેમાં એજન્સીમાં રહેતા રેસીડન્ટને માત્ર વાયસરોયના પ્રતિનિધિ તરીકે રાખવા માટે સૂચનાઓ કરવામાં આવેલ છે. આજ પ્રમાણે ફેડરલ કોર્ટને રાજ્યોની શરતોનો અમલ કરવાની સત્તા રાજ્યો આપવા માગતાં નથી.

પ્રવેશપત્રમાં રાખવામાં આવેલ સલામતીઓ, શરતો વગેરે

પ્રવેશપત્રમાં જે શરતો, મર્યાદાઓ, અંકુશો, અને સાવચેતીઓ રાખવાની છે, તે સમવાયી ધારાસભાની દેશી રાજ્યો માટે કાયદા ઘડવાની સત્તા પરત્વે રહેશે. સાધારણ રીતે આ પ્રવેશપત્રથી રાજ્યોની આંતરિક સ્વતંત્રતાને તથા સર્વોપરીસત્તાની સાથેની સંધિઓને તથા જકાત, શણ તથા કોઈપણ જાતના કાયદા ઘડવાની કે વહીવટી કે કારોબારી સત્તાને કોઈપણ જાતની હરકત ન આવે તેવી રીતે રાજ્યો સમવાયતંત્રમાં જોડાવા માગે તે સ્વાભાવિક છે. દરેક રાજ્યોની જુદી જુદી ભૌગોલિક તથા આર્થિક સ્થિતિ તથા જુદા જુદા પ્રકારની સંધિઓ અને કરારોને અંગે પ્રવેશપત્રની વ્યક્તિગત બાબતોમાં ફેરફાર રહેશે તે બરાબર છે. પણ આમ જે રાજ્યો હાલ તુરતમાં સામેલ નથાય

તેમને ૨૦ વર્ષ સુધી રાહ જોવાની તક મળે છે. આ વર્ષો દરમ્યાન રાજ્યોને એમ જણાય કે સમવાયતંત્રમાં સામેલ થવામાં હરકત નથી તોજ તેઓ દાખલ થશે.

જ્યારે પ્રવેશપત્રો શહેનશાહ તરફથી મંજૂર થશે એટલે દરેક પ્રવેશપત્રને દરેક કોર્ટ કાયદેસર રીતે મંજૂર રાખશે. દેશીરાજ્યો અને સમવાયતંત્રના જોડાણની શરતોનો ફેડરલ કોર્ટ અર્થ કરી શકશે, અને ફેડરલ કોર્ટના તે બાબતના ચુકાદા પ્રમાણે તે શરતોનો અમલ સમવાયી કારોબારી કરશે. આમ થવાથી સમવાયતંત્રને સુપ્રત કરવામાં આવેલ સત્તા પુરતી હિંદના રાજપ્રકરણી ખાતાની ડખલગીરી રાજ્યોમાં ઓછી થશે, પણ આમ થતાં રાજ્યોને બહુ ફાયદો થવા સંભવ નથી, કારણ કે આવી બાબતો જ્યારે ફેડરલ કોર્ટમાં જશે ત્યારે રાજ્યોની સ્થિતિ એક બ્રિટિશ હિંદના પ્રજાજન જેવી રહેશે.

વિવેચન

કાયદાની દ્રષ્ટિએ આ પ્રવેશપત્ર તપાસતાં માલુમ પડે છે કે આ પ્રવેશ-પત્ર તે સર્વોપરી સત્તા અને સમાન સામ્રાજ્ય ભોગવતાં રાજ્યો વચ્ચેની સંધિ નથી. આંતરરાષ્ટ્રીય રાજકારણ પ્રમાણે દેશી રાજ્યો એ સ્વતંત્ર રાજ્યો નથી, પણ બ્રિટિશ સાર્વભૌમસત્તાનાં રક્ષિત રાજ્યો છે. આંતરાષ્ટ્રીય દષ્ટિએ નિઝામ રાજ્ય કરતાં કેનેડાના સંસ્થાન વધુ સ્વતંત્ર સત્તાઓ ભોગવે છે. ૧૯૧૭થી જો કે રાષ્ટ્રસંઘમાં હિંદને સ્થાન મળેલ છે, અને તેમાં રાજ્યો તથા બ્રિટિશ હિંદના પ્રતિનિધિઓને જુદી જુદી બેઠકો આપવામાં આવેલ છે, પણ તેથી કરીને બ્રિટિશહિન્દની પરતંત્ર સ્થિતિ અને દેશી રાજ્યો એ સર્વોપરિ સત્તાનાં રક્ષિત રાજ્યો મટી જતાં નથી. પ્રવેશપત્ર એ સર્વોપરી સત્તા સાથેની સંધિ નથી, પરંતુ સમવાયતંત્રમાં અમુક શરતો અને મર્યાદા પ્રમાણે સામેલ થવાની અરજી છે, અને તે અરજી શહેનશાહ સર્વોપરીસત્તા તરીકે મંજૂર કરી સ્વીકારી શકે છે. આમ પ્રવેશપત્ર સંધિ ન હોવાને કારણે રાજ્યોને કાંઈ ખોવાપણું રહેતું નથી, કારણ કે સંધિ હોય તો સાર્વભૌમસત્તાના સંબંધનો અર્થ અને સમજૂતી કરવાનો અધિકાર યોગ્ય કોર્ટને પણ ન રહે અને તેનો અર્થ બ્રિટિશ સરકાર ઠીક પડે તેમ કરી શકે.

જેમ પ્રવેશપત્ર સંધિ નથી, તેમ બરાબર તપાસશું તો કરાર પણ નથી કારણ કે આ પ્રવેશપત્રનું ખરાપણું તપાસવાનો કોર્ટોને અધિકાર નથી. કોર્ટો તો માત્ર તેનો અર્થ અને સમજૂતી જ કરે છે, એટલે પ્રવેશપત્ર સંધિથી કાંઇક

નીચે અને કરારથી કાંઇક ઉપરના દરજ્જાનો કાયદેસર દસ્તાવેજ છે, જેનાં તત્વો અને અર્થ પાર્લામેન્ટના કાયદાથી નિયત થયેલ છે.

સાધારણ રીતે પ્રવેશપત્રની મુખ્ય બાબતો બધામાં એક સરખીજ રહેશે. બધાં રાજ્યોનાં પ્રવેશપત્રો સામાન્ય રીતે એક સરખા ધોરણે સમાન હોવાં જોઇએ. પણ આ વસ્તુ રાજ્યોની ઉપર જણાવી જુદી જુદી સ્થિતિ જોતાં મહાન મુશ્કેલી ઉભી કરે તેવો સંભવ છે.

પ્રવેશપત્રની વ્યક્તિગત બાબતો

પ્રવેશપત્રની વ્યક્તિગત બાબતોમાં ખાસ કરીને (૧) જકાત, દાણ, આવ-કવેરાનો વધારો, કોરપોરેશન ટેક્સ તથા બીજી નાણા પ્રકરણીય બાબતો, (૨) રેલ્વે, પાણી પુરૂં પાડવાના સાધનો, બ્રોડકાસ્ટીંગ તથા સમવાયતંત્ર માટે જમીન લેવા વગેરેની વહીવટી બાબતો, (૩) અને સાધારણ નીતિ માટે કાયદા ઘડવાની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) નાણા પ્રકરણી બાબતોમાં સમવાયતંત્રમાં જોડાયા પહેલાંના સમવાયી સરકારના જાહેર દેવાં, પેન્શન ચાર્જ, અને રક્ષણના ખર્ચ બાબતમાં રાજ્યોનો ફાળો તથા વરાડ કેવી રીતે ફોળાવવાં તે એક મુંઝવણની બાબત છે. જો આ ખર્ચાઓ બાબત રાજ્યોને ભાગ આપવો પડે તો તે ભાગ પુરતાં રાજ્યોને વધારાના આવકનાં સાધનો આપવાં પડે, અને સમવાયતંત્રની યોજનામાં જે જકાત અને દાણની આવકનાં સાધનો સમવાયી સરકાર પોતા માટે લઇ લેવા માગે છે તેવી યોજનામાં દેશી રાજ્યો સામેલ થતાં જરૂર અચકાય તે સ્વાભાવિક છે. જે રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થશે તેની ખંડણી માફ કરવામાં આવશે. તે ઉપરાંત તાર, ટપાલ, મીઠું, પેટ્રોલ વગેરેમાંથી પણ રાજ્યોને આવક મળશે. દેશીરાજ્યોને આપવામાં આવવાની રાહતો તથા આવકનો વરાડ હજુ સુધી રાજ્યોને સામેલ થવા માટે બહુ આકર્ષક નિવડયો હોય તેમ જણાતું નથી.

(૨) રાજ્યની વહીવટી બાબતોમાં જે ગુંચવણો ઉભી થવા પામે તેનો અત્યારે ખ્યાલ ન આવે, પણ સમવાયતંત્ર ચાલુ થયેજ તેની ખબર પડે. રાજ્યની વહીવટી બાબતોની મુશ્કેલી દરેક રાજ્યની સંધિ તથા કરારો પ્રમાણે જુદી જુદી જાતની રહેશે.

(૩) કાયદા ઘડવા બાબતમાં રાજ્યોએ જે વાંધાઓ ઉઠાવેલ છે તે અત્યારે બહુ મોટા નથી, પણ સમવાયતંત્ર ચાલુ થયે તે કયારે મોટું સ્વરૂપ પકડે તે કહેવાય નહિ.

રાજ્યોએ સમવાયતંત્રમાં સામેલ થવા માટે જે માગણીઓ કરેલ છે તેનું અંતે શું પરિણામ આવશે તે હાલ કહેવું મુશ્કેલ છે. રાજ્યોનો જે સમવાયતંત્રમાં જોડાવા માટે પ્રથમ ગોળમેજી વખતનો ઉત્સાહ હતો તે ઓગળી જવા પામેલ છે. રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવાથી શું શું ગેરફાયદાઓ છે તેનું પુરેપુરૂં ભાન થતું જાય છે. રાજ્યોએ પોતાની આંતરિક સ્વતંત્રા છે તેમની તેમ જાળવી રાખવા માટે ૧૯૩૫ નો કાયદો આવતા પહેલાંની કરેલી સૂચનાઓ તથા પ્રયત્નો અફળ ગયા છે. આજે રાજ્યોને પ્રવેશપત્ર તથા તેમાં રાખવામાં આવેલ મર્યાદાઓ તથા અંકુશો માટે શંકા થયેલ છે. આજે રાજ્યોને આપવામાં આવેલ સુધારાવધારાવાળો પ્રવેશપત્રનો નવો મુત્સદ્દો પણ સંતોષી શકતો નથી. આજે બધાં રાજ્યોએ સંયુક્ત રીતે સમવાયતંત્રમાં સામેલ થવાથી થતા ગેરફાયદાઓ ઉપર ગંભીર વિચારણા ચલાવેલ છે. ઉપરાંત બ્રિટિશ હિન્દ તરફથી તો સમવાયતંત્ર સામેનો વિરોધ ચાલુ ઉભો છે. આ બધા સંજોગોમાં હિંદીવજીર ૧૯૩૫ ના કાયદામાં યોગ્ય સુધારા કરવા માટે નવું બીલ પાર્લામેન્ટમાં લાવેલ છે. સમવાયતંત્ર ચાલુ કરવા માટે પ્રથમ રાજ્યોના સહકારની આવશ્યકતા છે. તે સહકાર મેળવવા સરકાર જો સફળ નિવડે તોજ સમવાયતંત્રના આગમન માટે કાંઈક આશા રહે.

નરેન્દ્રમંડળ તરફથી ૧૯૩૫ ના ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા એકટમાં સમાવેશ કરવા માટે રજુ થયેલી સલામતીઓની નોંધ

(અ) જરૂરી સલામતીઓ

(૧) રાજ્યોની આંતરિક સર્વોપરીસત્તા તથા સ્વાતંત્ર્યને સંપૂર્ણ માન આપવામાં આવશે તેમજ તેની ખાત્રી આપવામાં આવશે અને રાજ્યના આંતરવહીવટમાં સીધી કે આડકતરી દરમ્યાનગીરી કરવામાં આવશે નહિ,

(૨) સમવાયતંત્રતના એક ઘટકને બીજા ઘટકની સાથે ઘર્ષણ થાય તેવું કોઈપણ કૃત્ય કરવા દેવામાં નહિ આવે,

(૩) સમવાયી સરકાર રાજ્યોમાં આવકવેરા અને કારપોરેશન ટેકસ જેવા કોઈ સીધા વેરા કે કર નાખશે નહિ. સમવાયી આવકનાં સાધનો પરસ્પર નિયત કરેલ મર્યાદામાં જ રહેશે, અને તેમાં કોઈપણ જાતના વધારા રાજ્યોની સંમતિ વગર નાખી શકાશે નહિ,

(૪) સમવાયતંત્ર પરસ્પર રીતે નક્કી કરેલ વિષયો પુરતુંજ કરવામાં આવશે અને દરેક સંયોજીત રાજ્યોની સંમતિ સિવાય તેમાં વધારાઓ થઈ શકશે નહિ. રાજ્યોની અવશેષ સત્તા તેના હસ્તક રહેશે,

(૫) બંધારણમાં ફેરફાર માત્ર રાજ્યોની સંમતિથીજ થઈ શકશે સિવાય કે નાની બાબતોમાં બંધારણનું કામ સ્હેલાઈથી થઈ શકે તેટલા માટે ફેરફાર થઈ શકે,

(૬) રાજ્યોની સાથે થયેલ સંધિઓ તથા કરારોને અંગે રાજ્યોના કોઈપણ હક્ક તથા હિતને નુકસાન થતું હોય તેવા ખરડાઓ નામંજૂર કરવાની સત્તા વાઇસરોય પાસે રહેશે. ઉપરાંત સમવાયતંત્રના કોઈપણ કારોબારી કાર્યમાં ઉપર્યુક્ત અસર થવા પામતી હોય તો વાયસરોયને તે નામંજૂર કરવાની સત્તા રહેશે,

(૭) નાણા સંબંધી ખરડાઓ નીચેની ધારાસભામાં દાખલ કરવામાં આવશે તે સિવાય બન્ને ધારાસભાની સત્તા સરખી રહેશે,

(૮) સંયુક્ત સભામાં મૂકવામાં આવેલ ઠરાવ માટે સંયુક્ત સભાની ⅔ બહુમતિની જરૂર રહેશે,

(૯) રાજ્યોને ૪૦% રાજસભામાં, અને ૩૩⅓% નીચેની ધારાસભામાં પ્રતિનિધિત્વ મળવું જોઇએ. પ્રતિનિધિઓની પસંદગી બાબતનું કામ માત્ર રાજ્યોની મરજી ઉપર અવલંબશે. તેમાં સમવાયતંત્રને દખલગીરી કરવા દેવામાં નહિ આવે,

(૧૦) સમવાયતંત્રને માટે તાજ સાથે સંધિ કરીને રાજ્યો સમવાયતંત્રમાં પ્રવેશ કરશે,

(૧૧) રાજ્યો અને બ્રિટિશહિન્દ સમવાયતંત્રના સમાન ભાગીદારો રહેશે. કોઇ પણ ભાગીદાર સીધી રીતે કે આડકતરી રીતે કોઈનું આધિપત્ય સ્વીકારશે નહિ,

(૧૨) ગવર્નર જનરલ તરીકે આપેલ સૂચનાપત્ર ઉપરાંત એક બીજું સૂચનાપત્ર વાયસરોયને આપવામાં આવશે, અને તેમાં જણાવવામાં આવેશે કે વાયસરોય તાજના પ્રતિનિધિ તરીકે રાજ્યોના સંધિ, કરારો તથા સનદોથી ઉપસ્થિત થતા હક્કોનું સંરક્ષણ કરવા જવાબદાર રહેશે, અને આ કરારો તથા સંધિઓમાં કોઇપણ જાતના ફેરફારો રાજ્યોની સંમતિ વગર ક્ષમ્ય નથી તેમ જાહેર કરવામાં આવશે.

(૧૩) હિંદ સામ્રાજ્યનું એક અવિભાજ્ય અંગ રહેશે,

(૧૪) ફેડરલ કોર્ટની સત્તા તાજ તથા સંયોજીત રાજ્યના રાજ્યકર્તા તરફથી ઉપસ્થિત થશે,

(૧૫) ફેડરલ કોર્ટની સત્તા દેશીરાજ્યો ઉપર ફક્ત રાજ્યોની કોર્ટમાં ઉપસ્થિત થતા બંધારણીય પ્રશ્નો પુરતીજ રહેશે. ફેડરલ કોર્ટ તરીકે કામ કરતી રાજ્યની કોર્ટનો કાર્યક્રમ નીચે પ્રમાણે રહેશે,
રાજ્યની કોર્ટ અભિપ્રાય માટે ફેડરલ કોર્ટને પુછાવે અને પુછાવેલ મુદ્દાનો ઠરાવ ફેડરલ કોર્ટના અભિપ્રાય પ્રમાણે આપવો.

(૧૬) સમવાયતંત્રના વિભાગો વચ્ચે બંધારણના પ્રશ્ન ઉપરના ફેડરલ કોર્ટના ઠરાવ ઉપર પ્રીવીકાઉન્સીલમાં અપીલ થઈ શકશે અને તે જો સંયોજીત રાજ્યની આંતરિક સ્વતંત્રતા જાળવી શકે તેમ હોય તોજ,

(૧૭) સમવાયી બંધારણમાં પ્રાથમિક હક્કોની જાહેરાતને સ્થાન રહેશે નહિ અને તેને સમવાયી વિષય તરીકે ગણવામાં આવશે નહિ. બ્રિટિશ હિન્દ માટે શહેનશાહ આવા હક્કો માટે જાહેરાત કરી શકશે,

(બ) વાટાઘાટ થઈ શકે તેવી સલામતીઓ

(૧) જો સમવાયતંત્રમાં બધાં રાજ્યો નહિ પણ રાજ્યોનો મોટો ભાગ સામેલ થાય તો રાજ્યોની સમવાયી વિષયો પરત્વેની સત્તામાં કોઈ પણ જાતનો ઘટાડો ન થાય તેવી કોઈ રીતનો પ્રબંધ થવો જોઈએ,

(૨) જો કોઈ પણ સંયોજીત રાજ્ય સમવાયી ફરજો અદા કરવા માટે ના પાડે અગર તે ફરજો અદા કરવા અશક્ત નીવડે તો તે ફરજોનું પાલન પ્રવેશપત્રના કરાર પ્રમાણે વાયસરોયની સત્તા નીચે રહેશે. જે રાજ્યો સમૂહમાં સમવાયતંત્રમાં સામેલ થયાં હોય તેવા કીસ્સામાં પ્રથમ મજમુતંત્ર મારફત કામ લેવામા આવશે,

(૩) રાજ્યો સાથે થયેલ કરારથી અગર બીજી કોઈ રીતે ખાત્રી અપાયેલ રાજ્યોના હક્કોનું સંરક્ષણ કરવાની ગવર્નર જનરલની ખાસ જવાબદારી અદા કરવામાં નુકસાન કરે તેમ તેની વિવેક શક્તિમાં જણાય તેવો કોઈ પણ ખરડો રજુ કરવામાં આવે, અગર તો રજુ કરવાની દરખાસ્ત લાવવામાં આવે તો તે ખરડો, કલમ, અગર સુધારા પુરતું કામ આગળ ચાલી શકશે નહિ એવી સૂચના કરવાની ગવર્નર જનરલને સત્તા આપવાનો પ્રબંધ કરવામાં આવશે,

(૪) જે બાબતો સમવાયી સરકારને સુપ્રત કરવામાં આવી નહિ હોય તે બાબતો પુરતી ફરજ અદા કરવામાં સમવાયી સરકારના નોકરો લાગતા વળગતા રાજ્યોના કાયદા તેમજ આંતરિક સત્તાને તાબે રહેશે,

(૫) સમવાયી વિષયોમાં કાયદા ઘડવાની સત્તા નીચે પ્રમાણે રહેશે. સરકારને સુપ્રત કરેલ સુવાંગ સત્તા જે બાબતમાં રાજ્યોએ વહીવટી કામ સ્વાધીન રાખેલ ન હોય તેટલા પુરતી જ રહેશે.

સમવર્તી સત્તા

સરકાર તેમજ રાજ્યો કાયદા ઘડવાની સત્તા બન્ને ભોગવી શકે તેવી સત્તા તે સમવર્તી સત્તા છે. જે બાબતો માટે સમવાયતંત્રે કાયદા ન ઘડયા હોય તે બાબતમાં રાજ્યો પોતે કાયદા ઘડી શકે છે. પરંતુ જ્યારે સમવાયતંત્રે કોઈ પણ કાયદો પસાર કરેલ હોય તો પણ રાજ્યો પોતાની સ્થાનિક સ્થિતિ પુરતો કાયદો ઘડી શકે છે, પણ તેથી કરીને બન્ને વચ્ચે વિરોધ ન થવો જોઈએ.

સામાન્ય કાયદાઓ સામે જ્યાં ફેડરલ સમવાયી કાયદાઓનો વિરોધ થતો હશે ત્યાં સમવાયી કાયદાઓ લાગુ થશે. બીજી બધી બાબતોમાં રાજ્યો ને કાયદા ઘડવાની સત્તા રહેશે.

સામાન્ય અંકુશો

(અ) સમવાયી ધારાસભાઓ રાજ્યો ઉપર કોઈ પણ કરવેરા નાખી શકશે નહિ. અગર તો રાજ્યોની હિત વિરૂદ્ધ ભેદભાવ ઉભો કરે તેવાં ભરણાંઓ ભરવા માટે પ્રબંધ કરશે નહિ,

(બ) રાજ્યોના રાજ્યકર્તાની સંમતિ વગર પરસ્પર નક્કી કર્યા પ્રમાણે સમવાયી ઉદ્દેશ માટે શહેનશાહ, ફેડરલ રેલ્વેતંત્ર, અથવા બીજી કોઈ પણ સમવાયી સત્તા વતી રાજ્યમાં જમીન કે બીજી મીલ્કત મેળવશે નહિ,

(ક) સમવાયતંત્રના પ્રતિનિધિઓ, અમલદારો, અને અધિકારીએ સંયોજીત રાજ્યોના કામના અમલ ઉપર હોય ત્યારે તેઓના કામકાજના યોગ્ય અમલની વિરૂદ્ધ ન જાય તેવી રીતે રાજ્યના ધારાધોરણ તથા કાયદાનું અનુપાલન કરશે.

(ખ) સમવાયી ધારાસભાની રાજ્યો માટે કાયદા ઘડવાની સત્તામાં નં. ૪૪, ૪૫, ૪૬, ૪૭ ની બાબતો સિવાય કોઈ પણ કરવેરો નાખવાની સત્તા ગણવામાં આવશે નહિ.

રાજ્યોની આ માગણીઓમાંથી બહુ જ થોડી માગણીઓનો સ્વીકાર કરી તેનો ૧૯૩૫ ના કાયદામાં સમાવેશ કરવામાં આવેલ છે. પણ જે માગણીઓ સ્વીકારી છે તેથી બ્રિટિશ હિતને જરા પણ વાંધો ન આવે તે

ધ્યાનમાં રાખીને જ સ્વીકારાઈ છે. બાકીની રાજ્યોની માગણીઓનો અસ્વીકાર થયો છે.

પ્રવેશપત્રનો સુધારેલ મુસદ્દો

(શરૂઆતમાં પ્રવેશપત્રનો મુસદ્દો બહાર પાડવામાં આવ્યો હતો. પરંતુ ૧૯૩૫ ના કાયદા તથા તે મુસદ્દાની સામે થયેલ ટીકાને લઈને પ્રવેશપત્રના મુસદ્દામાં ફેરફાર કરવામાં આવેલ છે. સુધારેલ પ્રવેશપત્રનો મુસદ્દો જે દેશી રાજ્યોનાં ૧૯૩૫ ના કાયદાના પરિશિષ્ટ ૧ ભાગ ૨ માં નામ આપવામાં આવેલ છે તેને વિચારણા તથા વાટાઘાટ કરવા માટે આપવામાં આવેલ છે.)

....નું પ્રવેશપત્ર (પુરૂં નામ તથા હોદ્દો).

જે દેશી રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય તે તથા સ્વતંત્રતા ભોગવતા પ્રાન્તો મળીને બનેલ સમવાયતંત્રની સ્થાપના કરવા માટે શહેનશાહના, યુનાઈટેડ કીંગડમની પાર્લામેન્ટના, બ્રિટિશ હિન્દના તથા દેશી રાજ્યોના પ્રતિનિધિઓ વચ્ચે ચર્ચાએલ દરખાસ્તોને અંગે,

અને તે દરખાસ્તોમાં યુનાઈટેડ કીંગડમની પાર્લામેન્ટના કાયદાથી તથા દેશી રાજ્યોના સામેલ થવાથી સમવાયતંત્રની સ્થાપના કરવાનું વિચારવામાં આવેલ હોઈને,

અને હવે ૧૯૩૫ ના કાયદામાં હિંદી સમવાયતંત્રના બંધારણની યોજના કરવામાં આવેલ છે, પણ તે કાયદામાં એમ જણાવવામાં આવેલ છે કે જ્યાં સુધી શહેનશાહ સમવાયતંત્રની સ્થાપના થયેલ હોવાની જાહેરાત ન કરે ત્યાં સુધી સમવાયતંત્રની સ્થાપના થઈ શકશે નહિ, અને આવી જાહેરાત અમુક જોઈતી સંખ્યામાં દેશી રાજ્યો સામેલ ન થાય ત્યાં સુધી થઈ શકશે નહિ,

અને કારણ કે સમવાયતંત્રમાં સામેલ થવાની મારી સંમતિ તથા અનુમતિ દર્શાવ્યા સિવાય આ કાયદો મારા કોઈ પણ પ્રદેશમાં લાગુ પડી શકશે નહિ,

તેથી હવે હું..............(પુરૂં નામ તથા હોદ્દો લખવો)...... ......ના રાજ્યકર્તા, મારા સદરહુ રાજ્ય ઉપરની મારી સર્વોપરી સત્તાને અંગે ચીફ કમીશ્નરના પ્રાન્તોથી ઓળખાતા પ્રાન્તો, ગવર્નરના પ્રાન્તો, અને

બીજા દેશી રાજ્યોના રાજ્યકર્તાઓની સાથે તાજ નીચેના સમવાયતંત્ર જેને હિંદી સમવાયતંત્ર એવું નામ આપવામાં આવેલ છે, તેમાં જોડાઇને હિંદના હિત તથા ભલાની વૃદ્ધિમાં સહકાર આપવાના હેતુથી આ ઉપરથી આ મારૂં પ્રવેશપત્ર લખી આપું છું.

(૧) અને હું આ ઉપરથી જાહેર કરૂં છું કે આ પ્રવેશપત્રનો શહેનશાહ સ્વીકાર કરે તો શહેનશાહ, હિંદના ગવર્નર જનરલ, સમવાયી ધારામંડળો, સમવાયી અદાલત તથા સમવાયતંત્ર માટે સ્થાપિત કરવામાં આવેલ કોઈ પણ સમવાયી સત્તા, મારા આ પ્રવેશ-પત્રને અંગે, પણ હંમેશાં તેની શરતોને આધીન રહીને, અને સમવાય-તંત્રના ઉદ્દેશ માટે જ, તે રાજ્ય.............. (જે હવે પછી આ રાજ્ય એમ સંબોધવામાં આવેલ છે) સંબંધી આ કાયદાથી અગર તો આ કાયદા હેઠળ જે ફરજો તેમને સુપ્રત કરવામાં આવે, તે ભોગવે એ હેતુથી હિંદના ૧૯૩૫ ના કાયદાથી (જે હવે પછી કાયદા તરીકે લખવામાં આવેલ છે) સ્થાપિત થયેલ સમવાયતંત્રમાં હું સામેલ થાઉં છું.

(૨) આ ઉપરથી હું મારા પ્રવેશપત્રને અંગે આ રાજ્યમાં કાયદાની કલમો જેટલે અંશે લાગુ પડતી હશે તેટલે અંશે તેને બરાબર અમલમાં મુકવાની ખાત્રી આપવાની જવાબદારી ધારણ કરૂં છું.

(૩) પરિશિષ્ટ પહેલાંમાં બતાવેલી બાબતોનો હું એવી બાબતો તરીકે સ્વીકાર કરૂં છું કે જેને માટે આ રાજ્ય માટે સમવાયી ધારાસભા કાયદા ઘડે, અને આ પ્રવેશપત્રમાં અને સદરહુ પરિશિષ્ટ પહેલામાં હું એવા પ્રતિબંધો જણાવું છું કે જેને આ રાજ્ય માટે કાયદા બનાવવાની સમવાયી ધારાસભાની સત્તા, તથા સમવાયી કારોબારીની સત્તાનો અમલ અનુક્રમે આધીન રહે. જ્યાં આના પહેલાં પરિશિષ્ટ પ્રમાણે સમવાયી ધારાસભાની આ રાજ્ય માટે કાયદા ઘડવાની સત્તા મર્યાદિત હશે, ત્યાં સમવાયતંત્રની કારોબારી સત્તાનો અમલ પણ આ રાજ્યમાં તે બાબત માટે જણાવ્યા પ્રતિબંધ મુજબ અને તેને આધીન રહીને ચાલી શકશે.

(૪) કાયદાની ૧૪૭ અને ૧૪૯ મી કલમના વિધાનોને બરાબર અમલમાં મુકી શકાય તેવી વિગતો આના બીજા પરિશિષ્ટમાં મુકવામાં આવેલ છે.

(૫) સમવાયી ધારાસભાના ધારાઓને લગતા આ પ્રવેશપત્રમાં કરવામાં આવેલ સંબોધનોમાં કાયદાની કલમ ૪૨–૪૫ મુજબ ગવર્નર જનરલે પસાર કરેલ ઓર્ડીનાન્સો, કાયદાઓ, અને ધારાઓનો પણ સમાવેશ થાય છે.

(૬) આ પ્રવેશપત્રમાં બતાવ્યા સિવાયના અગર તો સમવાયી ધારાસભાએ તેની શરતો પ્રમાણે પસાર કરેલ ધારાઓ સિવાય, આ પ્રવેશપત્રમાં મારા રાજ્યની અંદર કે ઉપરની મારી સત્તાને, મારા રાજ્ય ઉપરની કે અંદરની મારી સત્તા, અખત્યાર, અને હક્કો ભોગવવામાં હરકત આવશે નહિ.

(૭) આ પ્રવેશપત્ર ઉપરથી એવો અર્થ કરવામાં આવશે નહિ કે આ પ્રવેશપત્રથી પાર્લામેન્ટને કાયદા ઘડવા અગર તો રાજ્ય ઉપર અને તેના રાજ્યકર્તા ઉપર કોઇ પણ રીતે હકુમત ચલાવવાનો અખત્યાર મળ્યો છે. એ શરતે કે સમવાયી રાજતંત્રમાં રાજ્યના જોડાણને કાયદાના સુધારાથી હરકત આવશે નહિ, જે કાયદાના સુધારા બાબત બીજા પરિશિષ્ટમાં જણાવવામાં આવેલ છે, અને આ પ્રવેશપત્રમાંના કાયદાના સંબોધનો આ સુધારાથી સુધારવામાં આવેલ સંબોધનો પ્રમાણે ગણવામાં આવશે; પરંતુ રાજ્યકર્તા આ પ્રવેશપત્ર પછી પુરવણી પ્રવેશપત્રમાં જ્યાં સુધી સ્વીકાર નહિ કરે ત્યાં સુધી આ સુધારાથી પ્રવેશપત્રની રૂએ જે કાર્યો શહેનશાહ અગર તો કોઇ સમવાયી સત્તાને આ રાજ્યના સંબંધે કરવાનાં છે તેમાં વધારો થઇ શકશે નહિ.

(૮) આની સાથેના પરિશિષ્ટો આ પત્રનું અવિભાજ્ય અંગ ગણાશે.

(૯) જ્યારથી આ પ્રવેશપત્રને શહેનશાહની મંજૂરી મળશે ત્યારથી આ પ્રવેશપત્ર મને બંધનકારક થશે, એ શરતે કે જો હિંદનું સમવાયતંત્ર ઓગણીસ સો....................ની..............તારીખ સુધીમાં સ્થપાશે નહિ તો આ પત્ર તે તારીખે બધી રીતે રદ થયું ગણાશે.

(૧૦) હું આ ઉપરથી જાહેર કરૂં છું કે હું આ પ્રવેશપત્ર મારા માટે, મારા વંશવારસો માટે લખી આપું છું, અને તે પ્રમાણે આ પ્રવેશ-

પત્રમાં જ્યાં જ્યાં મારા માટેનું અથવા રાજ્યકર્તા તરીકેનું સંબોધન હોય ત્યાં મારા વંશ વારસોના સંબોધનનો સમાવેશ થાય છે એમ સમજવાનું છે.

[આ પછી રાજ્યકર્તાની જાહેરાતને યોગ્ય તેવી વિધિથી સાક્ષી વગેરે આવે છે.]

વધારાના પારીગ્રાફો

નીચેના પારીગ્રાફો યોગ્ય કીસ્સામાં દાખલ કરવા માટે વધારાના છે.

(અ) હું ખુશી છું કે સમવાયી ધારાસભાએ આ રાજ્ય પરત્વે પસાર કરેલા કાયદાઓ જે આ રાજ્યને લાગુ પડે છે તે બાબતની ફરજો આ રાજ્યના રાજ્યકર્તા અને તેના અમલદારો બજાવશે, અને તે બાબતમાં હિન્દના ગવર્નર જનરલ અને મારા વચ્ચે પરસ્પર સમજૂતી થયેલ છે, અને જે આના પરિશિષ્ટમાં સામેલ રાખવામાં આવેલ છે, જેથી હવે હું જાહેર કરૂં છું કે હું સમવાયતંત્રમાં એવી ખાત્રીથી સામેલ થાઉં છું કે સદરહુ સમજૂતી કરી આપવામાં આવશે, અને સદરહુ સમજૂતી કરી આપવામાં આવતાં તે આ પ્રવેશપત્રનું અંગ ગણવામાં આવશે, અને તેનો અર્થ અને અસર તે પ્રમાણે કરવામાં આવશે.

(બ) આ કાયદાના છઠ્ઠા વિભાગમાં સમાવેશ થતાં વિધાનો કલમ ૧૩૦–૧૩૩ જે પાણી પુરૂં પાડવાની વચ્ચે આવવા સંબંધી છે, તે રાજ્યને લાગુ પડતાં નથી.

(ક) મને શહેનશાહના મારા પ્રવેશપત્રના સ્વીકારની જાહેરાત કરવાના ઇરાદાની સૂચના આપવામાં આવેલ છે કે નીચેના પ્રદેશો તે એવા પ્રદેશો છે કે જેને કાયદાની કલમ ૨૯૪ ની પેટાકલમ ૧ ના વિધાનો લાગુ પાડવાની જરૂરીયાત છે; જે ઉપરથી હવે હું જાહેર કરૂં છું કે આ પત્ર શહેનશાહની આવી જાહેરાત કરવાની ઉપર અવલંબે છે.

પ્રવેશપત્રનો આ નવો ખરડો રાજ્યોને ૧૯૩૯ ના જાન્યુઆરી માસમાં આપવામાં આવેલ છે, અને તેના ઉપર વિચાર ચલાવી ૧૯૩૯ ના જુલાઈની ૧૫ તારીખ સુધીમાં આ ખરડા સંબંધમાં દરેક રાજ્યને જવાબ આપવાનો

છે, પ્રવેશપત્રના નવા ખરડા સામે વિચાર ચલાવવા રાજ્યો તરફથી સ૰ અકબર હૈદરીના પ્રમુખપણા હેઠળ એક કમિટિની નિમણૂક કરી હતી, જે હૈદરી કમિટિ તરીકે ઓળખાય છે, અને જેમાં મોટા રાજ્યોના અમાત્યે સભ્યો તરીકે ચુંટાયા છે. હૈદરી કમિટિએ આ ખરડા ઉપર ચર્ચા ચલાવેલ અને તેનો અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે, જેના ઉપરથી તા. ૧૦-૬-૩૯ના રોજ મુંબઈની નરેન્દ્રો તથા અમાત્યોની પરિષદે અગત્યના ઠરાવો પસાર કરેલ છે. હૈદરી કમિટિનો અહેવાલ તે રાજ્યોના ફેડરેશનમાં સામેલ થવા માટેના નિશ્ચય માટે એક ઘણોજ અગત્યનો દસ્તાવેજ છે, જેમાં રાજ્યોને પ્રવેશપત્રનો નવો ખરડો શા માટે અસ્વીકાર્ય છે તેનાં કારણો આપવામાં આવેલ છે.

હૈદરી કમિટિનો અહેવાલ

તા. ૧૦-૪-૩૯ ના રોજ મુંબઈ મુકામે સર અકબર હૈદરીના પ્રમુખપણા હેઠળ પ્રવેશપત્રના નવા ખરડા ઉપર વિચાર કરવા માટે અમાત્યોની કમિટિ બેઠી હતી, જેને પ્રવેશપત્રના નવા ખરડા પર સંપૂર્ણ રીતે વિચાર ચલાવી તે સંતોષકારક નહોવાથી અસ્વીકાર્ય છે તેમ જાહેર કરેલ છે. હૈદરી કમિટિના અહેવાલના મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે.

" પ્રવેશપત્રની સાધારણ શરતોનો વિચાર કરતાં એમ જણાય છે કે પ્રથમના પ્રવેશપત્રમાં રાજ્યમાં ફેડરલ કારોબારી હકુમતના અમલ માટે મર્યાદા હતી, તે આ નવા ખરડામાંથી કાઢી નાખવાનાં આવેલ છે. કમિટિએ એમ જણાવ્યું કે જે મર્યાદા કાઢી નાખવામાં આવેલ હતી તેથી સરકાર અને રાજ્યો વચ્ચેના સંબંધની ચોખવટ થતી હતી અને વાસ્તવિકરીતે તે બરાબર હતી, અને ૧૯૩૫ ના ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા એકટની કલમ ઉપરથી ઉપસ્થિત થયેલ હતી.

" બીજી બાબતો " માટે ચર્ચા ચલાવતાં જણાયું કે કેટલાંક રાજ્યો પ્રવેશપત્રમાં ફેડરલ ક્ષેત્રમાંથી સાર્વભૌમસત્તાએ જુદા પાડવાની બે કલમોનો સમાવેશ કરવો જોઇએ તેવા મતના તરફેણમાં હતાં,

"રક્ષણ" બાબતમાં કમિટિને જણાયેલ છે કે રક્ષણ જેવી અગત્યની બાબતમાં હજુ પરિસ્થિતિની જોઇએ તેવી ચોખવટ થયેલ નથી. કમિટિ તાજની રાજ્યો પ્રત્યેની આ ફરજ તથા સર્વોપરી સત્તા બાબતનો સંબંધ રાજ્યોના સામેલ થવાથી તેમનો તેમ રહે છે તેથી તે બાબતમાં સંપૂર્ણ સંતોષ થતો નથી.

"જકાત" બાબતમાં કમિટિનો એવો અભિપ્રાય થાય છે કે ચાલુ જકાતના દરમાં ફેરફાર કરવાની સત્તા ઉપર કોઈપણ જાતની મર્યાદાનો રાજ્યો સ્વીકાર કરી શકે નહિ. જે સુધારાઓ કરવામાં આવેલ છે તે અગાઉના મુસદ્દાથી વિરૂદ્ધ છે, અને જે રાજ્યોને આ સુધારાથી ખરાબ અસર થવાની છે તેને કોઈપણ જાતના વાંધાએ રજુ કરવાની તક આપવામાં આવેલ નથી.

"રેલ્વે" બાબતમાં કમિટિનું એમ માનવાનું થાય છે કે રેલ્વે ટ્રીબ્યુનલ રાખવાથી હાલની પરિસ્થિતિમાં સુધારો થવા પામે છે તે ખરૂં, પણ ફેડરલ લિસ્ટમાં આ વિષય પરત્વેના સીધો સ્વીકાર કરવાની સૂચના રાજ્યોએ કદીપણ વિચાર કરેલ નહિ તેવી છે.

"આબકારી જકાત" બાબતમાં કમિટિનો એવો અભિપ્રાય થયો કે ૧૯૩૭ માર્ચની ૩૧ મી તારીખ જે રાજ્યોને આબકારી ઉપજમાંથી કાંઈ પણ રકમ આપવી કે નહિ તે નક્કી કરવા માટે મુકરર કરવામાં આવેલ છે, તેથી રાજ્યોના ઉપજનાં સાધનો પર અવળી અસર થશે. આ તારીખ સમવાયતંત્રની શરૂઆતની તારીખ હોવી જોઈએ; અને જ્યારે આબકારી જકાતની સમવાયી ઘટકોમાં વહેંચણુ કરવામાં આવે ત્યારે તે રાજ્યોને સમવાયતંત્ર શરૂ થતી વખતે જે મળવાનું હોય તેથી તે ઓછી ન મળવી જોઈએ.

ફેડરેશન થતાં પહેલાંની જે ચર્ચાઓ થયેલ તેના કરતાં જે વહીવટી કરાર (Administration Agreement) કરવામાં આવેલ છે તે જુદા પ્રકારનો છે, તેમજ આ નવા ખરડામાં સમવાયી કાયદાઓનો અમલ રાજ્યો કરશે તેમ ક્યાંય કહેવામાં આવેલ નથી. તેમજ ગવર્મેન્ટ ઓફ ઈન્ડીયા એકટમાં જકાત બાબત જે સુધારો કરવા માટે જણાવવામાં આવેલ છે તે વસ્તુ ગંભીર પરીણામોવાળી છે તેમ કમિટિ અભિપ્રાય આપે છે.

રાજ્યોના સંધિના કરારો કોઈપણ પક્ષના કાર્યથી રદ થવા ન જોઈએ, તથા રાજ્યોના જોડાણથી જો આ સંધિના હક્કો રદ થવાને પાત્ર થતા હોય, તો તેમાં મહત્વનો ફેરફાર થાય છે તેમજ ગવર્નર જનરલ તેના અંગત અભિપ્રાય મુજબ ફેડરલ ધારાસભાને તે રદ કરવા માટે રજા આપવી કે નહિ તેનો નિર્ણય કરે તે સંપૂર્ણ સલામતી નથી તેમ કમિટિનો અભિપ્રાય થયેલ છે.

જે ભૂમિકા ઉપર આજે રાજ્યો જોડાય તે રાજ્યોના સંધિના હક્કો જાળવવા માટે મુશ્કેલી ઉભી થશે. ઘણીવાર તાજના પ્રતિનિધિની પણ એમ ઇચ્છા હોય કે રાજ્યો તેની સંધિના હક્કો જતા કરે. આ સમયે જ્યારે ૧૯૩૫ ના બંધારણમાં સુધારા થાય છે, ત્યારે આ બાબતમાં પણ રાજ્યોના

હક્કો યોગ્ય સલામતીથી જાળવી રાખવા સુધારા કરવામાં આવે તો અયોગ્ય ન ગણાય તેમ કમિટિ માને છે.

હૈદરી કમિટિના રીપોર્ટના છેલ્લા પેરેગ્રાફમાં જણાવવામાં આવ્યું છે કે કમિટિએ રાજસ્થાનોની સલામતીને લગતા જે અગત્યના મુદ્દાઓ રજુ કર્યા છે તેનો સમાવેશ કર્યો હોય તેવા સમવાયતંત્ર સિવાય હિન્દનું બીજું કોઈ ધ્યેય હોઇ શકે નહિ એવી અમને ખાત્રી છે, અને આ બંધારણમાં રાજ્યોની સ્વતંત્રતા અને સત્તા કાયમ રહેવાની ખાત્રી મળવી જોઈએ. આ દૃષ્ટિએ પ્રવેશનામું અસંતોષકારક છે, છતાંપણ શાહીસરકાર સાથે સમાધાનના દ્વાર બંધ થશે નહિ. પ્રવેશનામામાં ઘટતા સુધારા થતાં સમાધાન થઈ શકશે.''

ગ્વાલીઅર પરિષદ

હૈદરી કમિટિની મીટીંગ પછી તા. ૨૩–૪–૩૯ ના રોજ ગ્વાલીઅરમાં અમાત્યોની પરિષદ થયેલ હતી, જેમાં પ્રવેશપત્રના નવા ખરડા ઉપર છણાવટ કરવામાં આવેલ હતી, અને આ પરિષદના ઠરાવો હૈદરી કમિટિના ઠરાવો તથા નિર્ણયોને મળતા છે. આ પરિષદમાં ૫૦ જેટલાં રાજ્યોના અમાત્યો હતા અને જાણીતા ધારાશાસ્ત્રી જે. એચ. મોરગન પણ હાજર હતા, અને તેમની જરૂરી બાબતોમાં સલાહ લેવામાં આવેલ હતી. આ પરિષદમાં આંતર વહીવટના કરાર સંબંધી બંધારણની કલમ ૧૨૫ પ્રમાણે તેના ઉદ્દેશમાં ફેરફાર કરવા માટે સમવાયી કાયદા રાજ્યોનાજ અમલદારો અમલ કરે, તથા રાજ્યોના સંધિની રૂએના હક્કો કાયદેસરરીતે જાળવવા માટે યોગ્ય સલામતીઓ દાખલ કરવા માટે ઠરાવો પસાર કરવામાં આવેલ હતા. આ ઉપરાંત રાજ્યો ફેડરલ લીસ્ટના ૧૯, ૩૪, ૪૪, અને ૪૫ ના વિષયો તથા નવી દાખલ કરવામાં આવતી કલમ ૨૯૭ (અ) ના શબ્દોના ફેરફારો સામે વિરૂદ્ધ છે તેમ ઠરાવવામાં આવેલ હતું. ખુશકી જકાત તથા આબકારી જકાત માટે રાજ્યોની સ્થિતિ તેમની તેમ રહેવા માટે ભલામણ કરવામાં આવેલ હતી, અને સમવાયતંત્ર કોઈપણ કાયદો પસાર કરે કે જેથી રાજ્યોના વેપાર ઉદ્યોગને ધક્કો પહોંચે તેવા હક્કોની સામેનો વિરોધ જાહેર કર્યો હતો. આ પછી સર મનુભાઈ મહેતાના પ્રમુખપણા હેઠળ એક પેટા સમિતિની નિમણુક કરવામાં આવી હતી, જેને થોડામાં થોડા જરૂરી ફેરફારો કરવા માટે ભલામણો કરી હતી. ત્યારબાદ આ પરિષદે સરદાર આંગરેના પ્રમુખપણા હેઠળ એક સમિતિની નિમણુક કરી જેનો અહેવાલ પણ નરેન્દ્રોની પરિષદમાં માન્ય રાખવામાં આવેલ હતો.

મુંબઇ પરિષદ

આ બન્ને રિપોર્ટો ઉપરથી તા. ૧૦-૬-૩૯ ના રોજ મુંબઇમાં થયેલ નરેન્દ્રો તથા અમાત્યોની પરિષદમાં પ્રવેશપત્રના નવા મુસદ્દા ઉપર ઠરાવ કરવામાં આવેલ હતો જે નીચે પ્રમાણે છે,

"મુંબઇની નરેન્દ્રો અને દિવાનોની મળેલી પરિષદે પ્રવેશપત્રના ખરડા અને તેને લગતા દસ્તાવેજો પર વિચાર કર્યા બાદ એવો ઠરાવ કર્યો છે કે દિવાનોની હૈદરી કમિટિનો અહેવાલ જેને ગ્વાલીઅર પરિષદની ભલામણોએ માન્ય રાખ્યો હતો, તેમાં કરવામાં આવેલ સૂચનાઓ જોતાં સમવાયતંત્રમાં નરેન્દ્રોને સામેલ કરવા માટે રજુ કરવામાં આવેલ શરતો બીલકુલ અસંતોષ કારક છે, અને આથી તે શરતો અસ્વીકાર્ય છે.

સાથે સાથે પરિષદ એમ પણ માને છે કે રાજાઓ માટે અખિલ હિંદ સમવાયતંત્રના દ્વાર બંધ કરી દેવાનો શાહી સરકારનો ઇરાદો હોઇ શકે નહિ."

આ ઠરાવ બહુ ગવાયેલા પ્રવેશપત્રના ખરડા ઉપર છેલ્લો પડદો પાડે છે. તા. ૧૫ જુલાઇ ૧૯૩૯ ના રોજ દરેક રાજ્યને આ ખરડા સંબંધી છેવટનો જવાબ આપવા માટે કહેવામાં આવેલ છે. નરેન્દ્રોના આવા છેવટના વલણથી હાલ તો સરકારને મુંઝવણ ઉભી થવા પામેલ છે. ઘણા એમ પણ જણાવે છે કે નરેન્દ્રોએ વધુ હક્કો મેળવવા છેલ્લા તબકકે આ તક સાધી છે. નરન્દ્રોએ ઘણા વર્ષોની ચર્ચાને અંતે પોતાનો નિર્ણય સ્પષ્ટપણે જણાવવા ઠરાવ કરેલ છે. હવે જોવાનું એ રહે છે કે શાહી સરકાર ઉપર રાજ્યોના આ વલણથી કેવો પ્રત્યાઘાત થવા પામે છે, અને રાજ્યોએ મુકેલી શરતો કેટલીહદ સુધી સ્વીકારાય છે. હજુ પણ ધારવામાં આવે છે કે તાજના પ્રતિનિધિ દરેક રાજ્યોને વ્યક્તિગતરીતે સમજાવી મનાવીને લેવા માટે છેવટના પ્રયત્નો કરશે. પરંતુ તા. ૧૯-૬-૩૯ ના રોજ આમની સભામાં પ્રશ્નોના જવાબમાં હિંદી ઉપમંત્રી કર્નલ મ્યુરહેડે જણાવેલ છે કે સમવાયતંત્રમાં દાખલ થવા માટેની સૂચીત શરતો જે વાયસરોયે ૧૯૩૯ ના જાન્યુઆરીમાં દેશીરાજ્યોને જણાવી હતી તે લાંબી અને સંભાળભરી વિચારણાનું પરિણામ હતી, અને સૂચિત શરતોમાં કાંઇપણ સંગીન ફેરફાર થવાનો કંઇ સંભવ નથી. હવે જોવાનું એ રહે છે કે બ્રિટિશ શાહી સરકાર કાંતો રાજ્યોને મનાવી લે છે અગર સમવાયતંત્ર જતું કરે છે.

પ્રકરણ ૧૩ મું

દેશીરાજ્યોનો સમવાયતંત્ર સાથેનો સંબંધ

(૧) કાયદા પરત્વેનો સંબંધ

દેશી રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય ત્યારે સમવાયતંત્ર સાથે તેનો સંબંધ અનેકવિધ રહેશે. આ સંબંધમાં મુખ્યત્વે કરીને સમવાયતંત્રની કાયદો ઘડવાની સત્તા, કારોબારી તથા નાણાકીય અને ન્યાયખાતાંની સત્તા સાથેનો સંબંધ વધુ ઉપયોગી છે. સમસ્ત હિંદ માટે કાયદો ઘડવાની સત્તા મધ્યસ્થ ધારામંડળોને આપવામાં આવેલ છે.

મધ્યસ્થ ધારામંડળોમાં દેશી રાજ્યોનું પ્રતિનિધિત્વ

આપણે આગળ જોઈ ગયા કે મધ્યસ્થતંત્રમાં બે ધારાસભાઓ છે. જેમાં ઉપરની રાજસભામાં (Federal council) હિન્દનાં બધાં રાજ્યો (લગભગ ૫૬૨) વચ્ચે ૧૦૪ બેઠકો આપવામાં આવેલ છે. રાજસભામાં રાજ્યનો દરજ્જો અને મોભો જોઇને પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. બ્રિટિશ હિન્દ તથા દેશી રાજ્યોનું વસ્તીપ્રમાણ જોતાં દેશી રાજ્યોને બન્ને સભામાં વધુ બેઠકો આવેલ છે. દેશી રાજ્યોની કુલ વસ્તી આઠ કરોડની છે જ્યારે બ્રિટિશ હિન્દની વસ્તી બર્માની વસ્તી બાદ કરતાં લગભગ ૨૫ કરોડની છે, એટલે રાજ્યોની વસ્તી બ્રિટિશ હિન્દના ત્રીજા ભાગની છે, છતાં પણ રાજસભામાં ૪૦% બેઠકો અને નીચેની સભામાં ૩૩% બેઠકો દેશી રાજ્યોને આપવામાં આવેલ છે. દેશી રાજ્યોને અપાયેલ આ જાતના પ્રતિનિધિત્વ ઉપરથી એમ માનવામાં આવે છે કે રાજ્યોના પ્રતિનિધિઓ સ્વાભાવિક રીતે સરકારી પક્ષના સભ્યો રહેશે, અને તે કારણસર આવી જાતનું પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. પરંતુ બ્રિટિશ હિન્દ તરફથી ઉઠાવવામાં આવેલ આ શંકાને સ્થાન નથી તેમ પુરવાર કરી આપવું એ રાજ્યોના હાથની વાત છે. દેશી રાજ્યો વચ્ચે કરવામાં આવેલ બેઠકોની વહેંચણી માટે ૧૯૩૫ના કાયદામાં પત્રક એક પ્રમાણે સત્તર વિભાગો કરવામાં છે, જેમાં કેટલાંક રાજ્યોને સ્વતંત્ર બેઠકો આપવામાં આવેલ છે, જ્યારે કેટલાકને

સંયુક્ત વિભાગોથી બેઠકો અપાયેલ છે. આ સિવાય કેટલાંક મર્યાદીત સત્તા તથા બીનહકુમતવાળાં રાજ્યો છે, જેની નામવાર ગણત્રી કરવામાં આવેલ નથી અને તે બધાનો સત્તરમા વિભાગમાં સમાવેશ કરવામાં આવેલ છે, જે પરિશિષ્ટથી આ સાથે જણાવવામાં આવેલ છે. હવે આ બધાં રાજ્યો જેમને સ્વતંત્ર અને સંયુક્ત બેઠકો આપવામાં આવેલ છે તેમનાં પ્રવેશપત્રો પણ સ્વતંત્ર રીતે થશે તે બરાબર છે. પરંતુ જે રાજ્યોના સત્તરમાં વિભાગમાં નામ નથી તેવાં રાજ્યોનાં પ્રવેશપત્રો વ્યક્તિગત રીતે થશે કે સમૂહરૂપે તે બાબતમાં હજુ ગવર્મેન્ટ તરફથી કાંઈ ચોખવટ થયેલ નથી, તેમજ સમૂહને પોતાના પ્રતિનિધિઓ ધારાસભામાં કેવી રીતે મોકલવા તે બાબતમાં સરકાર તરફથી કે રાજ્યો તરફથી કાંઇ પ્રબંધ હજુ સુધી થયેલ નથી.

રાજ્યોના પ્રતિનિધિઓ

રાજ્યોના પ્રતિનિધિઓ રાજ્યકર્તા તરફથી મોકલવામાં આવશે. આ પ્રતિનિધિઓ રાજ્યકર્તા પોતાની પસંદગીના મોકલશે. આ પ્રતિનિધિ મોકલવા સંબંધમાં દેશી રાજ્યની પ્રજાને કાંઈ અવાજ નથી. બ્રિટિશ હિન્દમાંથી મધ્યસ્થ ધારાસભામાં આવતા પ્રતિનિધિઓ પ્રજાના ચુંટાયેલા રહેશે, જ્યારે દેશી રાજ્યોમાંથી આવતા પ્રતિનિધિઓ રાજ્યકર્તાઓના નીમાએલા રહેશે. મધ્યસ્થ ધારાસભાના પ્રતિનિધિત્વની આ અસંગતિ માટે આજે આખાય હિંદુસ્તાનના રાજદ્વારી પક્ષો તરફથી કડકમાં કડક ટીકા કરવામાં આવેલ છે. એમ કહેવામાં આવે છે કે રાજ્યોના પ્રતિનિધિઓ અને પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓના દૃષ્ટિબિંદુમાં મહત્વનો મતભેદ રહેશે. રાજ્યોના પ્રતિનિધિઓ જુના જાણીતા (Official Block) સરકારી પક્ષનું જુદું સ્વરૂપ માત્ર છે, જે બ્રિટિશ હિન્દની સ્વાતંત્ર્યની આકાંક્ષાઓનો અવરોધ કરનાર નીવડશે. ઉપરાંત ધારાસભામાં રાજ્યોના પ્રતિનિધિ વધુ પ્રમાણમાં એકમત રહેશે, જ્યારે સામેથી બ્રિટિશ હિન્દનો પ્રજામત જુદા જુદા કોમી મતાધિકારને અંગે સદાય વિભિન્ન રહેવાનો અને પરિણામે મધ્યસ્થ ધારાસભામાં યુરોપીયનો, કોમીવાદીઓ તથા રાજ્યોના પ્રતિનિધિઓ વગેરે મળતાં કોન્ઝરવેટીવ પક્ષની બહુમતિ થશે, જે બહુમતિ હિંદના વધુ આગળ પડતા પ્રજાતંત્રવાદી પક્ષને શિકસ્ત આપવા પુરતી બસ થશે. આ આ ઉપરાંત મધ્યસ્થ કારોબારીમાં પણ આ પક્ષમાંથી પ્રધાનો નીમાશે, અને આ પ્રધાનો બીજા પ્રજાપક્ષી પ્રધાનો સાથે રહી મધ્યસ્થ કારોબારી નીતિનું ઐક્ય કેટલી હદ સુધી જાળવી શકે તે પણ જોવા જેવું છે. ટુંકામાં રાજ્યકર્તાઓનાં મધ્યસ્થ ધારાસભામાં પોતાની પસંદગીના પ્રતિનિધિઓ મોકલવા

માટેના હક્ક માટે બ્રિટિશ હિન્દમાંથી સખ્ત વિરોધ ઉઠાવવામાં આવે છે. દેશ રાજ્યો તરફથી ધારાસભામાં મોકલવામાં આવતા પ્રતિનિધિઓની લાયકા માટેના નિયમો બ્રિટિશ હિન્દમાંથી મોકલવામાં આવતા પ્રતિનિધિઓ પ્રમાણે રહેશે. આ પ્રતિનિધિને રાજ્યકર્તા કોઇ પણ સંજોગોમાં પાછા બોલાવ શકશે નહિ. કોઇ પણ સંજોગોમાં રાજ્યની બેઠક ખાલી પડે તો તે સભ બરખાસ્ત થાય તેટલી મુદત સુધી પુરી શકાશે. જે રાજ્યોને સ્વતંત્ર બેઠ આપવામાં આવી છે તે રાજ્ય જો સમવાયતંત્રમાં જોડાયેલ નહિ હોય ત્ સુધી તેની બેઠક ખાલી રહેશે, જ્યારે સમૂહ રીતે રાજ્યોને જે બેઠકો મળેલ તે બેઠક જ્યાં સુધી તે સમૂહનાં અર્ધાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ ન થા ત્યાં સુધી તે બેઠક ખાલી રહેશે.

રાજ્યોના પ્રતિનિધિઓના હક્કો

રાજ્યોએ મોકલેલા પ્રતિનિધિઓને બ્રિટિશ હિન્દે મોકલેલ પ્રતિનિધિઓ જેટલાજ હક્કો રહેશે, અને આ પ્રતિનિધિઓ રાજ્યો તેમ બ્રિટિશ હિન્દની તમામ બાબતો પર મત આપી શકશે. રાજ્ય તરફથી મોકલાવેલ પ્રતિનિધિ વખતે નોકરીમાંથી નીકળી જાય ત પણ રાજ્ય તેને પાછા બોલાવી શકશે નહિ. તે પ્રતિનિધિ તો નોકરીમાં હોય છતાં પણ ધારાસભાની મુદત પુરી થતાં સુધી ધારાસભામાં બેસ શકશે. રાજ્યોના પ્રતિનિધિઓમાંથી સમવાયી પ્રધાનો પણ ગવર્નર જનર ચૂંટી શકશે.

શહેનશાહ રાજ્યોને એક સમૂહમાંથી બીજા સમૂહમાં મૂકી શકે ; જ્યારે અમુક રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થયેલ ન હોય અને તેને લઇ અમુક બેઠક ખાલી રહે તો તે બેઠક નાબુદ કરવા, અગર તે રાજ્યોને બીજ સમૂહમાં મૂકવાની સત્તા શહેનશાહ પાસે રહેશે. ગવર્નર જનરલ પણ દેશ રાજ્યો તરફથી મોકલવાના પ્રતિનિધિઓની નિમણૂક બાબતના નિયમો ઘ શકશે, તથા ખાલી પડતી જગ્યા બાબતની તકરારોનું નિરાકરણ કરશે.

દેશી રાજ્યો માટે સમવાયતંત્રની કાયદા ઘડવાની સત્તા

દેશી રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય ત્યારે તેમની બહુજ અ ત્યની સત્તા જે કાયદા ઘડવાની સત્તા છે તે સમવાયતંત્રને સુપ્રત કરવાની ; કેટલી હદ સુધી આ સત્તા આપવાની છે તે તો દેશી રાજ્યોને પોતાને ન કરવાનું છે. ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટની જે એકંદરે ૫૯ બાબતો છે તેમાં હાલ તુરત પ્રથમ ૪૭ બાબતો પુરતીજ સમવાતંત્રને કાયદા ઘડવાની સ

સુપ્રત કરવી પડે તેમ નક્કી કર્યું છે. પણ આ ૪૭ બાબતો માટે પણ રાજ્યે પોતપોતાની સ્થિતિ અનુસરીને અમુક અંકુશો સૂચવ્યા હતા, અને નરેન્દ્ર મંડળ તરફથી આ બાબતનો વિચાર કરવા નવીઅક્ષ કમિટિની નિમણૂક કરવામાં આવી હતી. આ કમિટિએ આ અંકુશોની સૂચનાઓ પણ કરેલ છે. આ સૂચનાઓનો ક્યાં સુધી અમલ થશે તે હાલ કહેવું મુશ્કેલ છે. પરંતુ જોઈન્ટ–સીલેક્ટ–કમિટિના મંતવ્ય પ્રમાણે આ સત્તા ઉપર આવી જાતના અંકુશો અસ્વીકાર્ય છે.

જોઈન્ટ–સીલેક્ટ–કમિટિના મત પ્રમાણે રાજ્યોને લેજીસ્લેટીવ લિસ્ટની ૪૭ બાબતો માટે તો કાયદા ઘડવાની સત્તા આપવી પડશે, અને જો કોઈ આ સત્તા ન આપવા માગતું હોય અથવા તો કોઈ અંકુશો મુકવા ધારતું હોય તો તેણે ખાસ કારણો રજુ કરવાં પડશે. બધા રાજ્યો તરફથી આ લિસ્ટની ૪૭ બાબતો માટે બને ત્યાં સુધી એક સરખા પ્રકારની સત્તા સુપ્રત કરવી પડશે. પરંતુ કોઈ રાજ્યની ખાસ સંધિ અગર તો કરારની રૂએ ફેરફાર કરવા પડે તો તે અપવાદરૂપજ ગણાશે. જો આ ૪૭ બાબતો માટે રાજ્યો તરફથી જુદી જુદી મર્યાદાઓ મુકવામાં આવે તો જરૂર સમવાયી ધારાસભાની કાયદા ઘડવાની સત્તા માટે તેમજ તે સત્તાનો અમલ કરાવવા માટે સમવાયી કારોબારીને અનેક પ્રકારની મુશ્કેલીઓ ઉભી થવા પામે. એટલે બનતાં સુધી જો રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય તો આ ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટની પહેલી ૪૭ બાબતો માટે તેઓને બધાને સમાન સત્તા સુપ્રત કરવી પડશે. અલબત્ત રાજ્યો માટેની આ સત્તામાં થોડો ઘણો ફેરફાર રહેશે તેમ માનવામાં આવે છે, પરંતુ તે બધું રાજ્યોએ કરી આપેલ પ્રવેશપત્ર ઉપર આધાર રાખે છે.

સમવાયતંત્રની કાયદા ઘડવાની સત્તાની રાજ્ય ઉપર થતી અસર

જો રાજાઓ ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટમાંથી પ્રથમ ૪૭ બાબતો પુરતી સમવાયતંત્રને કાયદા ઘડવાની સત્તા સુપ્રત કરે તો તેની અસર રાજ્યો ઉપર થાય તે જાણવું આવશ્યક છે. ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટ તપાસતાં માલુમ પડે છે કે ચલણ, પરદેશનીતિ, ચલણ સીક્કા, હુંડીઆમણ, તાર, ટપાલ, ટેલીફોન વાયરલેસ, બ્રોડકાસ્ટીંગ તથા દરીઆઈ જકાત, હથીયાર, તોપ, બંદુક તથા દારૂગોળા બાબતોમાં આજ પણ સરકાર પાસે કાયદા ઘડવાની સત્તા છે. આ સત્તા તેમની તેમ રહે તેમાં રાજ્યોને કાંઈ ગુમાવવાપણું રહેતું નથી.

આજે રાજ્યો કોપીરાઇટ, શોધખોળ, ઘાટ, ટ્રેડમાર્ક તથા માલ ઉપરની નિશાનીઓ ઉપરનો અધિકાર, હુન્નર ઉદ્યોગનો વિકાસ કરવાના હક્કો, ખાણ તથા તેલના કુવા પર કામકાજ કરતા મજુરોની સહીસલામતીના કાયદા ઘડવાની સત્તા, વિમા કંપની, બેન્કીંગ, દારૂ, ભાંગ, કોરપોરેશન વેરો, તથા મીઠું વગેરે બાબતોમાં સ્વતંત્ર કાયદાઓ ઘડે છે અને તેના ઉપર કર ઉઘરાવે છે. આ સત્તા રાજ્યોએ સમવાયતંત્રને સુપ્રત કરવી પડશે. દેશી રાજ્યોમાં ઉત્પન્ન થતા માલ ઉપર જકાત નાખવાનો તથા મીઠું પકાવવા બાબતના કરો નાખવાની સત્તા સમવાયી સરકારને મળતી હોવાથી દેશી રાજ્યની પ્રજાને આ બન્ને કરો આપવા પડશે. આવકવેરા, ખેતીવાડી સિવાયના ધંધામાં રોકેલ મુડી ઉપરના કર, સ્ટેમ્પ ડયુટી, રેલ્વે તથા હવાઈ ઉતારૂઓ ઉપરનો ટર્મીનલ ટેકસ બાબતમાં થોડા વર્ષો માટે સમવાયી ધારાસભાને રાજ્યોમાંથી કરવેરા ઉઘરાવવા હક્ક મળશે નહિ, અને આ કર વેરા લેવાય ત્યારે તેનો વરાડ રાજ્યોને જરૂર મળશે. આ ઉપરાંત નાદારીનો કાયદો, મિલ્કતની વેચાણ તથા ગિરો મુકવા તથા મીલ્કતની વ્યવસ્થા કરે તેવા કાયદાઓ, વસીયતનામાનો કાયદો, કરારનો કાયદો, ટ્રસ્ટ તથા દત્તક લેવાનો કાયદો તથા લગ્ન, લગ્નવિચ્છેદ, પુનર્લગ્ન, સ્ત્રીઓની મિલ્કત તથા વારસાહક, મજુરોના કાયદાઓ વગેરે કરવાની સત્તા પણ સમવાયતંત્રને આપવામાં આવશે.

સમવાયતંત્ર શરૂ થયા પછી સમસ્ત હિન્દને અસર કરે તેવા કાયદાઓ પસાર કરવા માટે સમવાયી ધારાસભાઓને સત્તા આપવામાં આવેલ છે. આ કાયદાઓમાં સામાજીક અને આર્થિક હિતના કાયદાઓનો સમાવેશ થતો હોવાથી હાલ તુરત માટે એ કાયદાઓ ભલે બ્રિટિશ હિન્દ માટે હોય, પરંતુ સમય જતાં આ કાયદાઓની અસર દેશીરાજ્યો ઉપર પણ થયા વિના રહેશે નહિ. કારણ કે સમવાયતંત્રની સત્તાનું ક્ષેત્ર દિવસે દિવસે વધવાનું. આજે દેશીરાજ્યોમાં જે કાયદાઓ પ્રવર્તી રહેલ છે તે બધા બ્રિટિશ હિન્દના કારણે જ છે. બ્રિટિશ હિન્દના કાયદાઓ દેશીરાજ્યો જેટલી હદ સુધી અપનાવે તેટલી હદ સુધી જ તેનો અમલ રહે છે. પરંતુ સમવાયી ધારાસભાને દેશીરાજ્યો પોતાને માટે કાયદા ઘડવાની સત્તા સુપ્રત કરે પછી તે કાયદાઓનું પાલન બ્રિટિશ હિન્દના પોષણે જ કરવું પડશે.

રાજ્યોની કાયદા ઘડવાની સત્તા

સમવાયતંત્ર દેશીરાજ્યો માટે જેટલી સત્તા દેશીરાજ્યોએ સમવાયતંત્રને સુપ્રત કરી હશે તેટલા પુરતા જ કાયદાઓ પસાર કરી શકશે. બાકીના ક્ષેત્રમાં એટલે જે સત્તા સમવાયતંત્રને સુપ્રત કરવામાં ન આવેલ હોય તેમાં દેશીરાજ્યોની કાયદા ઘડવાની સત્તા અબાધિત રહે છે, એટલું જ નહિ પણ જે બાબત સમવાયતંત્રને સુપ્રત કરેલ હોય તે બાબતમાં પણ રાજ્યો કાયદાઓ પસાર કરી શકે, પરંતુ તે કાયદાઓ સમવાયી કાયદાઓને મદદ કરે તેવા હોવા જોઈએ. પણ જો રાજ્યે પસાર કરેલ કોઈ પણ કાયદો સમવાયી કાયદાની વિરૂદ્ધ હોય તો રાજ્યનો કાયદો તેટલા પુરતો રદ થાય છે, અને સમવાયી કાયદો પાછળથી પસાર થયો હોય છતાં પણ સમવાયી કાયદાને અગ્ર સ્થાન આપવામાં આવશે. એટલું જ નહિ પણ રાજ્યની સર્વાંગ સત્તાને અંગે પસાર કરેલા કાયદાઓ સમવાયતંત્રે પસાર કરેલ કાયદાની વિરૂદ્ધ ન હોવા જોઈએ.

રાષ્ટ્રસંઘ તરફથી સામાન્ય જન કલ્યાણ માટે કરવામાં આવતા કાયદાઓ અમલમાં મુકવાની સત્તા સમવાયતંત્રને આપવામાં આવેલ. પરંતુ આ સત્તાનો અમલ થતાં પહેલાં રાજ્યકર્તાની સંમતિ લેવામાં આવશે.

ફેડરલ લિસ્ટની પ્રથમ ૪૭ બાબતો જોતાં રાજ્યોને જે સત્તા સમવાયતંત્રને સુપ્રત કરવાની છે તેથી કરીને રાજ્યની આંતરિક સર્વોપરી સત્તાને બહુ હરકત આવે તેમ નથી. રાજ્યો આજે જે નાણા પ્રકરણી, વહીવટી, અને બીજી અનેક સત્તા ભોગવે છે તેમાં બહુ ઘટાડો થવા સંભવ નથી. રાજ્યોની સ્થાનિક બાબતોને લગતા કાયદા ઘડવાનો હક રાજ્યોને જ રહેવાનો. રેવન્યુ, ન્યાયખાતું, ખેતીવાડી, કેળવણી, જાહેર આરોગ્ય, બાંધકામ, વેપાર ઉદ્યોગ, વગેરે ખાતાંઓનો વહીવટ રાજ્ય હસ્તક જ રહેવાનો. રાજ્યની પ્રગતિ સાધવા માટે રાજ્યકર્તાઓને સ્વતંત્ર અવકાશ આપવામાં આવેલ છે. રાજ્યોએ આજે તો બતાવી આપવાનું રહે છે કે તેમના હાથમાં પણ તેમની પ્રજાનું આર્થિક, સામાજીક, અને રાજકીય હિત સહીસલામત છે. જ્યાં સુધી રાજ્યો આવી તત્પરતા બતાવશે નહિ ત્યાં સુધી હાલના પ્રગતિ અને સંક્રાન્તિના જમાનામાં અત્યારની રસમ પ્રમાણે કામકાજ ચલાવવું જરૂર જોખમકારક નિવડશે.

(૨) દેશીરાજ્યો સાથેનો સમવાયતંત્રનો કારોબારી તથા વહીવટી સંબંધ

સમવાયી ધારાસભાએ કાયદાઓ પસાર કર્યા પછી તે કાયદાનો અમલ કરનારી સત્તા તે કારોબારી સત્તા છે. સમવાયતંત્રમાં સામેલ થવાથી રાજ્યોને જેમ કાયદા ઘડવાની સત્તા સમવાયતંત્રને સુપ્રત કરવાની છે તેવી જ રીતે આ કાયદાઓને અમલમાં મુકવા માટે કારોબારી સત્તાના સુપ્રત કરેલ વિષયો પુરતો અમુક ભાગ રાજ્યોએ સમવાયતંત્રને પણ સુપ્રત કરવો પડશે. એટલે સમવાયતંત્રમાં સામેલ થવાથી રાજ્યની કારોબારીના સ્થાનિક અને સમવાયી એવા બે વિભાગો પડી જવાના. આમ થવાથી રાજ્ય વહીવટમાં ખર્ચ અને મુશ્કેલીઓ વધવા સંભવ રહેશે. આ ઉપરાંત દરેક ખાતાંઓ રાજ્યના એક બીજા ખાતાં સાથે એવી રીતે સંકળાયેલ રહે છે કે એક ખાતાનો વિચાર કરતાં સાથે તેની અસર રાજ્યના બધાં ખાતાંઓ ઉપર થવાની.

ગવર્નર જનરલ એ સમવાયી કારોબારીના મુખ્ય કારોબારી અમલદાર રેહેશે. ગવર્નર જનરલ આ કારોબારી સત્તાનો અમલ પ્રાન્તો અને સંયોજીત રાજ્યો (Federated states)ના હિતો ધ્યાનમાં રાખીને કરશે. આ સત્તા માત્ર રાજ્યોએ પ્રવેશપત્રમાં સુપ્રત કરેલ કાયદા ઘડવાની સત્તા પુરતી જ રહેશે. જે બાબતોમાં સમવાયતંત્રને રાજ્યોએ સત્તા સોંપેલ ન હોય તે બાબતોનો સ્વતંત્ર વહીવટ રાજ્ય પોતાની કારોબારીથી કરશે. સમવાયી વિષયોમાં પણ જ્યાં સુધી ખાસ કાયદો પસાર કરવામાં ન આવે ત્યાં સુધી તે વિષયોનો કારોબારી વહીવટ રાજ્ય તરફથી જ કરવામાં આવશે. સમવાયતંત્રને સુપ્રત કરવામાં આવેલ કારોબારી સત્તાના રાજ્યમાં થતા અમલ માટે ગવર્નર જનરલ તે અમલ શરતો સાથે કે વિના પ્રાન્તિક સરકાર અગર તો કોઈ રાજ્યકર્તાને અથવા તો તેના અમલદારને સોંપી શકશે. પણ આમ કરતાં પહેલાં રાજ્યકર્તાની સંમતિ લેવામાં આવશે. આવી જ રીતે સમવાયી ધારાસભા પણ રાજ્યો માટે કાયદા ઘડે તેમાં રાજ્યને અગર તો રાજ્યના અધિકારીને સત્તા આપવા ગોઠવણ કરી શકશે, અને આવી કારોબારી જવાબદારીઓનો અમલ કરતાં જે ખર્ચ થાય તે ખર્ચ રાજ્યો સાથે મળી નક્કી કરે, અને તે ખર્ચ સમવાયતંત્ર તરફથી ચુકવવામાં આવશે. રાજ્યો પ્રવેશપત્રથી સમવાયી કારોબારી સત્તાનું ક્ષેત્ર અંકિત કરશે, અને ગવર્નર જનરલ રાજ્યકર્તા કે તેના અમલદારને સમવાયી કારોબારી સત્તા સોંપવા

બાબત ખાસ કરાર કરશે, જેની દરેક કોર્ટ કાયદેસર નોંધ પણ લેશે. પણ આવી સત્તા સાધન સંપન્ન મોટાં રાજ્યોને જ આપવામાં આવશે. નાનાં રાજ્યો માટે તો આજે પણ તેના પોલીસ, જાહેર આરોગ્ય, વગેરે ખાતાંઓ સંયોજીત કરી દેવાની યોજના વિચારાય છે. રાજ્યની કારોબારી અને સમવાયી કારોબારી સત્તા વચ્ચે અસામ્ય કે ઘર્ષણ ઉભું થવા ન દેવા માટે રાજ્યોએ ખૂબ વિચારવું પડશે. જે રાજ્યને ખાસ કરારોથી સમવાયી કારોબારી સત્તાનો અમલ સોંપવામાં આવ્યો હોય તે સત્તાનો અમલ બરાબર થાય છે કે નહિ તે બાબતની તપાસ કરવાની સત્તા ગવર્નર જનરલને રહેશે, અને તપાસને અંતે ગવર્નર જનરલને એમ જણાય કે કારોબારી અમલ યથાર્થ રીતે થતો નથી તો ગવર્નર જનરલ યોગ્ય લાગે તે પ્રમાણે તે રાજ્યને સૂચનાઓ કરી શકશે. સમવાયતંત્રને સુપ્રત કરેલ હોય તેટલી કાયદા ઘડવાની તથા કારોબારી સત્તાના બરાબર અમલ માટે રાજ્યો જવાબદાર રહે છે એટલું જ નહિ પણ રાજ્યોએ જે સત્તા સુપ્રત ન કરેલ હોય તેના અમલથી પણ સમવાયતંત્રની નીતિ અને સત્તાને અડચણ ન આવે તથા સમવાયી કાયદાનું બરાબર પાલન થાય તથા તેને માટે માન ઉત્પન્ન થાય તેવી રીતે તેનો ઉપયોગ કરવાનો છે. આનો અર્થ એમ થાય કે રાજ્યની કારોબારી નીતિ સમવાયી કારોબારી નીતિની વિરૂદ્ધ જઈ શકશે નહિ. સમવાયી કારોબારીને કેટલી સત્તા સુપ્રત કરવામાં આવેલ છે તે બાબતની કોઈ પણ તકરાર ભવિષ્યમાં થાય તો તેનો નિર્ણય ફેડરલ કોર્ટ કરી શકશે.

આમ ગવર્નર જનરલ સમવાયી કારોબારીના વડા તરીકે રાજ્યો ઉપરની કારોબારી સત્તાના અમલમાં પ્રધાન સત્તા ભોગવે છે. ગવર્નર જનરલની પ્રધાનમંડળને રાજ્યો ઉપરની કારોબારી સત્તા સાથે કાંઈ નિસ્બત નથી. ગવર્નર જનરલ સમવાયી કાયદાના યથાર્થ પાલન માટે દેશીરાજ્યો ઉપર દેખરેખ રાખી શકે છે, અને યોગ્ય લાગે ત્યારે તેનો બરાબર અમલ કરવા માટે રાજ્યોને સૂચનાઓ પણ આપી શકશે. ગવર્નર જનરલ રાજ્યો સાથે કેવી નીતિ દાખવે છે તે ઉપર સમવાયી કાયદા અને કારોબારી સત્તાના અમલનો આધાર રહે છે. રાજ્યોએ પોતાની સુવાંગ અને અવશેષ સત્તા વાપરવા માટે રાજ્ય વહીવટનું ધોરણ ઉંચા પ્રકારનું અગર તો બ્રિટિશ હિન્દ જેવું કરવું પડશે.

(૩) દેશી રાજ્યો અને ફેડરલ કોર્ટ

ફેડરલ કોર્ટની સત્તા અને બંધારણ માટે આગળ કહેવામાં આવેલ છે.

સમવાયતંત્રમાં સામેલ થયેલ રાજ્યના પ્રવેશપત્રને અંગે કાંઈ પણ તકરાર થાય અગર તો રાજ્ય તરફથી સમવાયતંત્રને આપવામાં આવેલ કાયદા ઘડવાની તથા કારોબારી સત્તાને અંગે રાજ્યો તથા સમવાયતંત્ર કે પ્રાન્તો વચ્ચે કાંઈ પણ મતભેદ ઉભો થાય તો તેનું નિરાકરણ ફેડરલ કોર્ટ કરશે. આ ઉપરાંત ફેડરલ કોર્ટ રાજ્યો પાસે કોઈ પણ કેસ રજુ કરાવી શકશે, અને રાજ્યની હાઈ કોર્ટ તરફથી આવેલ કોઇ પણ કેસમાં બજાવણી મોકુફ રખાવી શકશે, અને આ બાબતો માટે રાજ્યના ન્યાયખાતાના અમલદારોની મદદની માગણી પણ કરી શકશે. પરંતુ આ બાબતનું બધું લખાણ રાજ્યોને વિનંતિ પત્રથી રાજ્યકર્તા મારફત કરવામાં આવશે. આ ઉપરાંત ફેડરલ કોર્ટ તથા પ્રીવીકાઉન્સીલ તરફથી જે ચુકાદાઓ આવશે તે રાજ્યોએ સમવાયતંત્રને સુપ્રત કરેલ સત્તા પુરતા બંધનકારક રહેશે.

રાજ્યની હાઈકોર્ટ

સમવાયતંત્રમાં સામેલ થયેલ રાજ્યોની કોર્ટને હાઈકોર્ટ તરીકે શહેનશાહ માન્ય રાખશે. સમવાયતંત્રમાં સામેલ થતાં મર્યાદીત હકુમતવાળાં નાનાં રાજ્યોની અદાલતોનું શું થશે, અગર તો તેમની અવશેષ હકુમત બાબત શું ગોઠવણ કરવામાં આવશે તે બાબત હજુ સ્પષ્ટ રીતે નક્કી થયેલ નથી. પરંતુ હાલના સંજોગો ઉપરથી તો એમ જણાય છે કે બધાં નાનાં રાજ્યો વચ્ચે પોલીસ, ન્યાય, જાહેર આરોગ્ય, તબીબી, કેળવણી ખાતાંઓ બધાં એકત્ર કરી આ ખાતાંઓ બ્રિટિશ હિન્દના ધોરણે ચલાવવાં તેમ નક્કી કરવામાં આવશે. નાના રાજ્યોમાં સારા નોકરીયાતોની ગોઠવણ આ રીતે જ થઈ શકે તેમ માનવામાં આવે છે. આમ કરવામાં આવે તો નાના રાજ્યોનું ઉપર જણાવ્યા ખાતાંઓ પુરતું કોન્ફીડરેશન તો થઈ શકે છે. આજે પણ કાઠીયાવાડમાં મર્યાદીત હકુમતવાળાં રાજ્યોમાં કેળવણીનું ખાતું આ ધોરણે જ ચાલે છે.

(૪) દેશીરાજ્યોનો સમવાયતંત્ર સાથેનો નાણાકીય સંબંધ

દેશીરાજ્યોના સમવાયતંત્રમાં સામેલ થવાથી નાણા પ્રકરણી બાબતમાં બે પ્રશ્નો ઉપસ્થિત થાય છે. પ્રથમ તો નવા બંધારણમાં રાજ્યની માગણીઓ

ન્યાય પુરઃસર કેટલી હદ સુધી સ્વીકારવામાં આવે છે, અને બીજું સમવાયી ખર્ચનો બોજો જે રાજ્યોને ઉપાડવાનો છે તે રાજ્યોના કરાર, હિત અને હક્કો પ્રમાણે બરાબર છે કે નહિ.

રાજ્યોની આર્થિક અને નાણા પ્રકરણની સ્થિતિ ઉપર રેલ્વે, પોસ્ટ, ટેલીગ્રાફ, તાર, અફીણ વગેરે બાબતોમાં બ્રિટિશ હિન્દ તરફથી ચાલુ દબાણ થતું આવેલ છે, અને દેશી રાજ્યોની પ્રજાને પણ તેથી સહન કરવું પડે છે. દેશી રાજ્યની પ્રજા તો સમવાયતંત્રમાં જોડાયા પહેલાં પણ આડકતરી રીતે બ્રિટિશ હિન્દના હાલના કરવેરામાં ફાળો આપે છે. નવા બંધારણ માટે જ્યારથી વાતચીતો થવા લાગી ત્યારથી રાજ્યોએ પોતાના નાણા પ્રકરણી સવાલો ઉઠાવ્યા છે, અને રાજ્યોએ સમવાયતંત્રમાં સામેલ થાય તો તેની નાણાકીય સ્થિતિ પર હવે ખરેખર બોજો આવવાનો છે તે સ્પષ્ટ રીતે જાણવા માટે પ્રયાસો પણ કરેલ છે, અને આ માટે ભોપાલના નવાબ સાહેબના પ્રમુખપણા હેઠળ નાણાવિષયક કમિટિની નિમણૂક પણ કરવામાં આવી હતી. પરંતુ આ બાબતમાં હજુ સુધી સરકારી વલણ સ્પષ્ટ કરવામાં આવેલ નથી, એટલે રાજ્યોનું સમવાયતંત્રમાં નાણાવિષયક ભવિષ્ય જોઈએ તેવી રીતે હજુ નિશ્ચિત થયું નથી. જોકે કેટલાંક રાજ્યોના વ્યક્તિગત કીસ્સાઓ તપાસવામાં આવેલ છે, છતાં તેમાં પણ છેવટનો કાંઈ નિર્ણય કરવામાં આવેલ નથી, એટલુંજ નહિ પણ જે સૂચનાઓ કરવામાં આવેલ છે તેથી તે રાજ્યોને જોઈએ તેવો સંતોષ પણ થયેલ નથી. આ બધી વસ્તુઓ જોતાં હાલ જે ચાલે છે તેની તે સ્થિતિ આ બધી વિગતોમાં પ્રવર્તે છે. પણ આવી જાતનું વલણ રાજ્યોને કોઈ રીતે હિતકર નથી. દાખલા તરીકે રાજ્યોમાં તારટપાલની પ્રથા દાખલ ન કરવા દેવા તથા દેશી રાજ્યોમાં વપરાતા માલ ઉપરની દરીઆઈ જકાતના બોજાઓ રાજ્યોને મુંગે મોઢે સહન કરવા પડેલ છે. આ ઉપરાંત રાજ્યોના સાર્વભૌમ સત્તા સાથેની સંધિ તાથ કરારને અંગે પણ રાજ્યોને કેટલુંક સહન કરવું પડેલ છે. આ કરારોને માટે રાજ્યોને સહન કરવું પડે છે તે માટે બીજા કોઈનો નહિ પણ પોતાનોજ ઉપકાર માનવાનું રહે છે. આજે કેટલાંક રાજ્યો આ કરારોમાં પોતાના હિત માટે ફેરફારો કરાવવા માગે છે, પણ આ વસ્તુ ઉપર ૧૯૩૫ના નવા બંધારણમાં કે સ્ટેટસ ઈન્કવાયરી કમિટિના અહેવાલમાં ક્યાંય ધ્યાન આપવામાં આવેલ નથી. આ કરારોમાં ફેરફારો કરાવવા તેના કરતાં એક પક્ષ એવો છે કે આ બધા કરારો હવે નવે સરથીજ થવા જોઈએ તેમ કહે છે.

સમવાયી ખર્ચમાં રાજ્યોના ફાળો

સમવાયતંત્રના ખર્ચમાં રાજ્યના ફાળા સંબંધમાં સમવાયી સરકારને સુપ્રત કરવામાં આવેલ કામકાજ ઉપર અવલંબે છે. નવા બંધારણમાં આના નીચે પ્રમાણે વિભાગો કરવામાં આવેલ છે.

(૧) જાહેર દેવાં તથા પેન્શનો,

(૨) ખાધવાળા પ્રાન્તોને મદદ તથા ખાધવાળાં તાર ટપાલ જેવાં ખાતાંઓને આર્થિક મદદ,

(૩) રક્ષણ ખર્ચ,

(૪) વહીવટી ખર્ચ વગેરે.

(૧) જાહેર દેવાં તથા પેન્શન ચાર્જ

સમવાયતંત્ર શરૂ થાય તે પહેલાંના જાહેર દેવાં તથા પેન્શન ચાર્જ માટે રાજ્યો જવાબદાર ન રહેવાં જોઇએ તેમ નક્કી કરવામાં આવેલ હતું. બ્રિટિશ હિન્દનાં જાહેર દેવાં લગભગ રૂા. ૧૪૧૨ કરોડનાં છે અને સીવીલ પેન્શન ચાર્જ લગભગ દર વર્ષે ૮૦–૯૦ લાખ રૂપીયાનો છે. આ બધા માટે રાજ્યોને જવાબદાર ગણવાં તે જરૂર અયુક્ત ગણાય. જાહેર દેવાં અને પેન્શન ચાર્જીસ એ બન્નાં બ્રિટિશ હિન્દના હિત માટે કરવામાં આવેલ છે, અને આવા બીજાં ખર્ચો માટે રાજ્યોને જો જવાબદાર કરવામાં આવે તો જરૂર રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવું ભારે પડી જાય. આમ ન થવું જોઇએ તેમ સિદ્ધાંત રૂએ નકકી કરવામાં આવેલ છે ખરૂં પણ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીઆ એકટમાં જણાવવામાં આવેલ છે કે "Debt charges for which the federation is liable, including interest, sinking fund charges, and redemption charges, and other expenditure relating to raising of loans and the services and redemption of debt shall be expenditure charged on the revenues of the Federation" (Sect 33) [**દેવાંઓ માટે જેમ સમવાયતંત્ર જવાબદાર રહેશે અને જેમાં વ્યાજ, સીંકીંગ ફન્ડ ચાર્જ, રીડેમ્પશન ચાર્જ તથા લોન ઉઘરાવવાને અંગે થતાં બીજાં ખર્ચો તેમજ સર્વીસ અને દેવાંઓમાંથી મુક્તિ મેળવવા પુરતાં થતાં ખર્ચો સમવાયતંત્રની ઉપજ ઉપર લાદવામાં આવશે (૩૩). આમાં**

ક્યાંય રાજ્યોને આ દેવાંઓમાંથી મુક્તિ મળશે તેવું જોવામાં આવતું નથી. માટે રાજ્યોએ આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ સમજ્યા પછીજ સમવાયતંત્રમાં ભળવું હિતાવહ છે.

(૨) ખાધવાળા પ્રાન્તો તથા ખાતાંઓને મદદ

આ સિવાય સમવાયતંત્રનાં કેટલાંક ખર્ચો છે જે માત્ર બ્રિટિશ હિન્દના હિત ખાતરનાંજ છે. દાખલા તરીકે વાયવ્ય સરહદ પ્રાન્તને આર્થિક મદદ તરીકે રૂ. ૧ કરોડ દર વર્ષે આપવાના રહે છે, આ ઉપરાંત મધ્યસ્થ ઉપજમાંથી સીંધ, ઓરીસ્સા, આસામ વગેરે પ્રાન્તોને પણ મોટી મદદ આપવાની રહે છે. આ બધી મદદમાં રાજ્યોનો ફાળો સ્વાભાવિક રીતે થશે. આ સિવાય જેમ ખાધવાળા પ્રાન્તોને આર્થિક મદદ કરવી પડે છે તેવાં કેટલાંક ખાતાંઓ પણ છે, જેમાં તાર અને ટપાલ મુખ્ય છે. ૧૯૩૩-૩૪ માં ખાધવાળા ખાતામાં માત્ર તાર ટપાલ હતાં, અને તે મદદ માટે દર વર્ષે રૂ. ૬૧ લાખ આપવા પડતા. કેટલાંક રાજ્યોમાં સ્વતંત્ર ટપાલના ખાતાંઓ છે જ્યારે કેટલાકમાં બ્રિટિશ તાર ટપાલનાં ખાતાંઓ કામ કરે છે. મધ્યસ્થ તાર ટપાલ ખાતું એ મુખ્યત્વે બ્રિટિશ હિન્દી તાર ટપાલ ખાતું છે, અને આ ખાતાની જવાબદારી માટે રાજ્યોને સહન કરવું પડે તે યોગ્ય નથી. દેશી રાજ્યોને સહન કરવાનું તે દેશીરાજ્યની પ્રજાનેજ સહન કરવા બરોબર છે.

(૩) રક્ષણખર્ચ

રક્ષણખર્ચ જે મધ્યસ્થ સરકારના ખર્ચનો ૬૦% મો ભાગ છે તે પ્રશ્ન વધુ મહત્વનો છે. જ્યારે રાજ્યોએ બ્રિટિશ સરકાર સાથે કરારો અને સંધિઓ કરી ત્યારે તેનો મુખ્ય ઉદ્દેશ હિંદમાં શાંતિ અને સુવ્યવસ્થા જળવાઇ રહે તે હતો. રાજ્યોએ બ્રિટિશ સરકાર સાથે કાયમને માટે શાંતિ અને સુવ્યવસ્થા જાળવી રાખવાના કરારો કરેલ હોવાથી તેમને કાંઇ ઓછું જતું કરવું પડેલ નથી. રાજ્યોએ કોઇપણ બહારના રાજ્ય કે સત્તા સાથે કાંઇપણ વ્યવહાર ન કરવો કે સંબંધ ન રાખવો તે શરતે રાજ્યોને બહાર અને અંદરથી રક્ષણ આપવામાં આવે છે. રાજ્યોનું હાલ કહેવાનું એમ થાય છે કે રાજ્યોને જે રક્ષણ મળે છે તે રાજ્યોએ જતા કરેલ હક્કોને અંગે છે, અને આ રક્ષણ માટે બ્રિટિશ સરકારને લશ્કર નભાવવું પડે તેને માટે રાજ્યોએ જવાબદાર ન રહેવું જોઈએ. રક્ષણ ખર્ચ માટે કેટલાંક રાજ્યોએ તો સરકારને મુલક પણ સોંપેલ છે, આજે બ્રિટિશ હિન્દમાં લશ્કરી ખર્ચ ૪૯ કરોડ જેટલું રહે છે, અને આ જંગી

ખર્ચમાં રાજ્યો પોતાનો ફાળો આપવા બહુ ઉત્સુક નથી. પરંતુ હજુ બ્રિટિશ સાર્વભૌમ સત્તાનો નવાબંધારણથી અસ્ત થતો નથી. બ્રિટિશ તાજની સર્વોપરી સત્તા હજુ તેમની તેમ કાયમ રહે છે. દેશી રાજ્યો તે આ સત્તા હેઠળનાં રક્ષિત રાજ્યો મટી જતાં નથી. સમવાયતંત્ર આવવાથી બ્રિટિશ સરકારની હિન્દ ઉપરની સત્તામાં ખાસ ફેરફાર થતો નથી. ઉપરાંત રક્ષણનું ખાતું તો ગવર્નર જનરલનું ખાસ વિષયો પૈકીનું ખાતું છે, અને તેમ રાખવાથી ધારાસભાને રક્ષણનીતિ ઉપર જરાપણ અવાજ કરવાની સત્તા નથી. આજે રાજ્યો આ રક્ષણ માટે રોકડ રકમ ભરે છે, અગર તો લશ્કર રાખે છે અને મોટું ખર્ચ ભોગવે છે. રાજ્યોનું આંતરિક અને બાહ્ય આક્રમણોમાંથી રક્ષણ કરવું તે બ્રિટિશ સાર્વભૌમ સત્તાની કરારો અને સંધિઓને અંગે ફરજ થઇ પડેલ છે. હવે રાજ્યો કોઇપણ રીતે આ જવાબદારીમાંથી તો મુક્ત થઇ શકે તેવું લાગતું નથી. આ જવાબદારીમાંથી મુક્ત થવું એટલે તો રાજ્યોને આંતરરાષ્ટ્રીય રાજ્યો જેવો દરજ્જો મળી જાય, જે પરિસ્થિતિમાં હાલના સંજોગોમાં બ્રિટિશ સર્વોપરી સત્તા રાજ્યોને મુકવા માગતી નથી.

(૬) વહીવટી ખર્ચની બાબતો

સમવાયી ખર્ચની છેલ્લી બાબત સીવીલ એડમીનીસ્ટ્રેશન (વહીવટી ખર્ચ) બાબતની છે. ૧૯૩૭–૩૮ માં સીવીલ એડમીનીસ્ટ્રેશનનું કુલ ખર્ચ ૧૦,૪૨,૭૯૦૦૦ નું હતું, જેમાં

૧. જનરલ એડમીનીસ્ટ્રેશનના	... ... રૂ.	૧.૭૨,૭૩૦૦૦
૨. ઓડીટ	... ,,	૧,૦૧ ૩૫૦૦૦
૩, જેઇલ અને કનવીકટ સેટલમેન્ટ	... ,,	૨૩,૧૦,૦૦૦
૪. ન્યાયખાતું ...	... ... ,,	૭,૩૦૦૦૦
૫. પોલીસ	... ... ,,	૩૦,૦૭૦૦૦
૬. પોર્ટસ અને પાઇલોટેજ	... ... ,,	૨૮,૭૦૦૦૦
૭. લાઇટહાઉસ અને લાઇટશીપ	... ... ,,	૮૫૫૦૦૦
૮. ધાર્મિક ખાતું ...	... ... ,,	૨૭,૮૨૦૦૦
૯. તાજના પ્રતિનિધિ ...	... ... ,,	૧,૦૪,૮૮૦૦૦
૧૦. પરદેશ નીતિ બાબતના	... ... ,,	૫૨,૨૪૦૦૦
૧૧. વિજ્ઞાનખાતું ...	... ... ,,	૭૨૦૧૦૦૦

આ સિવાય સીવીલ વર્કસ ઉપરનું ૧૯૩૭–૩૮ નું ખર્ચ રૂ. ૨૮૭,૨૩૦૦૦

નું હતું. સાધારણ વહીવટી ખર્ચમાં બ્રિટિશ બલુચિસ્તાન તથા આન્દામાન ટાપુના રાજ્યવહીવટના ખર્ચનો સમાવેશ થાય છે. સમવાયતંત્રનું નાણાપ્રકરણ વ્યવસ્થિત રાખવા માટે ઓડીટખાતું રાખવામાં આવે છે, અને આ ખાતું સમવાયતંત્ર ઉપરાંત પ્રાન્તો માટે પણ ઉપયોગમાં આવશે. ફેડરલ ઓડીટના ખર્ચમાંથી પ્રાંન્તોના હીસાબના તપાસનું ખર્ચ બાદ કરવામાં આવશે.

રાજપ્રકરણી ખાતાનું ખર્ચ

સમવાયતંત્રમાં રાજપ્રકરણી ખાતાનું ખર્ચ તે જાહેર પ્રજાની ઉપર એક ઘણોજ મોટો બોજો છે. શરૂઆતમાં રેસીડન્ટ અને પોલીટીકલ ઓફીસરો દેશી રાજ્યોના દરબારમાં બ્રિટિશ પ્રતિનિધિઓ તરીકે આવતા. પરંતુ સમય જતાં જ્યારથી હિન્દનાં બધાં રાજસ્થાનો ઉપર બ્રિટિશ સર્વોપરી સત્તા સંપૂર્ણ રીતે પથરાઇ ગઇ, ત્યાર પછી આ અમલદારો તાજના પ્રતિનિધિઓ અને સર્વોપરીસત્તાના વાહકો થયેલ છે. આજે હિન્દનું રાજપ્રકરણી ખાતું હિન્દના દેશી રાજ્યોના રાજ્યકર્તાઓ ઉપર તથા તેની પ્રજા ઉપર અદશ્ય રીતે ઘણીજ સત્તા ભોગવે છે. દેશીરાજ્યો જો સમવાયતંત્રમાં સામેલ થાય તો સમવાયતંત્રને સુપ્રત કરેલ સત્તા પુરતી રાજ્યપ્રકરણી ખાતાની સત્તા રાજસ્થાનો ઉપર ઓછી થશે. જકાત, રસ્તાઓ બાંધવા, અને રાજ્યોને સમવાયી ફંડમાંથી લોન આપવા બાબતોની બધી વાટાઘાટ રાજ્યોને પ્રાન્તો અગરતો સમવાયી સરકાર સાથે કરવી પડશે. નિષ્ણાતોની સલાહ માટે નિષ્ણાતોનું ખાતું નિભાવવા માટે રાજ્યો ફાળો આપતાં હોવાથી રાજ્યો કાયદેસર તેની માગણી કરી શકશે. જેમ જેમ રાજ્યો સમવાયતંત્રને વધુ ને વધુ સતા સોંપતા જશે તેમ તેમ રાજપ્રકરણી ખાતાની સત્તા ઓછી થતી જશે. આજે તો આ ખાતું દેશી રાજ્યોના તાજ સાથેના સંબંધ પુરતું ચલાવવામાં આવે છે. પણ ભવિષ્યમાં આ ખાતાની જરૂરીયાત દીવસે દીવસે ઓછી તો થશે જ. હિન્દના રાજપ્રકરણીખાતા ઉપરનો ખર્ચ હાલ તો બ્રિટિશ સરકાર કોઇપણ સંજોગોમાં ઓછો કરે તેમ નથી. આ ખાતું ખરી રીતે બ્રિટિશહિન્દને માટે તો નકામુંજ છે. માત્ર રાજ્યોના સંબંધ પુરતું જ રહે છે, એટલે રાજ્યોએ પોતાને જ આ ખાતા માટે ઉપકાર માનવાનો રહે છે.

આ સિવાય ન્યાય, જેલ, પોલીસ વગેરે ખાતાંઓના ખર્ચ માટે રાજ્યોને હીસ્સો આપવાનો રહે છે. આ સિવાય બંદરો, પાઇલોટેજ, હવાઇ

વ્યવહાર અને બીજાં વહીવટી ખર્ચ માટે પણ આનો આ પ્રશ્ન રહે છે. હિન્દના ધાર્મિક ખાતામાં દરવર્ષે લગભગ રૂા. ૪૦ લાખ ખર્ચાય છે. આ ખાતાં સાથે દેશી રાજ્યોને જરાપણ નિસ્બત નથી, છતાં પણ આ ખર્ચ માટે તેમને હીસ્સો આપવો પડે તે બીલકુલ અયુક્ત છે, કારણ કે આ ખાતું કેવળ યુરોપીયનો માટે જ નભાવવામાં આવે છે. આ સિવાય શોધખોળ, કેળવણી, તબીબી, જાહેર આરોગ્ય, અને ઉદ્યોગના ખાતાંઓના ખર્ચ માટે પણ રાજ્યોને હીસ્સો આપવાનો રહે છે. આ સિવાય વાયુચક્ર શાસ્ત્રીના ખાતા માટે પણ રાજ્યોને યોગ્ય વરાડ આપવાનો રહે છે.

રાજયોને ખર્ચનો આપવાનો ફાળો

સમવાયી સરકારના ખર્ચના સીવીલહેડ હેઠળનું કુલ ખર્ચ ૧૯૩૭–૩૮ વર્ષના આંકડા પ્રમાણે જોશું તો રૂા. ૧૦,૪૨,૭૯૦૦૦ જેટલું છે. આ ઉપરાંત આમાં ધારાસભાઓ વિસ્તૃત કરવાથી તથા ફેડરલ કોર્ટની સ્થાપના તથા બીજાં સમવાયી ખાતાં શરૂ કરવામાં વધારાનું ખર્ચ પોણો કરોડ ગણીએ તો ખર્ચ લગભગ ૧૧૫ કરોડ જેટલું આવે. આ ઉપરાંત ધાર્મિક ખાતાનો ખર્ચ તથા રાજપ્રકરણી ખાતાનો ખર્ચ જોતાં કુલ ખર્ચ ૧૩ કરોડ રૂપીયા જેટલું આવે. હવે રાજ્યોનો આ ખર્ચ માટે શું ફાળો હોવો જોઇએ તે બાબત વિચાર કરતાં રાજયોનું વસ્તિપ્રમાણ બ્રિટિશ હિન્દના પ્રમાણમાં ૨૨.૭% જેટલું ગણાય. આ હીસાબે રાજ્યોને આપવાનો વરાડ લગભગ ત્રણ સાડાત્રણ કરોડ રૂપીયા જેટલો ગણાય.

રાજ્યોએ સમવાયતંત્ર પહેલાંના દેવાંઓ તથા પ્રાન્તોને આપવામાં આવતી આર્થિક મદદ (Financial Subventions) માટે પોતાને જવાબદાર ન ગણવા માટે વિરોધ કરેલ છે.

રાજ્યોને આપવાનો ખર્ચ બાબત વિચાર કર્યા પછી આ ખર્ચ કયા સાધનોદ્વારા ઉઘરાવવાનું તે વિચારવું આવશ્યક છે. રાજ્યોને આપવાનો વરાડ નીચેના સાધનોદ્વારા છે.

(૧) જકાત જેમાં નીકાસ દાણનો સમાવેશ થશે,

(૨) તમાકુ તથા હિન્દમાં બનાવેલ વસ્તુઓ તથા દારૂ, અફીણ, ગાંજો, બીજી કેફી વસ્તુઓ, દવાઓ તથા માથામાં નાંખવાની સુગંધી ચીજો જેમાં દારૂ આવતો હોય તે ઉપરનું જકાતી દાણ,

(૩) કોરપોરેશન વેરો,

(૪) મીઠું,

(૫) ચલણ અને સીક્કાઓ દ્વારાની ઉપજ.

દરીઆઈ જકાત

આયાત નીકાસ દાણ સંબંધી ઇન્ડીઅન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ કેટલાંક બંદરી રાજ્યોને તેની ખાસ સંધિઓ તથા કરારોને અંગે વિમુક્ત રાખવા ભલામણો કરી હતી. કાશ્મીર સિવાયનાં આ બધાં રાજ્યો બંદરી રાજ્યો છે, જે ખાસ કરારોને અંગે માલની આયાત કરે છે. આ કમિટિએ કરેલ ભલામણો મુજબ રાજ્યોને આ દરીઆઈ જકાતમાંથી દોઢ કરોડની રાહત મળે તેમ હતું, રાજસ્થાનોની વસ્તીનું પ્રમાણ સમસ્ત હિન્દનાં પ્રમાણમાં ૨૨.૭% જેટલું ગણીએ અને સમવાયતંત્રની જકાતી ઉપજ ઉપરાંત કાઠીયાવાડના બંદરી રાજ્યોની ૫૨ કરોડની જકાત ગણતાં, રાજ્યોને જકાતી ખર્ચ માટે વસ્તી પ્રમાણ જોતાં ૧૧ કરોડ રૂપીઆ આપવાના રહે. સ્ટેટસ ઇન્કવાયરી કમિટિની દોઢ કરોડ આપવાની ભલામણ માન્ય કરવામાં આવે તો પણ જકાત દ્વારા બાકીનાં રાજ્યોને આપવાનો ફાળો લગભગ ૧૦ કરોડ રૂપીયા જેટલો રહે. મધ્યસ્થ સરકારની જકાતી ઉપજ લગભગ ૫૦ કરોડ રૂપીયાની ગણાય છે.

૧૯૩૪-૩૫ સુધી મોટર સ્પીરીટ, ગ્યાસતેલ, ચાંદી, ખાંડ, દીવાસળી, અને પતરાંઓ ઉપર જકાત નાખવામાં આવતી અને તેની ઉપજ કસ્ટમ રેવન્યુમાં ભેળવવામાં આવતી.

કોરપોરેશન ટેકસ

કોરપોરેશન ટેકસ એ સંસ્થાપિત મંડળી ઉપરનો કરવેરો છે. જકાતમાં કોઈ વખત ઓછી ઉપજ આવે તેમ હોય ત્યારે કોરપોરેશન ટેકસ દ્વારા ઉપજ સરભર થઇ શકે તેમ છે. રાજ્યો પોતાની હદમાં રજીસ્ટર થયેલી કંપની ઉપર આ વેરો નાખવા માંગતા નથી, એટલે કોરપોરેશન ટેકસ દ્વારા કાંઇ પણ મળે તેમ સંભવ નથી.

મીઠાં વેરો

મીઠાં વેરા સંબંધી ઇન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ કાંઈ ફેરફાર ન કરવા સૂચવ્યું હતું, પણ છે તેમનું તેમ ચલાવવા ભલામણ કરેલ છે. મીઠાં વેરા દ્વારા રાજ્યો મધ્યસ્થ સરકારને ૧.૬૨ કરોડ રૂપીયા આપે છે.

ચલણ તથા નાણું

ચલણ અને નાણા દ્વારા ઉપજ આપવા સંબંધમાં સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ લક્ષ આપેલ નથી, પણ ભૂતકાળમાં સરકારે ઘણો લાભ ઉઠાવેલ છે

અને ધારવા પ્રમાણે સમવાયતંત્ર પણ તેમજ કરશે. રાજ્યો ચલણ અને નાણાં દ્વારા .૮૮ કરોડ રૂપીઆ સરકારને ભરે છે. ઉપર જણાવ્યા સાધનો પ્રમાણે રાજ્યોનો ફાળો નીચે મુજબ રહેશે.

જકાત......................	રૂા. ૧૦.૨૯ કરોડ
મીઠું......................	૧.૬૨ ,,
ચલણ અને નાણા............	.૮૮ ,,
કુલ	૧૨.૭૯ કરોડ

આવકવેરો

આ સિવાય પણ દેશી રાજ્યો તથા તેની પ્રજા સરકારને ગવર્મેન્ટ સીક્યુરીટી તથા બ્રિટીશ હિન્દી કમ્પનીના શેરો ઉપર આવકવેરો ભરે છે. રાજ્યોએ સ્પષ્ટ રીતે કહી દીધેલ છે કે તેઓ કોઇ પણ સમવાયી કર તેની પ્રજા ઉપર નાખવા તૈયાર નથી. ગવર્મેન્ટને હાલ આવકવેરાના ૧૭ કરોડ રૂપીયા આવે છે. તેમાંથી લગભગ એક કરોડ રૂપીયા તો દેશી રાજ્યોની પ્રજા ભરે છે. આમ દેશી રાજ્યો જો સમવાયતંત્રમાં દાખલ થાય તો જકાત, મીઠું, ચલણ, અને આવકવેરા દ્વારા લગભગ ૧૩–૧૪ કરોડ રૂપીઆનો ફાળો આપવાનો રહે છે.

રાજ્યોને નિભાવવું પડતું લશ્કરી ખર્ચ

સામ્રાજ્યના રક્ષણના હિત ખાતર રાજ્યો પણ લશ્કરી ખર્ચ રાખે છે. ખરૂં જોતાં સંધિ તથા કરારો પ્રમાણે રક્ષણની જવાબદારી સર્વોપરી સત્તાની છે. છતાં પણ રાજ્યોમાં પોલીસ તથા લશ્કરી બળ રાખવામાં આવે છે, આજે રાજ્યોનું લશ્કર તે બ્રિટિશ હિન્દના લશ્કરના એક ભાગ સમાન થઈ પડેલ છે. રાજ્યોમાં રાખવામાં આવતાં લશ્કરો બ્રિટિશ હિન્દના ધોરણ પ્રમાણે રાખવામાં આવે છે, અને આ લશ્કરો સંબંધી શિક્ષણ તથા સલાહ આપવા માટે ગવર્મેન્ટ તરફથી ચોકસ અમલદારો રાખવામાં આવે છે. રાજ્યોના લશ્કરોએ ગવર્મેન્ટને મદદ કરેલ છે, અને છેલ્લા મહાન વિગ્રહમાં ઘણીજ કિમતી મદદ કરેલ હતી. દેશી રાજ્યોમાં રહેતા લશ્કરી બળની સંખ્યા લગભગ ૪૯૭૩૧ સીપાઈની છે. જ્યારે બ્રિટિશ હિન્દમાં લશ્કરી બળની સંખ્યા ૨૫૪,૩૫૪ જેટલી રહે છે. પણ આ સંખ્યામાં સંજોગો પ્રમાણે વધારો થઈ શકે છે. હાલના યુરોપના કટોકટીના મામલામાં હિન્દી અને રાજ્યોના લશ્કરી બળની જરૂરીયાત દિનપ્રતિદિન વધવાની. રાજ્યોની લશ્કરી બળની સંખ્યા

જોતાં અને હિન્દી લશ્કરી બળનો ૪૯ કરોડનો ખર્ચો સરખાવતાં રાજ્યોને લગભગ ૯ કરોડ જેટલો આ લશ્કર નીભાવવાનો ખર્ચ આવે, પણ રાજ્યોમાં રાખવામાં આવતાં લશ્કરનો ખર્ચ બ્રિટિશ હિન્દ કરતાં ઓછો આવે છે, કારણ કે ખર્ચ બ્રિટિશ સિપાઈઓનું વધુ પડતું આવે છે. પણ રાજ્યોમાં હિંદી લશ્કર તથા હિંદી અમલદારોનું ખર્ચ પ્રમાણમાં ઓછું રહે તે સ્વાભાવિક છે. ઇન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ રાજ્યોના લશ્કરની પૈસામાં કિંમત આંકવાની ના પાડતાં આ લશ્કરી ખર્ચ માટે કાંઇ પણ વસ્તુ ધ્યાનમાં લીધેલ નથી.

ખંડણી

રાજ્યો તરફથી બ્રિટિશ સરકારને ૭૫ લાખ રૂપીઆ ખંડણીના ભરવામાં આવે છે. આ ખંડણી બ્રિટિશ સરકાર રાજ્યો પાસેથી સાર્વભૌમ સત્તા તરીકે ઉઘરાવે છે. આ ખંડણી આપવાના જુદા જુદા કારણો ૧૯૩૫ના કાયદાની કલમ ૧૪૭માં જણાવવામાં આવેલ છે.

(૧) જે ભરણા રાજ્ય તરફની બ્રિટિશ સાર્વભૌમ સત્તાના સર્વોપરીપણા માટે તાબાના રાજ્ય તરીકે આપવામાં આવે છે, અને જેના બદલામાં બ્રિટિશ સત્તા રાજ્યને રક્ષણ અને લશ્કરી મદદ કરવા બંધાય છે,

(૨) જે ભરણાં લશ્કર નિભાવવા માટે રાજ્ય તરફથી આપવામાં આવતાં હોય તે,

(૩) જે ભરણાં ખાસ લશ્કર નિભાવવા કે સ્થાનિક લશ્કર રાખવા અગર તો શહેનશાહના પ્રતિનિધિ રાખતાં ખર્ચ બદલ આપવામાં આવતાં હોય,

(૪) કોઈ રાજ્યના રાજ્યકર્તાને ગુમાવેલ રાજ્ય પાછું સોંપવા બદલ અગર તો કોઈ રાજ્યને ફરીથી અસ્તિત્વમાં લાવવા આપવામાં આવતાં ભરણાં,

(૫) કાયમી જમાબંધીને અંગે જમીનદારો પાસેથી લેવામાં આવતાં ભરણાં, અગર તો જમીનનાં અદલાબદલા કરવા માટે ભરવામાં આવતી રકમ,

(૬) જીતી લીધેલ અગર ખાલસા કરેલ મુલક પાસેથી બીજાં રાજ્ય માટે ઉઘરાવવામાં આવતાં ભરણાં.

ઇન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ આ ખંડણી સમવાયતંત્રની સ્થાપના વખતે માફ કરવાનું જણાવ્યું હતું, પરંતુ સમવાયતંત્રને થોડાં વધુ વર્ષો માટે ઉપજની જરૂર હોવાથી તેમ થવું અશક્ય બન્યું. પરંતુ એમ સુચના કરવામાં આવી કે જે રાજ્ય તેની વાર્ષિક ઉપજના ૫% થી વધારે ખંડણી ભરતું હોય તેને ૫% થી વધારાની રકમ માફ થવી જોઇએ. આ સૂચના માન્ય

કરવામાં આવતાં રાજ્યોની ખંડણીની આવતી ઉપજમાંથી હિન્દી સરકારને હાલ તુરતને માટે ૧૨ લાખ રૂપીયા જતા કરવા પડે તેમ છે. બાકીના ૬૩ લાખની ખંડણી માટે સમવાયતંત્રની સ્થાપના પછી ૨૦ વર્ષમાં જે રાજ્ય સમવાયતંત્રમાં સામેલ થયેલ હશે તેને માટે માફ કરવાની ગોઠવણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત નીમેયર એવાર્ડમાં નક્કી થયા મુજબ પ્રાન્તોને જ્યાં સુધી આવકવેરાના પૂરેપૂરા ૫૦% ન મળે ત્યાં સુધી રાજ્યોને ખંડણી આપવી પડશે, એટલે ખંડણી જે રાજ્યો હાલ ભરે છે તે હજુ લગભગ ૨૦ વર્ષ સુધી ચાલુ રહેશે. જ્યારે સરકારને ભરવાની ખંડણી નાબુદ કરવામાં આવે ત્યારે એક બીજા રાજ્યો વચ્ચે ખંડણી લેવાની જે પ્રથા છે તે પણ નાબુદ થશે, તેમ સ્ટેટસ ઇન્કવાયરી કમિટિના અહેવાલ પરથી જણાય છે. છેવટે આ યોજનામાં કુલ ખર્ચ રૂ. ૭૭,૯૧ +રૂા. ૯.૬ = રૂા. ૮૭.૫૭ કરોડ છે, જેમાંથી રાજ્યો નીચે પ્રમાણે આપશે.

જકાત.....................	રૂા. ૧૦.૨૯	કરોડ
મીઠું.....................	૧.૬૨	,,
ચલણ તથા નાણું...........	.૮૮	,,
લસ્કરી ખર્ચ................	૯.૬૦	,,
રોકડ ખંડણી...............	.૬૩	,,
કુલ	રૂા. ૨૩,૦૨	કરોડ

ટુંકામાં રાજ્યોને કુલ ખર્ચનો ૨૬% જેટલો હિસ્સો આપવાનો રહે છે. રાજ્યોની આ ખર્ચ પરત્વે એવી માગણી છે કે રાજ્યો સમવાયતંત્રમાં માત્ર સીવીલ એડમીનીસ્ટ્રેશનના ખર્ચમાંજ હિસ્સો આપે, જે આશરે ૨½ કરોડનો આવે છે. પણ જો ૧૯૩૫ના કાયદા પ્રમાણે રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય તો તેમને આપવાનો હિસ્સો ૫૩ કરોડથી નીચે તો રહેશેજ નહિ. એટલે રાજ્યો ઉપર થતી આ નાણાકીય અસર જોતાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થવા બહુ ખુશી હોય તેમ જણાતું નથી.

રેલ્વે

રાજ્યોમાં ચાલતી રેલ્વેના ત્રણ વિભાગ પડી જાય છે.

(૧) રાજ્યોની માલીકીની રેલ્વે,
(૨) હિન્દી સરકારની માલીકીની રેલ્વે,
(૩) રેલ્વે કમ્પનીની માલીકીની રેલ્વે,

રાજ્યોની માલીકીની રેલ્વે માટે ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા એક્ટમાં કેટલાક અંકુશો મૂકવામાં આવેલ છે. ફેડરલ રેલ્વેતંત્રની ગોઠવણુ હિંદી રેલ્વે નીતિના ઐક્ય માટે કરવામાં આવેલ છે. રેલ્વે સંબંધી નીતિ તથા કરારોનો નિર્ણય કરનાર રેલ્વે ટ્રીબ્યુનલના હાથમાં પણ રાજ્યોની રેલ્વેનું ભવિષ્ય ઘણુંજ સંકળાયું છે. રેલવે ટ્રીબ્યુનલના ત્રણ સભ્યોમાંથી એક નરેન્દ્રમંડળ તરફથી નીમાવો જોઇએ તેમ રાજ્યોની માગણી છે, પરંતુ આ માગણીનો સ્વીકાર કરવામાં આવે તેમ લાગતું નથી. રાજ્યોની માલીકીની રેલ્વે જે બ્રિટિશ હિન્દની રેલ્વેના ધોરણે ચાલતી હશે તે ફેડરલ રેલ્વેતંત્ર સાથેના રાજ્યના થયેલ કરાર મુજબ ચાલવાની. આ ઉપરાંત રાજ્યોએ પોતાની હદમાંથી ચાલતી સરકારી રેલ્વે અગર કમ્પની રેલ્વેના નફામાં હિસ્સો મળવા માગણી કરેલ હતી, પરંતુ આ માગણી તરફ બિલકુલ લક્ષ આપવામાં આવેલ નથી. કેટલાંક રાજ્યોમાં કમ્પની સાથેનો કરાર પુરો થતો હોય તે વખતે આ કમ્પની રેલ્વે સરકારે પોતેજ હસ્તક કરેલ છે. રાજ્યોને આ રેલ્વે ખરીદવા માટે હક્ક આપવામાં આવેલ નથી. ઇન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ જણાવેલ છે કે જ્યાં રાજ્યોએ રેલ્વે ચાલવા માટેની જગ્યા બીનશરતી આપેલ છે ત્યાં પછી રાજ્યોને કાંઇ હિસ્સો માગવાનો હક્ક રહેતો નથી.

ટપાલ

ટપાલ બાબત પણ રાજ્યોના ત્રણ વિભાગો પડે છે.

(૧) જે રાજ્યોને પોતાની ટપાલ પદ્ધતિ છે,

(૨) જે રાજ્યો હિન્દી સરકાર સાથેના કરાર મુજબ ટપાલ પધ્ધતિ પ્રમાણે સરકારીખાતું ચલાવે છે.

(૩) જે રાજ્યોને પોતાતાની પદ્ધતિ નથી, અને જેમાં બ્રિટિશ હિન્દનું સરકારી ટપાલખાતું કામ કરે છે. બ્રિટિશ ટપાલખાતાની બરોબરીમાં દેશી રાજ્યને ટપાલખાતાં ચલાવવામાં રાજ્યોને બહુ ફાયદો રહેતો નથી. આ ઉપરાંત જે રાજ્યોમાં રાજ્યવતી સરકારી ટપાલખાતું કામ કરે છે ત્યાં રાજ્યના હિત માટે લક્ષ આપવામાં આવતું નથી તેમ રાજ્યોની ફરીયાદ છે. પણ સરકાર આ ટપાલખાતું રાજ્યોને અગવડતા રૂપ હશે તો રાજ્યની ઇચ્છા મુજબ બંધ કરી દેશે તેમ જણાવ્યા પછી રાજ્યોની ફરીયાદ ઓછો થઇ ગયેલ છે.

તાર

ટેલીગ્રાફખાતાં બાબત પણ ટપાલ જેમજ ચાલે છે. હાલના ધારા ધોરણ પ્રમાણે રાજ્યોને સાર્વભૌમ સત્તાની પરવાનગી વગર તેમની રાજ્યની હદમાં પોતાની તાર ઓફીસ ચલાવવા માટે હક્ક નથી. પોસ્ટ, ટેલીગ્રાફ, ટેલીફોન, વાયરલેસ, બ્રોડકાસ્ટીંગ વગેરે ખાતાંઓ સમવાયતંત્ર હેઠળ મુકવાથી રાજ્યોના આ ખાતાંઓ સંબંધીના હક્ક ઉપર જરૂર ત્રાપ આવશે તે નિશંક છે.

ખુશ્કી જકાત (Land Custom)

હિંદનાં ઘણાખરાં રાજ્યો પોતાનાં આંતરિક સર્વોપરિપણાને અંગે ચાલતી આયાત નીકાશ ઉપર જકાત નાખે છે જે ખુશ્કી જકાત કહેવાય છે. કેટલાંક રાજ્યોમાં આ જકાતની ઉપજ ઘણીજ મોટી આવે છે. નવા બંધારણીય સુધારાની વાતચીત થતી હતી ત્યારથીજ એકબીજા રાજ્યો વચ્ચેની આ જકાતી દીવાલો દૂર કરવા માગણી કરવામાં આવેલ છે. પીલ કમિટિએ આ બાબતની વિચારણા ચલાવતાં આ જકાતી દીવાલો હિંદના રાજકીય તથા આર્થિક ઐક્ય દૂર કરવાનું રાજ્યોની વિવેકબુદ્ધિ ઉપર છોડયું હતું. ઇન્ડીયન સ્ટેટસ ઈન્કવાયરી કમિટિએ આ જકાતી હક્ક રાજ્યોને જેમ છે તેમ રાખવા દેવા ભલામણ કરી હતી. પણ સાથે સાથે જણાવ્યું છે કે રાજ્યોને આવકનાં બીજાં સાધનો મળે એટલે તુરતજ આ જકાત પદ્ધતિને નાબુદ કરવી જોઇએ.

સુપ્રત કરેલ પ્રદેશ

જેમ કેટલાંક રાજ્યો સર્વોપરી સત્તાને રોકડખંડણી ભરે છે તેમ કેટલાંક રાજ્યોએ હિંદી સરકારને રક્ષણ કરવા માટેની લશ્કરી બાંહેધરી માટે અગર રાજ્યોને લશ્કરી મદદ આપવાની ફરજમાંથી મુક્તિ મેળવવા માટેના બદલામાં સદાને માટે અમુક મુલક સુપ્રત કરેલ છે. માત્ર પાંચજ રાજ્યોએ આમ મુલક આપેલ છે, જેમાં હૈદ્રાબાદ, બરોડા, ગ્વાલીયર, ઇન્દોર, અને સાંગલી છે. આ રાજ્યોએ સુપ્રત કરેલ પ્રદેશ આજે બ્રિટિશ હિન્દનો ભાગ બની ગયેલ છે. આ પ્રદેશનું ક્ષેત્રફળ ૪૦૦૦ ચોરસ માઇલ છે, અને તેની વસ્તીનું પ્રમાણ આશરે ૧ કરોડનું છે. આ બધાં રાજ્યોને લશ્કરી મદદ આપવા અમુક લશ્કરો રાખવા માટે હિન્દી સરકારને આ પ્રદેશ સુપ્રત થયેલ છે. આજે આ રાજ્યોની માગણી એવી છે કે જે કરારો પ્રમાણે આ રાજ્યોના પ્રદેશ સુપ્રત કરવામાં આવેલ છે તે પ્રદેશોની ઉપજની રકમ નકકી કરેલ રકમ કરતાં ઘણીજ વધી ગયેલ છે, માટે આ વધારાની ઉપજ આ રાજ્યોને ફરી પાછી મળવી જોઈએ. આ બાબતની તપાસ કરવા એક

સ્પેશ્યલ કમિટિની ૧૯૩૦ માં નિમણૂક કરવામાં આવી હતી. ત્યારબાદ ઈન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિએ પણ આ બાબતમાં તપાસ હાથ ધરી હતી. પણ આ બાબતમાં રાજ્યોની માગણીનો અસ્વીકાર કરવામાં આવેલ છે. બન્ને કમિટિએ રાજ્યોને વધારાની ઉપજ પાછી સોંપવાની માગણીનો અસ્વીકાર કર્યો, તે સાથે રાજ્યોએ બે વસ્તુ રજુ કરી કે જો આ પ્રદેશોમાં વહીવટ રાજ્યોનો થતો હોય તો તેમાં કાંઈ વધારો રહે કે નહિ અને બીજું એકે રાજ્યોના થયેલ કરારોમાં જણાવેલ લશ્કરોનું ખર્ચ આજના સમય પ્રમાણે આંકતાં જે કાંઈ બાકી રહે તે રાજ્યોને મળવું જોઈએ. પરંતુ આ બન્ને દલીલોને પણ અસ્વીકાર કર્યો, અને જણાવ્યું કે સો વર્ષ પહેલાં રાખવામાં આવતા લશ્કરનો ખર્ચ આજના આધુનિક યુગ પ્રમાણેના લશ્કરી ખર્ચ સાથે સરખાવી શકાય તેમ નથી, અને રાજ્યોના રક્ષણ માટે રાખવામાં આવતા લશ્કરી ખર્ચ માટે રાજ્યોએ પ્રદેશ સુપ્રત કરેલ છે તે ધ્યાનમાં લઈ રાજ્ય જ્યારે સમવાયતંત્રમાં સામેલ થાય ત્યારે રક્ષણ માટે આપવાના ખર્ચમાંથી તેને વળતર મળે તેમ સૂચના કરવામાં આવી હતી.

પ્રદેશો સુપ્રત કરવાની વખતે તેની કિંમત આંકવામાં આવી હતી, અને કેટલા લશ્કર માટે તે આપવામાં આવેલ હતા તે બાબતના કરાર પણ કરવામાં આવેલ હતા.

રાજ્ય,	લશ્કર જે માટે પ્રદેશ સુપ્રત થયા,	આ કરારો વખતે લશ્કરી ખર્ચ,
૧ હૈદ્રાબાદ	૧૦૦૦ તોપો સહિત ઘોડે સ્વાર અને ૮૦૦૦ પાયદળ	રૂા. ૨૪૧૭૧૦૦
૨ બરોડા	૪૦૦૦ પાયદળ તથા બીજા હિંદી અને અંગ્રેજી તોપોવાળાં લશ્કરો તથા દારૂગોળો વગેરે	રૂા. ૨૪,૪૩૦૦૭
૩ ગ્વાલીયર	૬૦૦૦ પાયદળ દારૂગોળા સહિત	રૂા. ૧૮૦૦૦૦૦
૪ ઇન્દોર	૩૦૦૦ ઘોડેસ્વાર	રૂા. ૧,૧૧,૨૧૪
૫ સાંગલી	લશ્કરી મદદ આપવાની ફરજમાટે	,, ૧,૩૫૦૦૦

આ બધાં રાજ્યોનો લશ્કરીખર્ચ આજના ધોરણ પ્રમાણે ગણવામાં આવે તો દર હજાર સીપાઇની ટુકડીએ દર વર્ષે લગભગ ૧૯ લાખ રૂપીયાનું

ખર્ચ ગણાય. આવી રીતે જો ઉપરનાં પાંચે રાજ્યોનું અત્યારના હીસાબે ખર્ચ ગણીએ તો લગભગ પાંચ કરોડ જેટલા રૂપીયા હિંદી સરકારને ઉપરના રાજ્યને આપવા પડે. જ્યારે ઇન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિના અહેવાલ પ્રમાણે હૈદ્રાબાદ મુકી દેતાં બીજાં ચાર રાજ્યોના પ્રદેશની કીંમત રૂા. (૩૯-૯૬) લાખ મુકેલ છે. આજે હિંદી સરકાર આ પ્રદેશો છોડી દેવા માટે કોઈપણ કીસ્સામાં તૈયાર નથી. તેમજ કાંઈ રકમ આપવા પણ તૈયાર નથી, અને વખતે આ રકમ પાછી આપવાનું નક્કી કરવામાં આવે તોપણ ઇન્ડીયન સ્ટેટસ ઇન્કવાયરી કમિટિના કહેવા મુજબની રકમ રાજ્યોને આવક વેરાની રકમ મળવાનું શરૂ થાય ત્યાર પછીજ મળી શકે.

દેશી રાજ્યોના હક્ક

દેશીરાજ્યમાં ઉપર જણાવ્યા મુજબ કરવેરા ઉઘરાવવાની સત્તા સમવાયતંત્રને રાજ્યોએ પ્રવેશપત્રથી આપવાની છે. ઘણાખરા રાજ્યો પોતાના આ હક્કો જતા કરવા માગતાં નથી, પરંતુ આ કર્યા સિવાય સમવાયતંત્રમાં સામેલ થવું પણ મુશ્કેલ છે. કેટલાંક રાજ્યોને મીઠું પકાવવા અગર વેચવા, ચલણીનોટો બહાર પાડવા, તથા જકાત લેવાના જે હક્કો છે તે બદલ હિંદી સરકાર તેમને અમુક રકમ આપે છે, અગર તો સર્વીસ સ્ટેમ્પ આપે છે, અગર તો ટપાલ મફત લઈ જાય છે. દેશીરાજ્યોના આ હક્કોને રાહતો ગણવામાં આવેલ છે, અને જે રાજ્યો ૧૯૩૫ ના કાયદા હેઠળ આ હક્કો છોડી દેવા માગતાં ન હોય તેને જેટલી રકમ આ રાહતો તરીકે મળતી હશે તેટલા પ્રમાણમાં ખંડણી ઓછી માફ થશે, અને જે રાજ્યોમાંથી સમવાયતંત્રને કરવેરા ઉઘરાવી અમુક વરાડ રાજ્યને આપવાનો હોય તેના જેવા કરવેરાની ઉપજ કોઇ રાજ્ય પોતાના ખાસ હક્કોની રૂએ ભોગવતું હોય તો સમવાયતંત્ર તેને જે વરાડ આપશે તેમાં તેટલી રકમ ઓછી આપશે.

કોઇપણ રાજ્યકર્તાને બ્રિટિશ હિન્દમાં મિલ્કત મકાન કે જમીન તથા કોઇપણ બ્રિટિશ હિન્દમાં મેળવેલ ઉપજ હોય તેના ઉપર સમવાયી કર આપવાના નથી, સિવાય કે તે મિલ્કત કે ઉપજ રાજ્યકર્તાની અંગત માલીકીની હોય.

રાજ્યો જો સમવાયતંત્રમાં દાખલ થાય તો દરેક રાજ્યને પોતાના કરારો તથા સ્થિતિ પ્રમાણે જુદી જુદી અસર થશે. પરંતુ સૌથી વધુ ખરાબ અસરતો બંદરી રાજ્યોને થવાની છે તથા જે રાજ્યમાં હુન્નર ઉદ્યોગને લઈને જકાતી ઉપજ વધુ હશે તેમને થવાની છે.

ઘણા ખરા રાજ્યોમાં જ્યાં ખેતીવાડીની પ્રધાન ઉપજ હોય છે તેને સમવાયતંત્રમાં સામેલ થવાથી બહુ અસર થવાની નથી. પરદેશી માલ ઉપર જકાત નાખવાનો હક્ક ગવર્નર જનરલનો છે, અને સમવાયતંત્રને જરૂર પડયે આ જકાતમાં વધારો થશે તે બનવા જોગ છે. પણ આ જકાતમાંથી તથા મીઠાના કરમાંથી રાજ્યોને વરાડ પણ મળશે, એટલે હાલ નાના દેશી રાજ્યોને સમવાયતંત્રથી ખાસ નાણાકીય અસર થતી નથી. આ બધી નાણાકીય સત્તા ગવર્નર જનરલ પાસે કેન્દ્રિત થાય છે એટલે તે સામે રાજ્યોને વિરોધ કરવાને હક્ક રહેતો નથી.

સમવાયતંત્ર તથા દેશીરાજ્યોની પ્રજા

૧૯૩૫ ના ગવર્મેન્ટ ઓફ ઇન્ડીયા એક્ટમાં બધે તપાસ કરશું તો ક્યાંય દેશીરાજ્યની પ્રજાનું નામ નિશાન આવતું નથી. ૧૯૩૫ ના કાયદા સામે બ્રિટિશ હિન્દની પ્રજાને ઘણું કહેવાનું છે, અને બ્રિટિશ હિન્દને ઘણું મળ્યું છે પણ ખરૂં, પરંતુ દેશી રાજ્યની પ્રજાને આ કાયદા સામે ઉગ્ર અસંતોષ રહ્યો છે. આજે દેશી રાજ્યોમાં પ્રજા જાગૃતિનો જુવાળ ફાટી નીકળ્યો હોય તો આ એક પણ તેનું સબળ કારણ છે. ૧૯૩૫ ના કાયદામાં સમવાયતંત્રમાં સામેલ થતા ઘટકોમાં પ્રાન્તો અને દેશીરાજ્યોમાં એક તરફથી પ્રાન્તો અને તેની પ્રજા સામેલ થાય છે, જ્યારે બીજી તરફથી દેશી રાજ્યોના રાજ્યકર્તાઓ સામેલ થાય છે. ૮ કરોડની પ્રજાને સમવાયતંત્રમાં ક્યાંય સ્થાન નથી. રાજસ્થાની પ્રજાને પોતાનું ભાવિ નક્કી કરવામાં જરા પણ અવાજ નથી આપવામાં આવ્યો; રાજ્યકર્તાએ કરેલા કરારો પ્રજાને માથે લાદવામાં આવશે. નવા બંધારણથી રાજ્યકર્તાઓના આંતરિક સર્વોપરિપણામાં ખાસ ફેરફારો થતા નથી. ઉપરાંત સમવાયી ધારાસભામાં પણ રાજ્યકર્તાના નીમેલા પ્રતિનિધિઓ જશે. પ્રજાને આ પ્રતિનિધિઓ ચૂંટવામાં કશો હક્ક નથી. આજે રાજસ્થાની પ્રજાનો પ્રશ્ન દિવસે દિવસે વધુને વધુ ઉગ્ર બનતો જાય છે.

બ્રિટિશ હિન્દ અને હિન્દી હિન્દ એ કૃત્રિમ વિભાગો છે. બ્રિટિશ હિન્દમાં કાંઈ પણ સામાજીક, રાજકીય, અને આર્થિક ફેરફારો થાય છે તેની અસર દેશી રાજ્યોમાં થવા પામતી નથી તેમ નહિ. આજે પ્રાન્તોની પ્રજા પ્રાન્તિક સ્વરાજ્ય ભોગવે છે ત્યારે તેની પડોશની દેશીરાજ્યની પ્રજા ઉપર ઘણા વર્ષોની જુની રસમ પ્રમાણે રાજ્યતંત્ર ચાલે છે. આવી જાતના મતભેદોએ આજે રાજસ્થાની પ્રજામાં અવનવી જાગૃતિ આપેલ છે. આજે

દેશીરાજ્યની પ્રજા જવાબદાર રાજ્યતંત્રની માગણી કરવા લાગેલ છે. આજે કોઈ વખત દેશીરાજ્યની પ્રજા તરફ સમગ્ર હિન્દનું પણ ધ્યાન ખેંચાય છે. સાર્વભૌમ સત્તાની રાજ્યોની પ્રજા પરત્વેની નીતિ હજુ જોઈએ તેવી સ્પષ્ટ થયેલ નથી. છતાં દેશીરાજ્યોમાં કેટલાંક રાજ્યોએ સમય ઓળખીને રાજતંત્રમાં પ્રજાનો સહકાર લેવા માટે કેટલાક સુધારા વધારા દાખલ કરેલ છે, જેમાં કોચીન, વડોદરા, કાશ્મીર, ઔંધ. સાંગલી વગેરે રાજ્યો મુખ્ય છે. આજે કોન્ગ્રેસ જેવી મહાન સંસ્થા દેશીરાજ્યની પ્રજાને જોઈએ તે સમયે નૈતિક બળ અને દોરવણી આપી રહેલ છે. ૧૫ મી માર્ચ ૧૯૩૯ ના રોજ થયેલ ગાંધી–લીનલીથગો મંત્રણા પ્રમાણે હાલ તો રાજ્યોમાંથી સત્યાગ્રહની ચળવળ બંધ કરવા માટે મ. ગાંધીએ સૂચવેલ છે, અને જણાવેલ છે કે વાયસરોયની તા. ૧૩–૩–૩૯ ના રોજની નરેન્દ્ર મંડળની બેઠકમાં નરેન્દ્રોને આપેલ સૂચનાઓને કાર્યમાં મુકવા માટે સમય આપવાની જરૂર છે. વાયસરોયનું આ વખતના ભાષણમાં નરેન્દ્રોને થોડી સૂચનાઓ કરવામાં આવી હતી અને સમય સાથે પ્રગતિ કરવા જણાવ્યું હતું, અને કહ્યું હતું કે રાજ્યો ને સાર્વભૌમ સત્તા બંધારણીય સુધારા કરવા દબાણ નહિ કરે, તેમજ જો રાજ્યો આવા સુધારા કરવા માગતા હોય તો સાર્વભૌમ સત્તા તેમાં કોઈ પણ જાતની હરકત પણ નહિ કરે. નરેન્દ્ર મંડળના ચાન્સેલર ના. જામ-સાહેબે રાજ્યોની પરિસ્થિતિ સમજાવતાં જણાવ્યું હતું કે વહીવટી સુધારાઓ કરવા માટે જરૂર રાજ્યોએ પગલાં લેવાં જોઈએ, પરંતુ બંધારણીય સુધારા દાખલ કરવા માટે રાજ્યકર્તાની મુનસફી ઉપર છોડવું જોઈએ. વાયસરોયના ભાષણમાંથી એક પ્રધાન સૂર એ ઉઠયો કે નાના રાજ્યોએ અમુક ખાતાના વહીવટ માટે એક થવું જોઈએ.

આજે રાજ્યકર્તાઓએ હવે સમયના ચિન્હો ઓળખવાની જરૂર છે. આજે જો રાજ્યકર્તાઓ પોતાના અંગત ખર્ચાઓ ઓછા કરે અને રાજ-કાજમાં અંગત રીતે ભાગ લેવાનું શરૂ કરે તથા રાજ્યનો પૈસો પ્રજાહિતના ખાતાંઓમાં વાપરે તો પણ ઘણું છે. દેશીરાજ્યની પ્રજા હજુ રાજ્યકર્તાઓ તરફ માનભરી લાગણીથી જુવે છે, અને રાજ્યકર્તાઓ આ લાગણીમાં હજુ વધારો કરવાનું કાંઈ નહિ તો છે તેમ જાળવી રાખે તો પણ ઘણું છે. રાજ્ય-કર્તાઓ પ્રજાના પૈસાના અને તેના હિતના ટ્રસ્ટીઓ છે એટલે રાજ્યકર્તાઓ પ્રજાનું સુખ અને સંતોષ એ સૌથી મોટું ધન છે તેમ માની પોતાની ફરજો અદા કરશે તો જ તેમનું ભવિષ્ય ઉજળું છે.

પ્રકરણ ૧૪

કાઠીયાવાડ અને સમવાયતંત્ર

ઠીયાવાડનો ઇતિહાસ

સૌરાષ્ટ્ર તરીકે પ્રાચીન હિંદમાં પ્રસિદ્ધ થયેલ કાઠીયાવાડનો ઇતિહાસ કૃષ્ણના ઇતિહાસ જેટલો જૂનો છે. દ્વારિકા અને પ્રભાસપાટણ તથા રનારનો ઇતિહાસ તપાસીએ તો માલુમ પડે છે કે કાઠીયાવાડ માટે ક્ષત્રિયો ને રાજપુતોને હરહંમેશ આકર્ષણ રહેલ છે. ત્રણ બાજુ સમુદ્રથી વીંટળાયેલ ઠીયાવાડની ભોગોલિક પરિસ્થિતિ તપાસતાં કાઠીયાવાડ એ પ્રાચીન હિંદનું રૂં હતું તેમ માલુમ પડે છે. હજુ દોઢસો વર્ષ પહેલાંનો ઇતિહાસ તપાસીએ ાએ તો કાઠીયાવાડની બંદરી જાહોજલાલી ઘણીજ મોટી હતી તેમ જણાય આજે આ કાઠીયાવાડમાં અનેક રાજ્યો આવેલાં છે, અને હિંદમાંના ;૨ રાજ્યોમાંથી માત્ર કાઠીયાવાડમાંજ ૨૧૯ જેટલાં રાજ્યો અને તાલુ-ઓનો સમાવેશ થાય છે. આજે આ રાજ્યો ઉપર બ્રિટિશ સર્વોપરી સત્તા ાઇ રહેલ છે. પણ કાઠીયાવાડ બ્રિટિશ હકુમત હેઠળ આવ્યો તે પહેલાં ઠીયાવાડનાં તમામ નાનાં તથા મોટાં રાજ્યો સ્વતંત્ર હતાં. હિંદનાં જ્યોમાં બનેલ તેમ આ રાજ્યો વચ્ચે આંતરિક કલહો તથા કુસંપને ગે માંહોમાંહે વારંવાર લડાઇઓ થયા કરતી, જેનો લાભ લઇને મોગલ લ્તનત તરફથી અનેક જાતનાં આક્રમણો આવવાં લાગ્યાં, અને જુનાગઢમાં થમ મુસ્લીમ સુબાની સ્થાપના કરવામાં આવી, જે રાજ્ય મુસ્લીમ પડતી ળમાં સ્વતંત્ર થઇ ગયું. કાઠીયાવાડનાં રાજ્યો ઉપર અનેક આક્રમણો આવી યાં, અનેક લુંટો અને ધાડો પડી ગઇ, છતાં પણ કાઠીયાવાડ ઉપર સ્થાયી ર્વોપરી સત્તાનો કાઠીયાવાડનાં રાજ્યોએ સ્વીકાર કર્યો ન હતો. કાઠીયાવાડના જ્યો અઢારમી સદીમાં ગુજરાતની સત્તા હેઠળ હતાં, અને ચોથ પણ ભરતાં. ૮ મી સદીની શરૂઆતમાં મરાઠી સામ્રાજ્યનો ઉદય થતાં મરાઠા રાજ્યો જરાત કાઠીયાવાડ પાસેથી ચોથ ઉઘરાવવા લાગ્યાં, અને ખંડેરાવ દભાડેએ ા ચોથ ઉઘરાવવા માટે લશ્કર પણ રાખેલું. ખંડેરાવના એક મદદનીશ નાપતી દામાજી ગાયકવાડ હતા, જેમણે શાહુજીને મદદ કરી હતી. ઇ. સ. ૭૨૧માં દામાજી ગાયકવાડ ગુજરી જતાં તેમની જગ્યા તેમના ભત્રીજા

પીલાજીરાવ ગાયકવાડને આપવામાં આવી. ૧૭૨૧માં પેશ્વા અને ગાયકવાડ વચ્ચે લડાઇમાં પેશ્વાની જીત થઇ, અને ઇ. સ. ૧૭૩૧માં સંધી કરવામાં આવી, જેમાં પીલાજીરાવ ગાયકવાડને તેની તે મદદનીશ સેનાપતિની જગ્યાએ કાયમ રાખવામાં આવ્યા, અને "સેનાખાસખેલ"નો ખીતાબ આપવામાં આવ્યો તથા પેશ્વાને ગુજરાતની ચોથમાંથી અરધો હિસ્સો આપવાનું નક્કી કરવામાં આવ્યું.

પીલાજીરાવ ગાયકવાડનું ખુન થતાં તેની ગાદીએ દામાજીરાવ ગાયકવાડ આવ્યા અને દામાજીરાવે મોગલ સલ્તનત સામે લડાઈ કરી આખુંય ગુજરાત લઇ લીધું, અને યશવંતરાવ દભાડેના દીકરા ત્ર્યંબકરાવ દભાડેની જગ્યા પણ દામાજીરાવે લઇ લીધી. દામાજીરાવે ૧૭૩૧ની સંધિ પ્રમાણે પેશ્વાને ચોથ આપવાનું બંધ કર્યું, જેથી પેશ્વાએ ૧૭૫૨માં તેના પર ચડાઈ કરી તેને કેદ કર્યો, અને તેની સાથે ૧૭૫૨ની સંધિ કરી, જેમાં ગુજરાત કાઠીયાવાડના તમામ ગાયકવાડી પ્રદેશોનો ત્રણ લાખની ઉપજ આપતો અરધો ભાગ પેશ્વાને આપવા કબુલ થયા. અઢારમી સદીની અંત સુધી પેશ્વા અને ગાયકવાડ તેના પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવતા. છેવટે ઈ. સ. ૧૮૦૦માં પેશ્વાએ ગાયકવાડને ગુજરાતમાં ચોથ ઉઘરાવવા માટે પાંચ વર્ષ માટે વાર્ષિક સાડા ચારા લાખનો ઈજારો આપ્યો. આ ચોથ ઉઘરાવવા માટે કાઠીયાવાડ ગુજરાતમાં ગાયકવાડી લશ્કરો આવતાં, અને રાજ્યો પાસે ચોથ ઉઘરાવી ચાલ્યાં જતાં. કેટલાંક રાજ્યો સાથે આ સંબંધી ખુનખાર યુદ્ધ પણ થતાં. આમ હોવા છતાં પણ કાઠીયાવાડનાં રાજ્યો આતરિક અને બાહ્ય રીતે સંપૂર્ણપણે સ્વતંત્ર હતા.

જ્યારથી બ્રિટિશ સત્તાનો ઉદય થયો ત્યારથી કાઠીયાવાડ ગુજરાતમાંથી ગાયકવાડની સત્તાની પડતી શરૂ થાય છે. ૧૮૦૨ માં આનન્દરાવ ગાયકવાડે કમ્પનીને સરકાર સાથે સંધિ કરી, જેથી કમ્પની સરકારને ચીખલી આપવામાં આવ્યું. ઉપરાંત દર માસે કમ્પની સરકારને લશ્કરીખર્ચ માટે રૂા. ૬૫ ૦૦ આપવાનું નક્કી કર્યું. ઉપરાંત ચૌરાણા, સુરત, ચૌથ, ખેડા, કીમકટોદ્રા, વગેરે ગામો કમ્પની કાયમને માટે આપવામાં આવ્યાં. આ પછી ૧૮૦૫ માં પણ ગાયકવાડે કમ્પની સાથે બીજી સંધિ કરી હતી.

આ વખતે કાઠીયાવાડમાં રાજ્યકર્તાઓની અંદરોઅંદરની લડાઇઓ તથા કુસંપોથી મહાન ગેરવ્યવસ્થા અને અંધાધુંધી વ્યાપી હતી. કચ્છના મહારાવ રાયધનની ફતેહમામદ સંધિએ ધરપકડ કરી, મોરબીને માળીઆના

મીયાણા સતાવતા હતા, ચીત્તળ ઉપર ભાવનગર ચડાઇ કરી રહયું હતું, જેતપુર અને મેંદરડા ઉપર જુનાગઢ તથા જામનગર ચડાઈ કરી કર્યાં હતાં. કાઠીયાવાડમાં માત્ર ગાયકવાડી ચોથ હતી એટલુંજ નહિ, જુનાગઢની જોરતલબી અને જામનગરનો ઘોડાવેરો પણ લેવામાં આવતો. આ વેરાઓ અને લાગાઓ ઉઘરાવવા માટે કાઠીયાવાડ એ નિરંતરનો લડાઇ અને અંધાધુંધીનો અખાડો થઇ પડેલ હતો. આ બધી સ્થિતિમાંથી રસ્તો કાઢવા કાઠીયાવાડના કેટલાંક રાજ્યોએ કમ્પની સરકારની મદદ પણ માગી હતી, જેમાં મોરબી, જુનાગઢ, તથા કેટલાંક કાઠી રજવાડાંઓનો સમાવેશ થાય છે.

કાઠીયાવાડની આ અરાજકતાનો તોડ લાવવા છેવટે બરોડાના રેસીડન્ટ લેફ, કર્નલ એલેક્ઝાન્ડર વોકર ઇ. સ. ૧૮૦૭ માં કાઠીઆવાડમાં રાજ્યોના ગાયકવાડ સાથેના સંબંધ તથા ચોથનો નીકાલ લાવવા આવ્યા, અને મોરબી, પાસે ગુતુ ગામમાં છાવણી નાખી, અને કાઠીયાવાડનાં ૨૯ રાજ્યોને મંત્રણા કરવા બોલાવ્યાં. કર્નલ વોકરે ઘણા મહીના કાઠીયાવાડમાં ફરીને ગાયકવાડ સાથેની ખંડણી બાબતનો નિકાલ કર્યો, તથા ફૈલ જામીન તથા આર જામીનનાં દસ્તાવેજો કર્યા.

આ દરમ્યાન પેશ્વાએ બસીનની સંધિથી પોતાની હાર કબુલ કરી હતી, અને ૧૮૧૭ માં પેશ્વાએ કમ્પની સાથે કરાર કર્યા, જેનાથી ગાયકવાડ પાસેથી ચાર લાખની કાઠીયાવાડ ગુજરાતની ચોથ કમ્પનીને આપવા કબુલ કર્યું. આ સંધિથી કમ્પની સરકારને કાઠીયાવાડનાં ૨૮૦૧ ગામડાઓ તથા કાઠીયાવાડના રાજાઓ પાસેથી ચોથ ઉઘરાવવાના હક્કો મળ્યા. આ પછી ૧૮૨૦ માં ગાયકવાડે કમ્પની સરકાર સાથે કરાર કર્યા, જેમાં કમ્પનીની પરવાનગી સિવાય કાઠીયાવાડના રાજાઓ પાસેથી ચોથ ઉઘરાવવા કે તે માટે લશ્કરો મોકલવાનું ગાયકવાડે બંધ કર્યું. આમ ૧૮૨૦ ની સંધિથી કાઠિયાવાડ આખુંય બ્રિટિશ કમ્પનીને સુપ્રત થઇ ગયું, અને ગાયકવાડી સત્તાનો અંત આવ્યો ઇ. સ. ૧૮૩૧ માં મુંબઇસરકારને જુદાં જુદાં પત્રકો રજુ કરવામાં આવ્યાં, જેમાં ગાયકવાડ અને બ્રિટિશ સત્તાને ખંડણી ભરતાં કાઠીયાવાડનાં કેટલાં રાજ્યો હતાં તે જણાવવામાં આવ્યું. ઇ. સ. ૧૮૫૮ના મહારાણી વીકટોરીયાના ઢંઢેરાથી કાઠીયાવાડમાં કમ્પનીની સત્તા બ્રિટિશ સરકારને સોંપવામાં આવી. આ પછી કાઠીયાવાડમાં ઇ. સ. ૧૮૬૩ માં કર્નલ કીટીંજે કાઠીયાવાડના રાજકીય વિભાગે કર્યા, અને કેટલાંક નાનાં રાજ્યો તથા તાલુકાઓને ઓછાવત્તા પ્રમાણમાં ફોજદારી અને દીવાની હકુમત આપી કર્નલ વોકેરે શરૂ કરેલ કાઠીયાવાડની રાજકીય વ્યવસ્થા પૂરી કરી.

કાઠીયાવાડની આધુનિક પરિસ્થિતિ

આજે કાઠીઆવાડ એ ૨૧૦૦૦ ચોરસ માઈલનો પ્રદેશ છે. કાઠીયાવાડની વસ્તી લગભગ ૨૯ લાખની ગણાય છે. આજે કાઠીયાવાડમાં સંપૂર્ણ આંતરિક સ્વતંત્રા ભોગવતાં ૧૪ સલામી રાજ્યો છે, જેની વસ્તી લગભગ ૨૨–૩૩ લાખની છે. આ સલામી રાજ્યોમાં જુનાગઢ, ભાવનગર, જામનગર ધ્રાંગધ્રા, ગોંડલ, પોરબંદર, મોરબી, વાંકાનેર, પાલીતાણા, રાધનપુર, ધ્રોળ, લીંબડી, વઢવાણ તથા રાજકોટ વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે બીન સલામી રાજ્યોની સંખ્યા ૩૨ ની છે. આ બીનસલામી રાજ્યો તે મર્યાદિત હકુમતવાળાં રાજ્યો છે. આ રાજ્યોની વસ્તી લગભગ ૬ લાખ જેટલી છે. આ સિવાય ૧૪૩ બીનહકુમતી તાલુકાઓ છે, જે તાલુકાઓના તાલુકદારોને તાલુકાઓની ઉપજનો વરાડ મળે છે. પરંતુ આ તાલુકાઓ ઉપર દીવાની ફોજદારી હકુમત એજન્સી ભોગવે છે. એજન્સીએ આ તાલુકાઓના ૧૩ વિભાગો પાડી થાણાંઓ કરેલ છે, જેમાં વઢવાણ, ભોયકા, ચોટીલા, દસાડા, પાલીઆદ, ઝીંઝુવાડા, ધાફા, અને બાબરાનો સમાવેશ થાય છે. આ થાણા પ્રદેશોનો વિસ્તાર ૧૭૫૯ ચોરસ માઇલનો છે, અને વસ્તી પ્રમાણ ૧૧૩૭૦૦ માણસોનું છે. મર્યાદિત હકુમતવાળાં બીનસલામી રાજ્યોમાંથી ૩૬ રાજ્યો બ્રિટિશ સરકારને ખંડણી ભરે છે, ૭ રાજ્યો ગાયકવાડ ખંડણી આપે છે, જ્યારે બીજાં ૨૦ રાજ્યો બ્રિટિશ તથા ગાયકવાડને બન્નેને ખંડણી આપે છે. આ સિવાયનાં ઘણાખરા બીનહકુમતી તાલુકદારો પણ ગાયકવાડને ખંડણી ભરે છે.

સમવાયતંત્રમાં કાઠીઆવાડનાં રાજયોનું સ્થાન

સલામી રાજયો

કાઠીઆવાડનાં સલામી રાજ્યોમાંથી જુનાગઢ, ભાવનગર. નવાનગરને સમવાયી ધારાસભામાં સ્વતંત્ર બેઠકો આપવામાં આવેલ છે. આમાં ધ્રાંગધ્રા–ગોંડલ, પાલનપુર–મોરબી, રાધનપુર–વાંકાનેર–પાલીતાણા, અને ધ્રોળ–લીંબડી–વઢવાણ–રાજકોટ વગેરે રાજ્યોને સંયુક્ત પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે. આ બધાં રાજ્યોને જુદાં જુદાં પ્રવેશપત્રો કરી આપવાના છે.

કાઠીયાવાડનાં બંદરી રાજયો

કાઠીયાવાડનાં કેટલાંક સલામી રાજ્યો બંદરી રાજ્યો પણ છે. આ બંદરી રાજ્યોમાં જુનાગઢ, નવાનગર, ભાવનગર, પોરબંદર, મોરબી, જાફ્રાબાદ

તથા માંગરોળ વગેરે છે. આ રાજ્યોનો બંદરે ઉતરતો માલ આખા કાઠીયાવાડમાં વપરાય છે. સમવાયતંત્રની સ્થાપના પછી આ બંદરી રાજ્યોએ સમવાયી ધારાસભાએ નક્કી કરેલ જકાત લેવાની છે. આ બાબતમાં તપાસ કરવા જરૂર પડે તો બંદરનો તમામ વહીવટ હાથ કરવા ગવર્નર જનરલને સત્તા આપવામાં આવેલ છે. ઉપરાંત સમવાયતંત્રની સ્થાપના પછી બંદરી રાજ્યો માત્ર પોતાના રાજ્યમાં વપરાતા માલ ઉપરજ દરિઆઈ જકાત લઈ શકશે.

કાઠીયાવાડનાં બંદરોએ તેમાં ખાસ કરીને નવાનગર તથા ભાવનગરે ૧૯૧૭ થી ૧૯૩૦ સુધીમાં ઘણીજ ઝડપી પ્રગતિ કરેલ હતી. પરંતુ રાજ્યો તરફથી વળતર આપવામાં આવે છે તેવી મુંબઈના વેપારીઓની ફરીયાદથી ગવર્નમેંન્ટે ૧૯૨૦માં વિરમગામની લાઈન દોરી નાંખી. ભાવનગર સિવાયનાં બીજાં બંદરી રાજ્યો સાથે ગવર્મેન્ટે દર વર્ષે પાંચ લાખ રૂપીયાની જકાત મળે તેટલો માલ બ્રિટિશ હિન્દમાં રાજ્યો મોકલી શકે, તથા પોતાની હદમાં વપરાતા માલની જકાત પોતે રાખે તેમ નક્કી કરેલ છે.

સમવાયતંત્રની સ્થાપના પછી કાઠીયાવાડનાં બીજાં કોઈપણ રાજ્યો કરતાં બંદરી રાજ્યોને ઘણુંજ નુકસાન થવાનું છે તે નિશંક છે, કારણકે પોતાને બંદરે ઉતરેલા માલની જકાત લેવાનો હક સમવાયતંત્રને આપવામાં નહિ આવે તો બંદરી રાજ્યો અને બીજાં રાજ્યો વચ્ચે જકાતી દીવાલો તથા લાઈન દોરી ઉભી થવા પામશે.

બીનસલામી રાજ્યો

કાઠીયાવાડમાં બીનસલામી રાજ્યોના વિભાગમાં રાજ્યોના જુના બીજા વર્ગથી માંડી છઠ્ઠા વર્ગસુધીનાં મર્યાદિત હકુમતવાળાં રાજ્યોનો સમાવેશ થાય છે. આ રાજ્યોની સંખ્યા લગભગ ૬૨ જેટલી છે. આ રાજ્યોને સ્વતંત્ર બેઠકો આપવામાં આવેલ નથી. ગવર્મેન્ટ ઑફ ઇન્ડીયા એક્ટના પરિશિષ્ટ ૧ ના ભાગ ૨ પ્રમાણે દેશીરાજ્યોના પ્રતિનિધિઓને મળેલ બેઠકોની વહેંચણી તપાસશું તો આ પરિશિષ્ટના ૧૭મા વિભાગમાં જે રાજ્યોનાં નામ આપવામાં આવેલ નથી તેવાં રાજ્યો સાથે આ મર્યાદિત હકુમતવાળાં બીનસલામી રાજ્યોનો સમાવેશ થાય છે. હિંદમાં આવાં ઘણાં રાજ્યો છે જેના પાંચ વિભાગો પાડવામાં આવેલ છે. (૧) વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટ્સ એજન્સી, (૨) ગુજરાત સ્ટેટસ એજન્સી અને ડક્કન એજન્સી (૩) ઇસ્ટિર્ન સ્ટેટસ એજન્સી, (૪) સેન્ટ્રલ ઇન્ડીયા સ્ટેટસ તથા રજપુતાના સ્ટેટસ એજન્સી અને (૫) સીમલા સ્ટેટસ

એજન્સી. આ બધાં રાજ્યો વચ્ચે કાઉન્સીલ ઑફ સ્ટેટમાં ૨ બેઠકો અને ફેડરલ એસેમ્બ્લીમાં પાંચ બેઠકો આપવામાં આવેલ છે. ઉપર જણાવ્યાં રાજ્યોના પાંચ વિભાગો ગવર્નર જનરલ પાડશે, અને આ વિભાગોનું પ્રતિનિધિત્વ કેમ નક્કી કરવું તે બાબતના નિયમો ગવર્નર જનરલ ઘડશે. આ રીતે ફેડરલ એસેમ્બ્લીમાં પશ્ચિમ વિભાગ એજન્સીના રાજ્યોને ફાળે માત્ર એક બેઠક આવે છે. કાઉન્સીલ ઑફ સ્ટેટમાં માત્ર બેજ બેઠકો આપેલ છે, તે સંબંધી ફેડરલ એસેમ્બ્લી માટેના સભ્યો જેઓ પસંદ કરી મોકલવાના હોય તેઓ કાઉન્સીલ ઑફ સ્ટેટ માટેના પણ બે સભ્યો નીમશે; પણ ફેડરલ એસેમ્બ્લીમાં આપવામાં આવેલ પાંચ બેઠકોમાંની ત્રણ ખાલી રહે તો કાઉન્સીલ ઑફ સ્ટેટની માત્ર એક જ બેઠક પુરાશે. ફેડરલ એસેમ્બ્લીમાં ત્રણ કે તેથી વધુ સભ્યો મોકલી શકે તેટલાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય તો કાઉન્સીલ ઑફ સ્ટેટમાં બે સભ્યો મોકલી શકાશે.

કાઠીયાવાડનાં બીનસલામી રાજ્યોને શરૂઆતમાં પ્રવેશપત્રનો મુત્સદ્દો મોકલવામાં આવેલ હતો એ ઉપરથી એમ અનુમાન થતું હતું કે આ બીનસલામી રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવા માટે દરેકને વ્યક્તિગત રીતે જુદું પ્રવેશપત્ર કરી આપવું પડશે. પરંતુ પ્રવેશપત્રનો નવો મુત્સદ્દો આ રાજ્યોને મોકલવામાં આવેલ નથી. હાલ એક એવા પ્રકારની યોજના તૈયાર થવાનું સંભળાય છે કે નાનાં રાજ્યોને ૨૦ લાખથી ઉપરના મોટાં રાજ્યો સાથે સમવાયતંત્ર પુરતાં સામેલ કરી દેવાં, જેથી કરીને તેમના પ્રતિનિધિત્વ માટે ગુંચવાડો ઉભો ન થાય. નાનાં રાજ્યોને વહીવટ પુરતાં એકત્ર થવા માર્ચ ૧૩, ૧૯૩૯ ના રોજ નરેન્દ્ર મંડળમાંના. વાયસરોયના ભાષણમાં પણ જણાવવામાં આવેલ છે કે—

"In no case is the need for co-operation and combination more patent, more pronounced, and more immediate than in the case of smaller states. Those states whose resources are so limited as virtually to preclude them individually from providing for the requirements of their people in accordance with modern standards have indeed no other practical alternative before them. I would take this opportunity to impress on the rulers of such states with all emphasis at my command the wisdom of

taking the earliest possible steps to combine with their neighbours in matter of administrative services so far as this is possible. "

(નાનાં રાજ્યો માટે આજે સહકાર સાધી સાથે મળવાની જરૂરીયાત સૌથી વધુ તાત્કાલિક છે. જે રાજ્યોનાં સાધનો તેની પ્રજાને આધુનિક જરૂરીયાતો પુરી પાડવા માટે મર્યાદિત હોય તે રાજ્યોના રાજ્યકર્તાઓ ઉપર હું ઠસાવવા માગું છું કે બને ત્યાં સુધી આવી વહીવટી બાબતોમાં તેઓ પડોશીઓ સાથે બને તેવી રીતે સહયોગ સાધવા માટે ડહાપણુ ભરેલું પગલું સત્વર લે.) આ પછી મધ્ય હિંદની એજન્સીના રેસીડન્ટ મી. ફીટઝે નાનાં રાજ્યોને બોલાવી વહીવટી બાબતોમાં ખાસ કરીને પોલિસ, ન્યાય, તબીબી અને કેળવણીનાં ખાતાંઓ એકત્ર કરવા સલાહ આપેલી. પોલીસ, ન્યાય અને તબીબી ખાતાંઓ એકત્ર કરવાની સરકારી સૂચના નાનાં રાજ્યો કેટલે દરજ્જે અપનાવશે તે હાલ કહેવું મુશ્કેલ છે. નાના રાજ્યો જો ૨૦ લાખથી ઉપરના રાજ્યોમાં જોડી દેવામાં આવે તો આ રાજ્યોની અવશેષ સત્તા જે હાલ એજન્સી ભોગવે છે તે મોટાં રાજ્યોની હાઈકાર્ટને સુપ્રત કરવામાં આવે. પરંતુ નાનાં રાજ્યો જો આવી યોજના સ્વીકારવા ના પાડે, તો પછી આ રાજ્યોનું કોન્ફીડરેશન કરી તેની અવશે સત્તા ભોગવવા માટે સરકાર તરફથી કાંઈ યોજના કરવામાં આવશે. તેમ માનવામાં આવે છે. નાનાં બીનસલામી રાજ્યોનું સમવાયતંત્રમાં ભવિષ્ય શું થવાનું છે તે બાબત એજન્સીની નીતિ હજુ બીલકુલ સ્પષ્ટ થયેલ નથી, ત્યાં સુધી કે આ નાનાં રાજ્યોનાં પ્રવેશપત્રો સંયુક્ત રીતે આપવામાં આવશે કે વ્યક્તિગત રીતે તે પણુ હજુ નક્કી થયેલ નથી. આ રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ કેવી રીતે કરવાં તે હજુ નક્કી ન થાય ત્યાં સુધી તેના ભવિષ્ય બાબત કલ્પનાઓ દોડાવવી નિરર્થક છે.

બીનહકુમતી તાલુકાઓ

હિંદમાં ૩૨૭ બીનહકુમતી તાલુકા છે. જેમાંથી કાઠીયાવાડમાં જ ૧૪૩ જેટલા આવેલ છે. આ ૧૪૩ તાલુકાઓ ઉપરની ફોજદારી તથા દીવાની હકુમત એજન્સી ભોગવે છે. એજન્સીએ આટલા માટે તાલુકાઓના ૧૩ થાણાં પાડયાં છે, અને દરેક થાણા ઉપર થાણુદાર દેખરેખ રાખે છે. આ

થાણાઓ પોલીટીકલ એજન્ટના કાબુ તળે રહે છે. આ થાણાંઓના વિભાગ વ્યવસ્થા ૧૮૬૩માં કર્નલ કીટીંજે કરેલ હતી. બીનહકુમતી તાલુકદારો તે પિતૃરાજ્યોમાંથી આવ્યા પછી સદાયને માટે જુદા પડી ગયેલ છે, ચ બ્રિટિશ સરકાર તથા ગાયકવાડને જુદી ચૂકવતીથી ખંડણી ભરે છે. કાઠીયાવાડ એજન્સીની યોજના ચલાવવા માટે એજન્સીને દર વર્ષ લગભગ ૨૨ લા રૂપીયાનું ખર્ચ રહે છે, જ્યારે ૮ લાખની ઉપજ છે. સમવાયતંત્રની સ્થાપના થ મધ્યસ્થ સરકાર આ ચૌદ લાખની ખોટ સહવા તૈયાર નથી, એટલે : એજન્સી નાબુદ કરવામાં આવશે તેમ કહેવામાં આવેલ છે. તેથી એજન તળેના તાલુકદારો તથા ભાગદારોને કાંતો તેના પિતૃરાજ્યોમાં ભળી જવા અ: તો કોઈ મોટા રાજ્યમાં સામેલ થઈ જવા સૂચનાઓ કરવામાં આવેલ કાઠીયાવાડમાં આમ બીનહકુમતી તાલુકદારો માટે ત્રણ રસ્તાઓ ખુ થાય છે. પિતૃરાજ્યમાં મળી જવું, કોઈ મોટા રાજ્યમાં સામેલ થ અગર તો મજમુતંત્રની યોજના કરી અત્યારે ચાલે છે તે ધોરણે રાજત ચલાવવું. તાલુકદારો તથા ભાગદારોને પોતાની અંદર ભેળવી લેવા કાઠીયાવાડ પિતૃરાજ્યોમાં જામનગર, ભાવનગર, લાઠી, જસદણ વગેરે રાજ્યો તરફ યોજનાઓ બહાર પાડવામાં આવેલ હતી. આ સિવાય તાલુકદારો તરફ એક મજમુતંત્ર (કોન્ફીડરેશન)ની યોજના કરવામાં આવી હતી. આ સિવ વડોદરા રાજ્ય તરફથી પણ યોજના બહાર પાડવામાં આવેલ હ કોન્ફીડરેશનની યોજના માટે વહીવટી ખર્ચનો વિચાર કરતાં આ યોજ અવ્યવહારૂ ગણવામાં આવે છે. આજની ગવર્મેન્ટની નીતિ જોતાં આ યોજન જરા પણ સ્થાન નથી. અત્યારની ગવર્મેન્ટની નીતિ નાનાં નાનાં રાજ્યે એકત્ર બનાવી બને તેટલાં મોટાં ગ્રુપો બનાવવાની છે. પિતૃરાજ્યોમાં ૨૦ લાખ વધુ ઉપજવાળાં રાજ્યોમાં જો તાલુકદારો ભળવા સંમત હશે તો જ તે: આવાં રાજ્યો હેઠળ મુકશે, નહિતર પછી તો આ નાના નાના બીનહકુમ તાલુકદારોને બીજાં કોઈ મોટાં રાજ્ય નીચે મૂકી દેવાની ગવર્મેન્ટની નીતિ હે તેમ જણાયેલ છે.

બીનહકુમતી તાલુકાઓ બાબતમાં પણ હજુ સુધી ગવર્મેન્ટની ન સ્પષ્ટ થયેલ નથી. આજે ગવર્મેન્ટ કોઈ પણ ભોગે એજન્સીને વધુ વ નીભાવે તેમ જણાતું નથી. બીનહકુમતી તાલુકાઓને પિતૃરાજ્યો કે બ કોઈ મોટા રાજ્યોમાં જોડી દેવામાં આવશે તે નિશંક છે. પરંતુ ગવર્મે તરફથી આમ દબાણ આવે તે પહેલાં જ તાલુકદારોએ પોતાનું જ્યાં વધુ

જણાય ત્યાં જવા માટે સ્પષ્ટ રીતે નક્કી કરી લેવું જોઇએ, જેથી કરીને ગવર્મેન્ટની આ બાબતની નીતિ વધુ સરળ અને સહેલી બને અને તાલુકદારો ઉપર ખોટી રીતે દબાણ આવવાનો અવકાશ ન રહે. બીનહકુમતી તાલુકદારોની પ્રજાની ઇચ્છા એવી છે કે તેઓએ કોઇ રાજ્યમાં શા માટે ભળવું પણ એજન્સીની હકુમત તળેનો પ્રદેશ મુંબઇ પ્રાન્તને સુપ્રત કરવો. જો આમ કરવામાં આવે તો એજન્સીની પ્રજાને ઘણો લાભ થવા સંભવ છે. પરંતુ ગવર્મેન્ટ હાલના સંજોગોમાં આ વસ્તુ સ્વીકારે તેમ લાગતું નથી. ઉપરાંત સમવાયતંત્રમાં તો દેશી રાજ્યની પ્રજાની સંમતિ કે અસંમતિને સ્થાન નથી એટલે આ પ્રશ્ન જેટલો ગંભીર છે તેટલો જ અસર વગરનો છે.

પ્રકરણ ૧૫ મું

સમવાયતંત્રમાં સામેલ થવાથી રાજ્યોને થતા ફાયદાઓ તથા ગેરફાયદાઓ

હિંદના ઇતિહાસમાં પ્રથમ વારજ દેશીરાજ્યો ઉપર પાર્લામેન્ટે ૧૯૩૫ નો કાયદો પસાર કરી પોતાનું સર્વોપરી વર્ચસ્વ જાળવી રાખેલ છે. સમવાયતંત્રમાં હિંદના દેશીરાજ્યો અને પ્રાન્તોનું જોડાણ કરવામાં આવે છે. ઈ. સ. ૧૮૫૮ થી ૧૯૨૦ ના હિંદના બંધારણીય સુધારાઓમાં ક્યાંય દેશી રાજ્યોને ભેળવવા માટે પ્રયત્નો થયાજ નથી. આ પ્રથમવારજ હિન્દના બંધારણીય સુધારાઓમાં દેશીરાજ્યોને સામેલ કરવા માટે યોજના કરવામાં આવેલ છે. દેશી રાજ્યો અને પ્રાન્તોનું જોડાણ શા માટે કરવામાં આવે છે તેમ ૧૯૩૫ ના કાયદાના આમુખમાં ક્યાંય જણાવવામાં આવેલ નથી, પરંતુ એટલું સ્પષ્ટ છે કે જ્યારે હિન્દનો મોટો ભાગ પ્રજાતંત્રવાદ અને જવાબદાર રાજ્યતંત્ર માટે તૈયાર થતો હોય ત્યારે હિંદના દેશીરાજ્યોનું રાજ્યતંત્ર જુની રસમ પ્રમાણે ચાલ્યા કરે તે અયુક્ત લાગે છે. બ્રિટિશ હિંદમાં ઉદ્ભવેલા વિચારો, માન્યતાઓ, અને રાજકીય આન્દોલનો દેશી રાજ્યોમાં તુરતજ પ્રવેશ કરે છે. એટલે બ્રિટિશ હિન્દ રાજકીય પ્રગતિ કરે તો હિન્દી હિન્દ એટલે દેશીરાજ્યો જમાનાની પાછળ રહી જાય તે ભવિષ્યમાં સમસ્ત હિન્દની પ્રગતિને નુકસાન પહોંચે તે હેતુથી રાજ્યોને પણ બ્રિટિશ હિન્દ સાથે પ્રગતિને પંથે કુચ કરવાની આજે જરૂર પડી છે. આમ રાજ્યોનું હિંદની બંધારણીય પ્રગતિ સાથેનું જોડાણ ઘણું ઇચ્છનીય છે, પણ આજે બ્રિટિશ સરકારે જે આ જોડાણ માટે રીત અખત્યાર કરી છે, એ રીત સામે હિંદભરમાંથી ટીકાઓ અને વિવેચનોનો વરસાદ વરસ્યો છે. જે રીતે આજે બ્રિટિશ પ્રાન્તો સાથે દેશીરાજ્યોનું જોડાણ કરવામાં આવે છે, તે રીતે તો બ્રિટિશ હિન્દ પ્રગતિ સાધવાને બદલે રાજ્યોનું જોડાણ બ્રિટિશ હિન્દને Dead weight (મૃતભાર) જેવું લાગશે તેમ બ્રિટિશ હિન્દના રાજ્યદ્વારી પક્ષોનું કહેવું છે. રાજ્યોને જે રીતે મધ્યસ્થ સમવાયી ધારાસભામાં પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે તે જાતના પ્રતિનિધિત્વથી તથા બીજા હક્કો તથા રાહતોથી બ્રિટિશ શાહી સરકાર હિન્દમાં ફરીથી Imperial bloc

કાયમ કરશે, અને બ્રિટીશ હિન્દમાં વધતા જતા પ્રજાતંત્રવાદી જુવાળ ઉપર એક જાતનો અંકુશ રાખવા પુરતાં જ રાજ્યોનું જોડાણ કરવામાં આવેલ છે તેમ ઘણાખરા રાજદ્વારી નેતાઓનું કહેવાનું થાય છે. બ્રિટિશ હિન્દની પ્રજાની આ યોગ્ય શંકાઓનું નિવારણ કરવું, અને રાજ્યો પણ બ્રિટિશ હિન્દની પ્રજા જેટલાં જ હિન્દની પ્રગતિ માટે ઉત્સુક અને સ્વદેશાભિમાની છે તે પુરવાર કરવું એ રાજ્યો અને રાજ્યકર્તાઓના હાથમાં છે.

સમવાયતંત્ર શરૂ થતાં પહેલાં જે ગોળમેજી પરિષદો ભરવામાં આવેલ હતી તેમાં સમવાયતંત્રમાં દાખલ થવા માટે રાજ્યોએ સંમતિ દર્શાવ્યા પછી જ સમવાયતંત્રવાળું નવું બંધારણ મંજૂર કરવામાં આવેલ છે. પરંતુ ખરી વસ્તુસ્થિતિ સમજાયા પછી તથા નિષ્ણાત વકીલો અને બંધારણના અભ્યાસીઓની સલાહ લીધા પછી રાજ્યોને સમવાયતંત્રમાં જોડાવાથી પોતાના ભવિષ્ય માટે શંકાઓ ઉત્પન્ન થતી હોય તેમ લાગે છે. આજે ૧૯૩૫ નું બંધારણ દાખલ થયાં ચાર વર્ષો ચાલ્યા ગયાં છે, સમવાયતંત્રમાં દાખલ થતાં પહેલાં દરેક રાજ્યે પોતાના વંશપરંપરાના હક્કો, સંધિઓ, કરારો તથા સનંદો માટે પુખ્ત વિચારણા ચલાવી પ્રવેશપત્રમાં શરતો નક્કી કરેલી છે. પ્રવેશપત્રના અપાયેલા નવા મુત્સદ્દા ઉપર વિચાર કરવા માટે આ કામ હૈદરી કમિટિને સુપ્રત કરવામાં આવેલ છે. આ કમિટિના અભિપ્રાય પછી રાજ્યો ફરીથી સંયુક્ત રીતે વિચાર ચલાવ્યા બાદ સામેલ થવું કે કેમ તેનો નિર્ણય કરેલ છે. આજે વડોદરા, કાશ્મીર, હૈદ્રાબાદ તથા મ્હૈસુર જેવાં બારેક મોટાં રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થવા ખુશી બતાવે તો પછી સમવાયતંત્ર શરૂ કરવા માટે રહેલું થઈ પડે તેમ છે.

સમવાયતંત્રમાં રાજ્યોને મળવાના ફાયદાઓ

(૧) સમવાયતંત્રમાં રાજ્યના વડા તરીકે રાજ્યકર્તાઓ જોડાય છે. સમવાયતંત્રની સત્તા દેશી રાજ્યોની પ્રજા સુધી સીધી રીતે પહોંચતી નથી. ૧૯૩૫ ના નવા બંધારણના ખરડામાં આ સંબંધી જ્યારે વાતચીત ચાલતી હતી ત્યારે એક જરૂરી ફેરફાર કરવામાં આવ્યો હતો, જેમાં જણાવવામાં આવેલ કે રાજ્યકર્તા તે રાજ્ય અને રાજ્યની પ્રજા માટે સમવાયતંત્રનો સ્વીકાર કરે છે, એટલે દેશીરાજ્યની પ્રજાને સમવાયતંત્રમાં સામેલ થવા સંબંધી કાંઈ કહેવા કે કરવાપણું રહેતું નથી. રાજ્યોના જોડાણ ઉપર જ સમવાયતંત્રની શરૂઆત થઈ શકે તેમ છે.

જો અમુક આવશ્યક સંખ્યામાં રાજ્યો સમવાયતંત્રમાં ન જોડાય તો સમવાયતંત્ર શક્ય પણ નથી. એટલે સમવાયતંત્રના જોડાણમાં સર્વોપરી હક્કો રાજ્યકર્તાઓને આપવામાં આવેલ છે.

(૨) સમવાયતંત્ર થતાં રાજ્યની પ્રજાને બેવડી વફાદારી રહેશે, એકતો રાજ્યને અને બીજી સમવાયતંત્રને. સમવાયતંત્રના શહેરી તરીકેના હક્કો દેશી રાજ્યની પ્રજાને આપવામાં આવેલ નથી.

(૩) સમવાયતંત્રને દેશી રાજ્યની પ્રજા સાથે કાંઈ સંબંધ નથી, પણ માત્ર રાજ્યકર્તાઓ સાથે જ સંબંધ છે. ફેડરલ કાયદા જે રાજ્યોમાં લાગુ પડશે તે રાજ્યો પોતે જ અમલમાં મુકશે, અને આ કાયદા રાજ્યના કાયદા બનશે. આ કારણે કાયદાના મતભેદો થાય તો આવા મતભેદો દૂર કરવા માટે ફેડરલ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે.

(૪) દરેક રાજ્યમાં પ્રાન્તની જેમ એકસરખા ફેડરલ વિષયો નહિ રહે. રાજ્યોને પોતાના વંશ વારસોના હક્ક, તાજ સાથેની સંધિઓ તથા કરારો તથા બીજાં રાજ્યના હક્કો તથા હિતો ધ્યાનમાં રાખીને સમવાયતંત્રને પ્રવેશપત્ર દ્વારા સત્તા સુપ્રત કરવામાં આવશે. કોઇ સ્ટેટ તેના ચલણ અને નાણાના, તો કોઈ તેની દરઆઈ જકાત, તો કોઈ તાર ટપાલના હક્કો જતા કરવા તૈયાર નહિ હોય. એટલે સમવાયતંત્ર સાથેનો દરેક રાજ્યનો સંબંધ જુદા જુદા પ્રકારનો રહેશે. રાજ્યો સાથે થયેલ પ્રવેશપત્ર મુજબની શરતોની કાયદેસર નોંધ પણ કોર્ટોમાં લેવામાં આવશે. પ્રવેશપત્ર પ્રમાણે સુપ્રત કરેલ સત્તા સંબંધી કાંઈ પણ મતભેદ કે તકરાર ઉપસ્થિત થાય તો તેનો નિર્ણય ફેડરલ કોર્ટ કરશે એટલે સુપ્રત કરેલ સત્તા પુરતો રાજ્યો ઉપરનો હિન્દનાં રાજ-પ્રકરણી ખાતાનો કડપ ઓછો થશે.

(૫) રાજ્યોએ સમવાયતંત્રને સુપ્રત કરેલ હશે તેટલી સત્તા પુરતી જ સમવાયી કાયદા અને કારોબારીની દરમ્યાનગીરી રહેવાની. બાકીની રાજ્યોની સત્તા માટે રાજ્યોનો સંબંધ તાજ સાથે રહેશે. સમવાયતંત્રને રાજ્યો ઉપરની સાર્વભૌમ સત્તા આપવામાં આવેલ નથી. રાજ્યોનો સંબંધ સીધો તાજ સાથે રાખવામાં આવેલ છે.

(૬) રાજ્યોને પોતાની મરજી પ્રમાણે પસંદ કરેલા પ્રતિનિધિઓ મધ્યસ્થ સમવાયી ધારાસભામાં મોકલવાનો હક્ક છે. રાજ્યોને ઉપરની સભામાં

૪૦% તથા નીચેની ધારાસભામાં ૩૩% ટકા પ્રતિનિધિત્વ આપવામાં આવેલ છે જે તેની વસ્તી પ્રમાણુ કરતાં વધુ છે. ઉપરાંત ખાલી જગ્યા પુરવાનો પણુ હક્ક આપવામાં આવેલ છે.

(૭) જે રાજ્યો સમવાયતંત્રમાં જોડાશે તેમની ખંડણી માફ થશે, તેમજ સુપ્રત કરેલ પ્રદેશો બદલ રકમો પણ મળશે.

(૮) જે કાયદાઓ તથા કરવેરાઓ દેશી રાજ્યમાં લાગુ થતા નહિ હોય પણુ બ્રિટિશ હિન્દમાં લાગુ થતા હશે તેવા કાયદાઓ તથા કરવેરાઓ ઉપર મત આપવાનો રાજ્યોને અધિકાર રહેશે.

(૯) રાજ્યો તેની આંતરિક સ્વતંત્રતા પુરતાં સર્વોપરી રહેશે, અને રાજ્યોના ખાતામાં ફેડરલ ઓડીટ ખાતું માથું મારી શકશે નહિ.

(૧૦) રાજ્ય અને રાજ્યકર્તાઓ માટે કોઇ પણુ ધારાસભામાં ચર્ચાઓ થઇ શકશે નહિ.

(૧૧) દેશી રાજ્યની કે બ્રિટિશ હિન્દની પ્રજાને પ્રાથમિક હક્કો આપવામાં આવેલ નથી, તેમજ હિન્દને સંસ્થાનિક સ્વરાજ્ય (Dominion Status) આપવામાં આવેલ નથી, એટલે રાજ્યોનો તાજ સાથેનો સંબંધ અબાધિત રહેશે.

આમ હિન્દનું નવું સમવાયી બંધરણુ તપાસશું તો રાજ્યોને તેમના આંતરિક સર્વોપરિપણા, તેના વંશ વારસોના હક્કો, તથા તેમના સ્વાતંત્ર્ય માટે પુરતી સલામતીઓ આપવામાં આવેલ છે.

રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવાથી થતા ગેરફાયદાઓ

(૧) એક વખત રાજ્યો સમવાયતંત્રમાં સામેલ થાય પછી તેમાંથી છુટા થવાનો રાજ્યોને હક્ક રહેતો નથી. રાજ્યોએ પ્રવેશપત્રથી સમવાયતંત્રને સુપ્રત કરેલ સત્તામાં વધારો થઇ શકશે, પણુ કદાપી ઘટાડો થઇ શકશે નહિ.

(૨) સમવાયતંત્રમાં સામેલ થતાં રાજ્યોના આંતરિક સર્વોપરિપણા ઉપર કાપ આવશે.

(૩) રાજ્યોની રેલ્વે ઉપર ફેડરલ રેલ્વે ઓથોરીટીનું પ્રભુત્વ સ્થપાશે. રેલ્વે સંબંધી તકરારોનો નિર્ણય કરતી ટ્રીબ્યુનલમાં રાજ્યોને પ્રતિનિધિત્વ નથી.

(૪) રાજ્યોની ચલણુ પદ્ધતિ તથા આર્થિક નીતિ રીઝર્વબેન્કની સત્તાને

અનુવર્તી રહેશે. રીઝર્વબેન્કના બંધારણમાં રાજ્યોને બીલકુલ પ્રતિનિધિત્વ અપાયું નથી.

(૫) સમવાયતંત્રના નાણા પ્રકરણ તથા ફાઈનાન્સમાં રાજ્યોને આપવાનો ફાળો રાજ્યોના વસ્તી પ્રમાણમાં અસંગત છે.

(૬) સમવાયી ધારાસભાની કાયદા ઘડવાની તથા નાણાકીય બાબતો ઉપરની સત્તા ઘણી અધુરી છે, એટલે રાજ્યોને મધ્યસ્થતંત્રમાં જોઈએ તેવો અવાજ નહિ રહે. ઉપરાંત હિંદની આર્થિક શોષણ નીતિ તો ચાલુજ રહેવાની.

(૭) બંધારણમાં રાજ્યો માટે રેલ્વે, તાર, ટપાલ, જકાત, ચલણ અફીણ, નદીના પાણીનો ઉપયોગ, તથા વેપાર ઉદ્યોગના વિકાસ સંબંધી તેની તે સ્થિતી રહેવાથી રાજ્યોને કાંઇપણ ફાયદો થવા સંભવ નથી.

(૮) રાજ્યોને ટોલ ટેકસ તથા ટર્મીનલ ટેકસ નાખવા દેવાના હક્ક આપવામાં આવેલ છે, પણ તેથી કરીને બ્રિટીશ હિન્દને કાંઇ પણ નુકશાન થાય તે સામે ચેતવણી આપવામાં આવેલ છે.

આ વસ્તુ સ્થિતિ તપાસતાં રાજ્યોને જેટલા ફાયદા છે તેટલાજ સામે ગેરફાયદાઓ પણ સમતોલપણું જાળવે છે. રાજ્યોને સમવાયતંત્રમાં સામેલ થવું ફરજીઆત નથી. સમવાયતંત્ર શરૂ થયા પછી ૨૦ વર્ષ સુધી રાજ્યો કોઈપણ વખતે સામેલ થઇ શકે છે.

હાલના સંજોગોમાં રાજ્યોએ પોતાના હિત ખાતર તથા બ્રિટીશ હિન્દના હિત ખાતર સમવાયતંત્રમાં સામેલ થવું સલાહ ભરેલું નથી. રાજ્યોને આપવામાં આવેલ ૨૦ વર્ષ સુધીના સમયમાં સમવાયતંત્ર શરૂ થયા પછી તે કેટલી હદ સુધી વ્યવહારૂ બને છે, અને રાજ્યો ઉપર કેવી અસર કરે છે તે બરાબર જોયા પછી જ સમવાયતંત્રમાં સામેલ થવું વધુ હિતકર છે.

વખતે રાજ્યને સમવાયતંત્રમાં સામેલ થવું હિતકર ન લાગે તોપણ હાલ રાજ્યકર્તાઓ સમય પ્રમાણે પોતાના રાજ્યમાં સુધારા વધારા કરી, પોતાનાં અંગત ખર્ચો ઓછાં કરી, રાજ્યકાજમાં સક્રીય રસ લેવાનું શરૂ કરે તો પણ રાજ્યની આબાદી અને આસ્તત્વને જરા પણ હરકત નથી આવવાની તે નિશંક છે.

પરિશિષ્ટ ૧

૧૯૩૫ ગવર્મેન્ટ ઑફ ઇન્ડીયા એકટના સુધારાનું બીલ

તા. ૫-૪-૩૯ ના રોજ ૧૯૩૫ ના હિન્દી કાયદામાં સુધારા કરતું બીલ ઉમરાવની સભામાં રજુ થયું છે, અને ત્યાં પસાર થયા બાદ હાલ આમની સભા પાસે વાંચન તથા પસાર કરવા માટે રજુ કરવામાં આવેલ છે. ખાસ કરીને લડાઈના કટોકટી વખતે ઉપયોગમાં આવે તેવાં વિધાનો આ બીલમાં રજુ કરવામાં આવેલ છે. આ બીલમાં જણાવવામાં આવેલ છે કે બંધારણની કલમ ૧૦૨ હેઠળ ગવર્નર જનરલ કટોકટીની જાહેરાત કરી શકશે, અને જ્યારે તે આમ કરશે ત્યારે મધ્યસ્થ ધારામંડળને ઘણીજ બહોળી અને વિસ્તૃત સત્તા મળશે, અને તે પ્રાન્તિક લિસ્ટના કોઈપણ વિષય પરત્વે કાયદા ઘડી શકશે.

મધ્યસ્થ સરકાર

બંધારણની કલમ ૧૦૨માં મધ્યસ્થ અને પ્રાન્તિક સરકારના કારોબારી સંબંધમાં કાંઈ ફેરફારો થતા હોય તેમ જણાવવામાં આવતું નથી, એટલે આ સુધારામાં આ પરિસ્થિતિમાં ફેરફાર કરવાની યોજના કરવામાં આવેલ છે, અને આથી પ્રાન્તિક સરકારની સત્તા ઉપર કોઈપણ જાતનું બીજું આક્રમણ ન કરતાં, સૂચના અને નિયન્ત્રણ કરવા માટે અમુક અગત્યની સત્તાઓ મધ્યસ્થ સરકારને આપવામાં આવેલ છે. કલમ ૧૦૨ માં લડાઈ અગરતો આંતરિક વિખવાદને અંગે કટોકટી ઉભી થયેલ હોવાનું જણાવવામાં આવેલ છે. પરંતુ આ સુધારામાં આપવામાં આવેલ સત્તા લડાઈને અંગે ઉભી થયેલ કટોકટી પૂરતી મર્યાદિત છે. સાધનો પૂરાં પાડવા ઉપરનો કાબુ તથા જેના પર સહેલાઈથી આક્રમણ થઈ શકે તેવા હિન્દના પ્રદેશોમાં હવાઈ હુમલા વખતે બત્તી ઉપરનો કાબુ તે નવી સત્તા કેવી રીતે ઉપયોગમાં આવશે તેના દાખલાઓ પુરા પાડે છે.

૧૯૩૯ના સુધારા કરતા બીલની અગત્યની કલમો નીચે પ્રમાણે છે.

કારોબારી સત્તા

કલમ (૧૨૬ અ)

જ્યારે કટોકટીની જાહેરાત કરવામાં આવતાં ગવર્નરજનરલ

જાહેર કરે કે હિન્દની સલામતી લડાઈથી ભયમાં છે ત્યારે, (અ) સમવાયતંત્રની કારોબારી સત્તા પ્રાન્તિક કારોબારીને કઈ રીતે પોતાની કારોબારી સત્તા ભોગવવી તે બાબત સૂચનાઓ આપી શકશે; અને આવી રીતે આપવામાં આવેલ સૂચના ઉપરની છેલ્લી કલમમાં જણાવ્યા પ્રમાણેની સૂચનાઓ ગણવામાં આવશે.

(બ) સમવાયી ધારાસભાની પ્રાન્તોની કોઈપણ બાબત માટે કાયદા ઘડવાની કોઇપણ સત્તામાં સમવાયતંત્ર કે સમવાયતંત્રના અધિકારી કે સત્તાધીશોને પ્રાન્તો પરત્વે કોઈપણ કાયદો ઘડવાની સત્તા સુપ્રત કરવા અને ફરજો નાખવાની સત્તા આપવા બાબતનો સમાવેશ કરવામાં આવેલ છે. આ બાબતોમાં પ્રાન્તિક ધારાસભાને કાયદા ઘડવાની સત્તા હોય તો પણ સમવાયતંત્રની આ સત્તાને હરકત આવશે નહિ.

કોઈપણ બીલ કે સુધારો જે સમવાયતંત્ર કે સમવાયતંત્રના અધિકારી કે સત્તાધીશોને પ્રાન્ત સંબંધમાં ઉપર્યુક્ત બાબતોમાં સત્તા સુપ્રત કરતો હોય, જે ફરજો નાખતો હોય અગર તો સત્તા સુપ્રત કરવા કે ફરજો નાખવાની સત્તા આપતો હોય, તે ગવર્નર જનરલની તેની વિવેકશક્તિ પ્રમાણે આપવાની પ્રાથમિક મંજૂરી સિવાય દાખલ થઈ શકશે નહિ; અને ગવર્નર જનરલને જ્યાં સુધી બરાબર કટોકટી ઉપસ્થિત થયાનું ન જણાય ત્યાં સુધી આ બીલ સુધારીને પરવાનગી આપવામાં આવશે નહિ.

પ્રાન્તો

પ્રાન્તોના પ્રાન્તિક લિસ્ટમાં બે ઉમેરા કરવામાં આવેલ છે અને તે નીચે મુજબ છે.

૪૮ અ– યન્ત્રથી ચાલતા હોય કે ન ચાલતા હોય તેવાં રસ્તા ઉપર ચાલી શકે તેવાં વાહનો ઉપરનો કર; આ વાહનોમાં ટ્રામકારનો સમાવેશ થશે.

૪૮ બ–ઇલેક્ટ્રીસીટીના વાપરવા તથા વેચાણ ઉપરનો કર.

ઇલેક્ટ્રીસીટી

કલમ (૧૫૪ અ)

જે ઇલેક્ટ્રીસીટીનો સમવાયી સરકાર ઉપયોગ કરતી હોય કે સમવાયી સરકારને વપરાશ માટે તે સરકાર વેંચતી હોય, અગરતો

(બ) ફેડરલ રેલ્વે સત્તા કે રેલ્વે કમ્પની તે રેલ્વે ચલાવવા માટે કે ફેડરલ રેલ્વે બાંધવા, ચલાવવા, કે ચાલુ રાખવા માટે ઉપયોગ કરતી હોય, અગરતો તે રેલ્વે સત્તા કે રેલ્વે કમ્પનીને સમવાયી રેલ્વેના બાંધવા, ચલાવવા કે ચાલુ રાખવા માટે વેંચવામાં આવતી હોય, તે સરકાર કે બીજાથી ઉત્પન્ન થતી ઇલેકટ્રીસીટી ઉપર પ્રાન્તિક કાયદો કે સંયોજીત રાજ્યનો કાયદો કોઇપણ જાતનો કર નાખી શકશે નહિ, કે તે કર નાખવાની સત્તા કોઇને સુપ્રત કરી શકશે નહિ, સિવાય કે સમવાયી કાયદામાં તેની બીજી રીતે ગોઠવણ કરવામાં આવતી હોય, અને આવો કોઇપણ કાયદો જે ઇલેકટ્રીસીટી ઉપર કર નાખે અગરતો કર નાખવાની સત્તા આપતો હોય તેમાં એવી વ્યવસ્થા કરવામાં આવશે કે જેથી સમવાયી સરકારને તેના ઉપયોગ માટે કે સમવાયી રેલ્વે સત્તા કે બીજી કોઇપણ રેલ્વે કમ્પનીને રેલ્વેના બાંધવા, ચલાવવા કે ચાલુ રાખવા માટે વાપરવામાં કે વેંચવામાં આવતી ઇલેકટ્રીસીટીની કિંમત બીજા ઘરાકોની પાસે લેવામાં આવતી કિંમત કરતાં એક જાતના કરની રૂએ ઓછી રહેશે.

યુનીવર્સિટી

પ્રાન્તિક લિસ્ટમાં હિન્દુ બનારસ યુનીવર્સીટી તથા અલીગઢ મુસ્લીમ યુનીવર્સિટી (જે સમવાયી ધારાસભાનો વિષય છે) તે સિવાય યુનીવર્સિટીનો સમાવેશ કરવામાં આવેલ છે. પ્રાન્તિક લિસ્ટમાં ૧૭ મા વિષયમાં નીચે પ્રમાણે વિસ્તાર કરવામાં આવેલ છે.

પહેલા લિસ્ટના નં. ૧૩ ના પારિગ્રાફમાં જણાવ્યા સિવાયની યુની-વરસિટીનો સમાવેશ કેળવણીમાં કરવામાં આવશે.

ગયા વર્ષમાં પટના યુનીવર્સિટી બીલ મધ્યસ્થ ધારાસભાનાં દાખલ કરવામાં આવ્યું હતું ત્યારે યુનીવર્સિટી તે પ્રાન્તિક કે મધ્યસ્થ વિષય હતો તે બાબત ચર્ચા કરવામાં આવતાં તે બીલ પડતું મુકવામાં આવ્યું હતું, તેથી આ સુધારામાં યુનીવર્સિટી બાબતની ચોખવટ કરવામાં આવેલ છે.

દેશી રાજ્ય

બંધારણની કલમ ૧૦૭ માં દેશી રાજ્યની જે વ્યાખ્યા આપવામાં આવેલ છે તેને બદલે નીચે પ્રમાણે વ્યાખ્યા સુધારવામાં આવેલ છે. "દેશી રાજ્ય એટલે બ્રિટિશ હિન્દનો નહિ તેવો પ્રદેશ જેને ના. શહેનશાહ આવા રાજ્ય, તાલુકા, જાગીર કે કોઇપણ બીજી રીતે માન્ય રાખે તે."

આ સિવાય હિન્દી ઉપજમાંથી વિલાયતના સનંદી નોકરો જેની હિન્દમાં નિમણૂક કરવામાં આવી હોય તેના પેન્શન માટે અમુક હિસ્સો આપવા સંબંધી પણ આ સુધારાઓમાં ગોઠવણ કરવામાં આવેલ છે. આ સિવાય આ સુધારાઓ સાથે એક પરિશિષ્ટ રજુ કરવામાં આવેલ છે જેમાં કેટલાક ઓર્ડર્સ-ઇન-કાઉન્સીલનો સમાવેશ કરવામાં આવેલ છે. આ સુધારાઓ ૧૯૩૯ ના ઓગસ્ટની પહેલી તારીખથી અમલમાં આવનાર છે.

વિવેચન

આ સુધારા દાખલ કરવાનું કારણ હાલની રાજકીય પરિસ્થિતિ અને યુદ્ધ થવાનો સંભવ છે. આ સુધારાથી મધ્યસ્થ સરકારને યુદ્ધના સમયે અનિયન્ત્રિત સત્તાઓ આપવામાં આવેલ છે. પ્રાન્તોને થોડી ઘણી જે છુટછાટો મળી છે તેના ઉપર આ નવા સુધારાથી ઘણું જ આક્રમણ થાય છે. લડાઇના કટોકટીના સમયે મધ્યસ્થ ધારાસભાને પ્રાન્તના કોઇપણ વિષય ઉપર કાયદા ઘડવાની સત્તા આપવામાં આવે છે. આનો અર્થ તો એટલોજ થાય કે હિન્દના સર્વોપરી રાજતંત્રને પ્રાન્તિક સરકાર ઉપર વિશ્વાસ નથી. ગવર્નરોને આપવામાં આવેલ સલામતીઓ તથા ખાસ સત્તાઓ જોતાં આ સુધારાઓની ખાસ જરૂરીયાત રહેતી હોય તેમ જણાતું નથી. છતાં પણ ભાવિ યુદ્ધના સમયે શાહી હિતો બરાબર સચવાઇ રહે તે ખાતર આ સુધારાઓ હિન્દ ઉપર લાદવામાં આવે છે. આ સુધારાઓ સામે પણ હિન્દમાં વિરોધ તો ઉભોજ છે, અને પ્રાન્તોને ઘડીભર એમ થાય છે કે એક હાથે આપેલ વસ્તુ બીજા હાથથી લેવાઈ જાય છે.

સમવાયી રાજસભા તથા ધારાસભામાં દેશીરાજ્યોના પ્રતિનિધિઓને મળેલ બેઠકોની વહેંચણીનું કોષ્ટક

પરિશિષ્ટ ૨

કાઉન્સીલ ઓફ સ્ટેટ અને ફેડરલ એસેમ્બલીમાં દેશીરાજ્યોના પ્રતિનિધિઓને મળેલ બેઠકની વહેંચણીનું કોષ્ટક.

(ગવર્નમેન્ટ ઑફ ઇન્ડીયા એક્ટ પરિશિષ્ટ ૧. ભાગ ૨)

૧ રાજ્યો અને રાજ્યોના સમૂહ	૨ કાઉન્સીલ ઑફ સ્ટેટમાં બેઠકો	૩ રાજ્યોઅને રાજ્યોનો સમૂહ	૪ ફેડરલ એસેમ્બ્લીમાં બેઠકો	૫ વસ્તી.
		વિભાગ ૧.		
હૈદ્રાબાદ.	૫	હૈદ્રાબાદ	૧૬	૧૪,૪૩૬,૧૪૮
		વિભાગ ૨.		
માઇસોર.	૩	માઇસોર	૭	૬,૫૫૭,૩૦૨
		વિભાગ ૩.		
કાશ્મીર	૩	કાશ્મીર	૪	૩,૬૪૬,૨૪૩
		વિભાગ ૪.		
ગ્વાલીયર	૩	ગ્વાલીયર	૪	૩,૫૨૩,૦૭૦
		વિભાગ ૫.		
બરોડા	૩	બરોડા	૩	૨,૪૪૩,૦૦૭
		વિભાગ ૬.		
કલાત	૨	કલાત	૧	૩૪૨,૧૦૧

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૨ કાઉન્સીલ ઓફ સ્ટેટમાં બેઠકો	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૩ ફેડરલ એસેમ્બલીમાં બેઠકો	૫ વસ્તી
		વિભાગ ૭.		
સીકીમ	૧	સીકીમ	–	૧૦૯,૮૦૮
		વિભાગ ૮.		
૧ રામપુર	૧	૧ રામપુર	૧	૪૬૫,૨૨૫
૨ બનારસ	૧	૨ બનારસ	૧	૩૯૧,૨૭૨
		વિભાગ ૯.		
૧ ત્રાવણકોર	૨	૧ ત્રાવણકોર	૫	૫૦,૯૫,૯૭૩
૨ કોચીન	૨	૨ કોચીન	૧	૧,૨૦૫,૦૧૬
૩ પુદુકોટા	} ૧	૩ પુદુકોટા	} ૧	૪૦૦,૬૯૪
બાંગનપાલ		બાગનપાલા		૩૯,૨૧૮
સાન્દુર		સાન્દુર		૧૩,૫૮૩
		વિભાગ ૧૦.		
૧ ઉદેપુર	૨	૧ ઉદેપુર	૨	૧,૫૬૬,૯૧૦
૨ જયપુર	૨	૨ જયપુર	૩	૨,૬૩૧,૭૭૫
૩ જોધપુર	૨	૩ જોધપુર	૨	૨,૧૨૫,૯૮૨
૪ બીકાનેર	૨	૪ બીકાનેર	૧	૯૩૬,૨૧૮
૫ અલવર	૧	૫ અલવર	૧	૮૪૯,૭૫૧
૬ કોટા	૧	૬ કોટા	૧	૬૮૫,૮૦૪
૭ ભરતપુર	૧	૭ ભરતપુર	૧	૪૮૬,૯૫૪
૮ ટોંક	૧	૮ ટોંક	૧	૩૧૭,૩૬૦
૯ ધોલપુર	૧	૯ ધોલપુર	} ૧	૨૫૪,૯૮૬
૧૦ કરોલી	૧	કરોલી		૧૪૦,૫૨૫

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૨ કાઉન્સીલ ઓફ સ્ટેટમાં બેઠકો.	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૪ ફેડરલ એસેમ્બલીમાં બેઠકો.	૫ વસ્તી
		વિભાગ ૧૦.		
૧૧ બુંદી	૧	૧૦ બુંદી	૧	૨૧૬,૭૨૨
૧૨ સીરોહી	૧	સીરોહી		૨૧૬,૫૨૮
૧૩ ડુંગરપુર	૧	૧૧ ડુંગરપુર	૧	૨૨૭,૫૪૪
૧૪ બાંસવાડા	૧	બાંસવાડા		૨૬૦,૬૭૦
૧૫ પ્રતાપગઢ	૧	૧૨ પ્રતાપગઢ	૧	૭૬,૫૩૯
ઝાલાવાડ		ઝાલાવાડ		૧૦૭,૮૯૦
જેસલમેર		૧૩ જેસલમેર	૧	૭૬,૨૫૫
૧૬ કીસનગઢ	૧	કીસનગઢ		૮૫,૭૪૪
		વિભાગ ૧૧.		
૧ ઇંદોર	૨	૧ ઇંદોર	૨	૧,૩૨૫,૦૮૯
૨ ભોપાળ	૨	૨ ભોપાળ	૧	૭૨૯,૯૫૫
૩ રેવા	૨	૩ રેવા	૨	૧,૫૮૭,૪૪૫
૪ દતીયા	૧	૪ દતીયા	૧	૧૫૮,૮૩૪
૫ ઓરછા	૧	ઓરછા		૩૧૪,૬૬૧
૬ ધાર	૧	૫ ધાર	૧	૨૪૩,૪૩૦
૭ દેવાસ સીનીયર	૧	દેવાસ સીનીયર		૮૩,૩૨૧
દેવાસ જુનીયર		દેવાસ જુનીયર		૭૦,૫૧૩
૮ જાવરા	૧	૬ જાવરા	૧	૧૦૦,૧૬૬
રતલામ		રતલામ		૧૦૭,૩૨૧
૯ પન્ના	૧	૭ પન્ના	૧	૨૧૨,૧૩૦
સમથર		સમથર		૩૩,૩૦૭
અજયગઢ		અજયગઢ		૮૫,૮૯૫
૧૦ બીજાવર	૧	૮ બીજાવર	૧	૧૫૫,૮૫૨
ચરખારી		ચરખારી		૧૨૦,૩૫૧
છતરપુર		છતરપુર		૧૬૧,૨૬૭

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૨ [illegible]	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૪ [illegible]	૫ વસ્તી.
		વિભાગ ૧૧.		
૧૧ બવાણી		૯ બવાણી		૧૯,૧૩૨
નગોડ	૧	નગોડ	૧	૭૪,૫૮૯
મહીઅર		મહીયર		૬૮,૯૯૧
બરૂંધા		બરૂંધા		૧૬,૦૭૧
૧૨ બરવાણી	૧	૧૦ બરવાણી		૧૪૧,૧૧૦
અલીરાજપુર		અલીરાજપુર	૧	૧૦૧,૯૬૩
શાહપુરા		શાહપુરા		૫૪,૨૩૩
૧૩ ઝાબુઆ		૧૧ ઝાબુઆ		૧૪૫,૫૨૨
સયલાણા	૧	સયલાણા	૧	૩૫,૨૨૩
સીતામાઉ		સીતામાઉ		૨૮,૪૨૨
૧૪ રાજગઢ		૧૨ રાજગઢ		૧૩૪,૮૯૧
નરસીંહગઢ	૧	નરસીંહગઢ	૧	૧૧૩,૮૭૩
ખીલાચીપુર		ખીલાચીપુર		૪૫,૫૮૩
		વિભાગ ૧૨.		
૧ કચ્છ	૧	૧ કચ્છ	૧	૫૧૪,૩૦૭
૨ ઇડર	૧	૨ ઇડર	૧	૨૬૨,૬૬૦
૩ નવાનગર	૧	૩ નવાનગર	૧	૪૦૯,૧૯૨
૪ ભાવનગર	૧	૪ ભાવનગર	૧	૫૦૦,૨૭૪
૫ જુનાગઢ	૧	૫ જુનાગઢ	૧	૫૪૫,૧૫૨
૬ રાજપીપળા	૧	૬ રાજપીપળા	૧	૨૦૬,૧૧૪
પાલનપુર		પાલનપુર		૨૬૪,૧૭૯
૭ ધ્રાંગધરા	૧	૭ ધ્રાંગધરા	૧	૮૮,૯૬૧
ગોંડલ		ગોંડલ		૨૦૫,૮૪૬
૮ પોરબંદર	૧	૮ પોરબંદર	૧	૧૧૫,૬૭૩
મોરબી		મોરબી		૧૧૩,૦૨૩

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૨ કાઉન્સીલ ઑફ સ્ટેટમાં બેઠકો.	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૪ ફેડરલ એસેમ્બ્લીમાં બેઠકો.	૫ વસ્તી
		વિભાગ ૧૨		
૯ રાધનપુર		૯ રાધનપુર		૭૦,૫૩૦
વાંકાનેર	૧	વાંકાનેર	૧	૪૪,૨૫૯
પાલીતાણા		પાલીતાણા		૬૨,૧૫૦
૧૦ ખંભાત		૧૦ ખંભાત		૮૭,૭૮૧
ધરમપુર	૧	ધરમપુર	૧	૧૧૨,૦૩૧
બાલાસીનોર		બાલાસીનોર		૫૨,૫૨૫
૧૨ બારીઆ		૧૧ બારીઆ		૧૫૯,૪૨૯
છોટાઉદેપુર		છોટાઉદેપુર		૧૪૪,૬૪૦
સાંત	૧	સાંત	૧	૮૩,૫૩૧
લુણાવાડા		લુણાવાડા		૯૫,૧૬૨
૧૨ બાંસદા		૧૨ બાંસદા		૪૮,૮૩૯
સચીન		સચીન		૨૨,૧૦૭
જવ્હાર	૧	જવ્હાર		૫૭,૨૬૧
દાંતા		દાંતા		૨૬,૧૯૬
૧૩ ધ્રોળ		૧૩ ધ્રોળ	૧	૨૭,૬૩૯
લીંબડી		લીંબડી		૪૦,૦૮૮
વઢવાણ	૧	વઢવાણ		૪૨,૬૦૨
રાજકોટ		રાજકોટ		૭૫,૫૪૦
		વિભાગ ૧૩		
૧ કોલ્હાપુર	૨	૧ કોલ્હાપુર	૨	૯૫૭,૧૩૭
૨ સાંગલી	૧	૨ સાંગલી	૧	૨૫૮,૪૪૨
સાવંતવાડી		સાવંતવાડી		૨૩૦,૫૮૯
૩ જંજીરા		૩ જંજીરા		૧૧૦,૩૭૯
મુધોલ	૧	મુધોલ	૧	૬૨,૮૩૨
ભોર		ભોર		૧૪૨,૫૪૬

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૨ કાઉન્સીલ ઑફ સ્ટેટમાં બેઠકો	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૪ ફેડરલ એસેમ્બલીમાં બેઠકો	૫ વસ્તી.
		વિભાગ ૧૩		
૪ જમખંડી		૪ જમખંડી		૧૧૪,૨૭૦
મીરજ સી.		મીરજ સી.		૯૩,૮૩૮
મીરજ જુ.	૧	મીરજ જુ.	૧	૪૦,૬૮૪
કુરંદવાડ સી.		કુરંદવાડ સી.		૪૪,૨૦૪
કુરંદવાડ જુ.		કુરંદવાદ જુ.		૩૯,૫૮૩
૫ અક્કલકોટ		૫ અક્કલકોટ		૯૨,૬૦૫
ફલટન		ફલટન		૫૮,૭૬૧
જાટ	૧	જાટ	૧	૯૧,૦૯૯
ઔંધ		ઔંધ		૭૬,૫૦૭
રામદુર્ગ		રામદુર્ગ		૩૫,૪૫૪
		વિભાગ ૧૪		
૧ પતીઆળા	૨	૧ પતીઆલા	૨	૧,૬૧૫,૫૨૦
૨ ભાવલપુર	૨	૨ ભાવલપુર	૧	૯૮૪,૬૧૨
૩ ખૈરપુર	૧	૩ ખૈરપુર	૧	૨૨૭,૧૮૭
૪ કપુરથલા	૧	૪ કપુરથલા	૧	૩૧૬,૭૫૭
૫ જીંદ	૧	૫ જીંદ	૧	૬૨૪,૬૭૬
૬ નભા	૧	૬ નભા	૧	૨૮૭,૫૭૪
૭ મંડી		૭ તેરીગઢવાલ	૧	૩૪૯,૫૭૩
વિલાસપુર	૧	૮ મંડી		૨૦૭,૪૬૫
સુકેત		વિલાસપુર	૧	૧૦૦,૯૯૪
૮ તેરીગઢવાલ		સુકેત		૫૮,૪૦૮
સીરમુર	૧	૯ સીરમુર	૧	૧૪૮,૫૬૮
ચંબા		ચંબા		૧૪૬,૮૭૦
૯ ફરીદકોટ		૧૦ ફરીદકોટ		૧૬૪,૩૬૪
માલેરકોટલા	૧	માલેરકોટલા	૧	૮૩,૦૭૨
લોહારૂ		લોહારૂ		૨૩,૩૩૮

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ	૨ કાઉન્સીલ બેઠકો કેટલાંમાં	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ	૪ એસેમ્બલી બેઠકો કેટલાંમાં	૫ વસ્તી.
		વિભાગ ૧૫.		
૧ કુચબિહાર	૧	૧ કુચબિહાર	૧	૫૯૦,૮૮૬
૨ ત્રિપુરા	} ૧	૨ ત્રિપુરા	૧	૩૮૨,૪૫૦
મણિપુર		૩ મણીપુર	૧	૪૪૫,૬૦૬
		વિભાગ ૧૬.		
૧ મયુરભંજ	} ૧	૧ મયુરભંજ	૧	૮૮૯,૬૦૩
સોનપુર		૨ સોનપુર	૧	૨૩૭,૯૨૦
૨ પટણા	} ૧	૩ પટણા	૧	૫૬૬,૯૨૪
કલહંદી		૪ કલહંદી	૧	૫૧૩,૭૧૬
૩ કીઅંજર		૫ કીઅંજર	૧	૪૬૦,૬૦૯
ઘેનકાનલ		૬ ગંગપુર	૧	૩૫૬,૬૭૪
નયાગઢ	} ૧	૭ બાસ્તર	૧	૫૨૪,૭૨૧
તાલચેર		૮ સુરગુજા	૧	૫૦૧,૯૩૯
નિલગીરી		૯ ઘેનકાનલ		૨૮૪,૩૨૬
૪ ગંગપુર		નયાગઢ		૧૪૨,૪૦૬
બામરા		સેરાઇકેલા		૧૪૩,૫૨૫
સેરાઇકેલા	} ૧	બૌદ	} ૩	૧૩૫,૨૪૮
બૌદ		તાલચેર		૬૯,૭૦૨
બોનાઇ		બોનાઇ		૯૦,૧૮૬
૫ બાસ્તર		નિલગીરી		૬૮,૫૯૪
સુરગુજા		બામરા		૧૫૧,૦૪૭
રાયગઢ	} ૧	૧૦ રાયગઢ	.	૨૭૭,૫૬૯
નન્દગાંઉ		ખૈરગઢ		૧૫૭,૪૦૦
૬ ખૈરગઢ		જશપુર	} ૩	૧૯૩,૬૯૮
જશપુર		કાંકેર		૧૩૬,૧૦૧
કાંકેર	} ૧	સરણગઢ		૧૨૮,૯૬૭
કોરીઆ		કોરીઆ		૯૦ ૮૮૬
સરણગઢ		નન્દગાંઉ		૧૮૨,૩૮૦

૧ રાજ્યો અને રાજ્યોનો સમૂહ	૨ કાઉન્સીલ ઓફ સ્ટેટમાં બેઠકો.	૩ રાજ્યો અને રાજ્યોનો સમૂહ.	૪ ફેડરલ એસેમ્બ્લીમાં બેઠકો.	૫
		વિભાગ ૧૭.		
ઉપરના વિભાગોમાં જે રાજ્યોનાં નામ આપવામાં આવ્યાં નથી અને આ પરિશિષ્ટના આ ભાગના ૧૨ મા પારામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેવાં રાજ્યો	૨	ઉપરના વિભાગોમાં જે રાજ્યોનાં નામ આપવામાં આવ્યાં નથી અને આ પરિશિષ્ટના આ ભાગના ૧૨ મા પારામાં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તેવાં રાજ્યો.	૫	૩,૦૩૨,૧૯૭

આ કોષ્ટકમાં બતાવેલ રાજ્યોની કુલ વસ્તી—૭,૮૯,૮૧,૯૧૨.

પરિશિષ્ટ ૩

લિસ્ટ નં. ૧

ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટ

[મધ્યસ્થ ધારાસભાઓ જેના પર કાયદાઓ ઘડી શકે તે વિષયો.]

(૧) શહેનશાહના નૌકા, લશ્કરી અને હવાઈ સૈન્યો જે હિન્દના ખર્ચે નભાવવામાં આવતાં હોય અને જે દેશી રાજ્યો માટે રાખવામાં આવેલાં ન હોય તેવાં સૈન્યો, અગર તો જે લશ્કર પ્રાન્તિક સરકાર નિભાવતાં ન હોય તેવાં તાજ તરફથી ઉભા કરવામાં આવતાં લશ્કરો, જે શહેનશાહનું લશ્કર હોય, પણ જે શહેનશાહના હિન્દના ખર્ચે નભાવવામાં આવતા લશ્કર સાથે જોડવામાં આવેલ હોય; સેન્ટ્રલ ઇન્ટેલીજન્સ બ્યુરો, પરદેશ, રક્ષણ, અને તાજના દેશી રાજ્યોના સંબંધની રૂએના રાજકીય કારણસરની બ્રિટિશ હિન્દમાં અટકાયત.

(૨) નૌકા, લશ્કરી, અને હવાઈ સૈન્યોનાં કામકાજ, કેન્ટોનમેન્ટ હદમાં સ્થાનિક સ્વરાજ. (જેમાં દેશી રાજ્યોનાં સૈન્ય માટેના કેન્ટોનમેન્ટનો સમાવેશ થતો નથી,) આવા પ્રદેશમાં ઘરની સગવડતાના નિયમો અને બ્રિટિશ હિન્દમાં આવા પ્રદેશોની હદ નક્કી કરવાનું કામ.

(૩) પરદેશ ખાતું, પરરાજ્ય સાથેની સંધિ તથા કરારને અમલમાં મુકવાં, તહોમતદારોની સોંપણી જેમાં હિન્દ બહારના શહેનશાહના સંસ્થાનોમાંની ગુન્હેગારોની સોંપણીનો સમાવેશ થશે.

(૪) ધાર્મિક બાબતો જેમાં યુરોપીયનોનાં કબ્રસ્તાનનો સમાવેશ થશે.

(૫) ચલણ, સિક્કા, અને ચલણી નાણું.

(૬) સમવાયતંત્રના જાહેર દેવાં.

(૭) તાર, ટપાલ, ટેલીફોન, વાયરલેસ, બ્રોડકાસ્ટીંગ તથા આવાં સમાચાર મોકલવાનાં સાધનો, પોસ્ટ ઓફીસ, સેવીંગ્સ બેન્ક.

(૮) ફેડરલ પબ્લીક સર્વીસ તથા ફેડરલ પબ્લીક સર્વીસ કમીશન.

(૯) ફેડરલ પેન્શન જે સમવાયતંત્ર અથવા તો સમવાયતંત્રની ઉપજમાંથી આપવાનાં પેન્શનો.

(૧૦) ફેડરેશનના કામકાજ માટે શહેનશાહના કબ્જામાં હોય તેવાં કામો, જમીન, મકાન (જેમાં નૌકા, લશ્કરી તથા હવાઇ સૈન્યનાં કામોનો સમાવેશ નહિ થાય), પરંતુ જે મિલ્કત પ્રાન્તમાં આવેલ હોય તેને જ્યાં સુધી ફેડરલ કાયદો બીજી રીતે નક્કી ન કરે ત્યાં સુધી પ્રાન્તનો કાયદો લાગુ થશે, અને જે મિલ્કત સમવાયતંત્રમાં સામેલ થયેલ રાજ્યમાં તે રાજ્ય સાથેના કરાર અગર પટ્ટા પ્રમાણેની શરતોને આધીન રહેશે.

(૧૧) ઇમ્પીરીયલ લાયબ્રેરી, ઇન્ડીયન મ્યુઝીયમ, ઇમ્પીરીયલ વોર મ્યુઝીયમ, વિકટોરીયા મેમોરીયલ, અને તેના જેવી સમવાયતંત્ર તરફથી ચલાવવામાં આવતી બીજી સંસ્થાઓ.

(૧૨) સંશોધન, ધંધાદારી, તથા ખાસ અભ્યાસ અને ટેકનીકલ ટ્રેઇનીંગ માટે ચલાવવામાં આવતી સંસ્થાઓ.

(૧૩) બનારસ હિન્દુ વિદ્યાપીઠ તથા મુસ્લીમોની અલીગઢ યુનીવર્સીટી.

(૧૪) હિન્દની માપણી, ભૂસ્તર, વનસ્પતિ તથા પ્રાણી શાસ્ત્ર સબંધી તપાસ, અને સમવાયતંત્રની વાયુચક્રશાસ્ત્ર માટેની સંસ્થાઓ.

(૧૫) પ્રાચીન અને ઐતિહાસિક સ્મરણ ચિન્હો, પુરાતત્વનાં સ્થાનો અને અવશેષો.

(૧૬) વસ્તી ગણત્રી,

(૧૭) હિન્દમાં દાખલ કરવા તથા હિન્દ બહાર જવા તથા કાઢી મુકવા બાબત જેમાં બ્રિટિશ હિન્દની અગર સંયોજીત રાજ્યની પ્રજા અગર તો યુનાઇટેડ કીંગડમની બ્રિટિશ પ્રજા ન હોય તેના હિન્દની અંદરનાં હલનચલન માટેના નિયમોનો સમાવેશ થાય છે; હિન્દ બહારનાં યાત્રાનાં સ્થળો.

(૧૮) બંદર ઉપરનું કવોરન્ટાઇન તથા તેને માટેની હોસ્પીટલો તથા ખલાસીઓ માટેની તથા દરયાઇ હોસ્પીટલો.

(૧૯) સમવાય સરકારે નિયત કરેલી લાઇનદોરી ઉપરથી આયાત તથા નિકાસદાણ.

(૨૦) ફેડરલ રેલ્વે; નાની રેલ્વે સિવાય બીજી રેલ્વેની ઉતારૂઓ તથા માલ ગાડી તરીકેની રેલ્વે ખાતાની જવાબદારી, માલ તથા સામાનની આપલે, સ્ટેશન તથા સર્વીસના ટર્મીનલ ચાર્જીસ, વધારેમાં વધારે

અને ઓછામાં ઓછા દર તથા સહીસલામતી વગેર બાબતોનું નિયમન; નાની રેલ્વે લાઇનો ઉપર સહીસલામતી તથા માલની જવાબદારી વગેરેનું નિયમન.

(૨૧) દરિયાઇ વહાણવટું અને નૌકાયાત્રા જેમાં ભરતી ઓટ આવતી હોય તેમાં વહાણવટું તથા નૌકાયાત્રાનો સમાવેશ થાય છે; દરયાઇ હકુમત.

(૨૨) મોટાં બંદરો અને તે બંદરોની જાહેરાત તથા હદ નક્કી કરવા બાબત તથા બંદરી અમલદારોની સત્તા બાબત.

(૨૩) અમુક હદ બહારના પાણીમાં મચ્છી પકડવા તથા તેની જગ્યા નક્કી કરવા બાબત.

(૨૪) હવાઈ કાફલો તથા હવાઈ વિમાનો; એરોડ્રોમની સગવડ તથા એરોડ્રોમની વ્યવસ્થા તથા નિયમન.

(૨૫) વહાણો તથા હવાઈ વિમાનો માટે દિવાદાંડીની સગવડો.

(૨૬) દરીયાઇ તથા હવાઇ માર્ગે માલ તથા ઉતારૂઓને લઇ જવા બાબત.

(૨૭) કોપીરાઇટ, શોધખોળ, આકાર, ટ્રેડમાર્ક તથા માલ ઉપરની નિશાનીઓ.

(૨૮) ચેક, બીલ ઓફ એકસચેન્જ, પ્રોમીસરી નોટસ તથા બીજા દસ્તાવેજો.

(૨૯) હથીયારો, દારૂગોળા, તથા તોપ બંદુક વગેરે.

(૩૦) ફાટી નીકળે તેવા પદાર્થો.

(૩૧) અફીણની ઉત્પન્ન અને નિકાસ માટે વેચાણ.

(૩૨) પેટ્રોલ તથા બીજા પ્રવાહી પદાર્થો જે ફેડરલ કાયદાથી તુરતમાં સળગી ઉઠે તેવા જાહેર કરવામાં આવેલ હોય તે રાખવા, સંઘરવા તથા બહાર મોકલવા બાબત.

(૩૩) વેપારી સંસ્થાપિત મંડળીઓ (Corporations) જેમાં આવી મંડળીઓની સંસ્થાપના, નિયમન તથા બંધ કરવા બાબતના નિયમો. આ સંસ્થાપિત મંડળીઓમાં સંયોજીત રાજ્યની માલીકીની અને તેનાથી ચલાવવામાં આવતી તથા ફક્ત તે રાજ્યમાં કામકાજ કરતી સંસ્થાઓ તથા સહાયક મંડળીઓનો સમાવેશ થતો નથી.

(૩૪) ફેડરલ દેખરેખ નીચે જે ઉદ્યોગ તથા હુનરનો વિકાસ જાહેર કરવામાં આવેલ હોય તે હુનર ઉદ્યોગ.

(૩૫) ખાણો તથા તેલના કુવામાં સહીસલામતી તથા મજુરીનું નિયમન.

(૩૬) ખાણો, તેલના કુવાઓ તથા ખનીજ સંબંધી વિકાસનો નિયમન, જે જાહેર હિત માટે ફેડરલ દેખરેખ નીચે હોવાનું ફેડરલ કાયદાથી જાહેર કરવામાં આવેલ હોય.

(૩૭) સંયોજીત રાજ્યે માથે લીધેલ વામા સિવાયના વીમાને લગતો કાયદો, તથા સંયોજીત રાજ્ય ન ચલાવતું હોય તેવા વીમાના ધંધાનું નિયમન તથા સંયોજીત રાજ્ય અગર પ્રોવીંશ્યલ લિસ્ટ અગર કન્કરન્ટ લિસ્ટમાં સમાવેશ થતો હોય તેથી પ્રાન્તે માથે લીધેલ હોય તે સિવાયનો સરકારી વીમો.

(૩૮) બેન્કીંગ; જે સંયોજીત રાજ્યની માલિકી અને સદરહુ રાજ્યથી ચલાવવામાં આવતી અને તે રાજ્યમાં કામકાજ કરતી હોય તે સિવાયની સંસ્થાપિત મંડળીઓનું બેન્કીંગનું કામકાજ.

(૩૯) એક પ્રાન્તની પોલીસની હકુમત અને સત્તા બીજા પ્રાન્તના સરકારની રજા બીજા પ્રાન્તમાં ચલાવવા બાબત; એક વિભાગના પોલીસની સત્તા અને હકુમત તે પ્રદેશ બહાર રેલ્વે પ્રદેશો ઉપર ચલાવવા બાબત.

(૪૦) આ કાયદા તથા તે નીચે કરવામાં આવેલ ઓર્ડર-ઇન-કાઉન્સીલને આધીન રહીને મધ્યસ્થ ધારાસભામાં ચૂંટણી.

(૪૧) સમવાયી કારોબારીના પ્રધાનો, મધ્યસ્થ રાજસભા, અને નીચેની ધારાસભાના પ્રમુખ તથા ઉપપ્રમુખના પગારો, મધ્યસ્થ ધારાસભાના સભાસદોના પગારો, ભથ્થાં અને હક્કો, અને આ કાયદાના ભાગ બીજામાં સત્તા આપ્યા મુજબ જે કોઈ સમવાયી ધારાસભાની કમિટિ પાસે પુરાવો રજુ કરવા ના પાડે તેવા શખ્સોને સજા.

(૪૨) આ લિસ્ટમાં જણાવેલ બાબતો સંબંધી કાયદા વિરૂદ્ધના ગુન્હાઓ.

(૪૩) આ લિસ્ટમાં જણાવેલ કોઇ પણ બાબતો માટેના આંકડાઓ તથા તપાસ.

(૪૪) જકાતદાણ જેમાં નિકાસદાણનો સમાવેશ થાય છે.

(૪૫) તમાકુ અને હિંદમાં બનેલા બીજા માલ ઉપર વેરો સિવાય કે

(અ) માણસની વપરાશ માટેનો દારૂ,

(બ) અફીણ, ગાંજો તથા બીજા કેફી અને બીન કેફી પદાર્થો.

(ક) દવા તથા ટોયલેટ માટેની બનાવટો જેમાં દારૂ અગર કલમ (બ)માં જણાવ્યા કેફી પદાર્થોનો ઉપયોગ આવતો હોય.

(૪૬) કોરપોરેશન ટેક્સ.

(૪૭) મીઠું.

(૪૮) સ્ટેટ લોટરી.

(૪૯) બહારના લોકોને દેશના લોકો સમાન ગણવા બાબત.

(૫૦) હિન્દમાં ગવર્નરના પ્રાન્ત કે ચીફ કમિશ્નરના પ્રદેશમાંથી જવા આવવા બાબત.

(૫૧) તોલ અને વજન.

(૫૨) રાંચીનું માનસિક રોગનું યુરોપીય દવાખાનું.

(૫૩) ફેડરલ કોર્ટ સિવાયની કોર્ટની આ લિસ્ટમાં લખેલ બાબતો ઉપર આ કાયદાના ભાગ ૯ માં જણાવેલ સત્તા; ફેડરલ કોર્ટની વિવાદી હકુમત વધારવા બાબત તથા તેને વધુ સત્તા આપવા બાબત.

(૫૪) ખેતીવાડીની ઉપજ સિવાય આવક ઉપર વેરો.

(૫૫) માણસોની તથા કમ્પનીની ખેતીવાડી માટેની જમીન સિવાયની બીજી મિલ્કતની કિંમત ઉપરના કરો. કમ્પનીના ભંડોળ ઉપરના કરો.

(૫૬) ખેતી માટેની જમીન સિવાયની મિલ્કત ઉપરની વારસા ડયુટી.

(૫૭) બીલ ઓફ એકસચેન્જ, ચેક, પ્રોમીસરી નોટસ, બીલ ઓફ લેડીંગ, લેટર્સ ઓફ ક્રેડીટ, વીમાની પોલીસી, પ્રોકસી તથા રસીટ ઉપર સ્ટેમ્પ ડયુટી.

(૫૮) રેલ્વે તથા હવાઇ માર્ગે લઇ જવામાં આવતા માલ તથા ઉતારૂઓ ઉપર ટર્મીનલ ટેક્સ.

(૫૯) કોર્ટમાં લેવાતી ફી સિવાય આ લીસ્ટમાં લખેલ બાબતો સંબંધી ફી.

લિસ્ટ નં. ૨

પ્રોવીન્શ્યલ લેજીસ્લેટીવ લિસ્ટ

[પ્રાન્તિક ધારાસભા માટે કાયદા ઘડવાના વિષયો].

(૧) જાહેર વ્યવસ્થા (જેમાં શહેનશાહના નૌકા, લશ્કરી અને હવાઇ બળની દીવાની સત્તાને મદદ બાબતનો સમાવેશ નહિ થાય); ન્યાયખાતું, ફેડરલ કોર્ટ સિવાયની કોર્ટોનું બંધારણ તથા તેમાં લેવાતી ફી; જાહેર વ્યવસ્થા માટે અટકાયત; તથા આવી રીતે અટકાયત કરેલા શખ્સો બાબત.

(૨) આ લિસ્ટમાં જણાવેલ બાબતો માટે ફેડરલ કોર્ટ સિવાયની બધી કોર્ટોની સત્તા તથા હકુમતો; રેવન્યુ તથા રેવન્યુ કોર્ટની રીત.

(૩) પોલીસ જેમાં રેલ્વે તથા ગામડાના પોલીસનો સમાવેશ થશે.

(૪) જેલ, રેફરમેટરી, બોર્સ્ટલ તથા તેને મળતી બીજી સંસ્થાઓ; આ સંસ્થામાં રાખવામાં આવેલ શખ્સો; તથા જેલો અને બીજી સંસ્થાઓ સાથેની ગોઠવણ.

(૫) પ્રાન્તોનાં જાહેર દેવાં.

(૬) પ્રાન્તિક પબ્લીક સર્વીસ તથા પ્રોવીન્સ્યલ પબ્લીક સર્વીસ કમીશન.

(૭) પ્રાન્તોને અગર પ્રાન્તોની ઉપજમાંથી આપવાનાં પેન્શનો.

(૮) પ્રાન્તો માટે શહેનશાહના કબજાનાં કામો, જમીનો તથા મકાનો.

(૯) ફરજીયાત જમીન લેવા બાબત.

(૧૦) પ્રાન્તો નીચેની લાયબ્રેરી તથા મ્યુઝીયમ.

(૧૧) આ કાયદા પ્રમાણે તથા ઓર્ડર-ઇન-કાઉન્સીલ પ્રમાણે પ્રાન્તિક ધારાસભાની ચૂંટણી.

(૧૨) પ્રાન્તીય ધારાસભાના પ્રમુખ ઉપપ્રમુખ તથા પ્રધાનોના પગારો, અને લેજીસ્લેટીવ કાઉન્સીલ હોય તેના પ્રમુખ તથા ઉપપ્રમુખના પગારો, તથા ધારાસભાના સભ્યોના ભાડાં, ભથ્થાંઓ તથા બીજા હક્કો જે આ કાયદાના ત્રીજા ભાગમાં આપવામાં આવેલ હોય તે પ્રમાણે અને પ્રાન્તીય ધારાસભાની કમિટિ પાસે જે શખ્સો જુબાની દેવા તથા દસ્તાવેજો રજુ કરવા ના પાડે તેની સજા બાબત.

૧૩) સ્થાનિક સ્વરાજ્ય જેમાં મ્યુનીસીપલ કારપોરેશન, ઇમ્પ્રુવમેન્ટ ટ્રસ્ટ, ડીસ્ટ્રીકટ બોર્ડ, માઇનીંગ સેટલમેન્ટ અને બીજી સ્થાનીક સ્વરાજ્ય તથા ગ્રામ્ય વહીવટ માટેની બાબતોનો સમાવેશ થાય છે.

૧૪) જાહેર આરોગ્ય અને સ્વચ્છતા; હોસ્પીટલ અને દવાખાનાંઓ, તથા જન્મ મરણની નોંધ.

૧૫) હિન્દ બહાર સિવાયનાં જાત્રાનાં સ્થળો.

૧૬) કબ્રસ્તાનો.

૧૭) કેળવણી.

૧૮) આવવા જવા માટેના વ્યવહારનાં સાધનો જેમાં રસ્તા, પુલ, નદીઓ તથા ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટમાં ન જણાવેલ હોય તે બાબતો; નાની રેલ્વે, ફેડરલ લેજીસ્લેટીવ લિસ્ટ પ્રમાણે જેના નિયમો થયેલ છે; મ્યુનીસીપલ ટ્રામવેઝ, રોપવેયઝ; અંદરના પ્રદેશમાં આવેલ નાવિક રસ્તાઓ તથા લઈ જવા લાવવાનો વ્યવહાર જેના માટે કન્કરન્ટ લિસ્ટમાં ધારાઓ કરવામાં આવેલ હોય તે પ્રમાણે; બંદરો જેના માટે ફેડરલ લિસ્ટમાં નિયમો કર્યા હોય તે પ્રમાણે, તથા પંખાથી ન ચાલતાં હોય તેવાં વાહનો.

૧૯) પાણી, જેમાં પાણી પુરૂં પાડવાનાં સાધનો, નહેરો તથા કેનાલ, પાણી લઈ જવાનાં સાધનો તથા કાંઠાઓ, પાણીસંઘરી રાખવાનાં સાધનો તથા વોટર પાવર.

૨૦) ખેતીવાડી, જેમાં ખેતીવાડીને લગતી કેળવણી, શોધખોળ, તીડો તથા બીજાં તેને લગતાં નુકસાન કરતા રોગ સામે રક્ષણ, પાકને નુકસાન કરતા રોગોની અટકાયત, જનાવરોની ઓલાદ સુધારવી, તથા જનાવરોમાં થતા રોગોનો અટકાવ, જનાવરોના રોગ માટે દાક્તરી ઉપચારો તથા કેળવણી, ઢોરને પુરવાના ડબાઓ તથા ડબા દંડ વગેરેનો સમાવેશ થાય છે.

૨૧) જમીન, જેમાં જમીન ઉપરના હક્ક, જમીન ભાડે આપવા સંબંધી જમીનદાર તથા તેના ભાડુતોનો સંબંધ, ભાડું ઉઘરાવવા બાબત, ખેતીવાડીની જમીનનો ફેરબદલો તથા વેંચાણ કરવા બાબત, જમીન સુધારવા તથા ખેતીવાડી માટે લોન આપવા સંબંધી, તથા આ

બાબત વસવાટ કરવા માટે; કોર્ટ ઓફ વાર્ડસ, કરજવાળી તથા જપ્તીમાં ગયેલ જમીનો, જમીનમાંથી નીકળેલ માલ.

(૨૨) જંગલો.

(૨૩) ફેડરલ લિસ્ટ પ્રમાણે કરેલ નિયમો પ્રમાણે ખાણ તથા તેલના કુવાઓનું નિયમન.

(૨૪) મચ્છી પકડવા બાબત.

(૨૫) જંગલી પક્ષીઓ તથા પ્રાણીઓનું રક્ષણ

(૨૬) ગેસ અને ગેસવર્કર્સ.

(૨૭) પ્રાન્તોમાં આવેલ વેપાર વાણીજ્ય: માર્કેટ, મેળાઓ, પૈસાની ધીરધાર તથા તે ધીરધાર કરનાર.

(૨૮) ધર્મશાળાઓ અને તેના રખેવાળો.

(૨૯) માલની ઉત્પન્ન તથા માલનું વેંચાણ; હુન્નર ઉદ્યોગનો વિકાસ જે બાબત ફેડરલ લિસ્ટમાં કરેલ નિયમો પ્રમાણે રહેશે.

(૩૦) અમુક ખાવાની તથા બીજી ચીજોમાં ભેળસેળ; તોલ તથા માપનાં સાધનો.

(૩૧) માદક દારૂ તથા કેફી ચીજો જેમાં દારૂ, અફીણ, અને બીજી કેફી ચીજોની ઉત્પન્ન, બનાવટ, હવાલો, વિનીમય, વેંચાણ વગેરેનો સમાવેશ થશે, પરંતુ આને ફેડરલ લિસ્ટના ધારાઓ તથા કન્કરન્ટ લિસ્ટમાં જણાવેલ ઝેરી તથા ભયંકર દવાઓના નિયમો લાગુ થશે.

(૩૨) ગરીબોને તથા બેકારોને સહાય.

(૩૩) સંસ્થાપિત મંડળીઓની સ્થાપના, ચલન તથા વીંટાળી લેવા બાબત જે ફેડરલ લિસ્ટમાં જણાવ્યા મુજબ; બીન સંસ્થાપિત વેપારી, સાહિત્યની, વૈજ્ઞાનિક, ધાર્મિક તથા સહકારી મંડળીઓ.

(૩૪) ધર્માદા, તથા ધર્માદાની સંસ્થાઓ.

(૩૫) નાટ્યગૃહો, નાટક, સીનેમા જેમાં પ્રદર્શન માટે સીનેમેટ્રોગાફની ફિલ્મનો સમાવેશ થશે નહિ.

(૩૬) સટ્ટો તથા જુગાર.

(૩૭) આ લિસ્ટમાં આપેલ કોઈ બાબતમાં કાયદા વિરૂદ્ધના ગુન્હાઓ.

(૩૮) આ લિસ્ટમાં આપેલ કોઈ બાબતના આંકડાઓ તથા તપાસ.

(૩૯) જમીન મહેસુલ જેમાં મહેસુલની ઉપજ, લેન્ડ રેકર્ડ, મહેસુલ સંબંધી તપાસણી તથા હક્કપત્રકો અને ઉપજ આપી દેવાનાં રેકર્ડોનો સમાવેશ થશે.

(૪૦) પ્રાન્તોમાં બનાવેલ તથા ઉત્પન્ન કરેલ નીચેની વસ્તુઓ ઉપર જકાત તથા આવી જાતના હિંદમાં કે બીજે બનેલા માલ ઉપરની જકાત.

(અ) માણસોની વપરાશ માટેનો દારૂ.

(બ) અફીણ, ગાંજો તથા બીજા કેફી પદાર્થો તથા બીન કેફી પદાર્થો.

(ક) દવા તથા ટોઇલેટ માટેના માલમાં જેમાં (બ)માં જણાવેલ કોઇ પણ કેફી વસ્તુનો સમાવેશ થતો હોય તે.

(૪૧) ખેતીવાડીની ઉપજ ઉપર વેરો.

(૪૨) જમીન, મકાન, સ્કુલો તથા બારી ઉપરનો વેરો.

(૪૩) ખેતીવાડીની જમીન વારસામાં મળવા બાબતનો વેરો.

(૪૪) ખનીજ બાબતોના હક્કો ઉપર વેરો જેના ઉપર સમવાયી ધારાસભાએ પસાર કરેલ ઠરાવ પ્રમાણે નિયમો રહેશે.

(૪૫) કેપીટેશન ટેક્સ.

(૪૬) ધંધા, વેપાર, અને રોજગાર ઉપરનો વેરો.

(૪૭) જનાવરો તથા હોડી ઉપરનો વેરો.

(૪૮) વેંચાણ તથા જાહેરખબર ઉપરનો વેરો.

(૪૯) સ્થાનિક પ્રદેશમાં આયાત થતા વેંચાણ કે ઉપયોગ માટેના માલ ઉપર વેરો.

(૫૦) મોજ શોખ ઉપરના વેરો જેમાં સટ્ટા તથા જુગારનો સમાવેશ થશે.

(૫૧) ફેડરલ લિસ્ટમાં સ્ટેમ્પ ડયુટીના દર માટે બતાવેલ વસ્તુઓ સિવાય દસ્તાવેજો બાબતમાં સ્ટેમ્પ ડયુટી.

(૫૨) પાણીના માર્ગે લઈ જવા લાવવામાં આવતા ઉતારૂઓ પર વેરો.

(૫૩) ટોલ.

(૫૪) આ લિસ્ટમાં જણાવવામાં આવેલ કોઇ પણ બાબતમાં ફી, જેમાં કોર્ટમાં લેવામાં આવતી ફીનો સમાવેશ નહિ થાય.

લિસ્ટ નં. ૩

કન્કરન્ટ લેજીસ્લેટીવ લિસ્ટ (સમવર્તી વિષયોનું લિસ્ટ)

(ભાગ ૧.)

(૧) ફોજદારી કાયદો જેમાં પીનલકોડનો સમાવેશ થશે, પણ ફેડરલ લેજીસ્લેટીવ લીસ્ટ તથા પ્રોવિન્શ્યલ લિસ્ટમાં કાયદા વિરૂદ્ધ જણાવ્યા ગુન્હાઓ તથા શહેનશાહનું નૌકા, લશ્કરી અને હવાઈ સૈન્યની દીવાની સત્તાને મદદ કરવાના ઉપયોગ બાબતનો સમાવેશ થશે નહિ.

(૨) ફોજદારી કાયદો ચલાવવાની રીત જેમાં ૧૯૩૫ના કાયદા પસાર કર્યા તે વખતે જે જે વસ્તુનો સમાવેશ થતો હોય તે સહીત.

(૩) એક સ્થળથી બીજા સ્થળે કેદીઓને તથા તહોમતદારોને ફેરવવા માટે.

(૪) દીવાની કાયદા ચલાવવાની રીત જેમાં લીમીટેશન તથા ૧૯૩૫નો કાયદો પસાર કર્યો ત્યાં સુધીની જે વસ્તુઓ દીવાની કાયદામાં આવી જતી હોય તે સહીત, ગવર્નર કે ચીફ કમીશ્નરના પ્રાન્તમાંથી વેરા, કર અને બીજી જાહેર માગણીઓ સંબંધીની રકમ ઉઘરાવવા બાબત જેમાં લેન્ડ રેવન્યુ તથા પ્રાન્તમાંથી આવી રીતે ઉપસ્થિત થતી રકમોનો સમાવેશ થાય છે.

(૫) પુરાવા તથા સોગંદ; કાયદા, જાહેર ધારાઓ અને ન્યાય ખાતાંના રેકર્ડો તથા રોજકામની નોંધ.

(૬) લગ્ન, લગ્નવિચ્છેદ; બાળકો તથા સગીર; દત્તક લેવાની બાબત.

(૭) વસીયતનામું, તથા ખેતીવાડીની જમીન સીવાયનો વારસો તથા બીન વારસીપણું.

(૮) ખેતીવાડીની જમીન સિવાયની મીલ્કતનો ફેર બદલો, દસ્તાવેજો તથા કરારોનું રજીસ્ટ્રેશન.

(૯) ટ્રસ્ટ અને ટ્રસ્ટીઓ.

(૧૦) કરારો, જેમાં ભાગીદારી, આડત, માલ લઈ જવા લાવવાના કરારો તથા બીજા ખાસ કરારો, જેમાં ખેતીવાડીની જમીન બાબતના કરારોનો સમાવેશ નહિ થાય.

(૧૧) લવાદ.
(૧૨) દેવાદારી તથા નાદારી, એડમીનીસ્ટ્રેટર જનરલ અને ઓફીશ્યલ ટ્રસ્ટી.
(૧૩) ન્યાયકોર્ટના સ્ટેમ્પ સિવાયની સ્ટેમ્પ ડયુટી જેમાં સ્ટેમ્પ ડયુટીના દરનો સમાવેશ થશે નહિ.
(૧૪) એકશેનેબલ રોંગ (નુકશાની મળે તેવા ગુન્હાઓ) જેમાં લિસ્ટ ૧ તથા લિસ્ટ ૨ માં જણાવેલ કાયદા વિરૂદ્ધના ગુન્હાઓનો સમાવેશ થશે નહી.
(૧૫) આ લિસ્ટમાં જણાવેલ વિષયો પરત્વે ફેડરલ કોર્ટ સિવાયની બીજી બધી કોર્ટની સત્તા તથા હકુમતો.
(૧૬) વકીલાત, તબીબી તથા બીજા ધંધાઓ.
(૧૭) અખબારપત્રો, પુસ્તકો, મુદ્રણાલયો.
(૧૮) ઉન્માદપણું તથા માનસિક ખોડખાંપણ તથા આ દરદો માટેનાં દવાખાનાંઓ.
(૨૦) યંત્રવડે પંખાથી ચાલતાં વાહનો.
(૨૧) બોઈલર.
(૨૨) પ્રાણીઓ તરફનું ઘાતકીપણું અટકાવવા વિષે.
(૨૩) યુરોપીયન ભીખારીઓ, ગુન્હા કરતી જાતો.
(૨૪) આ લિસ્ટમાં જણાવેલ કોઈ પણ બાબતની તપાસ તથા આંકડાઓ.
(૨૫) કોર્ટમાં લેવામાં આવતી ફી સિવાયની આ લિસ્ટમાં જણાવેલ કોઈ પણ બાબત માટેની ફી.

(ભાગ ૨ બીજો)

(૨૬) ફેક્ટરીઓ.
(૨૭) મજુરોનું હિત; મજુરોની દશા; પ્રોવીડન્ટ ફંડ, નોકર રાખનાર ધણીની જવાબદારી તથા નોકરોને આપનારૂં વળતર, આરોગ્ય, વીમો જેમાં ઈન્વેલીડ પેન્શનનો સમાવેશ થશે; વૃદ્ધાવસ્થાના પેન્શનો.
(૨૮) બેકારીનો વિમો.
(૨૯) ટ્રેઈડ યુનીયન, ઔદ્યોગિક તથા મજુરોના ઝઘડાઓ.
(૩૦) એક સ્થળથી બીજા સ્થળે માણુસ, જનાવર તથા પાકને નુકશાન કરતા ચેપી રોગની અટકાયત.
(૩૧) ઈલેકટ્રીસીટી.

(૩૨) અંદરના પાણીના માર્ગોમાં યંત્ર વડે પંખાથી ચાલતાં વાહનો સંબંધી વહાણવટું તથા નૌકા યાત્રા અને આવા પાણીના માર્ગો પર રસ્તાના નિયમોનો પ્રબંધ; પાણીના માર્ગે ઉતારૂઓ તથા માલ લઈ જવા લાવવા બાબત.

(૩૩) પ્રદર્શન માટે સીનેમેટોગ્રાફ ફિલ્મ બતાવવાની મંજૂરી આપવા બાબત.

(૩૪) સમવાયતંત્રની સત્તા રૂએ જે શખ્સોની અટકાયત કરવામાં આવી હોય.

(૩૫) આ લિસ્ટમાંના ભાગની કોઈપણ વિષય માટે તપાસ તથા આંકડાઓ.

(૩૬) કોર્ટ સિવાયની આ લિસ્ટના ભાગમાં જણાવી કોઈ પણ બાબત પરની ફી.

સંપૂર્ણ